(1) Rs. 70-given by the Hon'ble Court vide Part-I Award dated 30-9-1986 shall be treated as interim relief which shall cease to be paid after 1-12-1990

(2) Effective from 1/12/1990 all the employees and Clerical staff (and technical supervisory and Managerical staff who are not benefited under the recent revison of their wages-salary with effect from 4th May, 1990) governed by the Bombay Industrial Relations Act, 1946, who are on the Muster Roll of the Member Mills as on 1/1/1991 will be paid additional emoluments as under :-

INDEX

A. Bffective from 1/12/1990
(payable in January 1991)
total additional emoluments
aggregating to Rs. 105— p.m.
of 26 working days made up of

(i) Lumpsum addition to the basic wages/salary without D.A.	Rs. 70
(ii) Annual increment without D.A.	Rs. 10
(iii) Conveyance Allowance :	Rs. 25
	Rs. 105

B. Effective from 1–4–1991
total additional emoluments
aggregating to Rs. 115-p.m.
of 26 working days, made
up of

(i) Lumpsum addition to the basic wages salary without D.A.	Rs. 70
(ii) Annual increment without D. A inclusive of annual increment given effective from 1-12-1990	Rs. 20
(iii) Conveyance Allowance :	Rs. 25
	Rs. 115

INDEX

C. Effective from 1-4-1992 total additional emoluments aggregating to Rs. 125 p. m. of 26 working days, made up of

(i) Lumpsum addition to the basic wages salary without D.A	Rs. 70
(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990 and 1-4-1991	Rs. 30
(iii) Conveyance Allowance :	Rs. 25
	Rs. 125

D. Effective from 1-4-1993 total additional emoluments aggregating to Rs. 135- p. m. of 26 working days, made up of —

(i) Lumpsum addition to the basic wages-salary without

INDEX

D. A.	: Rs. 70-
(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990, 1-4-1991 and 1-4-1992	: Rs. 40-
(iii) Conveyance Allowance	: Rs. 25-
	Rs. 135

E. Effective from 1-4-1994 total additional emoluments aggregating to Rs. 145-p.m. of 26 working days, made up of—

(i) Lumpsum addition to the basic wages-salary without D.A.	: Rs. 70-
(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990, 1-4-1991, 1-4-1992 and 1-4-1983	: Rs. 50-
(iii) Conveyance Allowance	: Rs. 25-
	Rs. 145-

(b) No Provedent Fund Contribution, ESIC Contriducl Gratuity, Bonus dearness allowance, Overtime or any other benefits will be payable on conveyance allowance.

(c) This allowance shall be subject to such taxes as may be specified under the law.

5. The Mills has agreedto give leave Travel allowance effective from 1-1-1991 to every permanent employee and also to

INDEX

every badli employee who has worked for not less than 240 days in the immediately preceding calendar year to be computed in the manner explained in Clause 3 above. However, the quantum to be given as leave Travel allowance and the conditions/modalities for this purpose will be negotiated by the parties and the parties will submit the agreement in this respect later on.

6. The parties have agreed to keep pending the retrospective effect, if any, to be given to the employees pertaining to annual increments conveyance allowance and Leave Travel allowance.

7. It is agreed that during the paried of operation of this agreement i. e. till 31st March, 1995, the textile labour Association will not raise any new demand on mill basis, except that of annual bonus, involving financial burden on mills,

8. If at dispute or difference of opinion arises in regard to implementation and-or interpretation of this agreement, it will be settled by negotiations between mills and textile labour Association feiling which, the matter will be referred, under Section 66 of the Bombay industrial Relations Act, 1946, to a Committee of two persons one each to be nominated by mills textile labour Association the deaision of the said committee will be binding on both the parties.

In case of any difference of opinion between the two persons on the Committee, the mater will be referred to an Umpire to be suggested by the two persons on the Committee.

2. In the case of monthly-rated employees namely : Clerks, Nurses watch & ward Staff and Technical and Supervisory Staff covered under the B. I. R, Act, the lumpsum addition of Rs. 70- per month to the basic wages-salary without dearness allowance and annual increment of Rs. 10-without dearness allowance and conveyance allowance referred to in sub-clauses A to E of Clause 2 shall relate to the number of days in a calendar month.

INDEX

3. The annual increment referred to in Clauses 2-A,B, C.D.E will be paid to every permanent operative and also to badli operative who has worked for not less than 240 days in the immediately preceding calendar year.

In computing the 240 days, the number of days on which-

(a) he-she has been laid off under the Standing Orders :

(b) he-she has been on leave with full wages earned in the previous year;

(c) he-she has been absent due to temporary disablement caused by accident arising out of and in the course of his-her employment;

and

(d) in the case of female employee, she has been on maternity leave so, however, that the total period of such maternity leave does not exced twelve weeks.

Shall be taken into account.

4. (a) The conveyance allowance referred to in Clause 2 will be paid only for the days of actual work during the month (which shall include the days on which the employees was on leave with wages or on paid casual leave as well as all the paid festival holidays) both to the permanent employees as well s badlis. in other words, this allowance will not be paid for the days of absence without wages/salary or leave without wages/salary and also when the employee is absenc due to sickness.

9. In view of the provision in the above mentioned clause (9), neither the shree Shublaxmi Mills, cambay nor the textile labour Union cambay nor any employee of the mill will approach any authority or forum under any Labour legislation for seeking implementation and-or interpretation of this agreement or for recovery of any money or benefit payable under this agreement.

INDEX

10. In view of the aforesaid agreement, the Textile Labour Association will withdraw Ref. (IC) 181-90 and No. 215 90 pending before the Industrial Court, Ahmedabad and the same shall be treated as disposed off.

Ahmedabad : Sd/-

Dated 1-5-1991 For Ahmedabad New Textile Mills.

Sd/-

For Textile Labour Association,
Ahmedabad

સહી

(હ. ધી. પંડ્યા)

પ્રમુખ

સહી

એન. એ. ચૌહાણ

સભ્ય

ની. ન. પટેલ (વી. એચ. ઠાકોર)

રજીસ્ટ્રાર. પ્રમુખ,

તા. ૧૦-૬-૯૧

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિંબધક

તા. ૯-૮-૯૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ અમદાવાદ.

INDEX

REGISTERED No. G—BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIII] THURSDAY, FEB. 6, 1992 / MAGHA 17, 1913 [No. 6

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) un er (Central) Industrial Disputes Act an Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર. ૯મી જાન્યુઆરી ૧૯૯૨

ક્રમાંક કેએસઆર-૪/આઈડીએ-૧૦૯૧-૫૩૯૬-મર-.—ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ નાં ૧૪માં) હેઠળ મજૂર અદાલત, જુનાગઢ પાસે પડતર કેસ (નંબર એલ-સીજે-૧૫૩૯/૯૦) કામદાર શ્રી એ. આઈ. પઠાણ વિરૂધ્ધ કેન્દ્ર નિયામક, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો સદરહુ અધિનિયમની કલમ-૩૩-ખ (૧)થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી મજૂર અદાલત, જૂનાગઢનાં ન્યાયપંચ પાસેથી પાછો ખેંચે છે. અને આ જાહેરનામાની તારીખથી નિકાલ કરવા માટે મજૂર અદાલત, રાજકોટને ન્યાય-નિર્ણય માટે તબદીલ કરે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. આર. સુથાર,
સેકશન અધિકારી,

———

INDEX

શ્રમ અને રોજગાર વિભાગ,

જાહેરનામુ

સચિવાલય, ગાંધીનગર. ૨૩મી જાન્યુઆરી ૧૯૯૨

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૧૬/એજેવી-૧૯૯૦-એફઆર-૫૦(એ)મ-૨.—કામકાજના ઝડપી નિકાલ માટે એ ઇચ્છનીય છે કે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪માં) હેઠળની વડોદરાની ઔદ્યોગિક અદાલત સમક્ષ અનિર્ણિત કેસ (નંબર ૬૧૩/૮૯) એલીકોન એન્જીનીયરીગ કું.લી. અને તે હેઠળ કામે રાખેલ કામદારો વચ્ચેના વિવાદ સદરહુ અધિનિયમની કલમ-૩૩ (ખ) ૧, થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી વડોદરાની ઔદ્યોગિક ન્યાય પંચ પાસેથી પાછો ખેંચે છે અને આ જાહેરનામાંની તારીખથી નિકાલ કરવા માટે અમદાવાદની ૬ નંબરની ઔદ્યોગિક અદાલતને આગળની કાર્યવાહી માટે તબદીલ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

(સહી) એ. ડી. ચાવડા
સેકશન અધિકારી.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જાન્યુઆરી ૧૯૯૨

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક એચઆર-૨૧/એજેબી-૧૦૯૧-એફઆર-૨૮૯-મ(૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલા ઔદ્યોગિક તકરાર, ગુજરાત વિદ્યુત બોર્ડ, મહેસાણા અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નાં ૧૪માં)ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) ના ખંડ (ધ) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદના તારીખ ૨૯મી જૂલાઇ ૧૯૯૧ના પત્રના અનુસંધાને અમદાવાદની ૫ નંબરની ઔદ્યોગિક અદાલતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલે છે.

INDEX

અનુસૂચિ

ગુજરાત વિદ્યુત બોર્ડના મહેસાણા ટ્રાન્સમીશન સર્કલ તળેના નીચેના સબસ્ટેશનમાં રાત્રી દરમ્યાન ફક્ત એકજ હેલ્પર હોય છે. અને તેણે બધુંજ કામ જેવુ કે ઓપરેટીંગ સ્ટાફ નું તથા હેલ્પર તરીકેનું કરવું પડે છે તથા રાત્રિ દરમ્યાન બીજો વધારાના સ્ટાફથી જરૂરી હોઈ તે માટે તાત્કાલિક વ્યવસ્થા કરવા બોર્ડને હુકમ કરવો કે કેમ?

મોઢેરા ૬૬ કે.વી. સબસ્ટેશન
બલોલ ૬૬ કે.વી. સબસ્ટેશન
ધીણોજ ૬૬ કે.વી. સબસ્ટેશન
ભાન્ડુ ૬૬ કે.વી. સબસ્ટેશન

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. ચાવડા,
સેકશન અધિકારી.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIII] THURSDAY, FEB. 13, 1992 / MAGHA 24, [1913 No. 7

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other then those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Guiarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૨.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ-આર-૨૨/એજેએસ-૧૦૯૨-એફઆર-૨-ધ-મ-(૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, એલ્યુલોઝ પ્રોડકટસ ઓફ ઈન્ડીયા પ્રા.લી. અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના ખંડ (ધ) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદના તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૧ના પત્ર અનુસંધાને અમદાવાદની ૮ નંબરની ઔદ્યોગિક અદાલતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલે છે.

INDEX

અનુસૂચિ

સંસ્થાના તમામ કામદારોને વાર્ષિક પગારના ૧૦ ટકા રકમ લેખે મેડીકલ એલાઉન્સ તથા કામદારને અકસ્માત સમયે હોસ્પીટલાઈઝેશન ખર્ચ તથા પૂરેપૂરી માંદગીની રજા તથા અકસ્માત રજા વિગેરે લાભો આપવા જોઈએ કે કેમ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. ચાવડા,
સેકશન, અધિકારી.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૨.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૩/એજેએ-૧૦૯૧-એફ-આર-૨૮૭-મ-(૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., આણંદ અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ના ખંડ (ઘ)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદના તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૧ના પત્ર ક્રમાંક અદત-૧૨૬૮૦ના સામેલ પત્રક મુજબ અમદાવાદની ૬ નંબરની ઔદ્યોગિક ટ્રીબ્યુનલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલેલ છે.

અનુસૂચિ

(૧) સંઘમાં ખાલી પડતી જગ્યાઓ સંઘમાં કામ કરતાં કામદાર કર્મચારીઓમાંથી ભરવી કે કેમ ? તે માટેના ધારા-ધોરણો નક્કી કરવા કે કેમ ?

(૨) સંઘમાં કામ કરતા કામદાર કર્મચારીઓને નીચે મુજબ ટાઈમ-સ્કેલ પ્રમોશન આપવા કે કેમ ?

કામદારોને તેમના કામમા ફેરફાર કર્યા વગર ૭ વર્ષની નોકરી બાદ ઉપલી ગ્રેડનો, ત્યારબાદ ૬ વર્ષની નોકરી બાદ તેનાથી ઉપલી ગ્રેડનો અને ત્યારબાદની દર પાંચ વર્ષની નોકરી દીઠ તેનાથી ઉપલી ગ્રેડનો પગાર ટાઈમ-સ્કેલ પગારો તરીકે આપવા કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. ચાવડા,
સેકશન અધિકારી.

INDEX

NOTE

The Notifications issued by the Commissioner/Assistant Commissioner under Industrial Disputes Act, 1947, published in issue No. 6 of *Gujarat Government Gazette*, Part I-L, should be *read* to have been published in *Gujarat Government Gazette*, Part I-L, dated 6th February 1992, and for pages 1 to 528 respectively, (in 6 sets) *read* pages Nos. 584 to 1111.

વિજ્ઞપ્તિ

સને ૧૯૪૭ના ઔદ્યોગિક તકરાર અધિનિયમ અન્વયેના કમિશનર/મદદનીશ કમિશનર દ્વારા બહાર પાડેલ અધિસૂચનાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ I-L માં પ્રસિદ્ધ કરવામાં આવે છે, તે તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૯૨ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ I-Lના અંક ૬ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના ૧ થી ૫૨૮ (૬ ભાગમાં) ને પાનાં નંબર ૫૮૪ થી ૧૧૧૧ વાંચવા.

Vadodara, 6th February 1992.

V. H. LACHANI,
Manager,
Government Press and Stationery Deptt.,
Vadodara.

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે
નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

સુતરાઉ કાપડ ઉદ્યોગમાંથી માન્ય (એપ્રુવ્ડ) યુનિયન તરીકે રદ કરવા બાબત

અધિસુચના ક્રમાંક ખ/શ્રમક/૨૭૭૪૬ આરઈજી/બીઆઈઆર/૧૯૯૧ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૨૪થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું સંયુક્ત શ્રમીક સંઘ, આમલેથાને નાંદોદ તાલુકાના સ્થાનિક વિસ્તાર માટે સુતરાઉ કાપડ ઉદ્યોગમાંથી માન્ય: (એપ્રુવ્ડ) યુનિયન તરીકે આથી હું રદ કરૂં છું. કારણ કે, મજુર સંઘોના અધિનિયમ, ૧૯૨૬ અન્વયે મજુર સંઘોના નોંધણી અધિકારીશ્રીએ તેમના તા. ૧૧-૪-૯૧ના હુકમથી સદરહુ યુનિયનની યુનિયન તરીકે નોંધણી રદ કરેલ છે.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ.

તા. ૩-૭-૧૯૯૧.
અમદાવાદ.

સન ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શ્રમક/૨૭૭૬૨ આર.યુ સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂઈએ હું ગીરીશ સીલ્ક મીલ્સ, સુરત અને ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી હ. દા. ગામીત, સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૧ના જુલાઈ માસના ૧૮મા દિને આથી નોંધ કરૂં છું.

INDEX

બોનસ સને ૧૯૮૯

બી. આઈ. આર. ઍક્ટ કેસ નં. ૧૪-૧૯૯૦

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ

પક્ષકારોના નામ

શ્રી ગીરીશ સીલ્ક મીલ્સ, — માલિકના પ્રતિનીધી
ઠે. જી. આઈ. ડી. શ્રી પાન્ડેસરા, સુરત

શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ — કામદારોના પ્રતિનીધી
મંત્રી, ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫૦૦૩

કેસની ટુંકી વિગત

ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાશી તાલુકા હદ તેમજ પલસાણા તાલુકા હદ વિસ્તારમાં આવેલ રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનીધીત્વ ધરાવતું અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૮-૬-૧૯૯૦ના રોજ ગીરીશ સીલ્ક મીલમાં કામ કરતા તમામ કામદારોને અને ૧૯૮૯ના વર્ષનું બોનસ આપવા માટેની નોટિસ, નોટિસ ઓફ ચેઈન્જ ફોર્મ "એલ"માં આપી હતી, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રિપોર્ટ ફોર્મ "એન"માં તા. ૧૯-૬-૧૯૯૦ના રોજ સમાધાનકારશ્રી, બી. આઈ. આર. ઍક્ટ બહુમાળી મકાન ૪ થો માળ એ બ્લોક નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો. તેને જરૂરી તપાસ બાદ તા. ૨૦-૬-૧૯૯૦ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૩૦-૬-૧૯૯૦ થી તા. ૬-૧૦-૧૯૯૦ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજ રોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. ઍક્ટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયું છે.

INDEX

સમાધાનની શરતો

(૧) ફેક્ટરીમાં સને ૧૯૮૯નાં વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચુકવાયેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦, (આઠ પચાસ) ટકા, ફેક્ટરી, મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૨) ફેક્ટરીમાં કામ કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૧૦-૧૦-૧૯૯૦ રોજ અગર હશે તે પહેલા ચુકવવામાં આવશે.

(૩) ફેક્ટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેક્ટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

મંત્રી

ધી સુરત સિલ્ક મીલ લેબર યુનિયન

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

તા. ૧૮-૭-૯૧

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખશમક ૨૧૭૭૬૧-આરશુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું સીલ્વર ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ પ્રા. લી, અને ધી ડાઈંગ, બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકારી શ્રી હ. દા. ગામીત, સુરત દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૧ના જુલાઈ માસના ૧૮મા દીને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૮૯-૯૦

બી. આઈ. આર. એક્ટ કેસ નંબર ૮૧/૯૦

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ

પક્ષકારોના નામ

શ્રી સીલ્વર ડાઈગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ પ્રા. લી., સહરા દરવાજા, ઉમરવાડા, સુરત.	માલિકના પ્રતિનિધી
શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ મંત્રીશ્રી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે સુરત-૩૯૫૦૦૩.	કામદારોના પ્રતિનિધી

કેસની ટુંકી વિગત

ધી ડાઈગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૧૪-૬-૧૯૯૦ના રોજ સિલ્વર ડાઈગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ પ્રા.લિ.માં કામદારોને સને ૧૯૮૯ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ, નોટીસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ'માં આપી હતી. બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝગડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા. ૨૬-૬-૧૯૯૦ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર. એક્ટ બહુમાળી મકાન, ૪ થે માળ, એ બ્લોક, નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો

હતો, તેને જરૂરી તપાસ બાદ તા. ૨૬-૬-૧૯૯૦ ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બંને પક્ષકારોને તા. ૬-૭-૧૯૯૦થી તા. ૧૨-૧૦-૧૯૯૦ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજરોજ બંને પક્ષકારો વચ્ચે બી. આઇ. આર. એક્ટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેક્ટરીમાં સને ૧૯૮૯ના વરસમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબ વરસ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહીતની કુલ વાર્ષિક કમાણીના ૮.૫૦ (આઠ પચાસ) ટકા ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૨) ફેક્ટરીમાં કામ કરતાં કામદારોને સદરહુ હિસાબી વરસનું બોનસ તા. ૧૫-૧૦-૧૯૯૦ના રોજ અગર તો તે પહેલા ચુકવવામાં આવશે.

(૩) ફેક્ટરીમાં સદરહુ હિસાબી વરસમાં જે કામદારની હાજરી ૩૦ દીવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહી.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધી યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય,, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેક્ટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહીનામાં બોનસ આપવામાં આવશે.

સુરત

તા. ૧૨-૧૦-૧૯૯૦

મંત્રી
ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન
સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

તા. ૧૮-૭-૯૧
અમદાવાદ

INDEX

સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૭૭૬૩ આર.સુ. સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂઇએ હું નુતન વીવીંગ વર્કસ, સુરત અને ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એસ. આર. ભોડાત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૧ના જુલાઈ માસના દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૮૯
બી. આઈ. આર. એક્ટ કેસ નં. ૪૩-૧૯૯૦
સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ,

પક્ષકારોના નામ

શ્રી નુતન વીવીંગ વર્કસ ઠે. વસ્તાદેવડી રોડ, સુરત	માલિકના પ્રતિનિધી
શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ મંત્રી, ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫૦૦૩	કામદારોના પ્રતિનિધી

કેસની ટુંકી વિગત

ધી સુરત સિલ્ક મીલ લેબર યુનિયન સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ તેમજ પલસાણા તાલુકા હદ વિસ્તારમાં આવેલ રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૮-૬-૯૦ના રોજ નુતન વીવીંગ વર્કસમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૮૯ના વરસનું બોનસ આપવા માટેની ગોલીસ નોટીસ ઓફ ચેઇન્જ ફોર્મ "એલ"માં આપી હતી, બંને પક્ષકારો વચ્ચે સમાધાન થતા ઉપરોક્ત ઝગડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા. ૧૯-૬-૧૯૯૦ ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર. એક્ટ (ગુજરાત રાજ્ય) ૪થે માળે એ. બ્લોક સરકારી મકાન, નાનપુરા સુરતને મોકલી આપવામાં આવ્યો હતો, તેને જરૂરી તપાસ બાદ તા. ૨૦-૬-૧૯૯૦ના રોજ નોંધણી રજીસ્ટારમાં નોંધવામાં આવ્યો

હતો, ત્યારબાદ ઉપરોક્ત કેસની ચર્ચા-વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૩૦-૬-૯૦થી તા. ૧૫-૯-૧૯૯૦ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજરોજ બંને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(અ. ૧) ફેક્ટરીમાં સને ૧૯૮૯ના વરસમાં કામ કરનાર તમામ કામદારોને ચાલુ સદરહુ હીસાબી વરસ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦, (આઠ પચાસ) ટકા લેખે ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૧) ફેક્ટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૫-૧૦-૧૯૯૦ રોજ અગર તો તે પહેલાં ચુકવવામાં આવશે.

(૨) ફેક્ટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહિ.

(૩) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૪) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયને ધી સુરત સલ્ક મીલ લેબર યુનિયન, શ્રમજીવી સેવાલય સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેક્ટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે

મંત્રી
ધી સુરત સિલ્ક મીલ લેબર યુનિયન

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૮-૭-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ક/ખ/શમક/ ૨૭૭૬૪ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનીયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું નૂતન કે. વી. ક્રિમ્પર્સ, સુરત ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એસ. આર. બોડાન સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ ના જુલાઈ માસના ૧૮ મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૮૯

બી. આઈ. આર. એક્ટ કેસ નં. ૪૪-૧૯૯૦

સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ,

પક્ષકારોના નામ

શ્રી નુતન કે. વી. ક્રિમ્પર્સ, ઠે. વરાછાદેવડી રોડ, સુરત	માલિકના પ્રતિનિધિ
શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ મંત્રી, શ્રી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫૦૦૩	કામદારોના પ્રતિનિધિ

કેસની ટુંકી વિગત

ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ તેમજ પલસાણા તાલુકા હદ વિસ્તારમાં આવેલ રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનીધીત્વ ધરાવતું અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૮-૬-૧૯૯૦ ના રોજ નુતન કે. વી. ક્રિમ્પર્સમાં કામ કરતા કામદારોને સને ૧૯૮૯ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ, ઓફ ચેન્જ ફોર્મ "એલ" માં આપી હતી, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતા ઉપરોક્ત તકરારનો રીપોર્ટ ફોર્મ "એન" માં તા. ૧૯-૬-૧૯૯૦ ના રોજ સમાધાનકારશ્રી. બી. આઈ. આર. એક્ટ, (ગુજરાત રાજ્ય) ૪ થા માળે, એ, બ્લોક. સરકારી મકાન, નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો, તેને જરૂરી તપાસ બાદ તા. ૨૦-૬-૧૯૯૦ના રોજ નોંધણી રજીસ્ટ્રારમાં નોંધવામાં

INDEX

આવ્યો હતો. ત્યારબાદ ઉપરોક્ત કેસની ચર્ચા વીચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૩૦-૧-૧૯૯૦ થી તા. ૧૨-૯-૧૯૯૦ ના રોજ સુધિ બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એકટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન કરવામાં આવ્યું છે.

સમાધાનની શરતો

(અ-૧) ફેકટરીમાં સને ૧૯૮૯ના વરસમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વરસ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા લેખે ફેકટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૧) ફેકટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૫-૧૦-૧૯-૯૦ રોજ અગર તો તે પહેલા ચુકવવામાં આવશે.

(૨) ફેકટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતા ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહિ.

(૩) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૪) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

સુરત
તા. ૧૫-૯-૧૯૯૦

મંત્રી
ધી સુરત સિલ્ક મીલ લેબર યુનિયન

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

તા. ૧૮-૭-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિંબધક દ્વારા

ક્રમાંક : ખક્ષસક–૨૭૭૬૫ આથી સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું મહેન્દ્ર ટેક્ષટાઈલ સુરત, ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એસ. આર. ઓઝાત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને–૧૯૯૧ના જુલાઈ માસના ૧૮મા દીને આથી નોંધ કરું છું.

બોનસ સને–૧૯૮૯

બી. આઇ. આર. એક્ટ કેસ નં. ૫૧–૧૯૯૦

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ

પક્ષકારોના નામ

શ્રી મહેન્દ્ર ટેક્ષટાઇલ ઠે. વસ્તાદેવડી રોડ, સુરત,	માલિકના પ્રતિનિધી
શ્રી નરોત્તમદાસ નાથુભાઇ પટેલ મંત્રી, શ્રી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન ઠે શ્રમજીવી સેવાલય સ્ટેશન સામે, સુરત–૩૯૫૦૦૩	કામદારોના પ્રતિનિધી

કેસની ટુંકી વિગત

ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન સુરત કે જે સુરત મહાનગર પાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ તેમજ પલસાણા તાલુકા હદ વિસ્તારમાં આવેલ રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદાનું પ્રતિનિધીત્વ ધરાવતું અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રી એ તા. ૮–૬–૧૯૯૦ના રોજ મહેન્દ્ર ટેક્ષટાઇલમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૮૯ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ નોટીસ ઓફ ચેઈન્જ ફોર્મ "એલ"માં આપી હતી, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાની રીપોર્ટ ફોર્મ "એન"માં તા. ૧૯–૬–૧૯૯૦ના રોજ સમાધાનકારશ્રી, બી. આઈ. આર એક્ટ (ગુજરાત) રાજ્ય સરકારી મકાન, ૪ થા માળે એ, બ્લોક, નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો, તેને જરૂરી તપાસ બાદ તા. ૨૦–૬–૧૯૯૦ના નોંધણી

INDEX

રજીસ્ટ્રરમાં નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોક્ત કેસની ચર્ચા વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૩૦-૬-૧૯૯૦થી તા. ૩૧-૮-૧૯૯૦ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઇ. આર. એક્ટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧. અ) ફેક્ટરીમાં સને ૧૯૮૯ના વરસમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વરસ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા લેખે ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૧) ફેક્ટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૫-૧૦-૧૯૯૦ રોજ અગર તો તે પહેલાં ચુકવવામાં આવશે.

(૨) ફેક્ટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહિ.

(૩) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૪) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે. પરંતુ હાલમાં તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, અમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેક્ટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

સુરત

મંત્રી
ધી સુરત સિલ્ક મીલ લેબર યુનિયન

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૮-૭-૯૧

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શ્રમક/૨૪૭૬૬ આર. યુ. સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮/૧ અને સન ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂઈએ હું સીનફેબ મીલ્સ, સુરત અને ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉકત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી હ. દા. ગામીત, સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ ના જુલાઈ માસના ૧૮ મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૮૯

બી. આઈ. આર. એકટ કેસ નંબર ૧૨/૯૦

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ,

પક્ષકારોના નામ

શ્રી સિનફેબ મિલ્સ જી. આઈ. ડી. સી. પાંડેસરા સુરત.	માલિકના પ્રતિનિધિ
શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ મંત્રી, ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫ ૦૦૩.	કામદારોના પ્રતિનિધિ

કેસની ટુંકી વિગત

ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ તેમજ પલસાણા તાલુકા હદ વિસ્તારમાં આવેલ રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતુ અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૮-૬-૧૯૯૦ ના રોજ સનફેબ મીલ્સમાં કામ કામ કરતા તમામ કામદારોને ૧૯૮૯-૯૦ ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ, નોટીસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ'માં આપી હતી. બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોકત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન' માં તા. ૧૯-૬-૯૦ ના રોજ સમાધાનકારશ્રી, બી. આઈ. આર. એકટ બહુમાળી મકાન ૪ થો માળ, એ બ્લોક, નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો

INDEX

હતો. ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બંને પક્ષકારોને તા. ૩૦-૬-૧૯૯૦ થી તા. ૧૧-૧૦-૧૯૯૦ ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજરોજ બંને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) આ મીલમાં સને ૧૯૮૯-૯૦ ના વરસમાં જે કામદારોએ કામ કર્યું હશે તેને વરસના કુલ પગારના મોંઘવારી ભથ્થા સહીતના ૮-૫૦ (આઠ પચાસ) ટકાના ધોરણે મીલ કંપની મીલના કામદારોને બોનસ ચુકવશે.

(૨) જે કામદારો ઉપર કલમ ૧ માં જણાવેલ બોનસના હક્કદાર થતાં હશે અને મીલની નોકરીમાં હાલમાં ચાલુ હશે તેમને તા. ૧૫-૧૦-૧૯૯૦ ના રોજ અગર તો તે પહેલા મીલ મૅનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૩) આ મીલમાં સને ૧૯૮૯-૯૦ ના વરસ દરમ્યાન ૩૦ ત્રીસ દિવસ કરતાં ઓછા દિવસ કામ કરનાર કામદાર સને ૧૯૬૫ ના બોનસ ચુકવણી ધારા હેઠળ સને ૧૯૮૯-૯૦ ના વરસનું બોનસ મેળવવા માટે હક્કદાર ગણાશે નહીં.

(૪) આ મીલ કંપનીમાં સદરહુ હીસાબી વરસ દરમ્યાન નોકરી કરી મીલની નોકરીમાંથી છુટા થયેલા કામદારોને પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન, સામે, સુરત મારફતે અરજી મીલ મેનેજમેન્ટને કરવાથી હક્કદાર થતાં કામદારોને મીલ મેનેજમેન્ટ તા. ૩૧-૧-૧૯૯૧ ના રોજ બોનસ ચુકવી આપશે.

સુરત
તા. ૧૧-૧૦-૧૯૯૦

મંત્રી
ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, સુરત

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૮-૭-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખ/શમક/૨૭૭૬૭ આરયુ–સને–૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ–૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું રેણુકા સીલ્ક મીલ્સ પ્રા. લી. સુરત અને ધી ડાઈંગ, બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કર્સ યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનીયમ અન્વયે નિમાયેલ સમાધાનકારશ્રી હ. દા. મામીત, સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને–૧૯૯૧ના જુલાઈ માસના ૧૮મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૮૯

બી. આઈ. આર. એક્ટ કેસ નં. ૧૫૧–૯૦

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ,

પક્ષકારોના નામ

શ્રી રેણુકા સીલ્ક મીલ્સ
ઠે. જી. આઈ. ડી. સી. પાન્ડેસરા, સુરત — માલિકના પ્રતિનિધી

શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ
મંત્રી શ્રી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ યુનિયન,
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત–૩૯૫૦૦૩. — કામદારોના પ્રતિનિધી

કેસની ટુંકી વિગત

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ યુનિયન, સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધીત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. તેના મંત્રીશ્રી એ તા. ૫–૭–૧૯૯૦ના રોજ રેણુકા સિલ્ક મીલ્સમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૮૯ના વર્ષનું બોનસ આપવા માટેની નોટીસ, નોટિસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ'માં આપી હતી, બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા. ૧૭–૭–૧૯૯૦ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર એક્ટ બહુમાળી મકાન ૪થો માળ એ બ્લોક નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો તેને જરૂરી તપાસ બાદ

તા. ૨૧-૭-૧૯૯૦ના રોજ નોંધની રજીસ્ટ્રરમાં નોંધવામાં આવ્યો હતો ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૩૦-૭-૧૯૯૦ થી તા. ૬-૧૦-૧૯૯૦ના રોજ સુધી બોલાવવા આવ્યા હતાં, જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એકટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેકટરીમાં સને ૧૯૯૮ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા, ફેકટરી મેનેજમેન્ટ બોનસ ચૂકવશે.

(૨) ફેકટરીમાં કામ કરતાં કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૧૦-૧૦-૧૯૯૦ રોજ અગર તો તે પહેલા ચૂકવવામાં આવશે.

(૩) ફેકટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દીવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધી યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

મંત્રી

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ

તા. ૧૮-૭-૯૧

અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક-૬/ખ/શ્રમક/૨૭૭૬૮ આરયુ-સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮(૧) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ- (ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ. હું શ્રી ગણેશ ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ વર્કસ, સુરત અને ધી ડાઈંગ બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત/વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી હ. દા. ગામીત, સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને-૧૯૯૧ ના જુલાઈ માસના ૧૮મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૮૯-૯૦
બી. આઈ. આર એકટ કેસ નં. ૧૨૩-૧૯૯૦
સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ,

પક્ષકારોના નામ

શ્રી ગણેશ ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ વર્કસ
ઠે. વટોદરા, સબજેલ પાસે, સુરત — માલિકના પ્રતિનીધી

શ્રી નરોત્તમદાસ નાથુભાઇ પટેલ
મંત્રી, ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન,
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫૦૦૩, — કામદારોના પ્રતિનીધિ

કેસની ટુંકી વિગત

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાશી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનીધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૧૪-૬-૧૯૯૦ના રોજ શ્રી ગણેશ ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ વર્કસમાં કામ કરતા કામદારોને સને-૧૯૮૯-૯૦ ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ, નોટીસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ' માં આપી હતી, બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતા ઉપરોક્ત ઝગડાનો રીપોર્ટ ફોર્મ 'એન' માં ૨૫-૬-૧૯૯૦ ના રોજ સમાધાનકારશ્રી, બી. આઈ. આર. એકટ, (ગુજરાત રાજ્ય) ૪થો માળે, એ. બ્લોક સરકારી મકાન, નાનપુરા સુરતને મોકલી આપવામાં આવ્યો હતો, તેને

INDEX

જરૂરી તપાસ બાદ તા. ૨૬-૬-૧૯૯૦ના રોજ નોંધણી રજીસ્ટ્રરમાં નોંધવામ આવ્યો હતો, ત્યારબાદ ઉપરોક્ત કેસની ચર્ચા વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૭-૭-૧૯૯૦ થી તા. ૧૬-૮-૧૯૯૦ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજરોજ બી. આઇ. આર. એકટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેક્ટરીમાં સને ૧૯૮૯-૯૦ ના વરસમાં કામ કરનાર તમામ કામદારોને સને ૧૯૮૯-૯૦ ના વરસ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ-પચાસ) ટકા લેખે ફેકટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૨) ફેક્ટરીમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૮૯-૯૦ ના વરસનું બોનસ (તા. ૧-૪-૮૯ થી તા. ૩૧-૩-૯૦) તા. ૫-૧૦ ૧૯૯૦ ના રોજ અગર તો તે પહેલા ચુકવવામાં આવશે.

(૩) ફેક્ટરીમાં સદરહુ હીસાબી વરસમાં જે કામદારની હાજરી ૩૦ દિવસ કરતા ઓછી હશે, તેવા કામદારો સને ૧૯૬૫ના બોનશ કાયદા હેઠળ તે હીસાબી વરસનું બોનશ મેળવવા માટે હક્કદાર ગણાશે નહી.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે પરંતુ હાલમાં તેવા કામદારો મીલની (ફેકટરી) નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોએ પ્રતિનિધીત્વ ધરાવતા યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત, મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહીનામાં બોનસ આપવામાં આવશે.

સુરત
તા. ૧૬-૮-૯૦

મંત્રી
ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન

સહી
આર કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

તા. ૧૮-૭-૯૧
અમદાવાદ

સન ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૭૭૭૦ આર.યુ સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂઈએ હું શશીકાન્ત પ્રોસેસીંગ વર્કસ સુરત અને ધી ડાઇંગ, બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી હ દા. ગામીત, સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ ના જુલાઇ માસના ૧૮ મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૮૯

બી. આઈ. આર. કેસ નં. ૮૨-૧૯૯૦

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ

પક્ષકારોના નામ

શ્રી કલ્પેશકુમાર તુલસીદાસ — માલિકના પ્રતિનિધિ
શશીકાંત પ્રોસેસીંગ વર્કસ
સહરા દરવાજા, રીંગ રોડ
સુરત

શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ — કામદારોના પ્રતિનિધિ
મંત્રી ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ
યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫૦૦૩.

કેસની ટુંકી વિગત

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન સુરત કે જે સુરત મહાનગર પાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતાં કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૧૪-૬-૯૦ના રોજ શશીકાંત પ્રોસેસીંગ વર્કસમાં કામ કરતા કામદારોને સને ૧૯૮૯ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ, નોટીસ ઓફ ચેઇન્જ ફોર્મ 'એલ'માં આપી હતી. બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા. ૨૫-૬-૧૯૯૦ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર. એક્ટ (ગુજરાત રાજ્ય) ૪થે માળે, એ બ્લોક સરકારી મકાન, નાનપુરા, સુરતને મોકલી આપવામાં

આવ્યો હતો, તેને જરુરી તપાસ બાદ તા. ૨૬-૬-૯૦ના રોજ નોંધણી રજીસ્ટ્રરમાં નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોક્ત કેસની ચર્ચા વિચારણા કરવા બંને પક્ષકારોને તા. ૬-૭-૯૦થી તા. ૧૭-૮-૯૦ના સુધી બોલાવવામાં આવ્યા હતા. જેમાં આજરોજ બંને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયુ છે.

સમાધાનની શરતો

(અ-૧) ફેક્ટરીમાં સને ૧૯૮૯ના વરસમાં કામ કરતા તમામ કામદારોને સદરહુ હિસાબી વરસ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપસ્થિત ચાલુ પગારની રજાઓના પગાર પગારની રજાઓના પગાર સહીતની કુલ વાર્ષિક કમાણીના ૮.૫૦ (આઠ પચાસ) ટકા લેખે ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૧) ફેક્ટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૫-૧૦-૧૯૯૦ રોજ અગર તો તે પહેલાં ચુકવવામાં આવશે.

(૨) ફેક્ટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહિ.

(૩) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૪) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે સુરત મારફતે અરજી કરેથી અરજી ફેક્ટરી મેનેજમેન્ટ મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

મંત્રી

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૧૮-૭-૯૧

અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ક/ખ/શમક/૨૭૭૬૯ આરયુ–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૫૮ (૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ– ૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ. હું કમલા ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ, સુરત અને ધી ડાઈંગ, બ્લીચીંગ અગે ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકારશ્રી હ. દા. ગામીત, સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૧ ના જુલાઈ માસના ૧૮ મા દિ. આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૮૯

બી. આઈ. આર. એક્ટ કેશ નં. ૮૦–૧૯૯૦

સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ

પક્ષકારોના નામ

કમલા ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ વર્કસ, — માલિકના પ્રતિનિધી
કે. બૈલા મીલ કમ્પાઉન્ડ, સહરા દરવાજા, સુરત

શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ — કામદારોના પ્રતિનિધી
મંત્રી, શ્રી ડાઈંગ બ્લીચિંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન,
અમજીરી સેવાલય, સ્ટેશન સામે, સુરત–૩૯૫૦૦૩

કેશની ટુંકી વિગત

શ્રી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતુ અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા ૧૪–૬–૯૦ ના રોજ કમલા ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ વર્કસમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૮૯ ના વર્ષનું બોનસ આપવા માટેની નોટિસ, નોટિસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ' માં આપી હતી, બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતા ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન' માં તા. ૨૫–૬–૧૯૯૦ ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર. એક્ટ બહુમાળી મકાન ૪ થો માળ એ બ્લોક નાનપુરા સુરતને મોકલી આપવામાં આવ્યો હતો તેને જરૂરી તપાસ બાદ તા. ૨૬–૬–૧૯૯૦ ના રોજ નોંધની

રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારો તા. ૬-૭-૧૯૯૦ થી તા ૩-૧૦-૧૯૯૦ ના રોજ સુધી બોલાવવા આવ્યા હતાં, જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એકટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેક્ટરીમાં સને ૧૯૮૯ ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા, ફેકટરી મેનેજમેન્ટ બોનસ ચૂકવશે.

(૨) ફેક્ટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૫-૧૦-૧૯૯૦ રોજ અગર તો તે પહેલા ચૂકવવામાં આવશે.

(૩) ફેક્ટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે

(૫) બોનસ મેળવવા માટે જે કામદારોને હક્કદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

સુરત સહી

તા. ૩-૧૦-૯૦ મંત્રી ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૧૮-૭-૧૯૯૧

અમદાવાદ

INDEX

સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : અ/શમક/૨૭૭૭૪ આર. યુ. સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું સંજય પ્રિન્ટર્સ, સુરત અને ધી ડાઈંગ, બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકારશ્રી એસ. આર. ભોડાત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૧ ના ઓગષ્ટ માસના ૭ મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૮૯

બી. આઈ. આર. એકટ કેસ નં. ૧૧૧-૯૦

સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ

પક્ષકારોના નામ

શ્રી સંજય પ્રીન્ટર્સ, — માલિકના પ્રતિનિધિ
ઠે. વરાછા રોડ, સુરત

શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ — કામદારોના પ્રતિનિધિ
મંત્રીશ્રી ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ
વર્કસ યુનિયન,
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫૦૦૩

કેસની ટુંકી વિગત

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ જે, તેના મંત્રીશ્રીએ તા. ૧૪-૬-૧૯૯૦ ના રોજ સંજય પ્રીન્ટર્સમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૮૯ના વર્ષનું બોનસ આપવા માટેની નોટિસ, નોટિસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ'માં આપી હતી, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા. ૨૫-૬-૧૯૯૦ ના રોજ સમાધાનકારશ્રીએ બી. આઈ. આર એકટ બહુમાળી મકાન ૪ થો માળ એ બ્લોક નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો.

INDEX

તેને જરુરી તપાસ બાદ તા. ૨૬-૬-૧૯૯૦ના રોજ નોંધની રજીસ્ટ્રરમાં નોંધવામાં આવ્યો હતો ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બંને પક્ષકારોને તા. ૬-૭-૧૯૯૦ થી તા. ૫-૧૦-૧૯૯૦ના રોજ સુધી બોલાવવા આવ્યા હતા. જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઇ. આર. એકટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેકટરીમાં સને ૧૯૮૯ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૨) ફેકટરીમાં કામ કરતાં કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનશ તા. ૧૦-૧૦-૧૯૯૦ રોજ અગર તો તે પહેલા ચૂકવવામાં આવશે.

(૩) ફેકટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનશ કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટર-નીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ વર્કર્સ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેક્ટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

મંત્રી

ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ યુનિયન

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૭-૯-૯૧

અમદાવાદ

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમના અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/બ/શસક ૨૭૮૬૭ આર.યુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું મજુર મહાજન સંઘ સિદ્ધપુર અને ધી દેવતી ફેબ્રિક્સ, સિદ્ધપુરની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નિવેડા સને-૧૯૯૧ માં ઓગષ્ટ માસના ૯મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય અમદાવાદ.

શ્રી એચ. આર. કમોઢીયા સભ્ય રુબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧/૧૯૯૦

મજુર મહાજન સંઘ, સિદ્ધપુર

પ્રથમ પક્ષકાર

અને

ધી દેવતી ફેબ્રીક્સ, સિદ્ધપુર

બીજા પક્ષકાર

સ્પીનીંગ અને રીંગફ્રેમ ખાતામાં મશીન ઉપર સાઈડ વધારવા બાબત.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપની તેના સ્પ્રીનીંગ અને રીંગ ફ્રેમ ખાતામાં મશીન ઉપર સાઈડ વધારવા માગે છે તે બાબતમાં મીલ કંપનીએ પ્રથમ પક્ષકાર યુનિયનને બી આઈ. આર. એક્ટની જોગવાઈઓ હેઠળ નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૧૦નું સમાધાન પાર્ટ-૧ રજુ કરેલ છે. જેમાંની સમાધાનની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

INDEX

હુકમ

૩. પક્ષકારોએ આંક ૧૦ના સમાધાન પાર્ટ-૧ની શરતો મુજબ વર્તવું. આંક ૧૦ના સમાધાન પાર્ટ-૧ની એક નકલ આ ચુકાદા સાથે રાખવી. બાકીની માંગણી બાબતમાં રેફરન્સ આગળ ચલાવવા માટે રાખવામાં આવે છે. હાલના તબક્કે કાર્ય બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નામદાર ઔદ્યોગિક અદાલત, ગુજરાત સમક્ષ

રેફ. (આઈસી) નં. ૧-૧૯૯૦

મજૂર મહાજન સંઘ, સિદ્ધપુર — પ્રથમ પક્ષકાર
મજૂર સેવાસદન, સિદ્ધપુર, જી. મહેસાણા

વિરૂદ્ધ

દેવતી ફેબ્રીક્સ લી. — બીજા પક્ષકાર
સિદ્ધપુર જી. મહેસાણા

ઉપરોક્ત રેફરન્સમાં દેવતી ફેબ્રીક્સ લી. સિદ્ધપુર અને મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ મુજબ પ્રતિનિધિત્વ ધરાવતા અને એપ્રુવ્ડ યુનીયન મજૂર મહાજન સંઘ, સિદ્ધપુર વચ્ચે વાટાઘાટો થઇ છે. મીલ્સ કંપનીએ રીંગફ્રેમ ખાતામાં કામદાર દીઠ છની આઠ સાઇડ અને ચારની ૭ સાઈડ ચલાવવા, રીલીવર પદ્ધતિ નાબુદ કરવા. જોબરની એક જગા ઓછી કરવા માગણી કરી છે. આથી આ પૈકી હાલ પ્રથમ તબક્કે રીંગફ્રેમ ખાતામાંથી રીલીવર પદ્ધતિ નાબુદ કરવા નીચે મુજબ પાર્ટ-૧ સમાધાન કરવામાં આવે છે.

સમાધાનની શરતો

૧. મીલ્સ કંપનીના રીંગફ્રેમ ખાતામાં કામદાર દીઠ કેટલાક સાંચાઓ ૭ સાઇડ પદ્ધતિથી અને કેટલાક સાંચાઓ ચાર સાઈડ પદ્ધતિથી ચલાવવામાં આવે છે. આવા ચાર સાઈડ અને ૭ સાઇડના ૭ પીસરો દીઠ તમામ પાળીઓમાં એક એક રીલીવર રાખવામાં આવે છે. આ મુજબ આ ખાતામાં પાળીવાર નીચે મુજબ રીલીવર કામદારોની કાયમી જગાઓ છે અને તે ઉપર કાયમી કામદારો કામ કરે છે.

કેટેગરી	૧લી પાળી	૨જી પાળી	૩જી પાળી	કુલ
છ સાઈડ રીલીવર	૨	૨	૨	૬
ચાર સાઈડ રીલીવર	૨	૨	૨	૬
	૪	૪	૪	૧૨

૨. કોઈપણ કાયમી કામદારને ફરજિયાત બેકાર બનાવ્યા સિવાય, સ્વૈચ્છિક રીતે રાજીનામું આપી છુટા થતા આ ખાતાના કામદારોને કાયદેસર બેકારી વળતર, ગ્રેજ્યુઈટી, હક્ક રજાઓ, વિગેરે હક્કો ચુકવી આપીને, મીલ્સ કંપની આ સમાધાનની શરતો મુજબ રીંગફ્રેમ ખાતામાં હાલ જે ધોરણે કામદાર દીઠ છ સાઈડ અને ચાર સાઈડ ચલાવવામાં આવે છે તે પીસર દીઠ રીલીવર ચલાવી શકશે અને આ સમાધાન મુજબ પાળીવાર આ ખાતાના રીલીવરોની તમામ જગાઓ નાબુદ કરી શકશે.

૩. રીલીવર પ્રથા નાબુદ થતાં પડોશી રીંગ પીસર અરસપરસ રીલીવ કરવાની કામગીરી કરશે. આથી રીલીવ કરવાના આ વધારાના શ્રમબોજ માટે તમામ રીંગ પીસરોને તેમના ચાલુ પગાર ઉપરાંત રોજના રૂા. ૧-૫૦ પૈસા પ્રમાણે પગાર વધારો મીલ્સ કંપની આપશે. આ પગાર વધારા ઉપર વેરીએબલ મોંઘવારી ભથ્થુ તેમજ એવોર્ડ મુજબના તમામ લાભો આપવામાં આવશે.

૪. આ સમાધાનની જોગવાઈઓ મુજબ સ્વૈચ્છિક રીતે આવેલા રાજીનામા આપનાર કામદારોને આઇ. ડી. એક્ટ, ૧૯૪૭ મુજબનું બેકારી વળતર, ગ્રેજ્યુઈટી તથા હક્ક રજાઓ, વિગેરે મળવાપાત્ર હક્કની રકમ મીલ્સ કંપની જેમ જેમ કારીગરોને ચુકવશે તેમ તેમ કારીગરો છુટા થશે અને તે કારીગરોની જગાઓ કમી કરવામાં આવશે. છુટા થનાર કામદારોને સમુહ છટણી (માસ રીટ્રેન્ચમેન્ટ) ગણી પ્રો. ફંડની રકમ તાત્કાલિક ચુકવી આપવા મીલ્સ કંપની પ્રો. ફંડ ખાતાને લખશે અને આ અંગે મીલ્સ કંપની તરફથી કરવાની તમામ કાર્યવાહી મીલ ત્વરિત કરશે.

૫. આ સમાધાન મુજબ પાળીવાર રીલીવરોની જગાઓ ઓછી કરવાની છે તે માટે જેમ જેમ રીલીવરો રાજીનામાં આપી છુટા થશે તેમ તેમ તે છ સાઈડ કે ચાર સાઇડમાંથી રીલીવરની જગા નાબુદ થશે. જો છ સાઇડ કે ચાર સાઇડમાંથી રીલીવર રાજીનામું આપી છુટા થશે એટલે પીસરની ખાલી જગાએ તે ચાર સાઇડ કે છ સાઇડના રીલીવરને પીસર તરીકે મુકવામાં આવશે.

INDEX

૬. આ સમાધાન મુજબ પાળીવાર ઓછા કરવાના રીલીવરની જગ્યાઓ માટેનાં રાજીનામાં મીલ્સ કંપની તરફથી મજુર મહાજન સંઘ, સિદ્ધપુર મારફતે આવશે અને મીલ્સ કંપની તેનો સ્વીકાર કરશે. મજૂર મહાજનના સભાસદો નથી તેવા અન્ય રીલીવર પાસેથી મીલ્સ કંપની આ સમાધાન મુજબ ઓછી કરવાની જગાઓ માટે રાજીનામાં લઇને તેનો સ્વીકાર કરી શકશે અને તેવા સ્વીકારેલા રાજીનામાની જાણ મીલ્સ કંપની મજૂરમહાજન સંઘ, સિદ્ધપુરને પત્ર લખીને કરશે.

૭. આ સમાધાન મુજબ ત્રણેય પાળીના રીલીવરોની જગાએ રીંગફ્રેમ ખાતામાંથી ઓછું કરવામાં આવ્યું છે. આથી આ મુજબ 'રાજીનામાંથી ઓછી થનારી જગાઓ રીંગફ્રેમ ખાતામાં અગાઉ પક્ષકારો વચ્ચેના સમાધાનથી નક્કી થયેલી જગાઓમાંથી ઘટાડેલી ગણવામાં આવશે.

૮. આ સમાધાનની શરતોના અર્થઘટનને પરિણામે કોઈ ઔદ્યોગિક વિવાદ ઉભો થાય કે કોઈ મતભેદ ઉભો થાય તો તેના નિરાકરણ માટે મજૂર મહાજન સંઘ, સિદ્ધપુરના પ્રમુખશ્રી. નવીનચંદ્રભાઈ મો. બારોટ તથા મીલ્સ કંપનીના ડાયરેકટર શ્રી. સુશીલભાઈ કોઠારી વાટાઘાટો કરી ઉપસ્થિત થતા પ્રશ્નો સાંભળી તાત્કાલિક નિર્ણય કરશે અને તે સંબંધકર્તા સૌને બંધનકર્તા રહેશે. ઉપરોક્ત વિવાદમાં જો નિર્ણય નહિ થઇ શકે તો આ ઔદ્યોગિક વિવાદ નામદાર મજુર અદાલત અગર નામદાર ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સોંપવામાં આવશે.

આ સમાધાન મુજબ ઉપરોક્ત રેફરન્સમાં પાર્ટ-૧ એવોર્ડ આપવા નામદાર અદાલતને વિનંતી કરે છે.

ફોર, દેવતી ફેબ્રીકસ લી. સિદ્ધપુર
આર. વી. રાણા
ફેકટરી મેનેજર

સહી
વી. ન. પટેલ
રજીસ્ટ્રાર

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

તા. ૯-૮-૧૯૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમ અન્વયેના
અધીસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ-શમક-૨૭૮૬૮ આરયુ સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબધક અધીનીયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનીયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ઈલેક્ટ્રીક મજ્દુર સભા અમદાવાદ અને અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની લી અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં ઓગષ્ટ માસના ૯મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ
શ્રી વી. ટી. પરીખ, સભ્ય રૂબરૂ
રેફરન્સ (આઈ. સી) નં. ૧૩૪/૮૭

ઈલેક્ટ્રીક મજ્દુર સભા, અમદાવાદ

પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અમદાવાદ ઈલેક્ટ્રીકસીટી કંપની લી અમદાવાદ

બીજા પક્ષકાર

સાબરમતી પાવર હાઉસ ખાતે કામ કરતા શ્યામસુંદર આર. વર્મા પાસેથી જ્યારથી ટેકનીકલ સુપરવાઈઝરનું કામ લેવામાં આવે છે ત્યારથી ટેકનીકલ સુપરવાઈઝરનો હોદ્દો આપવા બાબત.

ઉદ્યોગ-ઈલેક્ટ્રીસીટી

ચુકાદો

૧. અરજદાર યુનિયને સામાવાળાના સાબરમતી પાવર હાઉસ ખાતે કામ કરતા શ્યામસુંદર આર. વર્મા પાસેથી જ્યારથી ટેકનીકલ સુપરવાઈઝરનું કામ લેવામાં આવે છે ત્યારથી સુપરવાઈઝરનો હોદ્દો આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કરેલો છે.

INDEX

૨. અરજદાર યુનિયને આંક–૨૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તે મુજબ પરવાનગી આપવામાં કોઈ વાંધાજનક હકીકત ન હોઈ હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

હુકમ

૩. અરજદાર યુનિયને આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

બી. ન. પટેલ

રજીસ્ટ્રાર

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,

અમદાવાદ.

અમદાવાદ

તા. ૯–૮–૯૬

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમ અન્વયેના

અધીસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ–શમક–૨૭૮૭૦ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ-(ગુજરાત) નિયમોના નિયમ–૯૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ

INDEX

હું ઈલેક્ટ્રીસીટી મજદુર સભા અમદાવાદ અને ધી અમદાવાદ ઇલેક્ટ્રીસીટી કંપની લી, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા અને ૧૯૯૧માં ઓક્ટોબર માસના ૯મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ

શ્રી વી. ટી. પરીખ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈ સી.) નં. ૧૦૪/૮૭

ઈલેક્ટ્રીસીટી મજદુર સભા, અમદાવાદ — અરજદાર

વિરૂદ્ધ

ધી અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની લી., અમદાવાદ — સામાવાળા

સાબરમતી પાવર હાઉસ ખાતે કામ કરતા શ્રી અગ્નિહોત્રી વિદ્યાસાગરને તા. ૧૯-૧૦-૮૫ થી સીનીયર ફીટરનું પ્રમોશન આપવા બાબત.

ઉદ્યોગ : ઈલેક્ટ્રીસીટી

ચુકાદો

૧. અરજદાર યુનિયને સામાવાળાના સાબરમતી પાવર હાઉસ ખાતે કામ કરતા શ્રી અગ્નિહોત્રી વિદ્યાસાગરને તા. ૧૯-૧૦-૮૫ થી સીનીયર ફીટરનું પ્રમોશન આપવા બાબતમાં ફેરફારની નોટિસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કરેલો છે.

૨. અરજદાર યુનિયને આંક-૧૯ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત ન હોઈ હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

હુકમ

૩. યુનિયનને આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

સહી

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ,

અમદાવાદ

અમદાવાદ

તા. ૯-૮-૯૧

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬ /બ/શમક/૨૭૮૭૫ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ આદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ૭૪(૨)- અને સને. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓ. બેંક લી, મહેસાણા અને ધી મહેસાણા જીલ્લા સહકારી બેંક કર્મચારી સંઘ, મહેસાણાની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ નાં ઓગષ્ટ માસના ૯ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય, અમદાવાદ

ધી એ. બી. પટેલ, સભ્ય રુબરુ

પરચુરણ અરજી નં. (આઈ. સી.) નં. ૧૦-૯૦

INDEX

ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ
કો ઓ. બેન્ક લી. મહેસાણા
પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી મહેસાણા જીલ્લા સહકારી
બેન્ક કર્મચારી સંઘ, મહેસાણા
અને બીજા એક
સામાવાળા

બી. આઈ. આર. એકટની કલમ ૧૧૯-બી મુજબની કન્ટેન્ટ અરજી.

શ્રી એમ. ઓ. જોશી અરજદાર તરફે.

શ્રી કે. એચ. પાટીલ સામાવાળા સંઘ તરફે.

ઉદ્યોગ-બેન્કીંગ

હુકમ

૧. આ અરજીમાંની અરજદાર બેન્કની હકીકતો નીચે પ્રમાણે છે.

સામાવાળા નં. ૧ યુનિયન પ્રતિનિધીત્વ ધરાવતું યુનિયન છે અને સામાવાળા નં. ૨ તેના જનરલ સેક્રેટરી છે. આજ યુનિયન તરફથી અગાઉ રજુ કરવામાં આવેલ માંગણી અંગેનો રેફરન્સ (આઈ. ટી.) નં. ૧૩૪/૮૧ માં ઔદ્યોગિક અદાલતે તા. ૩૦-૧૦-૮૫ના રોજ આપેલ ચુકાદા યાને એવોર્ડ પાર્ટ-૧ એલ. જી. જી. જી.માં પાના નં. ૧૭ થી ૩૬ ઉપર તા. ૧૯-૧૨-૮૫ના રોજ પ્રસિદ્ધ થયેલ છે. એવોર્ડમાં પાના નં. ૧૯ ઉપર જણાવ્યા મુજબ માંગણી નં. ૪ માં યુનિયનના જનરલ સેક્રેટરીની બદલી બેન્કની હેડ ઓફિસમાં કરવા બાબતે પેરા-૨ માં ઉલ્લેખ છે. અને તે અંગે પાના ૩૫ ઉપર આપેલ ચુકાદાના પેરા-૨૨ માં ૩ મુજબ રદ કરવામાં આવેલ છે અને ટ્રાન્સફરની બેન્કની વહીવટી માટે છે, વગેરે સ્પષ્ટતા કરીને યુનિયનના હોદ્દેદારોની બદલી કરવાની હોય ત્યારે પણ આજ સિદ્ધાંત લાગુ પડે છે તેવી સ્પષ્ટતા કરેલ છે. ઉપરોક્ત એવોર્ડના પાના ૩૩ ઉપર ઉપર પેરા ૧૯ માં ગુજરાતની વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ પૈકી આ ચુકાદાઓ અન્વયે આ એવોર્ડ આવેલ છે.

INDEX

યુનિયન તરફથી મેનેજમેન્ટને મોકલવામાં આવેલ સામાવાળા નં. ૧ દ્વિતીયઆંક સામાન્ય સભામાં રજુ થયેલ જનરલ સેક્રેટરીનો અહેવાલ તથા ઠરાવ વગેરે મોકલવામાં આવેલ છે. અહેવાલમાં પાના નં. ૩ ઉપર નીચેના પેરામાં જે શબ્દો લખેલ છે તે નીચે મુજબ છે.

"માત્ર ટ્રાન્સફરનો લાલ દંડો તેમના હાથમાં રહ્યો ગયો છે." (જેનાથી સિંહો ડરતા નથી) તેની સામે પણ નિયમો બનાવવા માટે આપણે ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં કેસ દાખલ કરેલ છે." આ અહેવાલ સાથે મોકલેલ ઠરાવ નં. ૪ નો યુનિયન તરફથી જનરલ સેક્રેટરી તથા જોઈન્ટ સેક્રેટરીશ્રોની મહેરબાની મુખ્ય કચેરીમાં કાયમી ધોરણે બદલી કરવા આપની સભા માંગણી કરે છે. આ વિષે જો વ્યાજબી સમયમાં સુખદ નિરાકરણ ન આવે તો જરૂરી પગલાં લેવા આજની સભા સર્વાનુમતે ઠરાવેલ છે. આ ઠરાવના અનુસંધાનમાં તા. ૧૬-૩-૯૦ના રોજ લખેલ છે અને તેની અન્ય સંસ્થાઓને મોકલેલ નકલ અને તે રીતે કરવામાં આવેલ પ્રસિદ્ધો નામદાર કોર્ટના એવોર્ડ અને ઔદ્યોગિક અદાલતના સભ્યશ્રીના તિરસ્કાર યાને મેનેજમેન્ટ ઓફ કોર્ટ" થાય છે.

ઉપર પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. લખાણ નામદાર કોર્ટમાં હાલમાં ચાલતી બાબત રેફરન્સ (આઈસી) નં. ૮-૮૮ ના રેફરન્સની માંગણી બાબતે નામદાર કોર્ટ ઉપર ઈનપ્રોપર રેફરન્સ લાવવાનો બદઈરાદો હોવાનું સ્પષ્ટ થાય છે. તેટલું જ નહીં પરંતુ નામદાર ઔદ્યોગિક અદાલતે રેફરન્સ (આઈ.સી.) નં. ૧૩૪/૮૧ના કામમાં આપેલ ચુકાદામાં જે સ્પષ્ટતાથી માંગણી માન્ય રાખેલ નથી તેની સામે ઉપર જણાવેલ સબંધિત નામદાર ઔદ્યોગિક અદાલતના સભ્યશ્રીએ આપેલ ચુકાદા અને તે ચુકાદાને તથા ઔદ્યોગિક અદાલતના મેમ્બરની ડીસરેસ્પેક્ટ કરવા બરાબર તેમજ આપેલ ચુકાદાએ તથા ઔદ્યોગિક અદાલતની ઓથોરીટીને ઝાંખી પાડવાનો અને તેમ કરીને કાયદેસરના આપેલ ચુકાદાનાં અવગણના કરવાનો રીતસર પ્રયાસ યુનિયન તરફથી કરવામાં આવેલ હોવાથી અરજદાર કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ બદલ દોષીત થયેલ હોવાથી તે સામે યોગ્ય પગલા લેવા આ અરજી કરવાની જરૂર પડેલ છે.

માટે અરજદાર બેન્ક દાદ માગે છે કે

(૧) આ કામના સામાવાળા યુનિયનના જનરલ સેક્રેટરીને જાણી જોઈને નામદાર કોર્ટના આપેલ એવોર્ડ અંગે નામદાર કોર્ટની પ્રતિષ્ઠાને હાની પહોંચાડેલ

હોઈ તેમજ સભ્યની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડેલ હોઈ તેમજ રેફરન્સ (આઈસી) નં. ૮-૮૮ ની ચાલુ માંગણીમાં ઔદ્યોગિક અદાલતે આપેલ ચુકાદા મુજબ જે માંગણી નામદાર અદાલતે નામંજુર કરેલ અને ફરીથી રજૂ કરેલ સદર માંગણીમાં કોઈ જ મળે તેમ નથી તેવી ખાતરીના લીધે આ બાબતે નામદાર કોર્ટમાં સબ-જ્યુડીસ હોવા છતાં કાયદો હાથમાં લઈ આ માંગણી મંજુર કરાવવાની આપેલ ધમકીમાંથી કોન્ટેન્ટ ઓફ કોર્ટ થયેલ હોઈ તે અંગે સામાવાળા વિરુદ્ધ પ્રસિદ્ધિ બદલ તેમજ નામદાર કોર્ટના તિરસ્કાર કર્યા બદલ યોગ્ય નશ્યત ફરમાવો.

(૨) નામદાર કોર્ટને બીજી યોગ્ય લાગે અને વ્યાજબી લાગે તે દાદ અપાવો.

(૩) આ અરજીનો તમામ ખર્ચ સામાવાળા પાસેથી અપાવો.

૨. આંક ૨ થી અંબાલાલ રણછોડભાઈ પટેલે બેન્કના મેનેજરે એફીડેવીટ રજુ કરેલ છે. આંક ૩ થી બેન્કે શ્રી. એમ એ. જોશીનું વકીલાતનામું રજુ કરેલ છે. આંક ૪ થી બેન્ક તરફે શ્રી એમ. એ. જોશીએ દસ્તાવેજી પુરાવામાં રજુ કરેલ છે.

૩. આંક ૫ થી સામાવાળા યુનિયને જવાબ રજુ કરેલ છે.

આંક ૫ ની જવાબમાં યુનિયને નીચે પ્રમાણે વિધાનો કરેલ છે.

(૩) અરજદારની આ અરજી કાયદેસરની ન હોવાથી તે રદ થવાને પાત્ર છે. બી. આઈ. આર. એકટની કલમ ૧૧૮-બી માં આ બાબતે એવી જોગવાઈ કરવામાં આવી છે કે "કલમ ૧૧૯-બી(૧) કોઈ વ્યક્તિ એવું કાર્ય કરે અથવા એવો કોઈ લખાણ પ્રસિધ્ધ કરે કે જે ઔદ્યોગિક કોર્ટ, અથવા લેબર કોર્ટ અથવા વેતન બોર્ડ ઉપર ગેરવ્યાજબી વગ પાડે એવું તેવો કોર્ટનો, બોર્ડનો અથવા તેના સભ્યો અથવા ન્યાયધીશ બદનામી અથવા તીરસ્કાર કર્તા હોય અથવા તેને ઉતારી પાડતું હોય અથવા કોઈ કોર્ટ અથવા બોર્ડની કાયદેસરની કાર્યવાહીમાં દખલ કરે તેવું ઠરાવવામાં આવે તેવા પ્રસંગે તેને કોર્ટનો અથવા બોર્ડનો તિરસ્કાર બદલ અપરાધી ગણવામાં આવશે.

(૨) પરંતુ તિરસ્કાર બાબતમાં ઔદ્યોગિક કોર્ટ કે હકીકતથી તેવો તિરસ્કાર થતો હોય તેની નોંધ કરવી જોઈએ હાઇકોર્ટને અને નિવેદન મોકલવું જોઈએ.

INDEX

(૩) પેટા કલમ ૨ અથવા ૩ મુજબ કોઈ તિરસ્કાર સંબંધમાં કોઈપણ માહિતી અથવા રિપોર્ટ મળે ત્યારે હાઇકોર્ટને તે તિરસ્કાર પોતાનો તિરસ્કાર હોય તેમ તેને દસ્તાવેજ કરવા જોઈએ છે અને આ સંબધમાં તેના પોતાના તિરસ્કાર અંગે જે હકુમત સત્તા કે અધીકાર પોતાના તિરસ્કાર સંબંધમાં જે કાર્યરીતી અને પરીણામની ચર્ચા વિચારણાઓ કર્યા પછી એ મુજબ કાર્યરીતી અને કાર્યક્ષેત્ર તે ચલાવશે.

બી. આઈ. આર. એક્ટની કલમ ૧૧૯—બી ની ઉપરોક્ત જોગવાઇઓ જોતાં એ સ્પષ્ટ થાય છે કે, જો કોઈપણ વ્યક્તિ એવું કાર્ય કરે અથવા તો એવું લખાણ પ્રસિદ્ધ કરે કે જે ઔદ્યોગિક કોર્ટ લેબર કોર્ટ કે વેતન બોર્ડ ઉપર ગેરવ્યાજબી વગ પાડે તેવું હોય અથવા કોર્ટના, બોર્ડના અથવા તેના સભ્ય અથવા તેના ન્યાયધીશની બદનામી કરતુ હોય અથવા તેના વિશેષ અધીકારીને ઉતારી પાડતુ હોય અથવા તેની કાર્યવાહીમાં દખલ કરે તેવુ હોય તો જ આવા પ્રકારની અરજી કરી શકાય. અરજદારની અરજીની તમામ હકીકતોની તે સંબંધી રજુ કરેલા દસ્તાવેજો પુરાવાઓ જોતાં અમો સામાવાળા નં. ૧ અને ૨ એવું કોઈ લખાણ કે કાર્ય કરેલ નથી. આમ આ પ્રાથમિક મુદ્દા ઉપર જ અરજદારની આ અરજી રદ થવાને પત્ર છે.

અમારા ઉપરોક્ત પ્રાથમિક વિધાનોને બાધ આવ્યા સિવાય અમો સામાવાળા અરજદારની અરજીનાં જણાવેલ કોઈ હકીકત આ જવાબમાં નીચે સ્પષ્ટપણે કબુલ્યા સિવાય કબુલ મંજુર રાખતા નથી.

અરજદારની અરજીમાં જણાવ્યા મુજબ અમો સામાવાળા નં. ૧ના એ મહેસાણા જીલ્લામાં આવેલ સહકારી બેન્કોમાં કામ કરતા કર્મચારીઓનું પ્રતીનીધીત્વ ધરાવતુ યુનિયન છે અને સામાવાળા નં. ૨ તેના જનરલ સેક્રેટરી છે. તે અંગે છે. તે અંગે કોઈ તકરાર નથી. અમો યુનિયન તરફથી અગાઉ રજુ કરવામાં આવેલ માંગણી અંગેના રેફરન્સ (આઇસી) નં. ૧૩૪/૮૧માં ઔદ્યોગિક અદાલતે તા. ૩૦-૧૦-૮૫ના રોજ એવોર્ડ આપેલ એવોર્ડ ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટ પાર્ટ-૧—એલ. પાના નં. ૧૭ થી ૩૬ ઉપર તા. ૧૧-૧૨-૮૫ના રોજ પ્રસિદ્ધ થયેલ છે તે બાબતમાં કોઇ તકરાર નથી. પરંતુ એવોર્ડના પાના નં. ૧૯ ઉપર માંગણી ૪માં યુનિયનના જનરલ સેક્રેટરીની બદલી બેન્કની હેડ ઓફીસમાં કરવા અંગે પેરા-૨માં ઉલ્લેખ છે, અને તે અંગે પાના નં. ૩૫ ઉપર આપેલ ચુકાદાના પેરા-૨૨માં સબ પેરા-૩ મુજબ રદ કરવામાં આવેલ છે

અને ટ્રાન્સફરની સત્તા એ બેન્કની વહીવટી સલામતી માટે છે વગેરે હકીકત સાચી નથી. અને અમો સામાવાળા નં. ૧ અને ૨ ને કબુલ મંજુર નથી. ઉપરોક્ત એવોર્ડના પાના નં. ૩૩ ઉપર પેરા-૧૯માં ગુજરાતી વડી અદાલતે અને સર્વોચ્ચ અદાલતે આપેલ ચુકાદા પ્રમાણે આ ચુકાદા અન્વયે આ એવોર્ડ કરવામાં આવેલ છે એ હકીકત પણ સાચી નથી અને અમો સામાવાળા નં. ૧ અને ૨ ને કબુલ મંજુર નથી.

અરજદારના અરજમાં પેરા-૨માં જણાવેલ હકીકત સાચી નથી અને અમોને કબુલ મંજુર નથી. આ પેરામાં અરજદારે જે હકીકત દર્શાવી છે એ હકીકત ઔદ્યોગિક અદાલતના સભ્યશ્રીના તિરસ્કાર યાને કન્ટેન્ટ ઓફ કોર્ટ થાય છે એ હકીકત સાચી નથી અને અમો સામાવાળા નં. ૧ અને ૨ ને કબુલ મંજુર નથી. અરજદારની પેરા-૩ જણાવેલ હકીકત સાચી નથી અને અમોને કબુલ મંજુર નથી. આ પેરામાં જણાવ્યા પ્રમાણે અમો સામાવાળાએ કરેલ લખાણ નામદાર કોર્ટ ઉપર અયોગ્ય દબાણ લાવવાના બદઇરાદાવાળુ હોવાનુ સ્પષ્ટ થાય છે તે હકીકત પણ સાચી નથી તેના શબ્દોને રેફરન્સ (આઈસી) નં. ૧૩૪/૮૧ના કામમાં આપેલ ચુકાદાનું અપમાન કરીને અને તેમાં ઔદ્યોગિક અદાલતના સભ્યશ્રીને ડીસરેપ્યુટ કરવા બરાબર તેમજ અદાલતની ઓથોરીટીને ઝાંખી પાડેલ છે એ હકીકત પણ સાચી નથી. થયેલ હોય યોગ્ય પગલાં લેવા જરૂરી છે એ હકીકત પણ સાચી નથી. આ પેરામાં છેલ્લી લીટીમાં જણાવ્યા મુજબ સામાવાળા કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ બદલ દોષીત થયેલ હોય તેમની સામે યોગ્ય પગલા લેવા માટે આ અરજી કરવામાં આવેલ હોઈ આ અંગે અમો સામાવાળાને વાંધો નથી. આ બાબતમાં અમો સામાવાળા નં. ૧ અને ૨ જણાવીએ છીએ કે માલિક વર્ગ દ્વારા અપનાવવામાં આવતી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી પ્રવૃત્તિ સામે દરેક ટ્રેડ યુનિયનને રજુઆત કરવામાં બંધારણે આપેલ અધિકાર છે. માલિકના હકોમાં હાલમાં બદલીનું એક હથીયાર એવુ છે કે જે હથીયાર માલિક વર્ગ હાલમાં વખતો વખત વાપરીને કોઈપણ કર્મચારી કે જે યુનિયન પ્રવૃત્તિમાં સક્રીય હોય તેની વિરૂદ્ધ ઉપયોગ કરવામાં આવે છે. ખરેખર આવી બદલી કર્મચારી ઉપર દબાણ લાવવાના હેતુથી અને તે કર્મચારી યુનિયન પ્રવૃત્તિ છોડી દે તેવા ઈરાદાથી કરવામા આવે છે. અને તેને વહીવટી અનુકુળતા તેવુ લેબલ લગાડવામાં આવે છે. આવે છે. અરજદારની બેન્ક એ જીલ્લા કક્ષાની મધ્યસ્થ બેન્ક છે અને તેની શાખાઓ સમગ્ર જીલ્લામાં પ્રસરેલ છે. વધુમાં મહેસાણા જીલ્લો એ વિસ્તારની દ્રષ્ટિએ ઘણો મોટો હોવાથી એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે લાંબુ અંતર કાપવુ

પડે છે. અરજદાર બેન્કની મુખ્ય કચેરી મહેસાણા શહેરમાં આવેલ છે. હાલમાં આ યુનિયનના એક પણ ઓફીસ બેરરને તેની મુખ્ય કચેરીએ રાખવામાં આવેલ નથી. પરીણામે યુનિયનના હોદ્દેદારોને મજુર અદાલતમાં ઔદ્યોગિક અદાલતમાં લેબર કમીશ્નર કચેરીમાં અથવા બીજી ઘણા પ્રસંગોએ હાજરી આપવા માટે જવું હોય ત્યારે લાંબા અંતરથી જવું પડે છે. વધુમાં બેન્કની મુખ્ય ઓફિસે એક પણ ઓફિસ બેરર ફરજ બજાવતા ન હોવાથી યુનિયનનું સંચાલન યોગ્ય અને કાર્યક્ષમ રીતે થઈ શકતું નથી આ બાબતે યુનિનના ઓફિસ બેરરની નોકરીનું સ્થળ હેડ ઓફિસમાં મહેસાણા ખાતે રાખવા અંગે યુનિયને અરજદારની બેન્કને માંગણી કરેલ અને આ બાબતમાં સમાધાનકારી વલણ અપનાવવા માટે અવાર નવાર વિનતી પણ કરવામાં આવેલ પરંતુ તેઓએ તે વિનંતી અંગે સહાનુભુતીપુર્વક વિચારવાને બદલે અરજદાર બેન્કે તે અંગે સંપુર્ણ નિષ્કાળજી બતાવેલ છે. આ સિવાય બીજી માગણીઓ જેવી કે સંસ્થાના કર્મચારીઓનું પ્રતિનિધિત્વ આપવા પણ યુનિયને માંગણી કરેલ છે જે અંગે પણ અરજદાર બેન્કે કોઈ સહાનુભુતી-પુર્વક વિચારણા કરેલ નથી. પરિણામે અમો સામાવાળાની સાધારણ સભા તા. ૮-૪-૯૦ના રોજ મહેસાણા મુકામે મળી હતી જેમાં આ બાબતે સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવેલ હતો અને તે ઠરાવની એક નકલ અરજદાર બેન્કને મોકલવામાં આવી હતી જેથી બેન્ક આ બાબતે સહાનુભુતીપુર્વક વિચારણા કરી કાયદાકીય માર્ગ કાઢી શકે. તા. ૮-૪-૯૦ના રોજ યુનિયનની સામાન્ય સભામાં થયેલ ઠરાવની એક નકલ તા. ૧૧-૪-૯૦ના રોજ અરજદાર બેન્કને મોકલવામાં આવેલ પરંતુ ત્રણ ત્રણ મહીના વીતી ગયેલ હોવા છતાં આ બાબતે અરજદાર બેન્કે કોઈ પ્રત્યુત્તર ન આપતા તા. ૨૬-૬-૯૦ના રોજ સામાવાળા યુનિયનના પ્રમુખશ્રી ચંદુભાઈએ ડી. પટેલ તા. ૨૬-૬-૯૦ના રોજ એક પત્ર લખી આ બાબતે તાકીદે યોગ્ય કરવા માટે જણાવેલ અને આ બાબતનું નિરાકરણ જલ્દીથી લાવવા માટે વિનંતી કરેલી અને જો આ અંગે નિરાકરણ ટુંક સમયમાં લાવવામાં નહી આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી હકીકત જણાવવામાં આવેલ. આમ તા. ૧૧-૪ ૯૦ ના રોજ મોકલેલ ઠરાવની વિગત અને તા. ૨૬-૬-૧૯૯૦ના પત્રમાં જણાવેલ વિગતો જોતા અમો સામાવાળા નં. ૧ અને ૨ એ નામદાર ઔદ્યોગિક અદાલત કે નામદાર લેબર કોર્ટ કે વેતન બોર્ડ તેના કોઈ સભ્યની બદનક્ષી કરેલ હોય કે તેનો તિરસ્કાર કરેલ હોય કે તેમના અધિકારીને ઉતારી પાડવા હોય તેવું કોઈ કૃત્ય કરેલ નથી. વધુમાં કર્મચારીની તેમની માંગણી બાબતે હડતાળ, જાસ્લો દેવા પગલા ભરવા માટે કાયદાએ પણ અધિકાર આપેલ છે પરંતુ તેમાં એટલી જોગવાઈ કરવામાં

આવેલ છે કે. આ હડતાળ બોર્ડ ગોરલો ગેરકાયદેસર ન હોવા જોઈએ અને તેમ છતાં પણ જો હડતાળ કે ગોરલો ગેરકાયદેસર ઠરે તો તે અંગે બેન્ક કર્મચારી સંઘ વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે કાયદામાં પુરતી જોગવાઈ કરવામાં આવેલ છે. જે ઔદ્યોગિક બાબત માટે હડતાળ ઉપર જવા માટે ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે માત્ર તેવું વર્તાવવામાં આવે તો તેનાથી કોર્ટ કે તેવા ન્યાયધિશનો તિરસ્કાર થતો નથી. આ બાબતમાં અમો સામાવાળા વધુમાં જણાવીએ છીએ કે આવી ઔદ્યોગિક બાબત કે જે ફેરફારની નોટીસ દ્વારા ઉપસ્થિત કરવામાં આવી હોય અને ઔદ્યોગિક બાબતમાં સમાધાન ન સધાય અને તે બાબત ન્યાયનિર્ણય માટે ઔદ્યોગિક અદાલતમાં સુપ્રત કરવામાં આવે ત્યારે આવી ઔદ્યોગિક બાબતમાં ઔદ્યોગિક અદાલત યુનિયનની તરફેણમાં કે વિરુદ્ધમાં ચુકાદો આપે છતાં પણ યુનિયન ચોક્કસ સમયાંતરે આવી માંગણી ફરી મુકી છે. અથવા ઉપસ્થિત કરી શકે છે કારણ કે ફેરફારની નોટીસ દ્વારા ઉપસ્થિત કરવામાં આવે તેવો હોય વિવાદ કોઈ એકલા બેન્કના કર્મચારી માટે નહિ પરંતુ કર્મચારીના વિશાળ હિતમાં ઉપસ્થિત કરવામાં આવે છે અને આવી માંગણી માંગણી માંગણી બદલાયેલા પરિસ્થિતિએ બદલાયેલા ઔદ્યોગિક સંબંધને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. વધુમાં આવી બાબત માટે રેસ જ્યુડીકેટાનો સિદ્ધાંત લાગુ પડતો નથી. કારણ કે કોઈ એક સંજોગામાં કોઈ ઔદ્યોગિક બાબતનો ચુકાદો અદાલતે યુનિયનની વિરુદ્ધમાં આપેલ હોઈ તેમાં પણ ત્યારબાદ બદલાયેલા સંજોગોમાં આજ બાબતના ઔદ્યોગિક બાબતનો ચુકાદો યુનિયનની તરફેણમાં પણ આપી શકે છે. આમ કોઈ એવી ઔદ્યોગિક બાબત કે જે યુનિયને અગાઉ ઉપસ્થિત કરેલ હોય અને ઔદ્યોગિક અદાલતે આ માંગણી નામંજુર કરેલ હોય તો આવી માંગણી બદલાવેલા સંજોગોમાં યુનિયન ફરીથી ઉપસ્થિત કરી શકે છે. અને આવા બદલાયેલા સંજોગોમાં કે યુનિયન બીજી માંગણી કરે તો તેને રેસ જ્યુડીકેટાનો બાધ નડતો નથી. તેમજ આ માંગણી સંતોષવા માટે જો યુનિયન હડતાળ જેવા આકરા પગલાં લે "જો આ હડતાળ ગેરકાયદેસર ન હોય તો" તો તેવા પગલા લેવાનુ માલિકને અગાઉથી જાણ કરે તો તેમાં કશું અજુગતુ નથી. ઉલટાનો કામદારોને અને યુનિયન પ્રતિનિધીને આ બાબતે અધિકાર આપેલ છે. વધુમાં આ બાબત કોઈપણ રીતે કોર્ટના હુકમનો અનાદર તેમજ કોર્ટનો તીરસ્કાર કે ઔદ્યોગિક અદાલતના ન્યાયાધીશને ઉતારી પાડવાનું કૃત્ય કે તેમની છબી હલકી પાડવાનુ કૃત્ય કહી શકાય નહી. વધુમાં તા. ૧૨-૪-૧૯૯૦ અને તા. ૧૬-૪-૧૯૯૦ ના રોજના પત્રમાં એવી કોઈ ભાષા કે શબ્દ પ્રયોગ કરેલ નથી જેથી કલમ ૧૧૯-બી અન્વયે કોર્ટનો તિરસ્કાર બને.

INDEX

૪. અરજદાર બેન્ક વતી શ્રી એમ. એ. જોશીને મેં સાંભળ્યા છે જ્યારે સામાવાળા તરફે શ્રી કે એચ. પાટીલને સાંભળ્યા છે.

૫ અરજદાર તરફે શ્રી જોશીએ મારી સમક્ષ રજુઆત કરી છે કે, રેફરન્સ (આઇસી) નં. ૧૩૪/૮૧ માં નામદાર ન્યાયપંચે એવોર્ડ આપેલ છે. અને તે એવોર્ડ ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટ પાર્ટ-૧-એલ તા. ૧૧-૧૨-૧૯૮૫ પાના નં. ૧૭ થી ૩૬ ઉપર પ્રસિદ્ધ થયેલ છે. અને પાના નં. ૩૨ ઉપર કરેલ અવલોકન અન્વયે ન્યાયપંચે યુનિયનના સેક્રેટરીની બદલી હેડ ઓફીસમાં કરવામાં આવે તેવી માંગણી નકારી કાઢી છે. આમ છતાં પણ સામાવાળા યુનિયનના જનરલ સેક્રેટરીએ યુનિયનની સામાન્ય સભા તા. ૮-૪-૧૯૯૦ ના રોજ મહેસાણા મુકામે બોલાવી હતી. અને બે ઠરાવ નં. ૪ (બ) ફરીથી યુનિયનના જનરલ સેક્રેટરી અને હોદ્દેદારોની બદલી કરવા અંગે કરવામાં આવેલ છે આમ શ્રી જોશીએ મારી સમક્ષ ભારપુર્વક રજુઆત કરી છે કે સામાવાળા યુનિયને ન્યાયપંચનો ચુકાદો હોવા છતાં ઠરાવ નં. ૪(બ) તા. ૮-૪-૧૯૯૦ ના રોજ સામાન્ય સભામાં કરેલ છે. તે ઉપરાંત આંક ૪/૩ થી રજુ થયેલ મહેસાણા જીલ્લા સહકારી બેન્ક કર્મચારી સંઘના વાર્ષિક હેવાલના પાના નં. ૩ ઉપર નીચે પ્રમાણે લખાણ છાપવામાં આવેલ છે.

"તા. ૧-૨-૧૯૮૧ થી અમો એ આ યુનિયનનો વહીવટ સંભાળ્યા બાદ આર્થિક સિદ્ધિથી સાથોસાથ મેનેજમેન્ટની મનસ્વી મુરાદને પણ લપડાક આપી શક્યા છીએ. તેમના જે હુકમથી તમામ દરવાજા બંધ થઈ ગયા છે. માત્ર ટ્રાન્સફરનો લાલ દંડો તેમના હાથમાં રહી ગયો છે અને "જેનાથી સિંહો ડરતા નથી) જેની સામે પણ નિયમો બનાવવા માટે આપણે ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. આ બધુ આપ સહુના સાથ સહકાર અને સંગઠનની તાકાત ઉપર પ્રાપ્ત થયેલ છે સંગઠન એ વિજય પતાકાની ધરોહર છે. જેને ટકાવી રાખવી એ પણ આપ સહુના હાથમાં છે." આ ઉપરાંત આંક ૪/૪ થી રજુ થયેલ યુનિયનના પ્રમુખ શ્રી ચંદુભાઈ પટેલે બેન્કના ચેરમેન ઉપર લખેલ પત્ર તરફથી જોશીએ મારુ ધ્યાન દોર્યું હતું. અને શ્રી જોશીએ પાના ૨ ઉપર લખેલ ભાષા તરફ બહુ ધ્યાન દોરી મારી સમક્ષ રજુઆત કરી છે કે, ન્યાયપંચે યુનિયનની માંગણી નકારી કાઢી હોવા છતાં યુનિયને તા. ૮-૪-૧૯૯૧ ના રોજ મહેસાણા મુકામે ઠરાવેલ જનરલ સભામાં કરવામાં આવેલ ઠરાવ પ્રમાણે ફરીથી જનરલ સેક્રેટરીને હેડ ઓફિસ મહેસાણા ખાતે બદલી કરવા માટે ઠરાવ કરેલ છે.

INDEX

આમ શ્રી એસ. એ જોશીએ મારી સમક્ષ રજુઆત કરી છે કે, સામાવાળા યુનિયને ન્યાયપંચના એવોર્ડનું ઉલ્લંઘન કરીને ન્યાયપંચના એવોર્ડનો ભંગ કરેલ છે. અને તે રીતે ઔદ્યોગિક અદાલતના તેમજ ઔદ્યોગિક અદાલતના સભ્યોનો તિરસ્કાર કરેલ છે. શ્રી જોશીએ પોતાની રજુઆતના સમર્થનમાં નીચેના ચુકાદાથી ટાંકયા છે. હસમુખલાલ સી. શાહ અને બીજાઓ વિરુધ્ધ ગુજરાત રાજ્ય બીજાઓ પાના નં. ૩૭૮, જીએલઆર-૧૯૭૮ વોલ્યુમ ૧૯.

૫. સામાવાળા યુનિયન તરફે શ્રી કે. એચ. પાટીલે મારી સમક્ષ રજુઆત કરી છે કે, કાયદાની કલમ ૧૧૯-બ પ્રમાણે સામાવાળા યુનિયને નામદાર અદાલતે કાયદેસરની કાર્યવાહીમાં કોઈપણ પ્રકારની દખલગીરી કરી નથી. સામાવાળા યુનિયને સામાન્ય સભામાં તા. ૮-૪-૧૯૯૦ના રોજ ઠરાવ ૯(બ) કરેલ છે. એ ઠરાવ પ્રમાણે નામદાર કોર્ટ જે નામદાર ન્યાયાધિશ સામે એક પણ શબ્દ વાપરવામાં આવેલ નથી અને નામદાર અદાલતનો કે નામદાર સભ્યનો તિરસ્કાર કરેલ નથી કે કરવાનો સહેજપણ ઈરાદો નહોતો નામદાર કોર્ટના કોઈપણ સભ્યની સામે એક પણ શબ્દ વાપરવામાં આવ્યો નથી. તેમજ સભ્યની માન-હાનીને અસર થાય એવો એક પણ શબ્દ વાપરેલ નહિ. શ્રી પાટીલે મારા સમક્ષ રજુઆત કરી છે કે, ઔદ્યોગિક ઝઘડા અને ટ્રેડ યુનિયન એક્ટ હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની અન્વયે યુનિયનને ઠરાવ કરવાનો હક્ક હોય છે. બદલાયેલા સંજોગોમાં યુનિયન એજ મુદ્દા ઉપર બીજો ઠરાવ કરી શકે છે. તે ઉપરાંત યુનિયન એ જ મુદ્દા ઉપર બીજી માંગણી પણ કરી શકે છે. અરજદાર બેન્કે જે પુરાવા રજુ કરેલ છે તે પુરાવામાં બેન્કના મેનેજમેન્ટની મજુર પ્રવૃત્તિ અને મજુરો પ્રત્યે જે નીતી અખત્યાર કરવામાં આવેલ છે. નીતી સામે જ લખાણ કરવામાં આવેલ છે આમ સમગ્ર રીતે જોતાં નામદાર અદાલતનું કે અદાલતના સભ્યનું કોઈપણ રીતે તિરસ્કાર કરેલ નથી અને કરવામાં આવેલ પરચુરણ અરજી કાઢી નાખવાને પાત્ર છે.

૬. કાયદાની કલમ ૧૧૯(બ) નીચે પ્રમાણે છે.

(૧) કોઈ વ્યક્તિ એવું કોઈ કાર્ય કરે અથવા એ કોઈ લખાણ પ્રસિદ્ધ કરે કે જે ઔદ્યોગિક કોર્ટ અથવા લેબર કોર્ટ અથવા વેતન બોર્ડ ઉપર ગેરવ્યાજબી વગર પાડે એવુ હોય અથવા એવી કોર્ટના બોર્ડના અથવા તેના સભ્ય અથવા ન્યાયધિશની બદનામી અથવા તિરસ્કાર કરતુ હોય અથવા તેના આકારને ઉતારી પાડતુ હોય અથવા એવી કોર્ટની અથવા બોર્ડની કાયદેસર કાર્યવાહીમાં દખલ

કરે એવુ હોય તો યથા પ્રસંગે તેવી કોર્ટના અથવા બોર્ડના તિરસ્કાર બદલ અપરાધો ગણવામાં આવશે.

(૨) પોતાના તિરસ્કાર બાબતમાં ઔદ્યોગિક કોર્ટ જે હકીકતોથી એવો તિરસ્કાર થતો હોય તેની નોંધ કરવી જોઈએ હાઈકોર્ટને તે અંગે નિવેદન મોકલવુ જોઈએ.

(૩) વેતન બોર્ડના અથવા લેબર કોર્ટના તિરસ્કારની બાબતમાં તે બોર્ડ અથવા કોર્ટ જે હકીકતોથી એવો તિરસ્કાર થતો હોય તેની નોંધ કરવી જોઈશે. અને ઔદ્યોગિક કોર્ટને તે અર્થે નિવેદન મોકલવુ જોઈશે અને તેમ થયે ઔદ્યોગિક કોર્ટને તેમ કરવાનું ઈષ્ટ લાગે તો તે હાઈકોર્ટને તે નિવેદન મોકલી શકશે.

(૪) પેટા કલમ (૨) અથવા (૩) મુજબ હાઈકોર્ટને કોઈ તિરસ્કારે ના સંબંધમાં કોઈ માહિતી અથવા રીપોર્ટ માગે ત્યારે હાઈકોર્ટને તેવો તિરસ્કરર પોતાનો તિરસ્કાર હોય તેમ તેની તજવીજ કરવી જોઈશે. અને તેના સંબંધમાં તેને પોતાના તિરસ્કાર અંગે જે હકુમત સત્તા અને અધિકાર તે પોતાના તિરસ્કારના સંબંધમા જે કાર્યરીતી અને કાર્ય પ્રણાલી અનુસાર ચલાવે છે તે જ કાર્યરીતી અને કાર્યપ્રણાલી અનુસાર તે ચલાવશે.

૭. કાયદાની કલમ ૧૧૯(ખ)(૨) પ્રમાણે જો કોર્ટના તિરસ્કાર થયો હોય તો ઔદ્યોગિક કોર્ટ તે બાબતમાં હાઈકોર્ટને નિવેદન મોકલતાનુ હોય છે. હું આ અરજીની તમામ રેકર્ડ જોઈ ગયો છું. સામાવાળા યુનિયને જે ઠરાવ કરેલ છે તેમાં જે બુલેટીન બહાર પાડેલ છે તે પણ હું જોઈ ગયો છું. યુનિયને કરેલ ઠરાવમાં મેનેજમેન્ટની મજુર નિતી અને કર્મચારીઓ પરત્વેના વલણ બાબતે ઉલ્લેખ કરવામાં આવેલ છે. પરંતુ કોઈપણ જગ્યાએ નામદાર અદાલતના એવોર્ડ બાબતે સહેજ પણ ટીકા કરવામાં આવેલ નથી. નામદાર અદાલત સામે કે અદાલતના સભ્ય સામે યુનિયને અદાલતનો તિરસ્કાર થતો હોય અથવા અદાલત સામે ધમ કી રુએ વર્તન થતું હોય તેવું કોઇપણ જગ્યાએ વર્તન કર્યું નથી. યુનિયને ઠરાવ નં, ૪(એ) માં નીચે પ્રમાણે વિધાનો કરેલા છે.

"સંસ્થા અને કર્મચારીઓ વચ્ચે એકલા સભ્ય સંબંધી પુન: જીવીત કરવા અને સંસ્થાના વિકાસમાં કર્મચારીઓના સહયોગને પણ કાર્યક્રમ બનાવવા

INDEX

આજની સભા સંચાલકોને અપીલ કરે છે. કર્મચારીઓની હાડમારી દૂર કરવા સંગઠનના જનરલ સેક્રેટરીશ્રી તથા જોઈન્ટ સેક્રેટરીશ્રીને મહેસાણા મુખ્ય કચેરીનાં કાયમી ધોરણે બદલી કરવા આજની સભા માંગણી કરે છે." આ વિષે જો વ્યાજબી સમયમાં સુખદ નિરાકરણ ન આવે તો જરૂરી પગલા લેવા પણ આજની સભા સર્વાનુમતે ઠરાવે છે."

આ ઉપરોકત ઠરાવ પ્રમાણે સામાવાળા યુનિયને સેક્રેટરીની મહેસાણા ખાતે બદલી કરવામાં આવે તેવી માંગણી દોહરાવી છે. પરંતુ તેટલા માત્ર નામદાર અદાલત કે નામદાર અદાલતના સભ્યનો કોઈપણ રીતે તિરસ્કાર થતો નથી. આથી હું એવા નિર્ણય ઉપર આવું છું કે, અરજદાર બેન્કની આ અરજી કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને કાયદાની કલમ ૧૧૯(ખ)(૧) પ્રમાણે હું એવા નિર્ણય ઉપર આવું છું કે, અદાલતનો તિરસ્કાર થતો નથી તેથી કાયદાની કલમ ૧૧૯(અ)(૨) નામદાર હાઈકોર્ટને કોઈપણ નિવેદન મોકલવાની જરૂર નથી એવો નિર્ણય કરું છું. આ પ્રમાણેના અવલોકન અન્વયે નીચે પ્રમાણે હુકમ કરું છું.

હુકમ

૮. આ પરચુરણ અરજી રીતે ટકી શકે તેમ નથી આ હુકમથી નકલ પક્ષકારને મળે તે તારીખથી આ હુકમનો અમલ એક માસમાં કરવાનો છે. ખર્ચ બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
બી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૨૬-૭-૧૯૯૧

સહી
બી. બી. પટેલ
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

તા. ૯-૮-૧૯૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/અ/શમક/૨૭૮૭૬ આરયુ સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક આધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું સાબરકાંઠા ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન હિંમતનગર અને ધી સાબરકાંઠા જીલ્લા સહકારી બેંક લી. હિંમતનગરની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ ના ઓગષ્ટ માસના ૯મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રપર.

રેફરન્સ (આઈ.સી) નં. ૭૭/૮૫

સાબરકાંઠ. ડીસ્ટ્રીકટ કો. ઓ. બેન્ક સ્ટાફ યુનિયન. હિંમતનગર — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી સાબરકાંઠા જીલ્લા સહકારી બેન્ક લિ. હિંમતનગર. — બીજા પક્ષકાર

બેન્કના કર્મચારીઓને પગાર ગ્રેડ, સીનીયોરીટી, બઢતી વગેરે

માગણીઓ અંગે.

પ્રથમ પક્ષકાર તરીકે વકીલ શ્રી વી. પ્રેમચંદ.

બીજા પક્ષકાર તરફે વકીલ શ્રી એસ. ઈ. રંગરાલા.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ-

INDEX

૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર કે જે સાબરકાંઠામાં આવેલ સહકારી બેન્કના કર્મચારીઓનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી દાખલ કરેલા છે.

૨. કામની હકીકત એ મુજબની છે કે, પ્રથમ પક્ષકાર સંઘ તા. ૩-૭-૧૯-૮૫ના રોજ ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના આપીને જણાવેલ છે કે, દ્વિતીય પક્ષકાર બેન્કે કલેરીકલ ગ્રેડના કર્મચારીઓની જયેષ્ઠતા યાદીના ક્રમને અવગણીને પાંચમી ગ્રેડમાં સીધી ભરતી કરેલી છે તેથી કલેરીકલ ગ્રેડના ૧૪૭ કર્મચારીઓને અન્યાય થયેલો છે માટે સીધી ભરતીવાળા કર્મચારીઓને કલેરીકલ ગ્રેડના જયેષ્ઠતા યાદીના ૧-૧૪૭ ક્રમે આવતા કર્મચારીઓ પછી તેઓને દાખલ કરવા જોઈએ તેમજ કલેરીકલ ગ્રેડમાંથી પાંચમી કક્ષામાં જેની સીધી ભરતી કરવામાં આવેલ હતી તે કર્મચારીઓને પાંચમી કક્ષાનું વેતન ચૂકવવામાં આવતું નથી માટે આ કર્મચારીઓને સીધી ભરતીના કર્મચારીઓને જ વેતન ચૂકવવામાં આવે છે તે મુજબ વેતન ચુકવવું જોઈએ તેમજ કલેરીકલ ગ્રેડના બાકીના કર્મચારીઓને પણ તે પગાર ધોરણ મુજબ વેતન ચુકવવું જોઈએ. આ ફેરફારની સુચનામાં બીજી એવી પણ માગણી કરેલ હતી કે, પ્રોજેક્ટ કોઓર્ડીનેટરની જીલ્લા લેવલની જગ્યા ત્રીજી ગ્રેડના કર્મચારીઓમાં અનુક્રમ ૧-૩૨ કર્મચારીઓની જયેષ્ઠતા યાદીના અગ્રતા ક્રમને અવગણીને નિમણૂક કરવામાં આવેલ છે તે રદ કરવી જોઈએ અને તે જગ્યાએ ત્રીજી કક્ષાના કર્મચારીઓમાંથી જયેષ્ઠતા યાદીમાં જે કર્મચારીઓનો ક્રમ આવતો હોય તેઓની નિમણૂક કરવી જોઈએ. આ ફેરફારની સુચનામાં એવી પણ માગણી કરવામાં આવેલ હતી કે. તા. ૧૯-૧૦-૧૯૮૪ના હુકમથી ત્રીજી ગ્રેડના પાંચ અધિકારીઓને વરિષ્ટ વિકાસ અધિકારી તરીકે નિમણૂક આપી છે તે પણ ત્રીજી ગ્રેડના કર્મચારીઓની જયેષ્ઠતા યાદીના ક્રમને અવગણીને નિમણૂક આપેલી છે માટે તે પણ રદ કરવી જોઈએ અને તે જગ્યા ઉપર જયેષ્ઠતા યાદીના ક્રમ મુજબ ભરવી જોઈએ. તેમજ કર્મચારીઓ માટે જે નિયમો માન્ય કરવામાં આવેલા છે તેનો ભંગ કરવામાં આવે છે તો તે ભંગ કરવાનું બંધ કરવું જોઈએ અને જયેષ્ઠતા યાદીમાં ક્રમ નક્કી કરવા માટે જે ધોરણ અપનાવવામાં આવેલ છે તે વાજબી નથી. માટે તેમાં ફેરફાર કરવો જોઈએ. આ માગણીઓ સાથે દ્વિતીય પક્ષકાર બેન્ક સંમત થયેલ ન હતી તેમજ ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાન કરાવવા પક્ષકારો વચ્ચે સમજુતિ કરાવી શકેલા નહી માટે તેમણે પ્રથમ પક્ષકાર સંઘને નિષ્ફળ-

INDEX

તાનું પ્રમાણપત્ર તા. ૩૦-૮-૧૯૮૫ના રોજ મોકલી આપેલ હતું, જેથી પ્રથમ પક્ષકાર સંઘે સદરહુ માગણીનો ન્યાય નિર્ણય કરવા માટે હાલનો રેફરન્સ દાખલ કરેલો છે.

૩. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૫ નું માગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, દ્વિતીય પક્ષકાર બેન્ક અને તેના કર્મચારીઓ માટે નિયમો નક્કી કરવામાં આવેલા છે પરંતુ તે નિયમોના ભંગ કરીને બેન્કે કેટલીક નિમણુક કરેલી છે તે રદ કરવી જોઈએ. સંઘની રજુઆત એવી છે કે, સદરહુ નિયમોમાં નક્કી કર્યા મુજબ કુલ ૮ ગ્રેડ બનાવલી છે તે પૈકી કલેરીકલ ગ્રેડમાંથી પાંચમી ગ્રેડમાં સીધી ભરતી થઇ શકે નહીં તેમ છતાં પરીશીષ્ટમાં જણાવેલા ૧૨ કર્મચારીઓની સીધી ભરતી કરેલી છે જેના કારણે કલેરીકલ ગ્રેડના જ્યેષ્ઠતા યાદીના અગ્રતાક્રમના કર્મચારી ૧-૭૬ ને અન્યાય થયેલો છે માટે આ ૧-૭૬ કર્મચારીઓને પણ પાંચમી ગ્રેડમાં સમાવેશ કરવા જોઈએ. વિશેષમાં રજુઆત એવી છે કે, પાંચમી ગ્રેડમાં જ સીધી ભરતી કરેલી છે તેમાં કેટલાક કર્મચારીઓ કલેરીકલ ગ્રેડના છે તેઓની પાંચમી ગ્રેડમાં સીધી ભરતી કરેલ હોવા છતાં પાંચમી ગ્રેડના રૂા. ૩૮૮ થી જે પગાર ધોરણ શરુ થાય છે તે મુજબ વેતન ચૂકવવામાં આવતું નથી પરંતુ ૩૭૪ થી શરુ થતું વેતન ચૂકવવામાં આવે છે માટે કલેરીકલ ગ્રેડમાંથી જે કર્મચારીઓની પાંચમી ગ્રેડમાં સીધી ભરતી કરવામાં આવેલ છે તેમને પણ રૂા. ૩૮૮ થી શરુ થતું પગાર ધોરણ મળવું જોઇએ. સંઘની વિશેષતામાં રજુઆત એવી છે કે, સીધી ભરતીથી નીમવામાં આવેલ કર્મચારીઓ જે કામગીરી કરે છે તે કામગીરી કલેરીકલ ગ્રેડના કર્મચારીઓ પણ કરવાની ક્ષમતા ધરાવે છે તેમ છતાં તેઓને પાંચમી કક્ષામાં બઢતી આપવામાં આવેલ નથી માટે જે કર્મચારીઓ પાંચમી ગ્રેડના કર્મચારીઓ તરીકે બઢતી મેળવવા માટે ક્ષમતા ધરાવે છે તેઓને પણ પાંચમી કક્ષામાં બઢતી આપવી જોઈએ. સંઘની વિશેષમાં રજુઆત એવી છે કે, ત્રીજી ગ્રેડમાં લગભગ ૪૨ કર્મચારીઓ છે તે કર્મચારીઓમાંથી અ. ન. ૩૨ વાળા કર્મચારીને ડીસ્ટ્રીકટ લેવલની પ્રોજેકટ કોઓર્ડીનેટરની જગ્યા માટે નિમણૂક આપવામાં આવેલી છે જેથી અ નં. ૧ થી ૩૧ વાળા કર્મચારીઓને અન્યાય થયેલ છે માટે આ નિમણૂક રદ કરવી જોઈએ અને અગ્રતાના ક્રમે આવના કર્મચારીઓની આ જગ્યા પર નિમણૂક કરવી જોઈએ. પ્રથમ પક્ષકાર સંઘની વિશેષમાં રજુઆત એવી છે કે, ત્રીજી ગ્રેડના કર્મચારીઓમાંથી પાંચ અધિકારીઓને વરિષ્ટ વિકાસ અધિકારી તરીકે નિમણૂક આપવામાં આવેલ છે જે નિમણૂક પણ જયેષ્ઠતા

INDEX

યાદીમાં અગ્રતાનો ક્રમ ધરાવતા કર્મચારી શ્રી જે. એ. પુરોહીત, જે. એલ. શાહ વગેરેને અવગણના કરીને વી. પી. આર. જોશી. શ્રી. જે. એમ. અદનવત વગેરેને નીમવામાં આવેલા છે કે જે કર્મચારીઓ ઉપર જણાવેલા કર્મચારીશ્રી તરીકે જયેષ્ઠતા યાદીમાં નીચેનો ક્રમ ધરાવે છે માટે આ કર્મચારીઓને વરિષ્ટ વિકાસ અધિકારી તરીકેની નિમણુક કેન્સલ કરવી જોઈએ અને જયેષ્ઠતા યાદીમાં અગ્રતાનો ક્રમ ધરાવતા કર્મચારીઓને તે જગ્યાએ નીમણૂક કરવી જોઈએ. સંઘની રજુઆત એવી છે કે. તા. ૧-૭-૧૯૮૧ ના રોજ કર્મચારી શ્રી એસ. એ. પટેલ ચોથી ગ્રેડના કર્મચારી હતા અને ચોથી ગ્રેડના કર્મચારીઓની જયેષ્ઠતા યાદીમાં તેમનો ક્રમ ૪૮ ઉપર હતો તેમને ત્રીજી ગ્રેડમાં અ. નં. થી ૪૭ ના કર્મચારીઓની અવગણના કરીને બઢતી આપવામાં આવેલ છે માટે અ. નં. થી ૪૭ ના કર્મચારીઓને પણ ત્રીજી ગ્રેડમાં બઢતી આપવી જોઈએ. સંઘની રજુઆત એવી છે કે, જયેષ્ઠતા યાદીમાં ક્રમ નકકી કરવા માટે શૈક્ષણિક લાયકાતના ધોરણે માર્કસ આપવામાં આવે છે અને દર વરસે શૈક્ષણિક લાયકાતમાં વધારો થવાના કારણે ક્રમમાં ફેરફાર થાય છે અને પાછળથી નોકરીમાં દાખલ થયેલા માણસો શૈક્ષણિક લાયકાતના ધોરણે વધુ ગુણ મેળવીને અગ્રતાનો ક્રમ મેળવે છે જે વાજબી નથી માટે આ પ્રથામાં પણ ફેરફાર કરવો જોઈએ.

૪. દ્વિતીય પક્ષકાર બેન્કે આંક-૬ નો લેખીત જવાબ રજુ કરીને સદરહુ માગણીનો વિરોધ કરેલો છે. અને જણાવેલ છે કે, બેન્કે કલેરીકલ ગ્રેડમાંથી જે સીધી ભરતી કરેલી છે તેમાં કોઇને અન્યાય કરેલ નથી તેમજ ડીસ્ટ્રીકટ લેવલની પ્રોજેકટ કોઓર્ડીનેટરની જે વ્યક્તિની નિમણૂક કરેલી છે તે યોગ્ય હોવાથી તેની નિમણુક કરવામાં આવેલ છે અને તે નિમણૂકને કારણે તમને કોઇ બઢતી મળેલી છે એમ કહી શકાય નહિ. તેમજ વિકાસ અધિકારીઓ તરીકે પણ જે વ્યક્તિઓની નિમણૂક કરેલી છે તે પણ યોગ્યતાના ધોરણે કરવામાં આવેલ છે પરંતુ તેવી નિમણૂકથી તેમને કોઈ બઢતી આપવામાં આવેલ છે એમ કહી શકાય નહી, કારણ કે તે જગ્યા પણ ત્રીજી ગ્રેડની છે. શ્રી એસ. એ. પટેલ અંગે રજુઆત એવી છે કે, ચોથી કક્ષામાંથી બઢતી આપતી વખતે યોગ્યતા બેન્કે નકકી કરવાની હોય છે અને તે મુજબ એસ. એ. પટેલ યોગ્ય જણાતાં તેમને બઢતી આપવામાં આવેલ છે અને તે બઢતી ઘણા લાંબા સમયથી આપવામાં આવેલ છે અને તે બાબતને ઘણા મોડા સમય બાદ ઉપસ્થિત કરવામાં આવેલ છે માટે તે માગણી આગ્રહ રાખી શકાય નહીં. બેન્કની રજુઆત એવી છે કે, જે નિયમો નક્કી કરવામાં આવેલા છે તેનું ઉલ્લંઘન કરવામાં આવતું નથી તેમજ જયેષ્ઠતા

INDEX

યાદીમાં ક્રમ નક્કી કરવા માટે જે શૈક્ષણિક લાયકાત નક્કી કરવાનું ધોરણ અપ-નાવવામાં આવેલ છે તે શરુઆતથી જ અપનાવવામાં આવેલ છે અને તે વાજબી છે અને તેમાં કોઈ ફેરફાર કરવાની જરુર જણાતી નથી.

૫. પ્રથમ પક્ષકાર સંઘે પોતાની રજુઆતના સમર્થનમાં સંઘના મહામંત્રીશ્રી વિક્રમસીંહને આંક-૯ થી તપાસેલા છે. જ્યારે દ્વિતીય પક્ષકાર બેન્કે તેમના મેનેજર જયંતીભાઈ પટેલને આંક-૨૨ થી તપાસેલા છે. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૮ ની યાદી સાથે કેટલાક દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જેના ખરાપણા બાબતમાં કોઈ તકરાર નથી.

૬. પક્ષકારો વચ્ચેની તકરાર સમજવા માટે કેટલીક પ્રાથમિક ભૂમિકાનો ઉલ્લેખ કરવો જરૂરી છે દ્વિતીય પક્ષકાર બેન્ક અને પ્રથમ પક્ષકાર સંઘ વચ્ચે થયેલી સમજુતિ મુજબ બેન્કમાં ભરતી અને બઢતી અંગેના નિયમો નક્કી કરવામાં આવેલા છે જે આંક-૮ની યાદી સાથે અ. નં. ૧ થી રજુ કરવામાં આવેલા છે. તે નિયમો મુજબ બેન્કના કર્મચારીઓની નીચે મુજબની ગ્રેડ નક્કી કરવામાં આવેલી છે. જેમાં મેનેજરની સૌથી પહેલી ગ્રેડ છે. તે બાદ ગ્રેડ-૧ ના અમલદાર, તે બાદ ગ્રેડ-૨ ના અમલદાર, તે બાદ ગ્રેડ-૩ ના અમલદાર, તે બાદ ગ્રેડ-૪ ના અમલદાર અને તે બાદ ગ્રેડ-૫ ના અમલદારોનો સમાવેશ થાય છે. તે પછીથી કલેરીકલ ગ્રેડ આવે છે અને તે પછીથી સબઓર્ડીનેટ સ્ટાફનો ગ્રેડ આવે છે. આપણને કયાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી સબ ઓર્ડીનેટ ગ્રેડની જુદી જુદી કેટેગરીનું વર્ણન કરવું જરૂરી નથી. નિયમ ૯-(૨) ની જોગવાઈ મુજબ ગ્રેડ થી ૪ ના કર્મચારીઓની નિમણૂક સીધી ભરતીથી અગર બઢતીથી કરવાની જોગવાઈ છે અને બઢતી આપતી વખતે યોગ્યતા તથા જયેષ્ઠતા યાદીનો ક્રમ લક્ષમાં લઈને તે જગ્યા ભરવાની સત્તા વ્યવસ્થા મંડળને આપવામાં આવેલ છે. ગ્રેડ ૧ થી ૪ સિવાયની કક્ષામાં નિમણૂક સાધારણ રીતે બઢતીથી કરવાની જોગવાઈ છે અને બઢતી આપતી વખતે યોગ્યતા અને જયેષ્ઠતા યાદીનો ક્રમ લક્ષમાં લેવાની પણ જોગવાઈ છે.

૭. નિયમ ૯ ની પેટા કલમ (૨) ની જોગવાઈ પર આધાર રાખીને શ્રી પ્રેમચંદની રજુઆત એવી છે કે, પાંચમી ગ્રેડમાં સીધી ભરતીથી નિમણૂક થઇ શકે તેમ છતાં બેન્કે ૧૨ માણસોની સીધી ભરતી કરેલી છે જેમાંથી સાત વ્યક્તિઓ એવી છે કે જે કલેરીકલ ગ્રેડમાં કર્મચારી હતા અને તેઓને પાંચમી કક્ષામાં નીમવામાં આવેલા છે. જ્યારે પાંચ વ્યક્તિઓ એવી હતી કે જે બેન્કની નોકરી કરતી ન હતી અને બહારની વ્યક્તિઓ ન હતી. શ્રી રંગવાલા સંમત થાય છે કે, ૧૨ નહીં પણ ૨૦ વ્યક્તિઓની પાંચમી કક્ષામાં સીધી ભરતીથી નિમણૂક કરવામાં આવેલ છે. શ્રી રંગવાલાની રજુઆત એવી છે કે, અને તે બાબતમાં કોઈ તકરાર નથી કે આ સીધી ભરતી કરતા પહેલાં કલેરીકલ ગ્રેડના કર્મચારીઓને અરજી કરવાની તક આપવામાં આવેલ હતી અને તે મુજબ કલેરીકલ ગ્રેડની જે વ્યક્તિઓ પાંચમી ગ્રેડમાં નિમણૂક પામવા માટે લાયકાત લાયકાત ધરાવતા હતા તેમાંથી કેટલાક માણસોએ અરજી કરેલ હતી અને તેવી વ્યક્તિઓ પાસેથી કે વ્યક્તિઓને યોગ્ય જણાતાં તેમને પાંચમી ગ્રેડમાં નિમણૂક આપવામાં આવેલ છે અને બાકીની ૧૨ વ્યક્તિઓ બહારની સેવામાં આવેલ છે. શ્રી રંગવાલાની રજુઆત એવી છે કે, વર્લ્ડ બેન્કના પાયલોટ પ્રોજેક્ટ માટે બેન્કને પસંદ કરવામાં આવેલ હતાં અને તે મુજબ કેટલાક વિકાસ અધિકારીઓની નિમણુક કરવાની હતી કે જેના વેતન વગેરે વર્લ્ડ બેન્કમાંથી મળવવાના હતા અને તે વિકાસ અધિકારીઓ તરીકે એવી વ્યક્તિઓને નીમવાની હતી કે તેઓ સ્નાતક હોય અને ફીલ્ડ વર્ક કરવાની તૈયારી ધરાવતા હોય. આ જાતની લાયકાત વાળાએ અરજીઓ કરવાની સુચના મુકવામાં આવેલ હતી તેમાં કલેરીકલ ગ્રેડના જે કર્મચારીઓ આ જાતની યોગ્યતા ધરાવતા હોય તેઓને પણ અરજી કરવા માટેની તક આપવામાં આવેલ હતી. અને જે અરજીઓ કર્મચારીઓમાંથી અને બહારથી આવેલ હતી. અને જે અરજીઓ કર્મચારીઓમાંથી અને બહારથી આવેલ હતી તેમાંથી આ જગ્યાઓ ભરવામાં આવી હતી. શ્રી પ્રેમચંદ સંમત થાય છે કે, આ જાતની કલેરીકલ ગ્રેડના કર્મચારીઓને તક આપવામાં આવેલ હતી પરંતુ શ્રી પ્રેમચંદની રજુઆત એવી છે કે, નિયમ ૯ના પેરા નિયમ (૨)

INDEX

પાંચમી કક્ષામાં સીધી ભરતી થઈ શકી નહી. પેટા નિયમ ૨ વાંચતાં તેમાં જોગવાઈ એવી છે કે, સામાન્ય રીતે પાંચમી કક્ષામાં કલેરીકલ ગ્રેડમાંથી જ ભરવાની જોગવાઈ છે. પરંતુ શ્રી રંગવાલાની રજુઆત એવી છે કે, અને જેની સાથે ખાસ મતભેદ નથી તે એ છે કે, વર્લ્ડ બેન્કે પાયલોટ પ્રોજેકટ માટે બેન્કને પસંદ કરેલ હતી અને વર્લ્ડ બેન્કની આગ્રહ એવો હતો કે જે વ્યકિતઓ સ્નાતક હોય અને ફીલ્ડ વર્ક કરવા માટેની તૈયારી હોય તેવી જ વ્યકિતઓ ને પાયલોટ પ્રોજેટ માટે વિકાસ અધિકારી તરીકે નીમવા જોઈએ. એટલે ના છુટકે બહારની વ્યકિતઓને પણ વિકાસ અધિકારી નીમવામાં આવેલા છે. કારણકે ફીલ્ડ વર્ક કરવા માટેની તૈયારી ધરાવતા અને સ્નાતક કક્ષાના કર્મચારીઓ કલેરીકલ ગ્રેડમાંથી પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન હતા. સંઘના મહામંત્રી તેમની ઉલટ તપાસમાં સંમત થાય છે કે, ૨૦ વિકાસ અધિકારીઓને બેન્કે નીમેલા છે. આ જગ્યાઓ માટે બેન્કે અરજીઓ મંગાવેલી હતી અને બહારના ઉમેદવારો માટે કૃષિ સ્નાતક હોવું જરૂરી હતું. જયારે બેન્કના કર્મચારીઓ માટે કોઈપણ શાખાના સ્નાતક હોય તો પણ ચાલે તેવી જોગવાઈ હતી. અને ફીલ્ડ વર્કની તૈયારી હોવી જોઈએ તેવી વ્યકિતઓ જોઈએ તેવું સુચનામાં જણાવવામાં આવેલ હતું. બેન્કના ૧૦ કર્મચારીઓએ જ આ જગ્યાઓ માટે અરજીઓ કરેલ હતી જેમાંથી સાત વ્યકિતઓને પસંદ કરવામાં આવેલી છે અને બાકીની ૧૩ વ્યકિતઓ બહારની પસંદ કરવામાં આવેલી છે. તેઓને સ્પષ્ટ પુછવામાં આવેલ છે કે આ વિકાસ અધિકારીઓને વર્લ્ડ બેંકના પાયલોટ પ્રોજેકટ માટે લેવામાં આવેલ હતા તેના જવાબમાં શ્રી વિક્રમસીંહ જણાવે છે કે પરંતુ તે કામગીરી બેન્કની હતી માટે બેન્કની કામગીરી માટે તેમને લેવામાં આવેલ ગણાય. અલબત્ત વર્લ્ડ બેન્કે પોતાના પાયલોટ પ્રોજેકટની કામગીરી દ્વિતીય પક્ષકાર બેન્કને સોંપેલ હતી માટે બેન્કે આ વ્યકિતઓ પાસેથી કામગીરી લેવાની હતી પરંતુ જયારે વર્લ્ડ બેન્ક તરફથી આગ્રહ રાખવામાં આવે કે ઉમેદવારો સ્નાતક હોવા જોઈએ અને ફિલ્ડ વર્કમાં દિલચસ્પી રાખનાર વ્યકિત-ઓને જ નીમવા જોઈએ તેવા સંજોગોમાં બેન્ક આ પ્રોજેકટ માટે સીધી ભરતીથી નિમણૂક કરે તો તે ગેરવાજબી ગણાય નહી. કારણ કે કલેરીકલ ગ્રેડના કર્મચારી-ઓમાંથી ફકત ૧૦ જ કર્મચારીઓએ આ માટે અરજીઓ કરેલ હતી. જયારે જગ્યાઓ ૨૦ની હતી. આ સંજોગોમાં દ્વિતીય પક્ષકાર બેન્કે પેટા નિયમ ૨ની જોગવાઈઓની જાણી જોઈને ઉલ્લંઘન કરેલ છે. એમ કહી શકાય નહી. પેટા

નિયમ ૨ અગાઉ જણાવ્યા પ્રમાણે સામાન્ય રીતે બેન્કે તેનો અમલ કરવાનો છે એમ જણાવવામાં આવેલ છે. આ પ્રસંગ સામાન્ય ન હતો તે સંજોગોમાં બેન્કે વિકાસ અધિકારીઓ તરીકે શીધી ભરતી કરેલી છે. તેમાં કોઈને અન્યાય કરવા માટે અથવા કોઈને ગેરલાભ આપવા માટે આ પ્રમાણે કરેલ છે એમ કહી શકાય નહી. પરિણામે પાંચમી કક્ષાના વિકાસ અધિકારીઓને સીધી ભરતીથી બેન્કે નીમ્યા છે તેથી કલેરીકલ ગ્રેડના બધા કર્મચારીઓને તે વેતન મેળવવા માટે હકકદાર બને છે એવી જે રજુઆત કરેલ છે તેમાં કંઈ તત્વ જણાતું નથી. તદૃઉપરાંત પાંચમી કક્ષાના કર્મચારીઓને જાણી જોઈને અન્યાય કરવામાં આવેલ છે એવી જે રજુઆત કરેલી છે તેમા પણ કંઈ તથ્ય નથી.

શ્રી પ્રેમચંદની વિશેષમાં રજુઆત એવી છે કે, સીધી ભરતીથી લીધેલ વિકાસ અધિકારીઓને ૪૮૮રૂા. થી શરૂ થતું વેતન ધોરણનો લાભ આપવામાં આવેલ છે. જ્યારે કલેરીકલ ગ્રેડના જે સાત કર્મચારીઓને વિકાસ અધિકારી તરીકે આ બહારની વ્યક્તિઓ સાથે સીધી ભરતીથી લેવામાં આવેલ ત્યાર તેઓને ૩૮૮થી શરૂ થતું પગાર ધોરણ આપવામાં આવેલ ન હતું પરંતુ રૂા. ૩૭૪નું વેતન આપવામાં આવેલ હતું અને તેમ કરીને કલેરીકલ ગ્રેટમાંથી જે લોકો સીધી ભરતી વિકાસ અધિકારી તરીકે પામ્યા તેમને અન્યાય કરેલ છે. શ્રી રંગવાલા સંમત થાય છે કે, આ પ્રમાણેનો ભેદભાવ રાખવામાં આવેલ છે અને આ પ્રમાણેનો ભેદભાવ રાખવો જોઈતો ન હતો તેથી એમ પણ સંમત થાય છે કે, જે સાત કર્મચારીઓને આ જાતની અન્યાય કરવામાં આવેલ છે તે અન્યાય બેન્ક દુર કરશે અને આ કર્મચારીઓને સીધી ભારતીથી બહારની વ્યક્તિઓને જે વેતન ધોરણનો લાભ આપવામાં આવેલ છે.

તે મુજબ તેવો જ લાભ આ વ્યક્તિઓ જયારથી તેઓની નિમણૂક કરેલી છે ત્યારથી બેન્ક આપવા માટે સંમત છે. પરિણામે કલેરીકલ ગ્રેડમાંથી જે સાત વ્યક્તિઓને વિકાસ અધિકારી તરીકે નીમવામાં આવેલ છે તે વ્યક્તિઓ પણ રૂા ૪૮૮ થી શરુ થતા પગાર ધોરણ મુજબ નિમણૂકની તારીખથી લાભ મેળવવા માટે હકકદાર છે તેનો હુકમ કરીને આ કર્યચારીઓને થયેલ અન્યાય દુર કરવાની જરૂર છે.

૯. સંઘની રજુઆત એવી છે કે ડીસ્ટ્રીકટ લેવલ કોઓર્ડીનેટર તરીકે એક શામળભાઈ પટેલની નિમણૂક કરેલ હતી અને તેઓ ત્રીજી ગ્રેડના કર્મચારી છે.

તેઓની ત્રીજી ગ્રેડના કર્મચારીઓની જયેષ્ઠતા યાદીમાં ૩૨ મો ક્રમ છે તેમ તેમની નિમણૂક ડીસ્ટ્રીકટ લેવલ કોઓર્ડીનેટર તરીકે કરવામાં આવેલ હતી. આમ થવાથી અ. નં. ૧ થી ૩૧ ના કર્મચારીઓને અન્યાય થયેલ છે તે દુર કરવા જોઈએ. બેન્ક સંમત થાય છે કે, શામળભાઈની નિમણૂક ડીસ્ટ્રીકટ લેવલ કોઓર્ડીનેટર તરીકે કરવામાં આવેલ હતી પરંતુ બેન્કની રજુઆત એવી છે કે ડીસ્ટ્રીકટ લેવલ કોઓર્ડીનેટરની જગ્યા પણ ત્રીજી ગ્રેડની જગ્યા છે અને તે જગ્યાએ શામળભાઈ પટેલની નિમણૂક થવાથી ત્રીજી ગ્રેડના કર્મચારીઓની જયેષ્ઠતાની યાદીમાં શામળભાઈનો કોઈ ક્રમ બદલાયો નથી. વિક્રમસીંહ તેમની તેમની ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે, આ પ્રમાણેની પરિસ્થિતિ છે. આ સંજોગોમાં શામળભાઈ પટેલની ડીસ્ટ્રીકટ લેવલ કોઓર્ડીનેટર તરીકે નિમણુક કરવામાં આવી તેમાં ત્રીજી કક્ષાના ૧ ૩૧ ના કર્મચારીઓને કોઈ અન્યાય કરવામાં આવેલ છે એવી જે રજુઆત કરી છે તેમાં કંઈ તથ્ય નથી.

૧.૦ વિશેષમાં સંઘની રજુઆત એવી છે કે, આ શામળભાઈને ૧૯૮૧ ની સાલમાં ચોથી ગ્રેડના કર્મચારીમાંથી ત્રીજી ગ્રેડના કર્મચારી તરીકે બઢતી આપેલ હતી તે વખતે ચોથી ગ્રેડના કર્મચારીઓની જયેષ્ઠતા યાદીમાં તેમનો અ. નં. ૪૮ હતો એટલે અ. નં. ૧-૪૭ કર્મચારીઓને ન્યાય રીતે તેમની નિમણુક કરવામાં આવેલ છે, શ્રી રંગવાલા સંમત થાય છે કે, ૧૯૮૧ ની સાલમાં શામળભાઈને ચોથી ગ્રેડમાંથી ત્રીજી ગ્રેડમાં બઢતી આપવામાં આવેલી છે અને તે વખતે તેમનો જયેષ્ઠતા યાદીમાં ક્રમ ૪૮મો હતો પરંતુ શ્રી રંગવાલાની રજુઆત એવી છે કે, નિયમ મુજબ ૧-૪ ગ્રેડમાં બઢતી આપવા અંગે યોગ્યતા નક્કી કરવાની સત્તા બેન્કને બક્ષવામાં આવેલ છે. શ્રી રંગવાલાની વિશેષમાં રજુઆત એવી છે કે, ૧૯૮૧ માં બઢતી આપવામાં આવેલ છે છતાં ૧૯૮૫ માં તે બાબતની સૌ પ્રથમ તકરાર ઉપસ્થિત કરેલ છે. શ્રી રંગવાલાની વિશેષમાં રજુઆત એવી છે કે, જે કર્મચારીઓને અન્યાય થયાનું કહેવામાં આવે છે અને જે કર્મચારીઓ બઢતી માટે શ્રી શામળભાઈ જેટલી લાયકાત ધરાવતા હતા તેમાંથી કોઈને તપાસેલા નથી માટે શામળભાઈને બઢતી આપેલી છે તેમાં કોઈને અન્યાય કરેલ છે એમ કહી શકાય નહીં. શ્રી વિક્રમસીંહ સંમત થાય થાય છે કે, બઢતી ૧૯૮૧ માં આપવામાં આવેલ છે કે નિયમ મુજબ યોગ્યતા નક્કી કરવાનો અધિકાર બેન્કને છે તેમજ આ બઢતી વાજબી નથી તેવી માગણી

INDEX

ચાર વર્ષ પછી કરવામાં આવ્યો છે તદઉપરાંત જે વ્યક્તિઓને અન્યાય કરવામાં આવેલ છે તેમાંથી કોઈને તપાસેલા નથી. એ સંજોગોમાં શ્રી શામળભાઈને ચોથી ગ્રેડમાંથી ત્રીજી ગ્રેડમાં જે બઢતી આપવામાં આવેલ તે ગેરવાજબી હતી તેમ કહી શકાય નહીં.

૧૧. સંઘની વિશેષતામાં એવી માંગણી છે કે. જયેષ્ઠતા યાદીમાં ક્રમ નક્કી કરતી વખતે લેન્થ ઓફ સર્વીસ ઉપરાંત શૈક્ષણિક લાયકાત પણ લક્ષમાં લેવામાં આવે છે અને તેથી નોકરીમાં દાખલ થયા બાદ કોઈ કર્મચારી વધુ અભ્યાસ કરીને વધુ શૈક્ષણિક લાયકાત મેળવે તો તેનો આગળનો ક્રમ મળે છે તેવા સંજોગોમાં તે જુના કર્મચારીઓ કરતાં પણ આગળ નીકળી જાય છે. શ્રી રંગવાલા સંમત થાય છે કે, આ પ્રમાણે જયેષ્ઠતા યાદીના ક્રમ નક્કી કરવા માટે નિયમો કરેલા છે. શ્રી વિક્રમસીંહ સંમત થાય છે. આ જાતના નિયમો બેન્કની સ્થાપનાથી છે આ જાતની પ્રથા ત્યારથી છે. આ પ્રથા અને નિયમો વાજબી નથી એવો કોઈ પ્રબળ પુરાવો રજુ કરવામાં આવ્યો નથી. આ પ્રથાના કારણે અન્યાય થયો છે. અને થયેલો છે તો કેવી રીતે અન્યાય થયો છે તે અંગેના કોઈ દ્દષ્ટાંત રજુ કરવામાં આવેલ નથી માટે જ્યારે આ પ્રમાણે ચાલી આવતી પ્રથામાં આડેધડે ફેરફાર કરવો વાજબી જણાતું નથી. પરિણામે સંઘ કરવામાં આવેલો તેમાંથી એક માગણી વાજબી લાગે તે મુજબ હુકમ કરવો જરૂરી લાગે છે. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૨. કલેરીકલ ગ્રેડમાંથી પાંચમી કક્ષાના કર્મચારી તરીકે એટલે કે વિકાસ અધિકારી તરીકે જે સાત વ્યક્તિઓની સીધી ભરતી કરવામાં આવી તે સાત વ્યક્તિઓને પાંચમી કક્ષાનું વેતન ધોરણ, જે રૂા. ૩૮૮ થી શરૂ થાય છે તે મુજબનો લાભ આપવામાં આવતો નથી. બેન્કનું તે કૃત્ય ગેરવાજબી ઠરાવવામાં આવે છે અને બેન્કને એવો આદેશ આપવામાં આવે છે કે, આ સાત વ્યક્તિ-ઓને પણ તેઓને અન્ય બહારની વ્યક્તિઓને જે મુજબ વેતન ધોરણનો તથા ઈતર લાભો આપવામાં આવેલા છે તે મુજબ લાભો આપવાના રહેશે અને તે મુજબ તેઓનું વેતન નક્કી કરીને તેમને તફાવતની જે રકમ ચૂકવવાની થાય તે બેન્કને ૨૯ સાલમાં ચૂકવી આપવાની રહેશે. આ રેફરન્સના ખર્ચ પેટે બેન્કે

INDEX

પ્રથમ પક્ષકાર સંઘને રૂા. ૧૦૦૦ રુ/-ચૂકવી આપવાનો પણ હુકમ કરવામાં આવે છે

સહી

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર.

અમદાવાદ.

તા. ૨૯-૬-૧૯૯૧.

સહી

નારણસિંહ ચૌહાણ

એન. એ. ચૌહાણ

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.

અમદાવાદ.

૯-૮-૧૯૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમ અન્વયેના
અધીસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ-શ્રમક-૨૭૮૭૮ આરયુ સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનીયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ. હું ગુજરાત બેંક વર્કર્સ યુનિયન અમદાવાદ અને. ધી. વસો. કો. ઓ. બેંક. લી. વસો ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧માં ઓગષ્ટ માસના ૯માં દિને આથી નોંધ કરું છું

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

આર. એસ. શુકલ. સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નં. ૩/૯૧

ગુજરાત બેંક વર્કસ યુનિયન, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી વસો કો ઓ. બેંક લી. વસો. ...બીજા પક્ષકાર

પગારવધારો અને અન્ય માંગણીઓ બાબત...

સુકાદો

૧ : આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર. એકટની કલમ-૭૩(ક) મુજબ બીજા પક્ષકાર બેંક સામે દાખલ કરી એવી માગણી કરેલ છે કે, બેંકના કર્મચારીઓને પગાર વધારો અને અન્ય ભથ્થાઓનો લાભ આપવો જોઈએ. જે અંગે સમાધાનકાર કોઈ સમાધાન ન કરાવી શકતાં પ્રથમ પક્ષકાર યુનિયને સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨ : સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પક્ષકારોએ આક-પથી સમાધાન ની

પુરસીસ રજૂ કરી તે મુજબ એવોર્ડ આપવા જણાવેલ છે. સદરહુ આંક-પનું સમાધાન જોતા બંને પક્ષકારોના હિતમાં હોય તેમ લાગે છે તથા સદરહુ સમાધાન બંને પક્ષકારોને કબુલમંજૂર હોઇ તે મુજબ હુકમ કરવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી, આથી અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩ : બંને પક્ષકારોએ આંક-પની સમાધાનની પુરસીસ મુજબ વર્તવું. આંક--પની સમાધાનની પુરસીસની એક નકલ સંદરહુ હુકમ સાથે રાખવી અને તેને સદરહુ હુકમના એક ભાગ તરીકે ગણવી. ખર્ચ અંબંધી કોઇ હુકમ કરવામાં આવતો નથી.

આંક-પ

ધી વસો કો-ઓપરેટીવ બેંક લિમીટેડ, વસો અને

ગુજરાત બેંક વર્કસ યુનિયન સાથે થયેલ સમાધાનની શરતો

-:: સમાધાન ની શરતો ::-

૧. પગાર ધોરણ :- બેંકના કર્મચારીઓના પગાર ધોરણો નીચે મુજબ રાખવામાં આવશે,

કક્ષા - ૧ : જનરલ મેનેજર, મેનેજર, બ્રાન્ચ મેનેજર, ડેપ્યુટી મેનેજર :લોન્સ અને એકાઉન્ટ:, - મેનેજમેન્ટ નક્કી કરે તે મુજબ,

કક્ષા - ૨ : સિનિયર ઓફિસર ૩૪૫-૨૦-૪૪૫-૨૫-૫૭૦-૩૦-૮૪૫

કક્ષા - ૩ : :અ: જુનિયર ઓફિસર ૨૬૫-૧૫-૩૪૦-૨૦-૪૪૦-૨૫-૫૬૫-૩૦-૮૩૫

:બ: સિનિયર ક્લાર્ક ૨૧૦-૧૨-૨૭૦-૧૫-૩૪૫-૨૦-૪૪૫-૨૫-૭૭૦

કક્ષા – ૪ : નોન સબોર્ડીનેટ સ્ટાફ ૧૭૦-૧૦-૨૨૦-૧૫-૨૯૫-૨૦-૩૯૫-૨૫-૬૨૦

કક્ષા – ૫ : સબોર્ડીનેટ સ્ટાફ ૧૧૫-૭-૧૫૦-૧૦-૨૦૦-૧૫-૨૭૫-૨૦-૪૧૫
ઉપરોકત કક્ષામાં નીચે મુજબના હોદ્દાઓનો સમાવેશ થશે.

કક્ષા – ૨ : એકાઉન્ટન્ટ સિનિ ઓફિસર લોન અને બ્રાન્ચ

કક્ષા – ૩ : :અ: આસિ. એકાઉન્ટન્ટ, લોન ઓફિસર ચેકીંગ ઓફિસર, ચીફ કેશીઅર, વસુલાત અધિકારી, કસ્ટોડીયન બીજા એકાઉન્ટન્ટ.

:બ: સિનિયર કલાર્ક

કક્ષા – ૪ : કલાર્ક, ટાઈપીસ્ટ, કેશીયર

કક્ષા – ૫ : જમાદાર. વોચમેન, પટાવાળા

૨ : (અ) નવીન પગાર આળખામાં ગોઠવણી :-

(અ) નવીન મ ળખામાં ગોઠવણીમાં સ્ટેજ ટુ સ્ટેજ કરવામાં આવશે અને બેંકે આપેલા બક્ષીસના ઈજાફા અલગ ગણવામાં આવશે.

(બ) શૈક્ષણિક લાયકાત માટે સ્ટેજ ટુ સ્ટેજ ફીટમેન્ટ ઉપરાંત નીચે જણાવ્યા પ્રમાણે પુરસ્કાર આપવામાં આવશે.

(૧) એસ. ડી. સી. અથવા સી. એ. આઈ. આઈ. સી. પાર્ટ-૧ પાસ .....૧ પુરસ્કાર

(૨) સ્નાતક-અનુસ્નાતક, સી. એ. આઇ. આઈ. સી. પાર્ટ-૨ પાસ .....૧ પુરસ્કાર

(૩) જી. ડી સી. એન્ડ એ, એચ. ડી. સી/ પૈકી ગમે તે એક અથવા વધુ લાયકાત માટે..... ૨ પુરસ્કાર

(૪) તમામ શૈક્ષણિક લાયકાત માટે વધુમાં વધુ બે પુરસ્કાર (ઈજાફા) આપવામાં આવશે.

INDEX

(૫) શૈક્ષણિક લાયકાતના ઈજાફાની શરત નવી હોઈ તે લાગુ પડતા તમામ કર્મચારીઓને આપવામાં આવશે.

(૬) ચાલુ સમાધાન મુજબ ઉપરોક્ત ઈજાફાઓ ઉપરાંત દરેક કર્મચારીને બીજા બે ઈજાફા આપવામાં આવશે અને તે બાદ થતો પગાર તે નવા સમાધાન પછી નો મુળ પગાર થશે.

(બ) વાર્ષિક ઈન્ક્રીમેન્ટ :– બેંકના કર્મચારીને જે તે માસમાં કાયમ કરવામાં આવ્યા હશે તે માસની પહેલી તારીખથી તેને વાર્ષિક ઈન્ક્રીમેન્ટ આપવામાં આવશે.

(૩) (અ) ખાસ ભથ્થા :– નીચેના હોદ્દાઓનું કામ કરનાર કર્મચારીને નીચે જણાવ્યા પ્રમાણે માસિક ભથ્થુ આપવામાં આવશે.

(૧) સોના–ચાંદીના દાગીના જેના કબજામાં હોય તેવા હોદ્દેદાર......રૂા. ૮૫

(૨) કેશીયર રૂા. ૮૫

(૨) કેશ પ્યુન (માસિક ફરતી રાખવી) રૂા. ૪૦ કોઈપણ એક કરતાં વધુ માસિક ભથ્થા મેળવવા પાત્ર થતો હોય તો તે ખાસ ભથ્થુ વધારે હોય તે એકજ ખાસ ભથ્થુ મેળવી શકશે.

(બ) સીટી કોમ્પેનસેટરી એલાઉન્સ :–

નડીયાદ શાખાના દરેક કર્મચારીને માસિક સીટી કોમ્પેનસેટરી એલાઉન્સ બેઝીક પગારના ૧૦ ટકા (મોંઘવારી સાથે) ઓછામાં ઓછું રૂા. ૧૦૦ તથા વધુમાં વધુ રૂા. ૨૫૦ આપવામાં આવશે.

(૪) મોંઘવારી ભથ્થુ :–

દરેક કર્મચારીઓને નીચેના ધોરણે મોંઘવારી ભથ્થુ આપવામાં આવશે. જે અખીલ ભારતીય શ્રમજીવી ગ્રાહક ભાવાંક ૧૯૬૦– : ૧૯૬૦–૧૦૦ : ના આંક સાથે જોડવામાં આવશે. કક્ષા–૨થી ૪ ના કર્મચારીઓને જે ભાવાંક આવે તેના ૯૫ ટકા મુળ પગાર ઉપર મોંઘવારી આપવામાં આવશે. કક્ષા–૫ ના કર્મચારી-

INDEX

ઓને જે ભાવાંક આવે તેના ૧૦૦ ટકા લેખે મુળ પગાર ઉપર મોંઘવારી આપવામાં આવશે અને આ બેંક માટેની ગુરૂત્તમ મર્યાદા.

કક્ષા - ૧	:	બોર્ડ નક્કી કરે તે મુજબ
કક્ષા - ૨,૩	:	રૂા. ૭૦૦
કક્ષા - ૪	:	રૂા. ૬૦૦.
કક્ષા - ૫	:	રૂા. ૪૨૫

(૫) ઓફિસીએટીંગ એલાઉન્સ :-

કોઈપણ કર્મચારીને ઉપલી કક્ષાના કર્મચારીની કામગીરી પંદર દિવસ કે એથી વધુ સમય માટે કરવાના પ્રસંગે જે કર્મચારીની જગ્યાની કામગીરી હોય તેના મુળ પગારના અથવા પોતાના મુળ પગારના બે માંથી જે વધુ હોય તેના દસ ટકા લેખે ઓફિસીએટીંગ એલાઉન્સ મોંઘવારી સાથે આપવામાં આવશે.

(૬) દૈનિક ભથ્થુ :-

બેંકની કામગીરી માટે બહારગામ જવાના પ્રસંગે બેંકના કર્મચારીઓને નીચે પ્રમાણે દૈનિક ભથ્થુ આપવામાં આવશે.

કક્ષા	૨૦ કી. મી. અંદર	૨૦ કી. મી. બહાર
૧	બોર્ડ નક્કી કરે તે મુજબ	દોઢું ભથ્થુ આપવાનું રહેશે
૨ તથા ૩	રૂા. ૨૫	ઉપર મુજબ
૪	રૂા. ૨૨	ઉપર મુજબ
૫	રૂા. ૧૮	ઉપર મુજબ

નોંધ :- રાત્રિ રોકાણ માટે ઉપર મુજબનું અલગ ભથ્થુ આપવામાં આવશે.

(૭) ઘરભાડુ :-

INDEX

દરેક કર્મચારીને માસિક બેઝીકના ૧૦ ટકા ઘરભાડા તરીકે આપવામાં આવશે. ઓછામાં ઓછા રૂ. ૩૦

(૮) સાયકલ એલાઉન્સ :-

કક્ષા નં. ૫ ના કર્મચારીઓને માસિક રૂ. ૧૦ લેખે સાયકલ એલાઉન્સ આપવામાં આવશે.

૯ : ઓવરટાઈમ અને કામના કલાકો :-

અ : દરેક કર્મચારીને સોમથી શુક્રવાર માટે સાડા ૭ કલાક અને શનિવાર માટે ચાર કલાકની કામગીરી કરવાની રહેશે.

બ : ઉપર પ્રમાણેના કલાકો કરતાં વધુ કામ તે ઓવર-ટાઈમ ગણાશે આવો ઓવરટાઇમ કામ વર્ષ દરમ્યાન ૧૨૦ કલાકથી વધારે કામ લેવામાં આવશે નહી અને તે માટે દરેક કર્મચારીઓને વર્ષ દરમ્યાન એક પગાર : મુળ પગાર મોંઘવારી ભથ્થા સહીતનો ઓવરટાઈક કામ પેટે ચુકવાનો રહેશે.

૧૨૦ કલાકથી જે કર્મચારી પાસેથી વધુ કામ લેવામાં આવશે તેને વધારાના કામનો લુઝ ઓવર-ટાઈમ આપવામા આવશે.

(૧૦) લીવ ફેર એલ. ટી. સી. બેંકમાં દરેક કાયમી કર્મચારીને તેના કાયમી થયા તારીખથી ત્રણ વર્ષ પછી લીવ ફેર આપવામાં આવશે. દરેક કર્મચારીને વાર્ષિક રૂ. ૪૦૦ લેખે વર્ષના અને જે તે વર્ષમાં જ ચુકવવામાં આવશે.

(૧૧) નિભાવણી ભથ્થુ :- કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવે તેવા પ્રસંગે નીચેના ધોરણે હંગામી ભથ્થુ આપવાનું રહેશે.

(અ) પહેલા ૧૫ દિવસ માટે મુળ પગારના ૭૫ ટકા, રકમ મોંઘવારી ૫૦ ટકા તથા પુરૂ ઘરભાડુ-ચુકવવાનું રહેશે.

(બ) ૧૫ દિવસ પછી ના સમય માટે ૭૫ ટકા મુળ પગાર મોંઘવારી અને ઘરભાડુ (૧૦૦ ટકા) પુરૂ ચુકવવાનું રહેશે.

INDEX

(૧૨) ડ્રેસ ધોલાઇ :– જે કર્મચારીઓને બેંક તરફથી ગણવેશ આપવામાં આવતે હોય તેને માસિક રૂા. ૧૫ ડ્રેસ ધોલાઈ આપવામાં આવશે.

(૧૩) બિમારી ભથ્થુ :– દરેક કર્મચારીને માસિક રૂા. ૪૦ નું મેડીકલ એલાઉન્સ દર માસના પગાર સાથે ચુકવવામાં આવશે

(૧૪) તાલીમ :– કોઇપણ પ્રકારની બેંકીંગ કે સહકારી તાલીમ માટે બેંક ચોથા સિનિયર માણસને પસંદગી આપશે. તાલીમમાંથી કર્મચારીને પસંદગી આપશે તાલીમમાંથી કર્મચારીને તાલીમના સમય દરમ્યાન પૂરો પગાર મોંઘવારી તેમજ ઘરભાડુ મળશે. તાલીમમાંથી કર્મચારીને તાલીમના અનુસંધાનમાં પ્રેકટીકલ તાલીમ માટે બહાર જવુ પડે તે બદલ તેને દૈનિક ભથ્થુ અપાશે. જે કોઈ કર્મચારી બઢતી સ્વીકારવા ની ના પાડે અથવા વજૂદવાળા કારણો સિવાય તાલીમમાં જવાની ના પાડે તો તેને તાલીમ માટે પસંદ કરવામાં આવશે નહી.

(૧૫) રજાઓ અને તે અંગેના નિયમો :– બેંકની પ્રથા મુજબ–

(અ) હક્ક રજા :– દરેક કર્મચારીને બેંકની પ્રથા મુજબ ૩૦ હક્ક રજા આપવામાં આવશે. આવી રજા ૧૮૦ દિવસથી વધું એકત્રીત થઈ હોય તો તેટલા દિવસનો કર્મચારીને પગાર રોકડમાં ફેરવી શકાશે.

(બી) માંદગીની રજા :– દરેક કર્મચારીને દર વર્ષે ૧૫ દિવસની માંદગીની રજા પુરા પગારે મળશે જે ૧૮૦ દિવસ સુધી એકત્રીત કરી શકાશે. જે કર્મચારી પાસે એકત્રીત રજા ન હોય તો તેને અસાધારણ સંજોગોમાં રજા જોઈતી હોય તો ૭ માસ સુધીની અડધા પગારે રજા આપવાની રહેશે.

દર ૧૦ દિવસની માંદગીની રજા કેજ્યુઅલ (આકસ્મિક) રજા પુરી થયેથી ભોગવવાની રહેશે. માંદગીના રજા ૧૮૦ દિવસથી વધારાની રદ ગણાશે.

(સી) પટરનીટી લીવ :– મેટરનીટી લીવ સરકારી ધારા ધોરણ મુજબ આપવામાં આવશે.

(ડી) આકસ્મિક (કેજ્યુઅલ) રજા :– દરેક કર્મચારીને વર્ષમાં ૧૫ દિવસની પુરા પગારની આકસ્મિક (કેજ્યુઅલ) રજા મળી શકશે. આકસ્મિક રજા

એકી સાથે પાંચ દિવસથી વધુ મળી શકશે નહીં. આકસ્મિક રજા સંઘરી શકાશે નહી.

(ઈ) બીન પગારી રજા :- કર્મચારી પાસે કોઈપણ પ્રકારની રજાઓ જમા ન હોય ત્યારે બીન પગારી રજા મેળવી શકશે. એથી રજા નોકરી દરમ્યાન એક વર્ષથી વધુ લઈ શકાશે નહી.

(એફ) દર વર્ષે જુન માસના અંતે માંદગીની રજા તથા હક્ક રજાઓ કર્મચારીના રજાના ખાતામાં જમા કરવામાં આવશે.

(જી) કર્મચારી નિવૃત્તિ પહેલાં રીટાયર્ડ થાય, રાજીનામુ આપે અથવા બેંક છુટા કરે તેવા પ્રસંગે તેના ખાતે જમા રહેલી તમામ પ્રકારની રજાઓનો પગાર રોકડમાં ફેરવી શકશે અગર છુટા થતાં પહેલાં રજા ભોગવી શકશે કોઇપણ પ્રકારની રજાઓ જોઇન્ટ રીતે લઇ શકશે નહી. અનિવાર્ય સંજોગો સિવાય આ માટે એક દિવસ અગાઉ જાણ કરવી.

(૧૬) અગ્રતાક્રમ : સીનીયોરીટી લીસ્ટ :-

બેંક તરફથી દરેક કક્ષા માટે કક્ષાવાર અગ્રતાક્રમ યાદી દર વર્ષે દર જુન માસમાં તૈયાર કરવામાં આવશે. અગ્રતાક્રમ દાખલ થયા તારીખથી ગણાશે અગ્રતાક્રમ માટે નીચે જણાવ્યા પ્રમાણે ગુણાંકની પદ્ધતિનો અમલ કરવાનો રહેશે.

૧. પહેલા દશ વર્ષની નોકરી માટે દર એક વર્ષ માટે ...૧ ગુણ

૨. દશ વર્ષ ઉપરાંતની નોકરી માટે દર એક વર્ષ માટે ...૨ ગુણ

૩. એસ. ડી. સી. સી. એ. આઈ. આઈ. બી. ભાગ ૧ માટે ...૧ ગુણ

૪. સ્નાતક, એચ. ડી. સી. જી. ડી. સી. એન્ડ એ.
સી. એ. આઇ. આઈ. બી. પાર્ટ-૨ માટે ...૨ ગુણ

૫. ડબલ ગ્રેજ્યુએટ અગર સ્નાતક સાથે જી. ડી. સી. એન્ડ
એ. અગર એચ. ડી. સી. અગર સી. એ. આઈ. આઇ. બી.
પાર્ટ-૨ માટે...૩ ગુણ

INDEX

નોંધ — બઢતી પામેલ કર્મચારી નવો ન કક્ષામાં જયારથી બઢતી મેળવે ત્યારથી તે કક્ષામાં તેની અગ્રતા શરૂ થશે.

(૧૭) પ્રોવીડન્ટ ફંડ —

પ્રોવીડન્ટ ફંડમાં કર્મચારીનો ફાળો તેના મુળ પગાર અને મોંઘવારીની કુલ રકમ ઉપર ૧૦ ટકા રહેશે અને બેંક પણ એટલો જ ફાળો ઉમેરશે. પ્રોવીડન્ટ ફંડ માટેની ખાનગી યોજના માટેના નિયમો બેંક યુનિયન સાથે સંમતિ સાધીને તૈયાર કરશે.

(૧૮) ગ્રેજયુઇટી યોજના —

બેંકના દરેક કર્મચારીને ગ્રેજયુઈટી એકટ મુજબ ગ્રેજયુઈટી આપવામાં આવશે.

નોંધ :- જો કોઈ કર્મચારીને હીસાબમાં શા ઉચાપત બરતરફ કરવામાં આવે તો તે કર્મચારીના આવા કૃત્યથી જે નુકશાન થયુ હોય તે રકમ બાદ કરીને ગ્રેજયુઈટી ચુકવવામાં આવશે.

(૧૯) નિવૃત્તિ વય મર્યાદા :-

નિવૃત્તિય વય મર્યાદા ૫૮ વર્ષની રહેશે. બેંકની બોર્ડ તબીબી અભિપ્રાય લઈ બે વર્ષ માટે કર્મચારીને મુદત વધારો આપી શકશે પણ ૬૦ વર્ષ બાદ કોઇ કર્મચારી નોકરીમા ચાલુ રહી શકશે નહી. ૨૫ વર્ષની નોકરી કર્યા બાદ કર્મચારી સ્વૈચ્છીક નિવૃત્તિ લઈ શકશે.

(૨૦) બઢતી અંગે નીતિ :—

(અ) કક્ષા નં. ૧ તથા ૨—અ માટે વ્યવસ્થાપક કમીટી નિર્ણય લેશે.

કક્ષા નં. ૨—બ તથા ૩ અને ૪ માટે ખાલી જગા પડે અથવા નવી જગા ઉભી કરવામાં આવે ત્યારે તેવી કક્ષાથી તાત્કાલીક ઉતરથી કક્ષામાંથી જે કર્મચારી અગ્રતાક્રમમાં અગ્ર હશે તેને બઢતી આપવામા આવશે. પરંતુ એક સરખી

INDEX

દાખલ તારીખ ધરાવતી એક કરતાં વધુ વ્યક્તિઓ બઢતી મેળવવા પાત્ર હોય તેવા સંજોગોમાં લેખીત કસોટી દ્વારા કોને બઢતી આપવી તે બેંક નક્કી કરશે

(ખ) બઢતી આપતી વખતે કર્મચારીનો ઉપલી કક્ષામાં પગાર નક્કી કરવા માટે તેના મુળ પગારની રકમ ઉપલી કક્ષાના જે તબક્કે બંધ બેસતી હોય ત્યાં ગોઠવવી. જો રકમ બરાબર બંધ બેસતી ન હોય તો તે પછીના તબક્કામાં ગોઠવવી અને ત્યાર બાદ બઢતી ના બે ઇજાફા તેમાં ઉમેરવામાં આવશે, આ રીતે નક્કી થતાં પગાર બઢતી બાદનો પગાર ગણાશે.

(૧) ઉપલી કોઈપણ કક્ષામાં જગ્યા ખાલી પડે અથવા નવી જગ્યા ઉભી કરવામાં આવે ત્યારે તેવી કક્ષાથી તાત્કાલીક ઉતરતી કક્ષામાંથી જે કર્મચારી અગ્રતા ક્રમમાં અગ્ર હશે તેમજ કાર્યક્ષમતા હશે તેને બઢતી આપવામાં આવશે પરંતુ એક સરખી દાખલ તારીખ ધરાવતાં એક કરતાં વધુ વ્યક્તિઓ બઢતી મેળવવા પાત્ર હોય તેવા સંજોગોમાં લેખીત કસોટી દ્વારા કાઢીને બઢતી આપવી તે બેંક નકકી કરશે.

(૨) બઢતી આપતી વખતે કર્મચારીની ઉપલી કક્ષામાં પગાર નકકી કરવા માટે તેના મુળ પગાર ખાસ ભથ્થુ મળતું હોય તો તે મેળવી જે રકમ આવે તે ઉપલી કક્ષામાં જે તબકકે બંધબેસતું હોય ત્યાં-ગોઠવી જો રકમ બરાબર બંધબેસતી ન હોય તો તે પછીના તબકકામાં ગોઠવી અને ત્યાર બાદ બે ઈજાફા તેમાં ઉમેરવામાં આવશે આ રીતે નક્કી થતો પગારબઢતી બાદનો પગાર ગણાશે.

(૩) બઢતીની તારીખથી ત્રણ માસ સુધી બઢતી પામેલ કર્મચારી બઢતીની જગ્યાએ અજમાયશી તરીકે રહેશે. આ સમય પુરો થાય તે પહેલા કર્મચારી પોતાની મુળ જગ્યાએ જવા લેખીત ઈચ્છા વ્યક્ત કરે તો તેને મુળ-સ્થાને મુકી અપાશે. તેમજ આ જગ્યાએ જવા લેખીત ઈચ્છા વ્યકત કરે તો મુળ જગ્યા જવા લેખીત તેમજ આ સમય દરમ્યાન બઢતી પામેલ કર્મચારીનું કામ બેંકને સંતોષ-કારક ન લાગે તો બેંક પણ આવા કર્મચારીને સમય મર્યાદા પુરી થતાં પહેલાં મુળ સ્થાને લાવી શકશે અને આવી ખાલી પડેલ જગ્યા બહારથી પુરાવાનો નિર્ણય લઈ શકશે.

(૪) જો કોઈ કર્મચારી નકકર કારણ સિવાય બઢતી સ્વીકારે નહી તો તેવા કર્મચારીને બઢતી માટેનો પોતાનો અધિકાર ભવિષ્ય માટે ગુમાવશે.

INDEX

(૨૦) કેશ :—

બેંકની હાલની પ્રથા ચાલુ રહેશે.

(૨૧) આ સમાધાન અંગે કોઈ પણ વિવાદ ઉભો થાય ત્યારે બેંક અને યુનિયન ચર્ચા કરી તેનો નીવેડો લાવશે. વાટાઘાટોથી નીવેડો ન આવે તો ઉભય પક્ષે થયેલી સમજુતી અનુસાર ઉકેલ લાવવામાં આવશે પગલાં લેવાશે.

(૨૨) આ સમાધાન દ્વારા કોઈ પણ કર્મચારીને કોઈ પણ બાબતમાં અવળી અસર થતાં હોય અથવા નુકશાન થતું હોય તેવા સંજોગોમાં અગાઉ મળતી વધુ સારી સવલતો મેળવવી ચાલુ રહેશે.

નોંધ -: એરીઅર્સની ગણત્રીમાં બેંકે સ્વૈચ્છિક આપેલ ખુલાસો ગણત્રીમાં લેવામાં આવશે.

(૨૩) બોનસ -:

કર્મચારીઓને બોનસ એકટ મુજબ બોનસ આપવામાં આવશે.

(૨૪) બી. આઈ. આર. ના મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સ બેંકના કર્મચારીઓને લાગુ પડશે.

(૨૫) આ સમાધાન તા. ૧-૧-૯૧ થી અમલમાં આવશે અને તેનો અમલ ૩ વર્ષ સુધી એટલે કે તેનો અમલ તા. ૩૧-૩-૯૪ સુધી રહેશે.

(૨૬) સમાધાનના સમય દરમ્યાન બેંકને વધારાનો બોજો પડે તેવી માંગણી યુનિયન અથવા કર્મચારી તરફથી રજુ કરવામાં આવશે નહી.

સ્થળ : ભાદરણ

તારીખ : ૯/૭/૯૧

INDEX

સહી.
ચેરમેન : મે. ડીરેક્ટર
ધી ભાદરણ મર્કેન્ટાઇલ કો. ઓ.
લિ. ખેડા

સાક્ષી :-

સહી.
જોઈન્ટ સેક્રેટરી
: ભરત જ. પંડ્યા :
ગુજરાત બેંક વર્કસ યુનિયન

સાક્ષી :-
એલ. વી. બારોટ
ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી
ગુજરાત બેંક વર્કર્સ યુનિયન

વી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ.
તા. ૯-૭-૯૧

સહી.
વિ. ટી. પરીખ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ
તા. ૯-૮-૯૧

INDEX

સને ૧૯૬૪ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૮૮૧ આરયુ-સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમનાં કલમ-૭૪-(૨) અને સને. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધઅધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને રોહીત મીલ્સ કું. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદ ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં ઓગષ્ટ માસના ૯મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૩૬/૮૨

ટેક્ષટાઈલલેબર એસોસીએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

લી રોહીત મીલ્સ, અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

મીલની વાઈન્ડીંગ ખાતામાં બીજી પાળીમાં બીજા બેબે ઝાડુવાળા વધારી આપવા અંગે.

પ્રથમ પક્ષકાર સંઘ તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ કુ. મીનાબેન શાહ.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનુ. પ્રતિનિધીત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી દાખલ કરવામાં આવેલ છે.

INDEX

૨. કામની હકીકત એ મુજબની છે કે પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મિલને ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબની એક ફેરફારની સુચના તા. ૫-૩-૮૨ના રોજ આપીને જણાવેલ કે, સદરહુ મીલમાં વાઈન્ડીંગ ખાતામાં બીજી અને ત્રીજી પાળીમાં ફક્ત એક જ ઝાડુવાળો રાખવામાં આવે છે તે વાજબી નથી માટે બીજી અને ત્રીજી પાળીમાં એક એક ઝાડુવાળાની સંખ્યા વધારવી જોઈએ. કારણ કે પહેલી પાળીમાં આ જાતના કામ માટે ૩ ઝાડુવાળાની નિમણૂક કરવામાં આવેલ છે. સદરહુ માંગણી સાથે દ્વિતીય પક્ષકાર સંમત થયેલા ન હતા તેમજ ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે સમજુતિ કરાવી શકેલા ન હતા માટે તેમણે પ્રથમ પક્ષકાર સંઘને તા. ૧૮-૪-૮૨ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર મોકલી આપેલ હતું. જેથી સદર માંગણીને ન્યાયી નિર્ણય કરાવવા માટે સંઘે હાલનો રેફરન્સ દાખલ કરેલ છે.

૩. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૬નું માંગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, દ્વિતીય પક્ષકારે મીલના વાઈન્ડીંગ અને સાઈઝીંગ ખાતામાં દિવસ પાળીમાં ઝાડુવાળા તરીકે ૩ માણસો કામ કરે છે પરંતુ બીજી અને ત્રીજી પાળીમાં તે જ પ્રકારનું કામ હોવા છતાં ફક્ત એક જ ઝાડુવાળાની નિમણૂક કરવામાં આવેલ છે જે વાજબી નથી. બીજી અને ત્રીજી પાળીમાં પણ પહેલી પાળી જેટલું જ કામ છે માટે બીજી અને ત્રીજી પાળીમા બે બે ઝાડુવાળાની સંખ્યા વધારવી જોઈએ અને તે મુજબ સંખ્યા વધારવામાં ન આવે ત્યા સુધી તે પાળીમાં કામ કરતા ઝાડુવાળાને યોગ્ય રકમ વળતર તરીકે ચુકવી આપવી જોઈએ.

૪. મીલ કંપનીએ આંક-૭નો લેખીત જવાબ રજુ કરીને સદર માંગણીનો વિરોધ કરેલ છે. મીલની રજુઆત એવી છે કે, વાઈન્ડીંગ અને સાઈઝીંગ ખાતામાં ૩ ઝાડુવાળા નીમવામાં આવેલ છે એવી જે રજુઆત કરેલી છે તે સાચી નથી પરંતુ પહેલી પાળીમાં ફક્ત બે ઝાડુવાળા રાખવામાં આવેલા છે અને બીજી અને ત્રીજી પાળીમાં એક ઝાડુવાળો રાખવામાં આવેલ છે. કારણ કે બીજી અને ત્રીજી પાળીમા પહેલી પાળીમાં જેટલું કામ કરવાનું હોય છે તેટલું કરવાનું હોતું નથી. બીજી અને ત્રીજી પાળીના ઝાડુવાળાને કચરો વાળીને ફક્ત ભેગો કરવો પડે છે અને તે કચરો વેસ્ટ ખાતામાં નાખવા જવાનો હોતો નથી તેમજ બીજી અને ત્રીજી પાળીના ઝાડુવાળાઓને સાઈઝીંગ ખાતામાં ઝાડુ મારવાનું

INDEX

હોતું નથી. ફક્ત મુકરર કરેલી જગ્યાએ વેસ્ટ એકઠો કરીને મુકવાનો હોય છે તેમજ તેમને માલ ઉપરનો કચરો પણ સાફ કરવાનો હોતો નથી.

૫. પરિણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે કે, બીજી અને ત્રીજી પાળીમાં ઝાડુવાળાની સંખ્યા વધારવા માટે જે માંગણી કરવામાં આવેલી છે તે વાજબી છે કે કેમ ? પ્રથમ પક્ષકાર પોતાની માંગણીના સમર્થનમાં રાયટહેલ્ડ રમેશરને આંક-૧૦થી તપાસેલા છે. જ્યારે દ્વિતીય પક્ષકાર મીલે પોતાની રજુઆતના સમર્થનમાં મૌખિક પુરાવો તપાસવા માટે ૧૯૮૩ થી ૯૦ નવેમ્બર સુધી તક આપ્યા છતાં કોઈ સાહેદ તપાસેલા નથી. તા. ૧૫-૧૧-૯૦ના રોજ દ્વિતીય પક્ષકાર મીલની મુદતની અરજી નામંજૂર કરવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારોની રજુઆત સાંભળવામાં આવેલ છે અને દરમ્યાનમાં શ્રી જોશી પ્રથમ પક્ષકાર સંઘ તરફે સંમત થયા હતા કે મીલ પોતાની રજુઆતના સમર્થનમાં પુરાવો બંધ કર્યા છતાં, જો કોઈ સાક્ષી લાવવા માંગતી હોય તો તેઓને વાંધો નથી. પરંતુ મીલે આજ દિન સુધી કોઈ પુરાવો રજુ કરેલ નથી. કુ. શાહની રજુઆત એવી છે કે, બીજી અને ત્રીજી પાળીમાં પહેલીપાળીમાંથી જેટલું કામ નથી માટે સંખ્યા વધારવાની જરૂર નથી. આની વિરૂદ્ધમાં શ્રી જોશીની રજુઆત એવી છે કે કામ બેની સંખ્યા વધારવા જેટલું નથી પરંતુ એકની સંખ્યા વધારવા માટેનું પુરતું કામ છે માટે એકની સંખ્યા વધારવી જોઈએ, અને ત્યાં સુધી બીજી અને ત્રીજી પાળીના ઝાડુવાળાને યોગ્ય રકમ વળતર તરીકે ચુકવી આપવી જોઈએ.

૬. પક્ષકારો તરફથી રજુ થયેલ પુરાવો તથા જે રજુઆત કરેલ છે તે લક્ષમાં લેતાં પહેલી પાળીના ઝાડુવાળા જેટલું કામ બીજી અને ત્રીજી પાળીના ઝાડુવાળાને કરવાનું હોતું નથી પરંતુ બીજી અને ત્રીજી પાળીમાં ઝાડુવાળાની સંખ્યા પુરતી છે એવો નિર્ણય લઈ શકાય તેમ નથી. પરંતુ કાપડ ઉદ્યોગની હાલની આર્થિક પરિસ્થિતિ લક્ષમાં લેતાં બીજી અને ત્રીજી પાળીમાં ઝાડુવાળાની સંખ્યા વધારવી વાજબી ગણી શકાય નહીં. પરંતુ બીજી અને ત્રીજી પાળીના ઝાડુવાળાને માસિક રૂા. ૩૦ રેફરન્સની તારીખથી વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવો વાજબી જણાશે. આ રકમનો મુળ પગારમાં સમાવેશ થયેલ ગણાશે નહીં. સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં નીચે મુજબનાં છે.

પ્રથમ પક્ષકારની રજુઆત એવી છે કે, પહેલી પાળીમાં ૩ ઝાડુવાળા કામ કરે છે. જ્યારે મીલની રજુઆત એવી છે કે, ૩ ઝાડુવાળા કામ કરતા નથી

INDEX

પરંતુ બે ઝાડુવાળા કામ કરે છે. પ્રથમ પક્ષકાર સંઘે પોતાની રજુઆતના સમર્થનમાં એક કામદારને તપાસેલા છે અને તેઓએ ઉપર જણાવેલ છે કે, પહેલી પાળીમાં ૩ ઝાડુવાળા કામ કરે છે. તેમની તે હકીકતને ઉલટ તપાસમાં પડકારવામાં આવેલ નથી. પરિણામે પહેલી પાળીમાં મીલના જણાવ્યા મુજબ બે જ ઝાડુવાળા કામ કરે છે તે રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. મીલની રજુઆત એવી છે કે, કામનું પ્રમાણ ઓછું હોવાને કારણે ફક્ત એક જ ઝાડુવાળાની જગ્યા રાખવામાં આવેલા છે. સંઘની રજુઆત એવી છે કે, વાસ્તવમાં પહેલીપાળી જેટલુ બીજી પાળી અને ત્રીજી પાળીમાં ઝાડુવાળાને કામ કરવાનું હોય છે પરંતુ જે કામદારને તપાસવામાં આવેલા છે તે કામદારના કથન ઉપરથી સ્પષ્ટ છે કે, બીજી અને ત્રીજી પાળીના ઝાડુવાળાને કચરો વેસ્ટ ખાતામાં નાખવા જવાનો હોતો નથી. તેમજ બીજી અને ત્રીજી પાળીવાળાને સ્ટોરમાં જવાનું હોતું નથી, તેમજ ગોડાઉનમાં જવાનું હોતું નથી. આ સંજોગોમાં બીજી અને ત્રીજી પાળીમાં પહેલી પાળી કરતાં ઓછું કામ છે એ સંજોગો લક્ષમાં લેવામાં આવે તો બીજી અને ત્રીજી પાળીમાં ફક્ત એક જ ઝાડુવાળાની નિમણૂક કરવી એ પૂરતું છે એમ કહી શકાય નહીં. વાસ્તવમાં એક ઝાડુવાળાની સંખ્યા વધારવી યોગ્ય ગણાય, પરંતુ હાલમાં કાપડ ઉદ્યોગની તેમજ મીલ કંપનીની પણ આર્થિક કટોકટી લક્ષમાં લેતાં એક ઝાડુવાળાની સંખ્યા વધારવી વાજબી ગણાશે નહીં. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, સંઘના કામદારના જણાવ્યા પ્રમાણે બીજી પાળીના કામદારને રૂ. ૭નું વળતર ચુકવવામાં આવે છે એટલે બીજી અને ત્રીજી પાળીના ઝાડુવાળાને વળતર ચુકવી આપીને આ પ્રશ્નોનો નિકાલ કરવો વાજબી ગણાશે. રૂ. ૭નું વળતર આપવામાં આવેલ છે તે વાજબી નથી. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, આ રકમ જે વળતર તરીકે છે તેની ઉપર મોંઘવારી કે બીજા અન્ય કોઈ ભથ્થાનો સમાવેશ થાય નહીં, એટલે આજના મોંઘવારીના કપરા જમાનામાં રૂ. ૭નું વળતર અપૂરતું કહેવાના પરિણામોને એમ લાગે છે કે, રૂ. ૩૦નું માસિક વળતર બીજી અને ત્રીજી પાળીના ઝાડુવાળાને અપાવવું વાજબી ગણાશે. અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે, આ વળતરની રકમનો મુળ પગારની રકમમાં સમાવેશ થયેલ ગણાશે નહીં, જેથી તેના ઉપર મોંઘવારી વગેરે મળવા પાત્ર થશે નહીં. રેફરન્સની તારીખથી આ રકમ વળતર તરીકે બીજી અને ત્રીજી પાળીના ઝાડુવાળાને અપાવવી વાજબી ગણાશે. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૮. મીગના વાઈન્ડીંગ અને સાઈઝીંગ ખાતામાં બીજી અને ત્રીજી પાળીના ઝડકુવાળા તરીકે કામ કરનાર કામદારોને માસિક રૂ. ૩૦/-પ્રમાણે વળતર ચુકવી આપવાના દ્વિતીય પક્ષકાર મીલને આદેશ આપવામાં આવે છે. આ રકમ તેઓએ રેફરન્સની તારીખથી, એટલે કે તા. ૧-૬-૮૨થી ચૂકવવાની રહેશે. તા. ૧-૮-૯૧ થી આ રકમ દ્વિતીય પક્ષકારમીલે વેતનની સાથે રાબેતા મુજબ ચુકવવાની રહેશે અને ત્યાં સુધીના સમયગાળાના તફાવતની રકમ મીલે તા. ૩૧-૧૦-૯૧ સુધીમાં ચુકવી આપવાની રહેશે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી;

સહી

નારણસિંહ ચૌહાણ

એન. એ. ચૌહાણ

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી

વી. ન. પટેલ

રજીસ્ટ્રાર.

અમદાવાદ.

તા. ૨૭-૬-૧૯૯૧.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

૯-૮-૧૯૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમ અન્વયેના
અધીસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ-શ્રમક-૨૭૯૦૩ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું શ્રીનાથ કો. ઓ. બેંક લી. અમદાવાદ અને ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંકસ સ્ટાફ યુનિયન અમદાવાદ સમાધાન અધિકારી શ્રી. બી. બી. ઠાકર ની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન. ૧૯૯૧ ના ઓગષ્ટ માસના ૧૩મા દિને, આથી નોંધ કરું છું.

સમાધાનકાર શ્રી બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ ૧૯૪૬

સમાધાનનું ખત પત્ર.

કેસ નંબર : બી. આર. સી. - ૩૬૪/૯૦

: પક્ષકારોના નામ :

(૧) માલિકોના પ્રતિનિધિશ્રી :- મેનેજીંગ ડીરેક્ટર શ્રી દિપકભાઈ એમ. પટેલ

મેનેજર

શ્રીનાથ કો. ઓ બેન્ક લી. અમદાવાદ.

(૨) કામદારોના પ્રાતનિધિશ્રી :- શ્રી જગદીશભાઈ એચ. શાહ

મંત્રી

ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંકસ સ્ટાફ
યુનિયન, અમદાવાદ.

-: કેસની ટૂંકી વિગત :-

તા. ૧૬-૧૦-૯૦ના રોજ બેન્કીંગ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક

INDEX

વિસ્તારમાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળે નમુના 'એલ' માં ઉપરોકત સંસ્થાની વ્યવસ્થાપકોને બેંકમાં કામ કામ કરતાં કર્મચારીઓના પગારગ્રેડ, ઘરભાડુ વગેરે આપવા અંગેની માંગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી સદરહુ મંડળે તારીખ : ૩૦-૧૦-૯૦ ના રોજ સમાધાનકારને નમુના 'એન' માં અહેવાલ મોકલી આપ્યો હતો જે તારીખ: ૯-૧૧-૯૦ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૧૬-૧૧-૯૦ ના રોજ સમાધાનકારનાં પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતો વખત બન્ને પક્ષકારોની સંમતીથી મુલત્વી રાખવામાં આવી હતી તે તારીખ: ૨૬-૧૧-૯૦ થી તા. ૧૮-૭-૯૧ સુધી ચાલી હતી. જેમાંની છેલ્લી જણાવેલ તારીખે બન્ને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ.

સમાધાનની વિગતો અને શરતો

આ બેન્કના કર્મચારીઓના પગાર ધોરણ તથા અન્ય ભથ્થાઓ વિગેરે તારીખ ૧-૭-૧૯૯૦ ની પશ્ચાદવર્તી અસરથી નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યા છે. :-

મુળ પગાર : બેઝીક સેલરી : -

મેનેજર : ૫૮૦-૪૦ । ૫-૭૮૦-૪૫ । ૫-૧૦૦૫ - $\frac{૫૦}{૫}$ - ૧૨૫૫ - $\frac{૫૫}{૫}$ - ૧૫૩૦

એકાઉન્ટન્ટ : :- ૩૬૦-૩૦-૫૧૦ $\frac{}{૫}$ ૩૫-૬૯૦- $\frac{}{૫}$

૪૦/૫ – ૮૯૦ – ૪૫/૫ – ૧૧૧૦

વર્કમેન કેટર :–

સીનીયર ઓફીસર :– ૩૦૫ – ૨૫/૫ – ૪૨૦ – ૩૦/૫

૫૮૦ – ૩૫/૫ – ૭૫૫ – ૪૦/૫ – ૯૫૫

જુનીયર ઓફીસર–: ૨૫૦ – ૨૦/૫ – ૩૫૦ – ૨૫/૫ – ૪૭૫

– ૩૦/૫ – ૬૨૫ – ૩૫/૫ – ૮૦૦

ક્લેરીકલ સ્ટાફ :– ૨૦૦ – ૧૫/૫ – ૨૭૫ – ૨૦/૫ – ૩૭૫

– ૨૫/૫ – ૫૦૦ – ૩૦/૫ – ૬૫૦

સબઓર્ડીનેટ સ્ટાફ :– ૧૧૦ – ૧૦/૫ – ૧૬૦ – ૧૫/૫ – ૨૩૫

– ૨૦/૫ – ૩૩૫ – ૨૫/૫ – ૪૬૦

નવા પગાર ધોરણમાં ફીટમેન્ટ :-

તારીખ ૧-૭-૯૦ ના જુના પગાર ધોરણમાંથી, નવા પગાર ધોરણોમાં કર્મચારીઓના મુળ પગારનું ફીટમેન્ટ, આ સાથેના પરિશિષ્ટ "૧" માં નક્કી કરી દર્શાવેલ છે, તે પ્રમાણે ગણવામાં આવશે.

વાર્ષિક ઈન્ક્રીમેન્ટ :-

તમામ કર્મચારીઓને જુલાઇ મહીનાથી એક રૂપ પ્રમાણે ચુકવાશે. હવે પછીનું ઈન્ક્રીમેન્ટ જુલાઈ ૧૯૯૨ માં આપવામાં આવશે.

મોંઘવારી ભથ્થું -

ઓલ ઈન્ડીયા કન્ઝયુમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષ ફોર ઇન્ડસ્ટ્રીયલ વર્કસના, સિમલા વર્કસ બ્યુરો. તરફથી મોંઘવારીનો વખતો વખત જે ભાવાંક બહાર પાડવામાં આવે છે. તેને અનુસરીને મોંઘવારી ભથ્થુ ચુકવવામાં આવશે. આ પદ્ધતિ મુજબ સને ૧૯૬૦-૧૦૦નો આંક પાયાનો આધાર ગણીને, દર ત્રણ મહીનેજે સરેરાશ આંક થાય તેમાંથી ૨૦૦ આંકબાદ કરતા જે આંક આવે, તેના પ્રત્યેક ચાર આંક દીઠ એક સ્લેબ ગણવો. આ રીતે જે કુલ સ્લેબ થાય તે માટે પ્રત્યેક સ્લેબ દીઠ નીચે દર્શાવેલ દર મુજબ મોંઘવારી ભથ્થુ ચુકવવામાં આવશે.

(૧) તમામ ગ્રેડના ઓફીસર કર્મચારીઓ તથા કલેરીકલ કેડરના કર્મચારીઓને પ્રત્યેક સ્લેબ દીઠ ૧.૬૫ ટકા મુજબ તથા

(૨) સબ ઓર્ડીનેટ સ્ટાફના કર્મચારીઓને પ્રત્યેક સ્લેબ દીઠ ૨ ટકા મુજબ

ઘરભાડુ -

પ્રત્યેક કર્મચારીને માસીક રૂા. ૭૫-૦૦

સીટી એલાવન્સ -

પ્રત્યેક કર્મચારીઓને માસીક રૂા. ૭૫-૦૦

મેડીકલ એલાવન્સ –

પ્રત્યેક કર્મચારીને માસીક રૂા. ૭૫-૦૦

કલીયરીંગ એલાવન્સ –

બ્રાન્ચમાંથી જતા પ્યુનને માસીક રૂા. ૬૦-૦૦ ચુકવાશે. પ્રસંગોપાત, અનિવાર્ય જરુરીયાતના દીવસે, રિક્ષા ભાડું ચુકવાશે.

કેશીયર એલાઉન્સ –

રોકડ લેવડ દેવડની ફરજ બજાવનાર કર્મચારીઓને નીચે પ્રમાણે માસીક ભથ્થું ચુકવાશે.

(૧) હેડ ઓફીસમાં રૂા. ૭૫-૦૦

(૨) બ્રાચમાં રૂા. ૫૦-૦૦

વોશીંગ એલાવન્સ :–

દરેક પ્યુન કર્મચારીને યુનીફોર્મ ધોલાઈ માટે માસીક રૂા. ૩૦-૦૦ ચુકવશે. સબ સ્ટાફ કર્મચારીને યુનીફોર્મ પહેરી ફરજ બજાવવાની રહેશે.

કલોઝીંગ તથા : ઓવરટાઈમ એલાવન્સ :–

તમામ કર્મચારીઓને દરેક કેલેન્ડર વર્ષમાં કુલ બે: પગાર કલોઝીંગ એલાવન્સ તથા ઓવર ટાઈમ તરીકે ચુકવવામાં આવશે. જે જુન મહીના તથા ડીસેમ્બર મહીનામાં કલોઝીંગ કામ માટે તથા ઓવર ટાઈમ તરીકે, જુન મહીના તથા ડીસેમ્બરમાં જે પગાર મળતો હોય, તે મુજબ વધારાના પગાર તરીકે ચુકવાશે.

નોંધ :–

(૧) કલોઝીંગ એલાવન્સ તથા ઓવર ટાઇમનો પગાર એટલે, મુળ પગાર અને મોંઘવારી ભથ્થું તેમ ગણવામાં આવશે.

(૧) જુન અને ડીસેમ્બર મહીનામા, કેજયુઅલ સીવાયની બીજી કોઈ મંજુર થયા વગરની રજા કર્મચારી ભોગવે તો તેવા કિસ્સા માં જે તે કિસ્સાના ગુણ

INDEX

દોષને આધારે, મેનેજમેન્ટ ક્લોઝીંગ એલાવન્સ તથા ઓવર ટાઈમ ચુકવવા વિશે નિર્ણય લેશે.

બોનસ :-

તમામ કર્મચારીઓને વાર્ષિક વાર્ષિક પગારની રકમ ઉપર, હાલની પ્રથા મુજબ ૨૦ ટકા પ્રમાણે બોનસ ચુકવવામાં આવશે.

લીવર ફેર કન્સેશન –

બેંકના દરેક કાયમી કર્મચારીને તેના પતિ–પત્નિ સંતાનો તથા આશ્રિત માતા–પિતા સહીતના કુટુંબીજનો માટે દર ત્રણ વર્ષે એક વખત માટે પ્રવાસમાં જવા આવવા માટે કુલ ૩૦૦૦ કીલોમીટર સુધીના અંતરનું ભાડું આ પ્રમાણે ચુકવવામાં આવશે.

(૧) ઓફીસર કેડરના તમામ કર્મચારીઓ માટે રેલ્વેનું પ્રથમ વર્ગનું ભાડુ તથા રીઝર્વેશન ચાર્જીસ.

(૨) ક્લેરીકલ કેડરના તથા સબસ્ટાફ વર્ગના કર્મચારીઓને રેલ્વેનું બીજા વર્ગનું ભાડું તથા રીઝર્વેશન ચાર્જીસ.

લીવ ફેર કન્સેશનના અન્ય નિયમો આ પ્રમાણે રહેશે –

(૧) કુલ ૩૦૦૦ કીલોમીટર એટલે ૧૫૦૦ કી.મી. જવાનું અને ૧૫૦૦ કી.મી. પાછા આવવાનું તેમ ગણી, ભાડા ખર્ચની ગણતી કરવામાં આવશે.

(૨) ઉપરોકત કુલ નિયત અંતર માટે, જે તે દર મુજબ. જે કુલ મળવા પાત્ર રકમ હોય, તે રકમ મર્યાદામાં રહીને નીચે મુજબ પ્રવાસ કરવાની પણ છુટ રહેશે.

(અ) સડક માર્ગે, કોઈ મોટર–વાહન, લકઝરી બસ અથવા ટેકસી દ્વારા પ્રવાસ થઇ શકશે.

(બ) કોઇ પ્રવાસ કંપની આયોજીત ટુરમાં પણ પ્રવાસ થઈ શકશે,

INDEX

(૨) કુલ નિયત અંતર માટે મળવાપાત્ર રકમની મર્યાદામાં રહીને ઓછા અંતર માટે, કલેરીકલ તથા સબસ્ટાફ કર્મચારી રેલ્વેના પ્રથમ વર્ગમાં મુસાફરી કરી શકશે.

(૩) આશ્રિત માતા પિતા એટલે જેઓની પગાર પેન્શનની માસિક આવક રૂા. ૭૫૦. ૦૦ થી વધારે હોય નહીં તે તેમ ગણાશે.

(૪) પ્રવાસ કર્યા અંગે કર્મચારીએ પુરાવા રજુ કરવા જરૂરી રહેશે જેવી કે પ્રવાસની તારીખ, ટીકીટ, નંબર, ટ્રેઈન નંબર, પ્રવ.સનુ છેલ્લુ સ્થળ, હોટલ, ધર્મશાળાનું ભાડા બીલ વીગેરે પૈકી આધાર ભુત પુરાવા.

(૫) ટ્રાવેલ કંપની આયોજીત પ્રવાસના કિસ્સામાં ટુર પ્રોગ્રામ ટ્રાવેલ કંપનીની પહોંચ, પ્રવાસ ભાડુ, લકઝરી બસનો અથવા રેલ્વેના ડબ્બાનો નંબર, પૈકી આધાર ભુત પુરાવા.

(૬) કર્મચારીએ એલ. ટી. સી. પ્રસંગે ૧૮ દીવસની રજા લેવી જરૂરી રહેશે

પ્રોવીડન્ટ ફંડ :-

તમામ કર્મચારીઓનું હાલની પ્રથમ મુજબ પગારમાંથી ૮.૩૩% ટકા મુજબ પ્રો. ફંડ કાપવામાં આવશે બેન્ક તેટલી જ જ બીજી રકમ પોતાના ફાળા તરીકે ઉમેરશે, જે રકમ ધારા ધોરણ પ્રમાણે જમા કરવામાં આવશે.

ગ્રેજ્યુટી :-

ગ્રેજ્યુઇટી એક્ટની જોગવાઇ મુજબ ચુકવાશે.

ગ્રુપ ઇન્સ્યુરન્સ :-

કર્મચારીઓનો ગ્રુપ ઈન્સ્યુરન્સ લેવામાં આવશે. જેનું પ્રીમીયમ બેન્ક ભરશે.

રજાઓ :-

પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં પગાર ભથ્થાઓ સહીતની નીચે પ્રમાણે રજાઓ મળશે.

INDEX

(૧) હક્ક રજા : પ્રીવીલેજ લીવ : ૩૦ દિવસ

(૨) માંદગીની રજા ૧૫ દીવસ

(૩) આકસ્મિક રજા : કેજયુઅલ લીવ : ૧૨ દિવસ

રજાઓ એકત્ર થવા તથા રજાઓના પગાર ચુકવવા વિશે –

(૧) હક્ક રજા કુલ ૬૦ દિવસ સુધી એકત્ર કરી જમા રહેશે. આ મુદત કરતા વધારે રજાઓ એકઠી-જમા થવાના પ્રસંગે, જે તે વધારાના દિવસોના પગાર ચુકવાશે.

(૨) વણ વપરાયલી માંદગીની રજાઓ, ભેગી કરી જમા રાખવાની પ્રથા ચાલુ રહેશે. જો કે માંદગીની પ્રસંગે ૪ દીવસ કરતા વધારે દીવસની માંદગીની રજા ભોગવવા માટે દાકતરી પ્રમાણપત્ર આપવું જરૂરી રહેશે.

ખાસ રજાઓ :–

એ. આઈ. બી. ઈ. એ. એમ. જી. બી. ઈ એ. અને ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્કસ સ્ટાફ યુનીયન વીગેરે મહામંડળોની અધિવેશનમાં ભાગ લેનાર, કર્મચારી પ્રતિનિધિને પગાર સાથેની સ્પેશ્યલ લીવ આપવામાં આવશે.

પ્રસુતિની રજા : મેટરનીટી લીવ :–

કાયમી નોકરીમાં હોય, તેવા મહિલા કર્મચારીને પ્રસુતિના પ્રસંગે કુલે ૩ મહિનાની મુદત માટે પગાર ભથ્થાઓ સહીતની પ્રસુતીની રજા મંજુર કરવામાં આવશે જો કે આવી રજાઓ નોકરી દરમ્યાન વધુતમ બે પ્રસંગો માટે જ આપવામાં આવશે. કસુવાવડના પ્રસંગે પણ આ રજા ભોગવી શકાશે.

યુનીફોર્મ :–

તમામ કાયમી સબ સ્ટાફ કર્મચારીને હાલની પ્રથા મુજબ યુનીફોર્મ આપવામાં આવશે. દર ત્રણ વર્ષે એક આખી બાયનું ગરમ સ્વેટર આપવામાં આવશે.

INDEX

રેઈન કોટ :–

બહારની ફરજ બજાવનાર કર્મચારી ને દર બે વર્ષે એક સારી જાતનો રેઈન કોટ આપવામાં આવશે.

સ્ટાફ વેલ્ફેર સ્કીમ :–

કર્મચારીઓ અને તેના કુટુંબીજનો માટે સામાજીક શૈક્ષણીક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે બેન્ક યોજના નક્કી કરશે. આ માટે બેન્ક વેલ્ફેર ફંડ ફાળવશે.

પ્રમોશન પોલીસી :–

ક્લેરીકલ કેડરમાંથી જુનીઅર ઓફીસર કેડરમાં અને એ રીતે ઉપલી કેડરમાં બઢતી, કર્મચારીઓની નોકરીની સીનીયોરીટીના ધોરણે આપવામાં આવશે. જેમાં ઉચ્ચ શૈક્ષણીક લાયકાતોને વધારાની યોગ્યતા ગણી પ્રાધાન્ય આપવામાં આવશે.

બઢતી પ્રસંગે ફીટમેન્ટ :–

ક્લેરીકલ કેડરમાંથી જૂનીઅર ઓફીસરમા ગ્રેડમાં અને તે પ્રમાણે ઉપલી કક્ષાઓમાં બઢતી આપવાના પ્રસંગોએ કર્મચારીને કુલ માસીક પગાર ભથ્થાઓ વીગેરે મળતા હોય તે રકમ જળવાઈ રહે તે રીતે બઢતી મળેલી કેડરના ગ્રેડમાં પ્રાથમિક ફીટમેન્ટ કરવું. તદ ઉપરાંત પગાર વધારા તરીકે બઢતી મળેલી ગ્રેડના બે વધારાના ઈન્ક્રીમેન્ટ આપી ફીટમેન્ટ નક્કી કરવામાં આવશે

શૈક્ષણીક લાયકાતો અંગે ઈન્ક્રીમેન્ટ –

જી, આઈ. બી. સી. એન્ડ બે પરીક્ષા ઉતીર્ણ કરનાર કર્મચારીને એક ઈન્ક્રીમેન્ટ આપવામાં આવશે.

ફુડ ગ્રેઈન એડવાન્સ –

તમામ કાયમી કર્મચારીઓને હાલની પ્રથા મુજબ વગર વ્યાજે ફુડ ગ્રેઈન એડવાન્સ આપવામાં આવશે.

INDEX

(લોન)

વાહન લોન :-

બેન્કની કાયમી નોકરી ત્રણ વર્ષ પુરી કરી હોય તેવા કર્મચારીઓને સ્કુટર, મોપેટ, મોટર સાયકલ પૈકી કોઈ એક વાહન ખરીદવા માટેની લોન ૯ ટકા વ્યાજથી આપવામાં આપશે. જે ૪૮ માસીક હપ્તાથી વસુલ થશે.

નવા વાહન માટે કિંમતની ૮૫ ટકા જેટલી રકમની અને જુના વાહનની વેલ્યુએશન કિંમતની ૭૦ ટકા જેટલી રકમની લોન આપવામાં આવશે.

નોંધ :-

(૧) વાહન લોનનો મહતમ રકમ રૂા. ૧૫૦૦૦.૦૦ રહેશે.

(૨) વાહનનો વિમો કર્મચારીએ સ્વ ખર્ચે લેવાનો રહેશે.

(૩) વાહન બેંકને એચ. પી. કરી આપવાનું રહેશે.

પર્સનલ લોન :-

તમામ કાયમી કર્મચારીને કુલ બે વર્ષની નોકરી પછી તેના ૧૦ કુલ માસીક પગાર જેટલી રકમની લોન ૯ ટકા વ્યાજના દરે આપવામાં આવશે, જે ૪૮ માસીક હપ્તામાં વસુલ થશે. સદરહુ લોન ગૃહ ઉપયોગી ચીજ વસ્તુઓ જે વી કે. ટી. વી. ફ્રીજ, પંખા, ફર્નીચર. વીગેરે ખરીદવા માટે કુટુંબમાં કોઈ સામાજીક પ્રસંગ માટે આપવામાં આવશે.

હાઉસીંગ લોન :-

બેંકમાં કાયમી પાંચ વર્ષની નોકરી પુરી થઈ હોય તેવા કર્મચારીને ૨૪૦ હપ્તામાં ભરપાઈ જાય તે રીતે ૧૬ ટકા સાદા વ્યાજથી હાઉસીંગ લોન આપવામાં આવશે. જેની મહતમ રકમ મર્યાદા આ મુજબ રહેશે.

(૧) ઓફીસર કેડર	રૂા. ૧,૨૫,૦૦૦.૦૦
(૨) ક્લેરીકલ કેડર	રૂા. ૧,૦૦,૦૦૦.૦૦
(૩) સબ સ્ટાફ કેડર	રૂા. ૭૫,૦૦૦.૦૦

INDEX

જેના અન્ય અન્ય નિયમો આ મુજબ રહેશે. :-

(૧) મકાન નવુ બાંધવા ખરીદવા માટે અથવા જૂનુ તૈયાર મકાન ખરીદવા માટે લોન મંજૂર થશે,

(૨) મકાનમાં વધારાનું બાંધકામ કરવા અથવા રીપેરીંગ રીનોવેશનના હેતુ માટે પણ લોન મંજુર થશે,

(૩) વડીલો પાર્જીત મીલકત પૈકી મકાન કર્મચારીના નામે તબદીલ થાય તે માટે પણ લોન આપવામાં આવશે.

(૪) મકાન વિશેના જરુરી દસ્તાવેજો કર્મચારીએ આપવાના તથા કરી આપવાના રહેશે.

(૫) મકાન બેંકને મોર્ગેજ કરવાનું રહેશે.

(૬) સંજોગોવશાત કર્મચારીની નોકરીનો કોઈપણ રીતે અંત આવે તો કર્મચારીના પ્રોવીડંટ ફંડ તથા ગ્રેજ્યુઈટી ઉપર લોન બાકી રકમનું લીયન રહેશે.

(૭) લોન લીધેલ મકાન કોઈને વેચાણ કે ગીરો આપી શકાશે નહીં.

નોંધ :-

(૧) તમામ લોનના નિયત હપ્તાઓ કર્મચારીના માસીક પગારમાંથી કાપવામાં આવશે.

(૨) કર્મચારીના માસીક કુલ પગારમાંથી તમામ લોનના હપ્તાઓની રકમ મળી કુલ ૬૦ ટકા જેટલી કપાત થાય તે મર્યાદામાં રહીને જુદી જુદી લોન મંજુર થશે.

જો કે કપાતની રકમમાં પ્રોવીડન્ડ ફંડ તથા કુડ ગ્રેઈન એડવાન્સની હપ્તાની રકમનો સમાવેશ થશે નહીં.

નિવૃત્તિની વય :-

કર્મચારી જે કેલેન્ડર વર્ષમાં ૬૦ વર્ષની ઉંમર પુરી કરે તે વર્ષની છેલ્લી તારીખે તેને નોકરીમાંથી નિવૃત્ત કરવામાં આવશે.

INDEX

કર્મચારીના અવસાન પ્રસંગે સહાય :-

કોઈ કાયમી કર્મચારી નિવૃત્તિ પહેલા જો અવસાન પામે તો તેના પતિ-પત્ની અથવા પુત્ર-પુત્રી પૈકી ગમે તે એક વ્યક્તિને તેની શૈક્ષણીક લાયકાતો ધ્યાનમાં લઈ ક્લેરીકલ અથવા સબ સ્ટાફમાં વર્ગમાં નોકરીમાં લેવામા આવશે.

સમાધાન તા. ૧-૭-૯૦ થી તા. ૩૦-૬-૯૩ સુધી અમલમાં રહેશે. ઉપરોક્ત સમાધાન થયેલ હોઈ આ બેન્કના કર્મચારીઓ અને યુનીયન કબુલ કરે છે કે આ વિષે કોઈપણ અધિકારી અથવા કોઈપણ કોર્ટમાં કોઈપણ તકરાર કે કેસ ચલુ હશે તે તમામ કેસો પાછા ખેચી લીધેલ ગણાશે અને કર્મચારીઓ પણ કબુલ કરે છે કે આ સમાધાનમાં નક્કી થયેલો નોકરીની કોઈપણ શરત અંગે વ્યક્તિગત રીતે કે સામુહીક રીતે કે કોઈપણ યુનિયન અથવા ફેડરેશન મારફતે કોઈપણ તકરાર ઉપસ્થિત નહી કરે.

(૪) કર્મચારીઓ કબુલ કરે છે કે બેન્કનું કામ એક વિશિષ્ટ પ્રકારનું છે અને બેન્કીંગ ઉદ્યોગએ એક સેન્સેટીવ ઉદ્યોગ છે. કોઈપણ કર્મચારીની નોકરી બાબતે કોઈપણ ગેરવર્તણુક બેન્કની પ્રીમાઈસીસ કે બેન્કની પ્રીમાઈસીસ બહાર કરશે તો તેઓની સામે કાયદેસરના પગલાં બેન્ક ભરી શકશે.

આ સમાધાન કરાર એટલે કે એગ્રીમેન્ટમાં જણાવેલ ઉપરોક્ત વિગતો અને જોગવાઈઓ સીવાય અન્ય કોઈપણ લાભ કે સવલતો જો મળતી હોય તો તે યથાવત મળવા ચાલુ રહેશે. ઉપરોક્ત સમાધાન શરતો અને જોગવાઈઓથી જો કોઈ કર્મચારીને વિપરીત અસર થાય તો કરાર ના બન્ને પક્ષકારો વાટાઘાટોથી તેનુ નિરાકરણ લાવશે.

કર્મચારીઓના પગાર ધોરણ અને અન્ય લાભ વિગેરે અંગે આ સમાધાનનો અમલ તા. ૧-૭-૯૦થી કરવામાં આવશે. આ કરાર તા. ૩૦-૬-૯૩ સુધી અમલમાં રહેશે. આ સમાધાન કરાર અન્વયે મળવા પાત્ર પગાર વધારા તથા અન્ય ભથ્થાઓ અને લાભોના તફાવતની રકમ આગામી ૩૦ દીવસમાં ચુકવવામાં આવશે. આ સમાધાન કરારની જોગવાઈઓ અને સમજુતી બન્ને પક્ષકારોને કાયદેસર રીતે મંજુર અને બંધનકર્તા છે.

અમદાવાદ : આજ તારીખ : ૧૧-૭-૧૯૯૧

INDEX

પક્ષકારોની સહીઓ

શ્રીનાથ કો. ઓપરેટીવ બેંક લી. અમદાવાદ વતીથી

(૧) ....વાઈસ ચેરમેન

(૨) ....મેનેજીંગ ડીરેક્ટર

ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક સ્ટાફ યુનીયન વતીથી

(૧) ....ઉપપ્રમુખ

(૨) ....જનરલ સેક્રેટરી

(૩) ....સેક્રેટરી

(૪) ....

પક્ષકારોના સાક્ષીઓની સહીઓ :–

બેન્ક મેનેજમેન્ટના સાક્ષીઓ :–

(૧) ....

(૨) ....

શ્રીનાથ કો. ઓ. બેંકના કર્મચારીઓ વતીથી :–

(૧) ....

(૨) ....

સ્થળ :– અમદાવાદ.

તારીખ :– ૧૧-૭-૧૯૯૧.

INDEX

પરિશિષ્ટ - ૧.

જુના પગાર ધોરણમાંથી નવા પગરા ધોરણમાં બેંકના હાલના કર્મચારીઓને ફીટમેન્ટ તા. ૧-૭-૯૦ નાં રોજ નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.

અનુ ક્રમ નંબર	નામ	જુના પગાર હોદ્દો	નવા પગારધોરણ મુજબ ધોરણ મુજબ મૂળ પગાર રૂા. પૈસા	ફીમેન્ટ પ્રમાણે મૂળ પગાર. રૂા. પૈસા
૧.	શાંતીલાલ એ. શાહ	મેનેજર	૬૧૦-૦૦	૭૮૦-૦૦
૨.	જયંતિભાઈ એ. ખંભાળીયા	એકાઉન્ટન્ટ	૪૬૦-૦૦	૫૧૦-૦૦
૩.	અતુલભાઈ આર. પટેલ	સીનિયર ઓફિસર	૩૪૦-૦૦	૪૩૦-૦૦
૪.	મહેશભાઈ એન. ભટ્ટ	,,	૩૪૦-૦૦	૪૩૦-૦૦
૫.	પરાગભાઈ જે. વોરા	,,	૩૪૦-૦૦	૪૩૦-૦૦
				૨૭૫-૦૦ એપ્રિલ' ૯૧ સુધી
૬.	તરલિકાબેન એમ. જોષી	જુની. ઓફિસર	૧૯૫-૦૦	૩૧૦-૦૦ મે ૯૧થી
૭.	મિનાક્ષીબેન આર. પટેલ	જુની. ઓફિસર	૧૯૫-૦૦	૩૧૦-૦૦
૮.	શૈલેષભાઈ પી. શાહ	,,	૧૯૧-૦૦	૩૧૦-૦૦
૯.	પરેશભાઈ એલ. શાહ	કલાર્ક	૧૮૫-૦૦	૨૬૦-૦૦
૧૦.	રતિભાઈ કે. ઠાકોર	,,	૧૮૫-૦૦	૨૬૦-૦૦
૧૧.	ધર્મેન્દ્રભાઈ સી. વ્યાસ	,,	૧૭૦-૦૦	૨૬૦-૦૦
૧૨.	મેહુલભાઈ આર. પટેલ	,,	૧૬૦-૦૦	૨૪૫-૦૦
૧૩.	વર્ષાબેન આર. શાહ	,,	૧૬૦-૦૦	૨૪૫-૦૦
૧૪.	વિમલભાઈ જે. દલાલ	,,	૧૬૦-૦૦	૨૪૫-૦૦
૧૫.	કુસુમબેન એસ. દલાલ	,,	૧૪૦-૦૦	૨૩૦-૦૦
૧૬.	અંબિકાબેન યુ. ઉપાધ્ય	,,	૧૨૦-૦૦	૨૧૫-૦૦
૧૭.	બિરેનભાઈ એચ. પટેલ	,,	૧૨૦-૦૦	૨૧૫-૦૦
૧૮.	હેતલભાઈ એસ. પટેલ	,,	૧૨૦-૦૦	૨૧૫-૦૦

INDEX

૧૯. જયદિપભાઈ વી. પટેલ	,,	૧૨૦-૦૦	૨૦૦-૦૦
૨૦. ભરતભાઈ બી. પટેલ	,,	૧૨૦-૦૦	૨૦૦-૦૦
૨૧. રત્નાબેન એ. શ્રોફ	,,	–	૨૦૦-૦૦
૨૨. હિરાલાલ એમ. શાહ	બ્રાંચ એજન્ટ	૩૨૦-૦૦	૩૮૦-૦૦
૨૩. ગિરીશભાઈ પી. પારેખ	પટાવાળા	૧૩૫-૦૦	૧૯૦-૦૦
૨૪. પ્રકાશભાઈ એન. ખત્રી	,,	૧૨૫-૦૦	૧૭૫-૦૦
૨૫. અમ્રતભાઇ એસ. મેરાઈ	,,	૧૨૫-૦૦	૧૭૫-૦૦
૨૬. પ્રમોદભાઈ એન. ખત્રી	,,	૧૦૫-૦૦	૧૪૦-૦૦
૨૭. સુરેશભાઈ આર. શર્મા	,,	૧૦૫-૦૦	૧૪૦-૦૦

નોંધ :- બેન્કના મેનેજર શ્રી શાંતિલાલ શાહના મુળ પગારનું, નવા પગાર ધોરણમાં ફીટમેન્ટ રૂા. ૭૮૦-૦૦ નક્કી થયુયું છે. જો કે તેઓને જુલાઈ ૧૯૯૦ માં જે કુલ માસિક પગાર મળતો હતો. તે જળવાનું રહે, તે માટે ખુટતી રકમ "એડજસ્ટેબલ એલાવન્સ" તરીકે ચુકવવાની બંધ થશે.

સહીઓ :-

શ્રી શ્રીનાથ કો. ઓપ. બેન્ક વતીથી : ______________

,, ,, ,, ,, ,, : ______________

ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેન્કસ સ્ટાફ યુનીયન : ______________

,, ,, ,, ,, ,, : ______________

સહી

સમાધાનકાર

તારીખ : ૧૮-૭-૧૯૯૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ સંબંધ

અમદાવાદ

અમદાવાદ

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,

અમદાવાદ.

અમદાવાદ

તા. ૧૩-૮-૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખ/શમક/૨૭૮૩૩ આરયુ-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું એમ દીલખુશ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ સુરત અને ધી ડાઈંગ, બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનીયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એચ. ડી. ગામીત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને-૧૯૯૧ના ઓગષ્ટ માસના ૮મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૮૯

બી. આઈ. આર. એકટ કેસ નં. ૬૬-૯૦

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ,

પક્ષકારોના નામ

શ્રી

શ્રી એમ દીલખુશ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ — માલિકના પ્રતિનિધિ
પાન્ડેસરા જી. આઈ. ડી. સી. સુરત

શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ — કામદારોના પ્રતિનિધિ
મંત્રી ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ
યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫ ૦૦૩.

કેસની ટુંકી વિગત

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન સુરત કે જે સુરત મહાનગર પાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતાં કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું માન્ય મંડળ છે,

તેના મંત્રીશ્રીએ તા. ૧૪-૬-૧૯૯૦ના રોજ એમ. દીલખુશ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્ક્સમાં કામ કરતા કામદારોને સને ૧૯૮૯-૯૦ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ, નોટીસ ઓફ ચેઈન્જ ફોર્મ'એલ'માં આપી હતી, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા. ૨૫-૬-૧૯૯૦ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર એક્ટ (ગુજરાત રાજ્ય) ૪થે માળે, એ બ્લોક સરકારી મકાન, નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો, તેને જરુરી તપાસ બાદ તા. ૨૬-૬-૯૦ના રોજ નોંધણી રજીસ્ટ્રરમાં નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોક્ત કેસની ચર્ચા વિચારણા કરવા બંને પક્ષકારોને તા. ૬-૭-૯૦થી તા. ૬-૧૦-૯૦ના સુધી બોલાવવામાં આવ્યા હતા. જેમાં આજરોજ બંને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેક્ટરીમાં સને ૧૯૮૯ વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ ચૂકવશે.

(૨) ફેક્ટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૧૦-૧૦-૧૯૯૦ ના રોજ અગર તો તે પહેલાં ચુકવવામાં આવશે.

(૩) ફેક્ટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હકદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલુ મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો કર્મચારીઓ હકદાર થતા હશે પરંતુ હાલમાં તેવા કામદાર કર્મચારી મીલ (ફેક્ટરી)ની નોકરીમાંથી છુટા થએલા હોય તેવા કામદાર કર્મચારીઓને પ્રતિનિધી યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ

INDEX

ફીનીસીંગ વર્કર્સ યુનિયન, અમજીની સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેટકરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહીનામાં બોનસ ચુકવી આપવામાં આવશે.

તા ૬-૧૦-૯૦
સુરત

મંત્રી
ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ

સમાધાનકાર
બી. આઇ. આર. એકટ
સુરત

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૮-૮-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૭૮૪૯ આર.યુ. સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮/૧ અને સન ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂઈએ હું પાર્શ્વનાથ પ્રિન્ટીંગ મીલ્સ સુરત અને ધી ડાઈંગ બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉકત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એચ. ડી. ગામીત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ ના ઓગસ્ટ માસના ૮ મા દિને આથી નોધ કરું છું.

બોનસ સને ૧૯૮૯

બી. આઈ. આર. એક્ટ કેસ નંબર ૭૨/૯૦

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ,

પક્ષકારોના નામ

કૈલાશચંદ્ર રઘુવીરસીંગ જૈન
પાર્શ્વનાથ પ્રિન્ટીંગ મીલ્સ, માલિકના પ્રતિનિધી
ઠે. ૨૯૩/૯ જી. આઈ. ડી. સી. પાન્ડેસરા સુરત.

શ્રી નરોત્તમદાસ નાથુભાઈ પટેલ કામદારોના પ્રતિનિધી
મંત્રી, ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત–૩૯૫ ૦૦૩.

કેસની ટુંકી વિગત

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૧૪–૬–૯૦ના રોજ પાર્શ્વનાથ પ્રિન્ટીંગ મીલ્સ મા કામ કરતા તમામ કામદારોને ૧૯૮૯ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ, નોટીસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ' માં આપી હતી. બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન'

આ તા. ૨૫-૬-૯૦ના રોજ સમાધાનકારશ્રી, બી. આઈ. આર. એકટ બહુમાળી મકાન ૪થો માળ, એ બ્લોક, નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો. તેને જરૂરી તપાસ બાદ તા. ૨૬-૬- ૦ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોકત કેસની વિચારણા કરવા બંને પક્ષકારોને તા. ૬-૭-૧૯૯૦ થી તા. ૧૭-૮-૧૯૯૦ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજરોજ બંને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એકટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેકટરીમાં સને ૧૯૮૯ના વરસમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાશ) ટકા લેખે ફેકટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૨) ફેકટરીમાં કામ કરતા તમામ કામદાર કર્મચારીઓને સને ૧૯૮૯ના વર્ષનું બોનસ તા. ૫-૧૦-૧૯૯૦ના રોજ અગર તો તે પહેલાં ચુકવવામાં આવશે.

(૩) ફેકટરીમાં સને ૧૯૮૯ વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછા દિવસ કામ કરનાર કામદાર સને ૧૯૬૫ના બોનસ ચુકવણીધારા હેઠળ સને ૧૯૮૯ વરસનું બોનસ મેળવવા માટે હક્કદાર ગણાશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે. પરંતુ હાલમાં તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

INDEX

સમાધાનકાર
બી. આઈ. આર. એક્ટ
સુરત
તા: ૧૭-૮-૯૦
સુરત

મંત્રી
ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ,યુનિયન

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિંબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ
તા. ૮-૮-૯૧

સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક-૬/ખ/શ્રમક/૨૭૮૩૭ આરયુ-સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮(૧) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ- (ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું સાહેલી પ્રિન્ટસ પ્રા. લી. સુરત અને ધી ડાઈંગ બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત/ વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એચ. ડી. ગામીત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૧ ના ઓગષ્ટ માસના ૮મા દિને આથી નોંધ કરુ છું.

બોનસ સને ૧૯૮૯

બી. આઈ. આર. એક્ટ કેસ નં. ૭૦-૧૯૯૦

સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ,

INDEX

પક્ષકારોના નામ

ઓમપ્રકાશ રામબિલાસ અગ્રવાલ
સાહેલી પ્રિન્ટર્સ પ્રા. લી. માલિકના પ્રતિનીધી
ઠે. જી. આઈ. ડી. સી. પ્લોટ નં. ૨૭૪-૧ પાન્ડેસરા સુરત

શ્રી, નરોત્તમદાસ નાથુભાઈ પટેલ કામદારોના પ્રતિનીધિ
મંત્રી, ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન,
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫ ૦૦૩,

કેસની ટુંકી વિગત

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાશી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનીધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૧૪-૬-૯૦ના રોજ સાહેલી પ્રિન્ટર્સ પ્રા. લી. માં કામ કરતા કામદારોને સને-૧૯૮૯ ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ નોટીસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ' માં આપી હતી, બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતા ઉપરોક્ત ઝગડાનો રીપોર્ટ ફોર્મ 'એન' માં ૨૫-૬-૧૯૯૦ ના રોજ સમાધાનકારશ્રી, બી. આઈ. આર. એક્ટ. (ગુજરાત રાજ્ય) ૪થો માળે, એ. બ્લોક. સરકારી મકાન, નાનપુરા સુરતને મોકલી આપવામાં આવ્યો હતો, તેને જરૂરી તપાસ બાદ તા. ૨૬-૬-૧૯૯૦ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો, ત્યારબાદ ઉપરોક્ત કેસની ચર્ચા વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૬-૭-૧૯૯૦ થી તા. ૧૭-૮-૧૯૯૦ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજરોજ બી. આઈ. આર. એક્ટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેક્ટરીમાં સને ૧૯૮૯ ના વરસમાં કામ કરતા તમામ કામદારોને સદરહુ હિસાબી વરસ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ-પચાસ) ટકા લેખે ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

INDEX

(૨) ફેક્ટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વરસનું બોનસ તા. ૫-૧૦-૧૯૯૦ ના રોજ અગર તો તે પહેલાં ચુકવવામાં આવશે.

(૩) ફેક્ટરીમાં સદરહુ હીસાબી વરસમાં જે કામદારની હાજરી ૩૦ દિવસ કરતા ઓછી હશે, તેવા કામદારો કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહી.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોએ પ્રતિનિધી યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત, મારફતે અરજી કરેથી અરજી ફેક્ટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહીનામાં બોનસ આપવામાં આવશે.

સમાધાનકાર
બી. આઈ. આર. એક્ટ
સુરત

સુરત — મંત્રી
તા. ૧૭-૮-૯૦ — ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
તા. ૮-૮-૯૧ — મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ — અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૮૭૭ આરયુ અને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ગુજરાત બેંક વર્કસ યુનિયન, નડીઆદ અને ધી આણંદ પીપલ્સ કો. ઓ. બેંક લી, આણંદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૨ માં ઓગષ્ટ માસમાં ૯મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ.સી) નં. ૯૯/૮૯.

ગુજરાત બેન્ક વર્કસ યુનિયન. નડીઆદ. પ્રથમ પક્ષકાર.

અને

ધી આણંદ પીપલ્સ કો. ઓ. બેન્ક લી. બીજા પક્ષકાર
આણંદ.

યુનિયનની માંગણી બેન્કમાં કામ કરતા કર્મચારીઓને પગાર, મોંઘવારી ભથ્થુ, આ ભથ્થા, દૈનિક ભથ્થુ, ઘરભાડુ, તબીબી ભથ્થુ વિગેરે આપવા બાબત.

ઉદ્યોગ-બેન્કીંગ

ચુકાદો

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર બેન્કમાં કામ કરતા કર્મચારીઓને પગાર, મોંઘવારીભથ્થુ, આય તથા દૈનિક ભથ્થુ ઘરભાડુ, તબીબી ભથ્થુ વિ. આપવા બાબતમાં યુનિયને બેન્કને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૪૦ નુ સમાધાન પુરસીસ રજુ કરેલ છે જેમાંની સમાધાનની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

૩. પક્ષકારોએ આંક ૪ ના સમાધાન પુરસીસની શરતો મુકવા વર્તવું. આંક ૪૦ ના સમાધાનની એક નકલ આ ચુકાદા સાથે રાખવી. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદના ઔદ્યોગિક અદાલત સમક્ષ, અમદાવાદ.

રેફરન્સ આઈ.સી. ૯૯/૮૯,

(શ્રી વી. એચ. ઠાકોર સાહેબની કોર્ટમાં)

પ્રથમ પક્ષકાર : ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન, નડીઆદ.

વિરૂદ્ધ

બીજા પક્ષકાર : ધી આણંદ પીપલ્સ કો. ઓ. બેન્ક લી. આણંદ.

વિષય/બી. આઈ. આર. એકટ મુજબ કેસ નં. ૯૯/૮૯ એવોર્ડ

એવોર્ડ કરવા ન બાબત.

સવિનય સહ ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં :આપ નામદાર સાહેબની કોર્ટમાં આણંદ પીપલ્સ કો. ઓ. બેન્ક લી. આણંદ તા. આણંદ જી. ખેડાના કર્મચારીઓની માંગણીઓ બાબતે ગુજરાત બેંક વર્કસ યુનીયને કેસ નં. ૯૯/૮૯ થી દાખલ કરેલ તે બાબતે યુનીયન સાથે સમાધાન થયેલ છે. જેની નકલોમાં બેન્કના ચેરમેનશ્રી એ અને યુનીયનના હોદ્દેદારી સહી-સિક્કા તારીખ ૧૯-૬-૯૧ ના રોજ કરેલ છે. સદર સમાધાન અમો બંને પક્ષકારો જોઈન્ટ પુર્સીસથી આપ સાહેબ સમક્ષ રજુ કરીએ છીએ. તો તેને એવોર્ડના રૂપમાં આપવા વિનંતી છે.

આણંદ.
તારીખ ૧૯-૬-૧૯૯૧

જોઈન્ટ સેક્રેટરી,	ચેરમેન-મેનેજીંગ ડીરેકટર,
ગુજરાત બેંક વર્કર્સ યુનિયન,	આણંદ પીપલ્સ કો. ઓ. બેંક
નડીઆદ.	આણંદ

ધી આણંદ પીપલ્સ કો-ઓ. બેન્ક લી. આણંદ અને ગુજરાત બેંક વર્કસ યુનિયન વચ્ચે થએલ સમાધાનની શરતો :-

સમાધાન ની શરતો :-

ધી આણંદ પીપલ્સ કો. ઓ. બેંક લી. આણંદ (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ "બેંક" તરીકે રાખવામાં આવશે), અને ગુજરાત બેંક વર્કસ યુનીયન (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ "યુનિયન" તરીકે કરવામાં આવશે.)

એમ બંને પક્ષકારો વચ્ચે થયેલી સમજુતિ પ્રમાણે નીચે મુજબ સમાધાન કરવામાં આવશે.

(૧) અ. આ બેંક ના કર્મચારીઓના પગાર ધોરણો નીચે પ્રમાણે રહેશે.
કક્ષા નં.-૧-(અ) મેનેજર-જનરલ મેનેજર.

૧-આસી. મેનેજર, એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર

બેંકની બોર્ડ નક્કી કરશે.

કક્ષા નં.-૨ સીનીયર ઓફીસર

૪૦૦-૨૦-૫૦૦-૨૫-૬૨૫-૩૦-૭૭૫-૩૫-૯૫૦

કક્ષા નં.-૩-જુનીયર ઓફીસર.

૨૭૫-૧૨-૩૩૫-૧૫-૪૧૦-૨૦-૫૧૦-૨૫-૬૩૫-૩૦-૭૮૫.

કક્ષા નં.-૪૮નોન સબોર્ડીનેટ સ્ટાફ.

૨૧૦-૧૦-૨૬૦-૧૫-૩૩૫-૨૦-૪૩૫-૨૫-૫૬૦-૩૦-૭૫૦

કક્ષા નં.-૫સબોર્ડીનેટ સ્ટાફ.

૧૨૫-૬-૧૫૫-૮-૧૯૫-૧૦-૨૪૫-૧૨-૩૦૫-૧૫-૩

(ખ) વાર્ષિક ઈન્ક્રીમેન્ટ : કર્મચારીની કાયમી થયાની તારીખને ધ્યાનમાં રાખી વાર્ષિક ઈન્ક્રીમેન્ટ આપવામાં આવશે.

(ક) શૈક્ષણિક લાયકાત માટે પોઈન્ટ-ટુ-પોઈન્ટ ફીટમેન્ટ, પુરસ્કાર બાબત. કર્મચારીની ભરતી વખતે શૈક્ષણિક લાયકાત તથા અન્ય લાયકાત તેમજ અનુભવ ધ્યાનમાં લઈ ભરતી કરવામાં આવે છે.

1. એલ. ડી સી. અથવા સી. એ. આઈ. આઈ. બી. પાર્ટ ૧ પાસ ૧ પુરસ્કાર.

2. સ્નાતક : અનુસ્નાતક : સી. એ. આઈ. (બાઇ. બી. પાર્ટ-૨ પાસ પુરસ્કાર.

3. જી. ડી. સી. એન. એ. અથવા એસ. ટી. સી. પૈકી ગમે તે એક અથવા વધુ લાયકાત માટે ૨ પુરસ્કાર.

   તમામ શૈક્ષણિક લાયકાત માટે વધુમાં વધુ-૨ પુરસ્કાર "ઈજાફા" આપવામાં આવશે.

(૩) ખાસ ભથ્થા-

નીચેના હોદ્દાનું કામ કરનાર કર્મચારીઓને જે તે હોદ્દાની કામગીરી માટે તેની સામે જણાવ્યા મુજબ માસીક ખાસ ભથ્થાં આપવામાં આવશે.

૧. કેશીયર (ઓફીસર)	રૂા. ૨૫-
૨. કેશીયર	રૂા. ૧૫-
૩. ટાઈપીસ્ટ ફુલ ટાઈમ	રૂા. ૧૦-
૪. ક્લીયરીંગ કલાર્ક	રૂા. ૧૦-
૫. કેસ પ્યુન	રૂા. ૫-

ઉપરના ખાસ ભથ્થા બેઝીક પગારનો ભાગ ગણવામાં આવશે. જે મોંઘવારી ભથ્થું મેળવવા પાત્ર ગણાશે, ખાસ ભથ્થા મેળવતો કર્મચારી છ દિવસ સુધી રજા ઉપર હોય ત્યાં સુધી ભથ્થું મેળવતુ રહેશે અને તેના જગ્યાએ ઓછામાં ઓછા સાત દિવસ કામ કરનારને કામના દિવસોના પ્રમાણમાં ભથ્થું આપવામાં આવશે. પરંતુ ભથ્થાવાળી જગ્યાએ કામ ચલાઉ કામગીરી કરનાર રજા ઉપર જશે તો તેને રજાના સમયનું ભથ્થું મળશે નહી.

Memorandum of settlement dated 19th June, 1991 between the Management of The Anand peoples Co-operative Bank Ltd., Anand and their workmen as represented by the gujarat Bank workers Union.

Preamble :

1. The Union is in full agreement that no efforts should be spared by the employees to ensure efficient., Courteous and speedy customer services in banking and also to carry out all other work of superintendence over loans and advancess accounts and recovery of all types of finance. It is also agreed by the employee about the Union's intention to op-operate fully with the Management and there should not be any difficulty in attainidg perfection in the matter of control over the workforce and also regulation and distribution of work at all levels and at the branches andHead Office. The Union is also in agreement to have mutul understanding and respectwhich should prevail to avoid and to dispense with any difficiculties or such other's difficulties and that every body should have full day's work. The Union is also in agreement that every employees should carry out all instructions and orders of the higher and Controlling authorities for the smooth working of the Bank, i. e. its Head Office and Branches and no body should refuse to work in ady exiganoies that may arise.

The Anand Peoples Co-op, Bank Ltd.

ધી આણંદ પીપલ્સ કો-ઓ. બેન્ક લી. આણંદ અને ગુજરાત બેંક વર્કસ યુનિયન વચ્ચે થએલ સમાધાનની શરતો :-

સમાધાન ની શરતો :-

ધી આણંદ પીપલ્સ કો. ઓ. બેંક લી. આણંદ (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ "બેંક" તરીકે રાખવામાં આવશે), અને ગુજરાત બેંક વર્કસ યુનીયન (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ "યુનિયન" તરીકે કરવામાં આવશે.)

INDEX

એમ બંને પક્ષકારો વચ્ચે થયેલી સમજુતિ પ્રમાણે નીચે મુજબ સમાધાન કરવામાં આવશે.

(૧) અ. આ બેંક ના કર્મચારીઓના પગાર ધોરણો નીચે પ્રમાણે રહેશે.

કક્ષા નં.-૧-(અ) મેનેજર-જનરલ મેનેજર.

૧-આસી. મેનેજર, એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર

બેંકની બોર્ડ નક્કી કરશે.

કક્ષા નં.-૨ સીનીયર ઓફીસર

૪૦૦-૨૦-૫૦૦-૨૫-૬૨૫-૩૦-૭૭૫-૩૫-૯૫૦

કક્ષા નં.-૩-જુનીયર ઓફીસર.

૨૭૫-૧૨-૩૩૫-૧૫-૪૧૦-૨૦-૫૧૦-૨૫-૬૩૫-૩૦-૭૮૫.

કક્ષા નં.-૪૮નોન સબોડીંનેટ સ્ટાફ.

૨૧૦-૧૦-૨૬૦-૧૫-૩૩૫-૨૦-૪૩૫-૨૫-૫૬૦-૩૦-૭૫૦

કક્ષા નં.-૫સબોર્ડીનેટ સ્ટાફ.

૧૨૫-૬-૧૫૫-૮-૧૯૫-૧૦-૨૪૫-૧૨-૩૦૫-૧૫-૩૮૭.

(બ) વાર્ષિક ઈન્ક્રીમેન્ટ : કર્મચારીની કાયમી થયાની તારીખને ધ્યાનમાં રાખી વાર્ષિક ઈન્ક્રીમેન્ટ આપવામાં આવશે.

(ક) શૈક્ષણિક લાયકાત માટે પોઈન્ટ-ટુ-પોઈન્ટ ફીટમેન્ટ, પુરસ્કાર બાબત. કર્મચારીની ભરતી વખતે શૈક્ષણિક લાયકાત તથા અન્ય લાયકાત તેમજ અનુભવ ધ્યાનમાં લઈ ભરતી કરવામાં આવે છે.

૧. એલ. ડી. સી. અથવા સી. એ. આઈ. આઈ. બી. પાર્ટ ૧ પાસ ૧ પુરસ્કાર.

૨. સ્નાતક : અનુસ્નાતક : સી. એ. આઈ. આઈ. બી. પાર્ટ-૨ પાસ પુરસ્કાર.

ક. જી. ડી. સી. એન. એ. અથવા એસ. ટી. સી. પૈકી ગમે તે એક અથવા વધુ લાયકાત માટે ૨ પુરસ્કાર.

તમામ શૈક્ષણિક લાયકાત માટે વધુમાં વધુ–૨ પુરસ્કાર "ઈજાફા" આપવામાં આવશે.

(૩) ખાસ ભથ્થા–

નીચેના હોદ્દાનું કામ કરનાર કર્મચારીઓને જે તે હોદ્દાની કામગીરી માટે તેની સામે જણાવ્યા મુજબ માસીક ખાસ ભથ્થાં આપવામાં આવશે.

૧. કેશીયર (ઓફીસર)	રૂા. ૨૫–
૨. કેશીયર	રૂા. ૧૫–
૩. ટાઈપીસ્ટ ફુલ ટાઈમ	રૂા. ૧૦–
૪. કલીયરીંગ કલાર્ક	રૂા. ૧૦–
૫. કેસ પ્યુન	રૂા. ૫–

ઉપરના ખાસ ભથ્થા બેઝીક પગારનો ભાગ ગણવામાં આવશે. જે મોંઘવારી ભથ્થું મેળવવા પાત્ર ગણાશે, ખાસ ભથ્થા મેળવતો કર્મચારી છ દિવસ સુધી રજા ઉપર હોય ત્યાં સુધી ભથ્થું મેળવતુ રહેશે અને તેની જગ્યાએ ઓછામાં ઓછા સાત દિવસ કામ કરનારને કામના દિવસોના પ્રમાણમાં ભથ્થું આપવામાં આવશે. પરંતુ ભથ્થાવાળી જગ્યાએ કામ ચલાઉ કામગીરી કરનાર રજા ઉપર જશે તો તેને રજાના સમયનું ભથ્થું મળશે નહી.

(૪) મોંઘવારી ભથ્થાં –

(અ) દરેક કર્મચારી ને નીચેના ધોરણે મોંઘવારી ભથ્થું આપવામાં આવશે, જે અખીલ ભારતીય શ્રમજીવી ગ્રાહક ભાવાંક–૧૯૬૦ (૧૯૬૦–૧૦૦) નાં આંક સાથે જોડવામાં આવે છે.

(બ) કક્ષા અનુ નં. ૨ થી ૪ સુધીના કર્મચારીઓ માટે સરેરાસ દર ત્રણ માસે ૧૯૬૦–૧૦ ના ભાવાંક ઉપરાંત પ્રત્યેક ચાર આંક દીઠ ૩ % પ્રમાણે અને કક્ષા નંબર–૫ના કર્મચારીઓ માટે ૪ % પ્રમાણે કુલ પગાર તેમજ ખાસ ભથ્થાંઓ ઉપર મોંઘવારી આપવાની રહેશે.

INDEX

પરંતુ આ બેંક માટે વધુમાં વધુ મોંઘવારી માટેની ગુરૂત્તમ મર્યાદા બેઝીક પગારના કક્ષા નં.-૨ થી ૫ માટે ૭૦૦ નક્કી કરવામાં આવે છે. આ માટે ભારત સરકાર તરફથી પ્રસિદ્ધ થતાં "ઈન્ડીયન લેબર જનરલ અથવા ગેઝેટ ઓફ ઈન્ડીયા" માં ભાવાંક પ્રગટ થાય છે. તેને ગણત્રીમાં લેવામાં આવશે.

(૫) ઓફિશીયેટીંગ ભથ્થું -

કોઈપણ કર્મચારી ઉપલી કક્ષાના કર્મચારીની કામગીરી ૧૫ દિવસ કે તેથી વધુ સમય માટે કરવાના પ્રસંગે પોતાનામૂળ પગારના ૧૦ % લેખે ઓફીશીયેંટીંગ ભથ્થું મોંઘવારી રાહ આપવામાં આવશે.

(૬) દૈનીક ભથ્થું -

(અ) હેડકવાર્ટર (એટલે કે બેન્ક ના કાર્યક્ષેત્ર બહાર) બેંકની કામગીરી માટે જવાના પ્રસંગે મુસાફરી ખર્ચ ઉપરાન્ત નીચે જણાવ્યા પ્રમાણે જે તે કક્ષા માટે દૈનીક ભથ્થું આપવાનું રહેશે,

૧. જનરલ મેનેજર/મેનેજર	રૂા. ૩૦/-
૨. આસી. મેનેજર	રૂા. ૩૦/-
૩. ઓફીસર	રૂા. ૨૦/-
૪. કલાર્ક/કેશીયર	રૂા. ૧૫/-
૫. પ્યુન	રૂા. ૧૦/-

(બ) ઘરભાડું -

દરેક કર્મચારીને બેઝીક પગારના ૧૫% ટકાની રકમ માસીક ઘર ભાડા તરીકે આપવામાં આવશે. ઓછામાં ઓછું રૂા. ૪૦-ઘરભાડું આપવાનું રહેશે.

(૮) ઓવર ટાઈમ અને કામના કલાકો -

INDEX

(અ) દરેક કર્મચારીએ બેકીંગ કામ દરમ્યાન બેકીંગ કામના સમય સુધી બેન્કીંગ કામગીરી કરવાની રહેશે રીસેસ સિવાય.

(બ) દરેક કર્મચારીઓને આખા વર્ષની ઓવર ટાઇમમાં કરવામાં આવેલી કામગીરી તથા બંને કલોઝિંગ ની કામગીરી પેટે તેના ૧ (એક) પગાર મૂળ પગાર (બેઝીક) મોંઘવારી તેમજ ખાસ ભથ્થા સહીત જેટલી રકમ ઓવરટાઇમ કામ પેટે દર વર્ષે ચુકવવાની રહેશે.

(૯) નીભાવણી ભથ્થું -

જો કોઈપણ કર્મચારીને બેંક તરફની સસ્પેન્ડ કરવામાં આવે તેવા પ્રસંગે નીચેના ધોરણે હંગામી ભથ્થું આપવાનું રહેશે. પરંતુ કર્મચારીની કસુરથી ઈન્કવાયરી ૩૦ દિવસમાં કે તેથી વધુ લંબાય તેવા સંજોગોમાં નીભાવણી ભથ્થુ સંસ્થા બંધ કરશે.

(અ) પહેલા પંદર દિવસ માટે મૂળ પગારના તથા મોંઘવારી ભથ્થાના ૫૦% અને પુરેપુરું ઘરભાડું આપવામાં આવશે.

(બ) પંદર દિવસ કરતાં સસ્પેશન વધુ દિવસ લંબાય તો ૩૦ દિવસ સુધી મૂળ પગાર તથા મોંઘવારી ભથ્થાના ૭૫% અને ઘરભાડું પુરેપુરૂ આપવામાં આવશે.

(૧૦) ડ્રેસ ધોલાઈ -

ડ્રેસ પહેરવાનો ફરજીયાત રહેશે. કર્મચારીઓને ગણવેશ આપવામાં આવતો હોય તેને માસીક રૂા. ૧૫/-લેખે ધોલાઈ ખર્ચ આપવામાં આવશે

(૧૧) બીમારી ભથ્થું -

દરેક કર્મચારીને માસીક રૂા. ૫૦/-અંકે રૂપીયા પચાસ મેડીકલ એલાઉન્સ દર માસના પગાર પત્રકમાં ચુકવવામાં આવશે.

(૧૨) અજમાયશી તથા કાયમી -

અજમાયસી (પ્રોબેશન) પર લેવાયેલ કર્મચારીનો ૬ માસ સુધીનો

INDEX

અજમાયસી સમય પુરો થાય ત્યારે બેંકને જરૂર જણાય તો અજમાયસી સમયમાં ૩ માસનો વધારો કરી શકશે. અને આમ કુલ અજમાયસી સમય ૧૨ માસનો રાખવામાં આવશે. અને અજમાયસી સમય પુરો થાય તે પહેલાં નોકરીમાંથી છૂટો કરવામાં ન આવેલ હોય તો તે કર્મચારી આપો-આપ નોકરીમાંથી કાયમી થઈ ગયેલ ગણાશે.

(૧૩) તાલીમ :-

કોઈપણ પ્રકારની બેન્કીંગની કે સરકારી તાલીમ માટે બેન્ક સૌથી સીનીયર માણસને પસંદગી આપશે. તાલીમાર્થી કર્મચારીને તાલીમના સમય દરમ્યાન પુરો પગાર મોંઘવારી તેમજ ઘરભાડું મળશે. તાલીમાર્થી કર્મચારીને તાલીમના અનુસંધાનમાં પ્રેકટીકલ તાલીમ માટે બહાર જવું પડે તે બદલ તેને દૈનિક ભથ્થું આપવામાં આવશે. જો કોઈ કર્મચારી બઢતી અંગેની તાલીમ સ્વીકારવાની ના પાડે તો તેને ભવિષ્યમાં આવી તાલીમ માટેનો હક્ક રહેશે નહીં.

(૧૪) રજાઓ અને તે અંગેના નિયમો :-

(૧) હકકરજા :- દરેક કર્મચારીને તેના નોકરીના દર ૧ (એક) વર્ષે ૩૦ દિવસ લેખે હક્ક રજા મળશે. એવી ૯૦ દિવસથી વધુ રજા એકત્રીત કરી શકશે નહીં. હક્ક રજા ૯૦ દિવસ સુધી એકત્ર થઈ હોય ત્યારે કર્મચારી તેમાથી વધારાની રજાઓનો એટલો હિસ્સો રોકડમાં ફેરવી શકશે.

હક્કરજા માંગનાર કર્મચારીએ રજા શરૂ થવાની હોય તે પંદર (૧૫) દિવસ પહેલાં લેખીત માંગણી કરવાની રહેશે. તાકીદની જરૂરીયાત વખતે આ મુદતનો બાદ રહેશે નહી. જો રજા લેખીત મંજુર કરાયેલ ન હોય તે મંજુર ગણી ગણી શકાય નહી, બેન્કો જો કોઈપણ સંજોગામા રજા ના મંજુર કરે તો ના મંજુરીના કારણો કાયમી કર્મચારી જો માગે તો લેખીત આપવાની રહેશે. અને ના મંજુર કરેલ અગર ન ભોગવેલ રજાઓ ૯૦ દિવસની મર્યાદા સુધી એકત્ર કરી શકશે. અને તેથી વધારાની રજાઓ રોકડમાં ફેરવી શકશે.

(૨) માંદગીની રજા :- દરેક કર્મચારીને દર વર્ષે ૧૫ દિવસની માંદગીની રજા પુરા પગારે મળશે. જે એકત્રીત કરી શકશે. જો કોઈ કર્મચારી પાસે એકત્રીત

INDEX

રજા ન હોય તેને અસાધારણ સંજોગોમાં રજા જોઈતી હોય તો છ માસ સુધીની કપાતે પગારે રજા આપવાની રહેશે.

(૩) આકસ્મીક રજા : - દરેક કર્મચારીને વર્ષમાં ૧૫ દિવસની પુરા પગારે આકસ્મીક "કેજયુઅલ" રજા મળી શકશે. વર્ષના અંતે નહી વપરાયેલી આકસ્મીક રજાઓનું આપોઆપ રદ (લેપ્સ) થયેલી ગણાશે. આકસ્મિક રજાઓ એક સાથે ૪ દિવસથી વધુ મળી શકશે નહી. અનીવાર્ય સંજોગો સિવાય એક દિવસ અગાઉ રીપોર્ટ મુકવાનો રહેશે.

(૪) બીન પગારી રજાઓ : -

કર્મચારી પાસે કોઈપણ પ્રકારની રજા જમા ન હોય ત્યારે માત્ર માંદગી માટે બીન પગારી રજા મળી શકશે. તેવી રજા નોકરી દરમ્યાન ૬ મહીનાથી વધુ મળી શકશે નહી.

(૫) દર વર્ષે જુન માસના અંતે દરેક પ્રકારની રજાઓ કર્મચારીના રજાના

ખાતામાં સર્વીસ બુકના ખાતામાં જમા કરવામાં આવશે. તેની જાણ કર્મચારીને કરવામાં આવશે.

(૬) કર્મચારી નિવૃત્ત વયે રીટાયર્ડ થાય તેવા પ્રસંગે તેના ખાતે જમા રહેલી તમામ પ્રકારની રજાઓના પગાર એન કેસ કરી આપવાની રહેશે. અથવા છૂટા થતાં પહેલાં રજા ભોગવવી પડશે

(૧૫) અગ્રતાક્રમ (સીનીયોરીટી લીસ્ટ) : -

બેન્ક તરફથી દરેક કક્ષા માટે કક્ષાવાર અગ્રતાક્રમ યાદી દર વર્ષે જુન માસમાં તૈયાર કરવામાં આવશે. અગ્રતાક્રમ કાયમી થયા તારીખથી ગણાશે. અગ્રતાક્રમ માટે નીચે જણાવ્યા પ્રમાણે ગુણાંક પદ્ધતિનો અમલ કરવાનો રહેશે.

૧.	પહેલા ૧૦ વર્ષની નોકરી માટે દર વર્ષ માટે	૧ ગુણ
૨.	દશ વર્ષની ઉપરાન્તના નોકરી માટે એક વર્ષ માટે	૨ ગુણ (બે)
૩.	એલ. ડી. સી. સી. એ. આઈ. બી. ભાગ. ૧ માટે	૧ ગુણ

INDEX

૪. સ્નાતક એચ. ડી. સી. જી. ડી. સી. એન્ડ. એ. સી. આઈ. બી.પાર્ટ-૨ માટે

૨ ગુણ

૫. ડબલ ગ્રેજ્યુએટ–અનુસ્નાતક સાથે જી. ડી. ડી. સી. એન્ડ એ અથવા એચ. ડી. સી. અથવા સી. એ. આઈ. આઈ. બી. પાર્ટ-૨ પ્રમાણે

૩ ગુણ

નોંધ :- બઢતી પામેલ કર્મચારી નવી કક્ષામાં જ્યારથી બઢતી મેળવે ત્યારથી તે કક્ષામાં તેની અગ્રતા શરૂ થશે.

(૧૬) પ્રોવીડન્ડ ફંડ :—

પ્રોવીડન્ડફંડમાં કર્મચારીનો ફાળો તેના કુલ પગારના ૧૦% રહેશે. અને બેન્ક પણ એટલો જ ફાળો ઉમેરશે પ્રોવીડન્ડ ફંડ અંગેના જરૂરી નિયમો પ્રોવીડન્ડ ફંડ એકટ તથા ઈન્કમટેક્ષ એકટ હેઠળ બેન્કે બનાવેલ છે. જે પ્રોવીડન્ડફંડ કમીશ્નરશ્રીએ જરૂરી મંજુરી આપેલી છે.

(૧૭) ગ્રેજ્યુઈટી યોજના :-

બેન્કના કર્મચારીઓને ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એકટ હેઠળ ગ્રેજ્યુઈટી ચુકવી આપવામાં આવશે. તે અંગે જરૂરી વ્યવસ્થા બેન્ક કરશે.

એલ આઈ સી.ની ગ્રેજ્યુઈટી વીમાની યોજના જે હાલ અમલમાં છે તે ચાલુ રાખવા બેન્ક સંમત થાય છે.

નોંધ : જો કોઈ કર્મચારીને હિસાબમાગોટાળો યા ઉચાપત માટે બરતરફ કરવામાં આવે તો તે કર્મચારીના આવા કૃત્યથી જે નુકશાન થયું હોય તે રકમ બાદ કરીને ગ્રેજ્યુઈટી ચુકવવામાં આવશે.

(૧૮) નિવૃત્તિ વય મર્યાદા :-

નિવૃત્તિ વય મર્યાદા ૫૮ વર્ષની રહેશે. ત્યાર બાદ વધો વર્ષ બેન્કના નિયુક્ત ડોક્ટરના તબીબી અભિપ્રાય મુજબ વર્ષોવર્ષ એડહોક ધોરણે કર્મચારીને ૬૦

INDEX

વર્ષની વય મર્યાદા સુધી નોકરીમાં રાખવામાં આવશે ૨૦ વર્ષની નોકરી કર્યા બાદ કર્મચારી સ્વેચ્છાએ નિવૃત્તિ થઈ શકશે.

(૧૯) બઢતી અંગેની નીતિ :-

૧. ઉપલી કોઈપણ કક્ષામાં જગ્યા ખાલી પડે અથવા નવી જગ્યા ઉભી કરવામાં આવે ત્યારે તેવી કક્ષાથી તાત્કાલીક ઉતરતી કક્ષામાં જે કર્મચારી અગ્રતા ક્રમમાં અગ્ર હશે તેમજ કાર્યક્ષમતા હશે તેને બઢતી આપવામાં આવશે. પરંતુ એક સરખી દાખલ તારીખ ધરાવતી એક અગર વધુ વ્યક્તિઓ બઢતી મેળવવા પાત્ર હોય તેવા સંજોગોમાં લેખીત કસોટી દ્વારા કોને બઢતી આપવી તે બેન્ક નકકી કરશે. તે અંગે બેન્કનો નિર્ણય આખરી ગણાશે.

૨. બઢતી આપતી વખતે કર્મચારીની ઉપલી કક્ષામાં પગાર નકકી કરવા માટે તેના મૂળપગાર/ખાસભથ્થું મળતું હોય તો તે મેળવી જે રકમ આવે તે ઉપલી કક્ષામાં જે તબકકે બંધ બેસતી હોય ત્યાં ગોઠવી જો રકમ બરાબર બંધ બેસતી હોય તો તે પછીના તબકકામાં ગોઠવી અને ત્યારબાદ બઢતીના બે ઈજાફા ઉમેરવામાં આવશે. આ રીતે નકકી થતો પગાર બઢતી બાદનો પગાર ગણાશે.

(૩) બઢતીની તારીખથી ત્રણ માસ સુધી બઢતી પામેલ કર્મચારી બઢતીની જગ્યાએ અજમાયશી તરીકે રહેશે. આ સમય પુરો થાય તે પહેલા કર્મચારી પોતાની મુળ જગ્યાએ જવા લેખીત ઇચ્છા વ્યક્ત કરેતો તેને મુળ સ્થાને મુકી આપશે. તેમજ આ સમય દરમ્યાન બઢતી પામેલ કર્મચારીનું કામ બેંકને સંતોષકારક ન લાગે તો બેન્ક પણ આવા કર્મચારીને સમય મર્યાદા પુરી થતાં પહેલા મૂળ સ્થાને લાવી શકશે અને આવી ખાલી પડેલ જગ્યા પુરવાનો નિર્ણય બેન્કની બોર્ડ લઈ શકશે.

(૪) જો કોઈ કર્મચારીની બઢતી સ્વીકારે નહીં તો તેવા કર્મચારી બઢતી માટેનો પોતાનો અધિકાર ભવિષ્ય માટે ગુમાવશે.

(૨૦) ડ્રેસ : બેન્કની હાલની પ્રથા ચાલુ રહેશે.

(૨૧) આ સમાધાન દ્વારા કોઈપણ કર્મચારીને કોઈપણ બાબતમાં અવળી અસર થતી હોય અથવા નુકશાન થતું હોય તેવા સંજોગોમાં અગાઉ મળતી

INDEX

સવલત આપવા આ સમાધાનના માળખામાં રહી બોર્ડ નક્કી કરશે.

નોંધ : એરીયર્સની ગણત્રીમાં બેંકે સ્વૈચ્છિક આપેલ લાભો ગણત્રીમાં લેવામાં આવશે.

(૨૨) આ સમાધાન તા. ૧-૭-૮૮થી અમલમાં આવશે અને તેનો અમલ પાંચ વર્ષ સુધી રહેશે. એટલે કે તેનો અમલ તારીખ ૩૦-૬-૯૩ સુધી રહેશે.

(૨૩) સમાધાનની અમલ દરમ્યાન બેન્કને સીધી અગર આડકતરી રીતે આર્થિક બોજો પડે તેવી માંગણી યુનીયન અથવા કર્મચારીઓ તરફથી રજુ કરવામાં આવશે નહી. તેમજ આ સમાધાનનાં અમલ દરમ્યાન બી. આઈ. આર. એકટની વિરુદ્ધ કોઈપણ કાર્યવાહી કરશે નહી તેમજ સ્ટેડીંગ ઓર્ડર્સનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ સમાધાનમાં બેન્ક શબ્દ વપરાયેલ ત્યાં બેન્ક એટલે બેન્કનું સંચાલક મંડળ તેમ સમજવું.

સ્થળ : આણંદ.

તારીખ : ૧૯-૬-૯૧

ચેરમેન,	જોઈન્ટ સેક્રેટરી,
ધી આણંદ પીપલ્સ કો. ઓ. બેંક લી.	ગુજરાત બેન્ક વર્કર્સ યુનીયન.
આણંદ.	

સાક્ષી;-

મેનેજર,	ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી,
ધી આણંદ પીપલ્સ કો.ઓ.બેન્ક લી.આણંદ.	ગુજરાત બેન્ક વર્કર્સ યુનીયન.

સહી	સહી
ની. ન. પટેલ	(વી. એચ. ઠાકોર)
રજીસ્ટ્રાર.	સભ્ય,
અમદાવાદ.	ઔદ્યોગિક અદાલત,
તા. ૨૬-૬-૧૯૯૧	અમદાવાદ.

INDEX

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ
ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ યુનિયન કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ તેમજ હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનીધીત્વ ધરાવતું અને માન્ય મંડળ છે,

INDEX

છે, તેના મંત્રીઓએ તા. ૧૭-૭-૯૧ના રોજ શ્રી ગણેશ ડાઈંગ, અને પ્રિન્ટીંગ મીલ્સમાં કામ કરતા તમામ કામદારોને અને ૧૯૯૦-૯૧ ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ, નોટીસ ઓફ ચેઈન્જ ફોર્મ "એલ"માં આપી હતી. બંને પક્ષકારો વચ્ચે સમાધાન થતા ઉપરોક્ત ઝગડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા. ૨૬-૭-૧૯૯૧ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર. એકટ બહુમાળી મકાન, ૪થે માળે .એ. બ્લોક નાનપુરા સુરતને મોકલી આપવામાં આવ્યો હતો, તેને જરૂરી તપાસ બાદ તા. ૭-૮-૧૯૯૧ના રોજ નોંધણી રજીસ્ટ્રારમાં નોંધવામાં આવ્યો હતો, ત્યારબાદ ઉપરોક્ત કેસની ચર્ચા-વિચારણા કરતાં બન્ને પક્ષકારોને તા. ૨૬-૮-૧૯૯૧ થી તા. ૨૮-૧૦-૧૯૯૧ ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજરોજ બંને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એકટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેકટરીમાં અને ૧૯૯૦-૯૧ના વરસમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હીસાબી વરસ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજા સહિતની વરસની કુલ કમાણીના ૮-૫૦, (આઠ પચાસ) ટકા લેખે ફેકટરીના મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૨) ફેકટરીમાં કામ કરતા તમામ કામદાર કર્મચારીઓને અને ૧૯૮૯ના વર્ષનું બોનસ તા. ૩૦-૧૦-૧૯૯૧ ના રોજ અગર તો તે પહેલાં મેનેજમેન્ટ ચુકવશે.

(૩) ફેકટરીમાં અને ૧૯૮૯ના વરસમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા માટે હકકદાર ગણાશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હકકદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયને ધો

INDEX

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ વર્કસ શમજીત્રી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે મરજી કરેલી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

તા. ૨૮-૧૦-૧૯૯૧
સુરત

મંત્રી

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ યુનિયન

સમાધાનકાર
બી. આઈ. આર. એક્ટ
સુરત.

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૨-૧૨-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમના અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/બ/શમક ૨૮૧૮૧ આર.યુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮(૧) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૪ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું લામા પ્રિન્ટર્સ સુરત અને ધી ડાઈંગ, બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કર્સ યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એચ. ડી. ગામીત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ ના ડીસેમ્બર માસના ૧૨મા દિને આથી નોંધ કરું છું.

INDEX

બોનસ સને ૧૯૯૦-૯૧

બી. આઈ. આર. એક્ટ કેસ નં. ૩૪-૯૧

સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ

પક્ષકારોના નામ

શ્રી નિરંજનભાઈ રણછોડદાસ ચાદડીવાલા

લામા પ્રિન્ટર્સ — માલિકના પ્રતિનિધિ

કે. જી. આઈ ડી. સી. પાંડેસરા સુરત

શ્રી નૈષધભાઈ ભુપતરાય દેસાઈ — કામદારોના પ્રતિનિધિ

મંત્રીશ્રી ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ

વર્કર્સ યુનિયન,

શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫૦૦૩

કેસની ટુંકી વિગત

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ યુનિયન સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ જે તેના મંત્રીશ્રીએ તા. ૧૭-૭-૯૧ના રોજ લામા પ્રિન્ટર્સમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૯૦-૯૧ ના વર્ષનું બોનસ આપવા માટેની નોટિસ, નોટિસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ'માં આપી હતી, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા. ૨૬-૭-૧૯૯૧ ના રોજ સમાધાનકારશ્રીએ બી. આઈ. આર એક્ટ બહુમાળી મકાન ૪ થો માળ એ બ્લોક નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો. તેને જરુરી તપાસ બાદ તા. ૭-૮-૧૯૯૧ના રોજ નોંધની રજીસ્ટ્રરમાં નોંધવામાં આવ્યો હતો ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બંને પક્ષકારોને તા. ૨૭-૮-૧૯૯૧ થી તા. ૩૦-૧૦-૧૯૯૧ના રોજ સુધી બોલાવવા આવ્યા હતા. જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઇ. આર. એકટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

INDEX

સમાધાનની શરતો.

(૧) ફેક્ટરીમાં સને ૧૯૯૦-૯૧ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૨) ફેક્ટરીમાં કામ કરતા તમામ કામદારોને સદરહુ હિસાબી વરસનું બોનસ તા. ૩૦-૧૦-૧૯૯૧ ના રોજ અગર તો તે પહેલા ચુકવવામાં આવશે.

(૩) ફેક્ટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હકદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે. પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં છુટા થયેલા હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેક્ટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

તા. ૩૦-૦૧-૯૧

સુરત

સમાધાનકાર

બી. આઈ. આર. એક્ટ

સુરત

મંત્રી

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ.૬

તા. ૧૨-૧૨-૯૧

અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ક/ખ/શ્રમક/૨૮૧૩૬ આથી-સને ૧૯૪ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ- ૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ઝેનીથ પ્રોસેસીંગ મિલ્સ સુરત અને ધી ડાઈંગ, બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કર્સ યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકારશ્રી એસ. આર. બોડાત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૧ ના ડીસેમ્બર માસના ૯ મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૯૦-૯૧

બી. આઈ. આર. એક્ટ કેસ નં. ૧૪૭-૧૯૯૧

સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ

પક્ષકારોના નામ

શ્રી

ઝેનીથ પ્રોસેસીંગ મિલ્સ

ઠે. વસ્તાદેવડી રોડ સુરત

માલિકના પ્રતિનિધિ

INDEX

શ્રી નૈષધભાઈ ભુપતરાય દેસાઈ કામદારોના પ્રતિનિધી

મંત્રી, ધી ડાઈંગ બ્લીચિંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન,
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫૦૦૩

કેશની ટુંકી વિગત

શ્રી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતુ અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રી એ તા. ૨૬-૭-૧૯૯૧ના રોજ ઝેનીથ પ્રોસેસીંગ મિલ્સ માં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૯૦-૯૧ના વર્ષનું બોનસ આપવા માટેની નોટિસ, નોટિસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ' માં આપી હતી, બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતા ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન' માં તા. ૨૬-૭-૧૯૯૧ ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર. એક્ટ બહુમાળી મકાન ૪ થો માળ એ બ્લોક નાનપુરા સુરતને મોકલી આપવામાં આવ્યો હતો તેને જરૂરી તપાસ બાદ તા. ૭-૮-૧૯૯૧ ના રોજ નોંધની રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો ત્યારબાદ ઉપરોકત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારો તા. ૨૯-૮-૧૯૯૧ થી તા ૨૫-૧૦-૧૯૯૧ ના રોજ સુધી બોલાવવા આવ્યા હતાં, જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેક્ટરીમાં સને ૧૯૯૦-૯૧ ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા, ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ ચૂકવશે.

(૨) ફેક્ટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૩૦-૧૦-૧૯૯૧ રોજ અગર તો તે પહેલા ચૂકવવામાં આવશે.

(૩) ફેક્ટરીમાં અદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારોને હકકદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

સમાધાનકાર

બી. આઈ. આર એકટ

સુરત

સુરત

તા. ૨૫-૧૦-૯૧

મંત્રી

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન

સહી/

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૯-૧૨-૧૯૯૧

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔધોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક-૬/ખ/શ્રમક/૨૮૧૮૯ આરયુ-સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮(૧) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ- (ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું કવોલીટી સીલ્ક ઈન્ડસ્ટ્રીઝ સુરત અને ધી ડાઈંગ બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત/ વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એચ. ડી. ગામીત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૧ ના ડીસેમ્બર માસના ૧૨મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૯૦-૯૧

બી. આઈ. આર. એકટ કેસ નં. ૬૩-૧૯૯૧

સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ,

પક્ષકારોના નામ

શ્રી

કવોલીટી સીલ્ક મિલ્સ, માલિકના પ્રતિનીધી
હે. રોડનં ૩ ઉધના ઉધોગનગર સુરત

શ્રી, નૈષધભાઈ ભુપતરાય દેસાઇ કામદારોના પ્રતિનીધિ

મંત્રી, ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન,
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫ ૦૦૩,

કેસની ટુંકી વિગત

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાશી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનીધિત્વ ધરાવતું અને માન્ય મંડળ

INDEX

છે, તેના મંત્રીશ્રીએ તા. ૧૭-૭-૯૧ ના રોજ ફ્વોલીટી ચીલ્ક મિલ્સ માં કામ કરતા કામદારોને સને-૧૯૯૦-૯૧ ના વરસનું બોનસ આપવા માટેની નોટીસ નોટીસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ' માં આપી હતી, બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતા ઉપરોક્ત ઝગડાનો રીપોર્ટ ફોર્મ 'એન' માં ૨૬-૭-૧૯૯૧ ના રોજ સમાધાનકારશ્રી, બી. આઈ. આર. એક્ટ, (ગુજરાત રાજ્ય) ૪થો માળે, એ. બ્લોક. સરકારી મકાન, નાનપુરા સુરતને મોકલી આપવામાં આવ્યો હતો, તેને જરૂરી તપાસ બાદ તા. ૭-૮-૧૯૯૧ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો, ત્યારબાદ ઉપરોક્ત કેસની ચર્ચા વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૨૮-૮-૧૯૯૧ થી તા. ૨-૧૧-૧૯૯૧ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજરોજ બી. આઇ. આર. એક્ટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેક્ટરીમાં સને ૧૯૯૦-૯૧ ના વરસમાં કામ કરતા તમામ કામદારોને સદરહુ હિસાબી વરસ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ-પચાસ) ટકા લેખે ફેક્ટરી મેનેજમેન્ટ બોનશ ચુકવશે.

(૨) ફેક્ટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વરસનું બોનસ તા. ૪-૧૧-૧૯૯૧ ના રોજ અગર તો તે પહેલાં ચુકવવામાં આવશે.

(૩) ફેક્ટરીમાં સદરહુ હીસાબી વરસમાં જે કામદારની હાજરી ૩૦ દિવસ કરતા ઓછી હશે, તેવા કામદારો કાયદા મુજબ બોનસ મેળવવા હક્કદાર રહેશે નહી.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી બેનીફીટ્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

INDEX

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર ઠરે પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોએ પ્રતિનિધી યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત, મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહીનામાં બોનસ આપવામાં આવશે.

સમાધાનકાર
બી. આઈ. આર. એક્ટ
સુરત

સુરત
તા. ૨-૧૧-૯૧

મંત્રી
ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક દ્વારા
મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૨-૧૨-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક પ્રથમક ૨૭૯૩૭ આરયુ સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪/૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું ઇલેકટ્રીસીટી મજદુર સભા, અમદાવાદ અને અમદાવાદ ઇલેકટ્રીસીટી કંપની લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૭મા દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી વિ.ટી. પરીખ, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ.સી.) નં. ૨૦૧/૮૭

ઇલેકટ્રીસીટી મજદુર સભા, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અમદાવાદ ઇલેકટ્રીસીટી કંપની લી., અમદાવાદ. ...દ્વિતીય પક્ષકાર

કંપનીમાં કામ કરતા તમામ કામદારોના પગાર ધોરણ મોંઘવારી બઢતી અંગેના નિયમો, બદલાવ વગેરેમાં ફેરફાર કરવા વગેરે અંગે.

ચુકાદો ભાગ-૩

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર યુનિયને, કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના તા. ૧-૯-૮૭ના રોજ દ્વિતીય પક્ષકાર કંપનીને આપેલી જે અંગે બંને પક્ષકારો વચ્ચે સમાધાનકાર કોઈ સમાધાનકાર કોઈ સમાધાન કરાવી શકેલા નહિ જેથી પ્રથમ પક્ષકાર યુનિયને નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ દાખલ કરેલો છે

INDEX

૨. આ રેફરન્સમાં ચાલુ કામે બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૨૭ની પુરસીસથી સમાધાનની શરતો રજૂ કરીને જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે આ રેફરન્સમાં તે શરતો મુજબ સમાધાન થયેલ હોવાથી તે પ્રમાણે એવોર્ડ કરવા વિનંતી છે. સદરહુ સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષમાં લેતાં વિ.ટી. મને વ્યાજબી જણાય છે અને તે મુજબ એવોર્ડ કરવાથી ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તેમ લાગે છે. પરિણામે આ રેફરન્સમાં તે મુજબ નીચે પ્રમાણેનો એવોર્ડ કરવામાં આવે છે.

હુકમ

૩. આ રેફરન્સમાં કરેલી માંગણીઓ અંગે બંને પક્ષકારોએ આંક-૨૭ની આ ચુકાદાનો એક ભાગ તરીકે ગણવાનો રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

Before The Hon'ble Industrial Court at Ahmedabad

Reference (IC) No, 201 of 1987

Between

Electricity Mazdoor Sabha — First party
Divetia Blocks
Raikhad
Ahmedabad.

And

The Ahmedabad Electricity Co. Ltd. — Second party
Electricity House
Lal Darwaja

Reference u-s 73-A of the
Bombay Industrial Relations Act, 1946.
In the matter of revision of pay Scales,
Dearness Allowance, House Rent Allowance,

INDEX

The above named first and Second parties most respectfully submit as under :

1. The Second party (hereinafter called the Company) is an undertaking under the Bombay Industrial Relations Act and is the employer of the employeess engaged by it.

2. The First party (hereinafter called the Union) is the Representative Union recognised under the Bombay Industrial Relations Act and is representing the employees engaged by the Comyany and as such both the parties are entitled to submit this joint statement.

3. The payscales, Dearness Allowance, Special Duty allowance, other matters etc. of the employees of the Company were last fixed as per the Supplementary award No. 50 of 1985 given by the Industrial Court on a Joint petition made by both the parties. According to the said award, the pay scales, allowances, othdr matters etc. of the employees of the Company were to remain in force from 1-10-1984 to 30-9-1988. However, after the expiry of one year, the First party had terminated the said award by its notice dated 29-11-1986 under section 116)3) read with rule 74 of the B. I. R. Act and the rule framed thereunder. A copy of the said notice was also sent to the concerned authority. The said award had thus come to an and after expiry of 2 months from the date of the said notice However, as no new award or settlement was arrived at between the parties, the Second Party had continued to make payment of wages etc. to the employees as per the above referred last Supplementary Award.

4. Thereafter the First Party (Union) gave a notice of change under section 42 (2) of the Bombay Industrial Relations act dated 1-9-1987, in form 'L' with an Annexure containing their demands regaading revison of pay scales, Dearness allowance, etc. As the matter was not settled the union

INDEX

had given a notice in form 'N' dated 15-9-1987 to the Conciliator ahmedabad and a copy of the same was given to the opponent Company. The Conciliator had called both the parties for settlement as per the notice of change given by the applicant union. However, no settlement could be arrived at and therefore, a failure certificate was given on 19-10-1987 to the applicant union. On the basis of the said failure certificate the First party (Union) filed the above reference before the Hon'ble Industrial Court on 19-11-1987 for its demand regarding the pay scales, Dearness allowance and other allowances, etc. The said reference, it was decided to mutually negotiate some demands within 6 months. Out of these pending demands, both the parties after a series of meetings have now come to an amicable settlement regarding the demands mentioned in annexure 'A' attached herewith.

Annexure 'A' The parties submit the various demands made by the union and the matter raised by the Management and the settlement arrived at there on has been mentioned in annexure 'a' attached to this application. The said annexure 'a' will form a part of the award that will be made in this application.

The parties state and agree that the above settlement remains in force for a period from 1-10-1988 to 30-9-1992, and therefore, request Hon'ble Court that the award in terms of the above settlement may be please in this reference.
Place-Ahmedabad. Date-29-8-1991

For The ahmedabad Etectricity Co. Ltd.

For Electricity Mazdoor Sabha.

(S. B. Joshi)	(Suresh B, Patel)
General Manager (Personnel & I. R.)	General Secretary
Company's advocate	Union's advocate

INDEX

Memorandum Of Settlement

Between

The Ahmedabad Electricity Company Limited

and

Eleetricity Mazdoor Sabha

As per the payscale settlement dated 9-8-1990, it was decided to mutually negotia some pending demands within six montht. The settlement which will take piace will be treated as part of the above settlement. Out of pending demands, at present, following demands are mutually negotiated and settlad.

1. Demand No. 22 : Education Assistance
2. Demand No. 24.2 : Gratuity
3. Demand No. 25 : Medical benefits
4. Accumulation of Privtlege Leave
5. Demann No. 21. 3 : Reimbursement of Electricity Bill to Union.

INDEX

ands	Sr. No. Settlement
: Education Assistance	Education Assistance
will be eligible for educa- as follows : yees whose children are stu- -primary, Secondary, Higher Colleges and in other educa- vocational training institution paid education assistance per rate prescribed below :	(1) Education Assistance will be paid at the following revised rates effective from the education year 1989-90 which was payable in July-1990.
r preprimary Rs. 225-per term per dependant For primary Upto seventh std. Rs. 300- ( ) High school 8th to 10th Std. Rs. 450 ( ) Higher Secondary 11th & 12th Std. Rs. 500- ( )	1, Employees whose basic 100% of the tuition and salary does not exceed Rs. 1405- p.m. Subject to a minimum of Rs. 85-per child. 2. Employees whose basic 100% of the tuition and salary does not exceed laboratory fees paid Rs. 1409- p. m. subject to a minimum of Rs. 85-per child. 2. Employees whose basic 85% of the tuition and salary is between laboratory fees paid Rs. 1406-& Rs. 2520-subject to a minimum of p.m. Rs. 85-per child. 3. Employees whose basic 60% of the tuition and salary exceeds laboratory fees paid Rs. 2520-p.m. subject to a minimum of Rs. 85-per child.

INDEX

Sr. No. Charter of Demand

3. For college-Institution

A. Certificate course	Rs. 550-par term per dependant
B. Graduation	Rs. 600- ( )
C. Diploma	Rs. 650- ( )
D. Post (Double) Graduation	Rs. 700- ( )
E. Degree and other equivalent course	Rs. 800

(2) If any depenbant of an employee residing in the hostel-boarking etc. shall be paid Rs. 200 per month per dependant.

(3) A scoeme for providing suitable scholarship and other incentives to the dependant of the employees shall be framed in consultation with the union with a view to enable them for higher studies, in India or abroad,

Sr. No. Charter of Demands

(2) All other conditions will continue as at present, including settled general demand No. 1 of settlement dated 9-8-1990.

(3) The arrears shall be paid within 2 months f om the date of signing of this settlement to concerned employees.

INDEX

Sr. No.	Charter of demands	Sr. No.	Settlement
2.	Demand No. 24. 2 : Gratuity The employees shall be paid gratuity at the rate of one months salary (Rasic+d.a) last drawn by the employee for every completed year of service without any ceiling.		Gratuity (I) Gratuity will be payable to all employees as per the Gratuity Act or as per Company's Sceeme as mentioned below whichever is beneficial to the employees. (a) 15 days salary (Basic+d. .a) for every completed year of service rubject to the maximum of 20 months salary (Basic+d.a) last drawn. (15 days salary is calculated on the basis of 26 working dayst. OR (b) One month's basic salary for every completed year of service subject to a maximvm of 20 months basic salary. 1. Employee who has completed less than 5 years of service no gratuity to be paid. 2. Employee who has completed 5 years of service but less than 10 years, 1-3rd gratuity to be paid. 3. Employees who has completed 10 years of service but less than 15 years, 2-3rd gratuity to be paid.

INDEX

Sr. No.	Charter of Demands	Sr. No.	Settlement
		4.	Employee who has completed more than 15 years of service full gratuity to be paid.
		5.	Whiie clculating the amount of gratuity, the above clauses No. 1 to 3 shall not apply to the employees who either die due to any reason while in service or retire due to physical incapacitation.
		(2)	The gratuity thus payable will be subject to the following maximum limits. 1. From 1-10-90 upto 30-9-91 -Rs. 75,000- 2. From 1-10-91 upto 30-9-92-Rs. 1,00,000 3. From 1-10-92 onwards -Rs. 1,34,000
		(3)	All the provisions of Income-tax Act and rules from time to time in force shall be applicable to the payment made to the employees towards gratuity under this settlement.
		(4)	Settled general demand No. 1 of settlement dated 9-8-1990 will be applicable to this settlement.

Sr. No.	Charter of Demands	Sr. No.	Settlement
		(5)	The arrears shall be paid within 2 months from the date of signing of this settlement to concerned employees.
		(6)	2% percent o the contribution towards Union's Special Fund shall be deducted from the differential amount (i. e. the difference between the payment made under the revised scheme of this settlement) paid to the concerned employees from time to time and such amount shall be sent to the union within. 7 days.
3.	Demand No. 25 : Medical Benefits The employees who are not eligible for E. S. I. benefits will be paid medical benefits will be paid medical benefits per year as under : Benefit to employee, wife. dependant, unmarried children upto the age of 21 years. Handicapped brother/sister, widow sister and dependant parents as follows :		Medical Benefits :
		(1)	Medical reimbursement will now be made at the following rates :

Length of service	Reimbursement as % of actual cost	Maximum reimbursement
Upto 1 yr.	Nil	Nil
Uyto 5 yrs.	70%	Rs. 1700-during a block period of 3 years
Upto 10 yrs.	93%	Rs. 2000-dnring a block period of 3 years
above 10 yrs.	100%	Rs. 3100-during a block period of 3 years

INDEX

Sr. No.	Charter of Demands	Sr. No.	Settlement
		(2)	Employees who have already exhausted partly or fully the limits of medical reimbursement as per the old limits (during the current block i. e. 1989/92) will now be eligible for claiming further reimbursement, within the revised limit as applicable to them.
		(3)	All other conditions will continue as at present, including settled general demand No. 1 of settlement dated 9-8-1990.
		(4)	Existing dispensary facilities and benefit of special cases for reimbursement will continue as at present.
4.	Accumulation of Privilege Leave	4.	Accumulation of Privilege Leave : The present policy of accumulation of Privilege Leave shall be enhanced from 42 & 60 days respectively to 240 days uniformly to all categories of employees. The above settlement will from a part of Standing Orders and will be incorperated in the Standing Orders aro finalised.

Sr. No.	Charter of Demands	Sr. No.	Settlement
5.	Demand No. 21. 3: Reimbursement of Electricity Bill to Union		Reimbursement of Electricity Bill to Union
	The anion shouid be provided free Electricity on Service No. 224912 at its registered office at Divetia Blocks, Raikhad, Ahmedabad.		The union shall be reimbursed 75% of the amount of the actual electricity bill for their office premises at Agrawal Centre, Income-tax, Ashram Road, Ahmedabad.

For The Ahmedabad Electricity Co. Ltd.

(1) (J. J. Rana)
General Manager (Administration)

(2) (S. B. Joshi)
General Manager (Personnel & I. R)

Witness

(U. H. Bhatt)

Place : Ahmedabad.

Date : 07th August, 1991.

For Electricity Mazdoor Sabha

(A. P. Solanki)
President

(Suresh B. Patcl)
General Secretary

Witness

(Norbert Fernandiz)

INDEX

સહી

(વિ. ટી. પરીખ)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર

અમદાવાદ.

તા. ૩૦-૮-૯૧.

અમદાવાદ

તા. ૭-૯-૯૧

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૯૪૮ આરયુ-સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ટેક્ષટાઈલ લેબર એશોસીએશન અમદાવાદ અને ધી અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલી નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૭મા દિને આથી નોંધ કરૂ છું.

In the Industrial, Court, Gujarat

Before Shri H. D. Pendye. President

Misc. Application (IC) No. 11 of 1991

In

Reference (IC) Nos. 28/1977 as

amended from time to time

INDEX

Between

The Textile Labour Association Amhedabad — First Party

And

The Ahmedabad Textile Mills. Association
Ahmedabad & Others — Second Party

In the metter of modification of the awards made in Ref. (IC) No. 28 of 1977, amended from time to time,

Industry : Cotton Textile.

SUPPLEMENTARY AWARD

This is a joint application u/s. 116A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the award made in Reference (IC) Nos. 28 of 1977, amended time from it to time Textile Labour and the Ahmedabad Textiles mills Association Ahmedabad requesting to make an award in terms of the settlement antually arrived at between the parties as embodied in the Joint application. The application has been signed by the competans persons and I find the teres of the settlement to be fair and reasonable and in the interest of the workers and industrial peace. I, therefore, take the joint application on record at ex. 1 and make this Supplemantary award in terms of Ex. 1 which is ennexed bereto and marked Annexure 'A'.

Sd./
N. N. Patel
Registra
dt 10th July, 1991.
Ahmedabad.

Sd./
H. D. Pandyr
Prasident

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૭-૯-૯૧

INDEX

સન ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૮૨૨૨ આર.યુ સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી અને આપવામાં આવેલી સત્તાની રૂઈએ હું અસારવા મીલ્સ, અમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતિ અવનીબેન શાહની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ ના ડીસેમ્બર માસના ૧૨ મા દિને, આથી નોંધ કરું છું.

સમાધાનકાર શ્રીમંતી અવનીબેન શાહ સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

કેસ નં. બી. (આર. સી) ૨૦/૧૯૯૧

પક્ષકારોના નામ

મેનેજર શ્રી શ્રી સાગરમલ આર. શર્મા અસારવા મીલ્સ અમદાવાદ	માલિકોના પ્રતિનિધિ
શ્રી વિજયભાઈ હડીચોલ મંત્રીવતી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન ગાંધી મજૂર સેવાલય ભદ્ર, અમદાવાદ	કામદારોના પ્રતિનિધિ

કેસની ટૂંકી વિગત

તા. ૯-૧-૯૧ના રોજ ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમૂના "કે"માં સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારના પ્રતિનિધિત્વ [illegible]

INDEX

હાલમાં ચાલતા કાર્ડોમાં ૧ ટેક્ષમેકોનું કાર્ડ નવું ચલાવવા ને ટેન્ટરોની વહેંચણીમાં યોગ્ય ને જરૂરી ફેરફાર કરવા માગે છે તે અંગેની માંગણી કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહિ થઈ શકવાથી સદરહુ સદરહુ સંસ્થાએ તા. ૨૩-૧-૯૧ના રોજ સમાધાનકારને નમૂના "એન"માં અહેવાલ મોકલી આપ્યો હતો જે તા. ૫-૨-૯૧ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તારીખ ૧૧-૨-૯૧ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો, સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતોવખત બન્ને પક્ષકારોની સંમતિથી મુલતવી રાખવામાં આવી હતી તે તારીખ ૨૧-૨-૯૧ થી તા. ૧૫-૧૨-૧૯૯૧ સુધી ચાલી હતી જેમાં છેલ્લી જણાવેલ તારીખે બંને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપનીમાં હાલમાં કાર્ડ ખાતામાં નીચે મુજબનું કાયમી સંખ્યાબળ છે.

હોદ્દો	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
કાર્ડ ટેન્ટર	૦૫	૦૫	૦૫	૧૫
લેપ ફોર્મર	૦૨	૦૨	૦૨	૦૬
ઝાડુવાળા	૦૨	૦૨	૦૨	૦૬
સ્ટ્રીપર	૦૧	—	—	૦૧
	૧૦	૦૯	૦૯	૨૮

(૨) મીલ્સ કંપનીમાં નવું ટેક્ષમેકોનું કાર્ડ આવેલ છે, અને ભવિષ્યમાં બીજા આવવાની સંભાવના છે, જેથી કામગીરીની વહેંચણીમા ઉપર મુજબનું સંખ્યાબળ રાખીને નીચે મુજબ કરવામાં આવશે.

ઉપરોક્ત કાર્ડ ટેન્ટર પૈકી એક ટેન્ટર છે જે ટેક્ષમેકોના પાંચ કાર્ડ ચલાવે

કાર્ડ ચલાવશે અને આજ ટાઇપના એલ. આર.ના જો બીજા કાર્ડ આકરો તો તે સહિત વધુમાં વધુ ૮ કાર્ડ ચલાવશે. તેઓને પાંચ કાર્ડ સુધી રૂ. ૩૩૪/- એઝીકમાં આપવામાં આવશે જ્યારે તેનાથી જેટલા વધુ કાર્ડ હાઈસ્પીડના (એલ. આર. અને ટેક્ષમેકોના) ચલાવશે, તેના કાર્ડદીઠ રૂ. ૧૨/- એઝીકમાં (૨૬ દિવસના માસિક) વધારી આપવામાં આવશે, અને આ કાર્ડની સ્પીડ ૪૦ આર. પી. એમ.ની રહેશે.

તેવી જ રીતે જે ટેન્ટરો હાલમાં એમ એમ. સી. પ્લાટ્ટ વિગેરેના કાર્ડ ૧૧ ચલાવે છે તે હવે પછી ૧૨ ચલાવશે અને તેઓને ૧૬ કાર્ડ સુધીના ચલાવવાના રહેશે. તેથી તેઓને ૧૧ થી ૧૬ કાર્ડ સુધી રૂ. ૩૩૪/- એઝીકમાં આપવામાં આવશે, પરંતુ જો ૧૬થી વધુ કાર્ડ ચલાવવાના થશે તો કાર્ડદીઠ દૈનિક ૦-૨૧ ન. પૈ એઝીકમાં આપી તેના પર તમામ લાભો આપશે. આમ થવાથી બીજા ટેન્ટરો કે જેઓ ૧૩ અને ૧૪ કાર્ડ ચલાવે છે તેઓને પણ ૧૬ કાર્ડ સુધીનો પગાર રૂ. ૩૩૪ એઝીક (૨૬ દિવસનો માસિક) આપવામાં આવશે. અને આ કાર્ડની સ્પીડ ૧૮થી ૨૦ આર. પી. એમ. સુધીની રહેશે. ૧૬ થી વધુ કાર્ડ ચલાવશે તો ઉપર મુજબનો શ્રમબોજ આપવામાં આવશે, તથા હાલમાં ખાતામાં જે કામગીરી બજાવે છે તે આ કામ ઉપરાંત બજાવવાની ચાલુ રાખશે એમ બંને પક્ષકારો સ્વીકારે છે.

(૩) આ કાર્ડ ચલાવવાથી લેપ ફોમરના શ્રમબોજમાં થોડો ઘણો વધારો થાય છે તેમજ ઝાડુવાળાનો શ્રમબોજ પણ વધે છે. આથી બન્ને અને દૈનિક રૂ. ૦-૨૫ ન. પૈ. એઝીકમાં ગણી ચૂકવી આપશે તેઓની શ્રમબોજની માગણી રહેતી નથી એમ બન્નેય પક્ષકારો સ્વીકારે છે. તથા ઉપરોક્ત કલમ (૨) (૩)માં જણાવેલ શ્રમબોજનો વધારો આ કરારના અમલથી અમલમાં આવ્યો ગણાશે તેમ સ્વીકારે છે.

(૪) આ સમાધાનના અમલ કે અર્થઘટનમાં જો કોઈ મતભેદ પડશે તો તેનો નિકાલ બન્ને પક્ષકારો ભેગા મળીને કરશે જે લાગતા વળગતા તમામને બંધનકર્તા રહેશે.

(૫) આ સમાધાન થવાથી આ અંગેના અગાઉના કરાર, સમાધાન કે એવોર્ડમાં તેટલા અંશે આપોઆપ સુધારો થયેલો ગણવામાં આવશે એમ બન્નેય પક્ષકારો સ્વીકારે છે.

INDEX

આ સમાધાનનો અમલ તા. ૧-૪-૧૯૯૧ થી કરવામાં આવશે

મેનેજર

અસારવા મીલ્સ લી.

અમદાવાદ

તા. ૧૫-૧૧-૧૯૯૧ મંત્રીવતી

સમાધાનકાર ટેક્ષટાઈલ લેબર એસોસીએશન

સહી

શ્રીમતી અવનીબેન શાહ

સમાધાનકાર

મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬

અમદાવાદ.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

તા. ૧૨-૧૨-૧૯૯૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : દ/ખ/શમક/૨૭૯૧૭ આરયુ સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ. હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને મોનોગ્રામ મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સને ૧૯૯૧માં સપ્ટેમ્બર માસના ૬મા દીને આથી નોંધ કરુ છું.

In The Industrial Court At Ahmedabad.

(Shri H. R. Kamodia, Member)

Ref. (IC) No. 6 of 1990.

Textile Labour Association, Ahmedabad. First party,

versus

Monogram Mills, Ahmedabad. Second party.

In the matter of notice of change dt. 25.7.89 made in Form K for installing and running one barbarcalman warping machine in the preparatorp section of weaving department of the mills co. etc.

ORDER

The above-named first party has moved this Industrial Court for rejection of the demend made by the second party in its notice of change dtd. 25.7.89 in Form for installing and running one barbar calman warping machine in its preparatory section of weaving department etc.

2. Notices were issued and in response to the the same the second party has submitted a purshis Ex. 7 declaring that it does not press for the demand contained in its notice of change

INDEX

and so this reference will not survive as it is made presuant to its said notice of change. Because of this purshis Ex. 7, the first party has by its purshis Ex. 8 declared that it withdraws the reference and as prayed to pass an appropriate order. Hence as desired by the parties the following order is passed.

ORDER

The present reference stands disposed as being withdrawn by the first party as per its purshis Ex. 8 with no order as to cost.

Registrar,
Ahmedabad, August, 1991.

(H. R. Kamodia)
Member,
Industrial Court,
Ahmedabad.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૬-૯-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/અ/શમક/૨૭૯૧૬ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક :ગુજરાતઃ નિયમોના નિયમ ૧૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને રાયપુર મેન્યુ. કું. લી., અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૬ઠ્ઠા દિને આથી નોંધ કરું છું.

In The Industrial Court At Ahmedabad.

(Shri H. R. Kamodia, Member)

Ref. (IC) No. 87 of 1991.

Textile Labour Association, First party.
Ahmedabad.

versus.

The Raipur Mfg. Co. Ltd., Second party.
Ahmedabad.

Appearances : Shri Ravjibhai P. Patel, for the second party.

ORDER

This reference is made to this Court by the frist party a registered union under section 23(1) (5) of the B. I. R. Act, 1946. It apyears that the first party had given a notice of change in Form L on 3-12-1990 requesting the second party to keep timing from 11 am to 6 pm instead of from 10-30 am to 6 pm. including receas for clerks mentioned in schedule attached to the said notice of change. As no amicable settlement was arrived at between the parties and as conciliation proceedings had ended in a failure the first party has made this reference.

2. The second party has declared by a purshis Ex. 4 that it has settled this matter with the first party as per the settlement whis is produced and marked as Annexure-A. There fore having regard to that annexure the first party has subwitted a purshis Ex. 5 stating that the matter has been settled in accordance with that annexture and so it let requested this Court to permit it to withdraw this reference. I am satisfied from the papers on the record that the matter is amicably settled between the parties and so there is no legal objection ax if the first party is permitted to withdrow this reference as per its desire expressed in purshis Ex. 5 So I pass the following order

INDEX

As per the desire expressed by the first party in its purshis Ex. 5 It is permitted to withdraw the referenee and so this reference will stand disposed of with no order as to cost.

sd. N. N. Patel
Registarar
Ahmedabad, 26th July 91.

sd. H. R. Kamodia
Member
Industrial Court,
Ahmedabad

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૬-૯-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક બ/શમક/૨૭૯૨૨ આર.યુ -સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪:૨: અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી અને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ધી અમદાવાદ મેન્યુ એન્ડ કેલીકો પ્રા અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૬ઠા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ

શ્રી બી એમ. ભટ્ટ સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈ.સી) નં. ૩૩૩/૮૨

મજુર મહાજન સંઘ અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી અમદાવાદ મેન્યુ એન્ડ કેલીકો પ્રા કેલીકો અમદાવાદ. ...બીજા પક્ષકાર

મીલ કંપનીના સ્ટેમ્પીંગ ખાતામાં રેગ્ઝ એન્ડ ફેન્ટસ વિભાગના ૧૪ કામદાર ભાઈઓને કટલુકરનો હોદ્દો આપી સેમી કલાર્કના તમામ લાભ આપવા અંગે...

પ્રથમ પક્ષકાર તરફે શ્રી જોષી

બીજા પક્ષકાર તરફે શ્રી મીનાબેન શાહ

ચુકાદો

૧. મજુર મહાજન સંઘ કે જેને હવે પછીથી "યુનિયન" તરીકે સંબોધવામાં આવશે. તેમણે ઔદ્યોગિક સંબંધક એકટની કલમ ૭૩(એ) હેઠળ (કે જેને હવે પછીથી 'એકટ' તરીકે સંબોધવામાં આવશે) હાલનો રેફરન્સ અમદાવાદ મેન્યુ. એન્ડ કેલીકો પ્રા કં. લી. (કેલીકો મીલ) અમદાવાદ કે જેને હવે પછીથી "કંપની" તરીકે સંબોધવામાં આવશે તેની વિરૂદ્ધ ફોર્મ 'એલ' હેઠળ કલમ-૪૨(૨) નીચે ફેરફારની નોટીસ આવી એવા મતલબનો કરેલ છે કે, મીલ કંપનીના સ્ટેમ્પીંગ ખાતામાં રેગ્ઝ અને ફેન્ટસ વિભાગમાં પરિશિષ્ટમાં જણાવેલ ૧૪ કામદારો કટલુકરની ફરજો બજાવતાં રહેલા છે. કટલુકરને મજુર મહાજન સંઘ અને મીલમાલિક મંડળ વચ્ચે થયેલ કરાર મુજબ સેમીકલાર્કનો પગાર આપવામાં આવે છે અને હાલનાં ૧૪ કામદારોને તેઓ તે પ્રકારનું કામ કરતાં હોવા છતાં પણ સેમી કલાર્કનો પગાર ન આપી ગેરવ્યાજબી કૃત્ય કરેલ છે. તેથી યુનિયને પરિશિષ્ટમાં જણાવેલ ૧૪ કામદારોને સેમી કલાર્કનો હોદ્દો આપી તે હેદ્દાનો પગાર, મોંઘવારી ભથ્થું તથા તમામ લાભ તા. ૧-૧-૮૧થી ચુકવી આપવાની માંગણી કરેલ છે સદરહુ માંગણી સમાધાનકાર રૂબરૂ સમાધાન ન થતાં તેમણે તા. ૨૭-૮-૮૨નુ નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપેલ છે અને તેથી હાલનો વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

૨. યુનિયને આંક-૬થી તેમનું માંગણીનું નિવેદન રજુ કરેલ છે

૩. મીલ તરફથી આંક ૭નો લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે અને તેમાં જણાવ્યા પ્રમાણે કાપડ ખાતામાં ફોલ્ડરોએ કપડું જોઈને તેમાં જે નુકશાન છે તે નક્કી કરવાનું હોય છે અને ત્યાર પછી સારા અને નુકશાનીવાળા કાપડના તાકા બનાવવાના હોય છે અને તે પ્રમાણે મીલના કહેવા મુજબ નુકશાનીને લગતી જે કામગીરી કરવાની છે તે મુખ્યત્વે ફોલ્ડરની કામગીરી બ્લીચડ ફોલ્ડીંગ ડીપાર્ટમેન્ટ કરે છે અને તે સંજોગોમાં તેમને સેમી કલાર્કનો ગ્રેડ આપવામાં આવે છે. મીલના જણાવ્યા મુજબ જે કામદારો તેની ફરજના કલાકોના ૧/૪ સમય માટે લખવાનું, કોપી કરવાનું અને ગણત્રી કરવાનું કામ કરે તો જ તેઓને સેમી કલાર્ક તરીકે ગણી શકાય. મીલના કથન મુજબ જે ૧૪ કામદારોએ ફેરફારની નોટીસ આપેલ છે તેઓ સેમી કલાર્કની વ્યાખ્યામાં પડતા નથી અને તેઓ તેમની ફરજના કલાકોના ૧/૪ સમય માટે લખવાનુ, કોપી કરવાનું અગર તો ગણત્રી કરવાનું કામ કરતાં નથી. તે સંજોગોમાં તેમને સેમી કલાર્કનો હોદ્દો અને સ્કેલ મળી શકે નહીં અને તેથી માંગણી વજુદ વગરની અને ગેરવ્યાજબી હોવાથી રદ કરવાને પાત્ર થાય છે.

૪. યુનિયન તરફે કાંતીલાલ જેસંગભાઈ સોલંકીને આંક-૧૭થી તપાસેલ છે. અને સોમાભાઈ દરબારસીંહ પરમારને આંક-૧૮થી તપાસેલ છે અને મીલ તરફે શ્રી એન એસ.પટેલને આંક-૨૮થી તપાસેલ છે અને તેમણે આંક-૩૦થી ફેન્ટ રેગ્ઝ વિભાગમાં જે પ્રક્રિયા થાય છે અને જે ફરજો છે તે રજૂ કરેલ છે.

૫. કાંતીલાલના કહેવા પ્રમાણે તેઓ ફેન્ટસ રેગ્ઝનું કામ કરે છે. જે માલ આવે તેવાં ત્રણ વિભાગ કરીને ફેન્ટસ કાઢવાનું, રેગ્ઝ કાઢવાનું અને ડાઘી કાઢવાનું કામકાજ કરવામાં આવે છે. જુદા જુદા કાપડની કેટેગરી પાડવાની હોય છે અને તેના બંડલો તૈયાર કરી તેની ઉપર લખવાનું હોય છે તેમના જણાવ્યા પ્રમાણે આ લખવાનું કામ લગભગ એક કલાક જેટલું થાય છે અને તે કટલુકરને મળતું આવે છે. કટલુકરને સેમી કલાર્કનો પગાર મળે છે. જ્યારે તેમને કુલીનો પગાર મળે છે. ઉલટતપાસમાં તેમણે એટલી હકીકત જણાવેલ છે કે, ફોલ્ડીંગ ખાતામાંથી જે કાપડ આવે તેનું શોર્ટીંગ કરી નુકશાની હોય તેવાં નાનામોટા ટુકડા કાપવાના હોય છે અને કાપ્યા પછી તેને વાળવાના હોય છે અને તેનું વજન કરવાનું હોતું નથી અગર તો ગાંસડી કાઢનારને હેલ્પર તરીકે પણ મદદ કરવાની હોતી નથી. અને તે કામ તેઓએ આખો દિવસ કરવાનું હોય છે યુનિયનના ...

INDEX

સાહેદ સોમાભાઈ એવી હકીકત જણાવે છે કે, કેટેગરીવાઈઝ કાપડના બંડલો બનાવ્યા પછી વિગતો લખવાની હોય છે અને આવાં રોજના આઠ થી દસ બંડલો થાય છે અને લખવાની કામગીરી બે કલાક ચાલે છે અને ૧૪ કામદારો પૈકી નં. ૨ પુરુસોત્તમ નં.૪ લવજીભાઈ નં. ૬ યાકુબભાઈ નોકરી છોડી ચાલ્યા ગયા છે. અને ૧૦ માણસો બાકી રહે છે. તે બધાના કામનો પ્રકાર એકસરખો છે. તેમના કહેવા પ્રમાણે તેમનું કામ કાપડ કાપવાનુ છે અને કપાઈ ગયા પછી વાળવાનું કામ બે ફોલ્ડર કરે છે. વાળવાનું કામ તેઓ કરતાં નથી અને બંડલ પર કાપવાવાળાનું નામ અને કાપડની જાતનું નામ લખવામાં આવે છે. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ લખતાં પાંચથી સાત સેકન્ડ થાય. તેમના કહેવા મુજબ પાંચથી દસ મીનીટ થાય. મીલના સાહેદ શ્રી.એન.એસ. પટેલ એવી હકીકત જણાવે છે કે, ફેરફારની નોટીસના પરિશિષ્ટમાં જણાવેલ ૧૪ કામદારો તેમના હાથ નીચે સ્ટેમ્પીંગ ખાતામાં કામ કરતા હતા અને આ તમામ કામદારોની ફરજો જુદા જુદા પ્રકારની છે. કાપડ ખાતામાં મુખ્ય બે વિભાગ છે. એક ફોલ્ડીંગ અને બીજો સ્ટેમ્પીંગ તેમના કહેવા પ્રમાણે કામદારોએ જે કામગીરી કરવાની હોય છે તે આંક-૩૦માં જણાવ્યા પ્રમાણેની છે. તેમના કહેવા પ્રમાણે ફોલ્ડીંગ વિભાગમાં પ્રોસેસીંગમાંથી આવતા કાપડમાં ટેબલ ફોલ્ડર નુકશાન ચેક કરીને સારા અને નુકશાનો કાપડનાતાકા બનાવે છે અને દરેક તાકા ઉપર શોર્ટ નંબર અને મીટર લખે છે. સારા સેકન્ડઝના તાકા બનાવ્યા પછી જે ફેન્ટસ અને રેગ્ઝ પડે તેના 'અ' અને 'બ' ભાગ થઈ જાય. સારા કકડા પર ટેબલ ફોલ્ડર શોર્ટ નંબર અને મીટર લખે છે અને વધારે નુકશાનીના કકડાઓને ફોલ્ડર કાપતા નથી. પરંતુ, આ પ્રકારનું કાપડ સળંગ કાપીને તેના પર શોર્ટનંબર અને મીટર લખે છે. અને રેકર્ડ બુકમાં નોંધે છે. તેથી આ લોકોને સેમી કલાર્કનો પગાર મળે છે અને તેમના હાથમાંથી પસાર થાય પછી કકડાઓને સ્ટેમ્પીંગ વિભાગમાં ફેન્ટસ અને રેગ્ઝ સેકશનમાં લઈ જવામાં આવે છે. અને ફેન્ટસ અને રેગ્ઝ ખાતામાં આંક-૩૦માં જણાવ્યા પ્રમાણે કારીગરો જુદી જુદી કામગીરી કરે છે અને આઠથી દસ બંડલો બનાવવામાં આવે છે અને તેમાં ફક્ત બંડલ દીઠ એક વકત શોર્ટ નંબર અને વાળનારનું નામ, કાપનારનું નામ, ફેન્ટસ હોય તો ૨, રેગ્ઝ હોય તો ૧ છેડો લખવાનું હોય છે. ફક્ત આટલું જ લખવાનું હોય છે અને આટલું લખવા માટે આઠથી દસ બંડલો ઉપર અઢીથી ત્રણ મીનીટનો સમય લાગે છે. આટલું લખવાની કામગીરી ફક્ત અઢીથી ત્રણ મીનીટ થાય છે. જે સિવાય કોઈપણ

INDEX

જગ્યાએ લખવાની કામગીરી આવતી નથી. ઉલટતપાસમાં પણ એજ હકીકત જણાવેલ છે કે, જે બંડલો બનાવવામાં આવે છે તેની ઉપર નોંધ કરવાની હોય છે.

૬. યુનિયનના વિદ્વાન વકીલ શ્રી જોષીએ દલીલોમાં જણાવેલ છે કે. આંક -૧૭ અને આંક-૧૮ થી તપાસેલ કામદારો સ્પષ્ટપણે જણાવે છે કે, તેમને લખવાની કામગીરી કરવાની હોય છે અને તેમની કામગીરી કટલુકરને મળતી હોય છે અને કટલુકરને સેમી કલાર્કનો પગાર અંગે છે. તેથી આ કામદારોને પણ સેમી કલાર્કનો પગાર આપવો જોઈએ અને તેમની માંગણી વ્યાજબી છે અને તે મુજબ હુકમ કરવો જોઈએ. મીલ તરફેણ વિદ્વાન એડવોકેટ કુ મીનાબેન શાહે દલીલો કરતાં જણાવેલ કે, આંક-૩૦ પ્રમાણે જોતાં સમગ્ર માત્ર અઢીથી ત્રણ મિનિટ લખવાની કામગીરી મારે લાગે છે અને તે કામદારના ફરજના કલાકોના ૧/૪ સમયમર્યાદા પૂરતું નથી. ને સંજોગોમાં માંગણી વજુદ વગરની હોઈ સદર રેફરન્સ રદ કરવા વિનંતી કરે છે.

૭. પડેલા પુરાવાની ચકાસણી કરતાં એ હકીકત બહુ સ્પષ્ટ બને છે કે. ફેરફારની નોટીસ આપનાર આપનાર કામદારો સ્ટેમ્પીંગ ખાતામાં કામ કરે છે. યુનિયન એ હકીકત સાબિત કરી સકેલ નથી કે, આ કામદારોની કામગીરી કટલુકરની કામગીને મળતી આવે છે અગર તો બધાંજ કામદારો કટલુકરનું કામ કરે છે. એ હકીકત બહુ સ્પષ્ટ છે કે. જુદી જુદી કેટેગરીના કાપડને રેગ્ઝ, ફેન્ટસ અને વધારે સરૂં એ બધી કેટેગરીવાઈઝ બંડલો બનાવવાના હોય છે અને બંડલ બનાવ્યા પછી તેની ઉપર નોંધ કરવાની હોય છે. સોમાભાઈની જુબાની પ્રમાણે રોજના આઠથી દસ બંડલ થાય, જે હકીકત દરેક બંડલ ઉપર લખવાની છે તે ફકત એટલી જ લખવાની છે કે કાપવા વાળાનું નામ, વાળાનું નામ સોર્ટ નંબર કાન્તીલાલ અને સોમાભાઇ બંને એવી હકીકત જણાવે છે કે, આ લખવામાં કાન્તીલાલને એક કલાક થાય. જ્યારે સોમાભાઈની જુબાની પ્રમાણે તેમને બે કલાક થાય. જ્યારે હકીકતે મીલના સાહેદ બહુ સ્પષ્ટપણે જણાવે છે કે. સ્ટેમ્પીંગ ખાતામાં કામ કરતાં કામદારોએ જે ફરજો બજાવવાની છે તે આંક-૩૦ મુજબ બજાવવાની છે. આંક-૩૦માં જે હકીકત જણાવી છે તે બાબતે યુનિયનનો કોઈ જાતનો વાંધો નથી અગર તો કોઈ વાંધો લીધો નથી. હવે આંક-૩૦ની ચકાસણી કરીએ તો તેમાં પણ જણાવેલ છે કે, રોજના આવાં આઠથી દસ બંડલો થાય અને તેમાં દરેક બંડલ ઉપર ફકત એક જ વખત વાળવા વાળાનું

નામ, કામવાળાનું નામ, શોર્ટ નંબર લખે છે અને ફ્રેન્ટલ હોય તો (૨) રેગ્યુ હોય તો (૧) અને છેડો લખવાનું હોય છે. આઠથી દસ બંડલ પર આટલી હકીકત લખવામાં એક કલાક અગર તો બે કલાક થાય તે હકીકત માનવા પાત્ર નથી અને કોઈપણ સંજોગોમાં બધાં જ બંડલો પર આટલી હકીકત લખવામાં પાંચથી દસ મીનટ કરતાં વધુ સમય જાય નહિ અને તે સંજોગો જોતાં જે કામદારો આ કામગીરી કરે છે તેઓ તેમના કલાકોના ૧/૪ સમય માટે લખવાની કોળી કરવાની અગર તો વજનની ગણત્રી કરવાનો કોઈ કામગીરી કરતા નથી. અને તે સંજોગોમાં તેમની કામગીરી કટલુકરની કામગીરીને મળતી આવે છે તેવું ગણી શકાય નહીં અને તેમને સેમી કલાર્કનો હોદ્દો અને સ્કેલ આપી શકાય નહીં અને તે હકીકત સાબિત કરવામાં યુનિયન નિષ્ફળ નીવડયું છે અને તેથી સદરહું રેફરન્સ રદ થવા પાત્ર છે અને તેથી અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૮. સદરહુ રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી	સહી
વી. ન પટેલ	બી. એચ ભટ્ટ
રજિસ્ટ્રાર, અમદાવાદ	સભ્ય
તારીખ ૩૧-૭-૯૧	ઔદ્યોગિક અદાલત અમદાવાદ.
સહી	સહી
	આર. કે. પરમાર
	સહાયક સંઘ નિબંધક
અમદાવાદ	મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
તા. ૬ ૯-૯૧	અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ અન્વયેના

અધીસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : બ: શ્રમક-૨૮૧૬૪ આર. યુ. સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ. હું બાબરા નાગરીક સહકારી બેંક લી. બાબરા અને ગુજરાત બેંક વર્કસ યુનિયન બાબરા સમાધાન અધિકારીશ્રી કે. એ. પીરઝાદા ની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન : ૧૯૯૧ના ડીસેમ્બર માસના બારમા દિને આથી નોંધ કરૂં છું.

: મુંબઇ ઔદ્યોગીક સંબંધક ધારાની કલમ-૧૯૪૬ હેઠળ સમાધાન :

પક્ષકારો

(૧) ગુજરાત બેંક વર્કસ યુનીયન — કામદારોના પ્રતિનિધિઓ

અને

(૨) બાબરા નાગરિક સહકારી બેન્ક લી. બાબરા ઉદ્યોગ બેકીંગ... — માલીકની પ્રતિનિધિઓ

: કેસની ટુંકી વિગત :

ગુજરાત બેંક વર્કસ યુનીયન જેને આ દસ્તાવેજમાં જે તે સ્થળે યુનીયન તરીકે વર્ણવવામાં આવ્યું છે. અને જે મુંબઈ ઔદ્યોગિક સંબંધ ધારા ૧૯૪૬ હેઠળ માન્ય અને પ્રતિનિધિ યુનીયન છે. અને બાબરા નાગરીક સહકારી બેંક લી. જેને આ દસ્તાવેજમાં જે તે સ્થળે બેંક તરીકે વર્ણવવામાં આવી છે અને જે ઉપરોકત કાયદો હેઠળ આવરી લેવામાં આવી છે. તેને યુનીયન તરફથી કાયદાની કલમ ૫૮ પેટા કલમ-૧ હેઠળ તા. ૧૯-૯-૯૧ના રોજ નોટીસ ઓફ ચેન્જ આપવામાં આવેલ બેંક તરફથી એ નોટીસ ઉપર વિચારણા કર્યા બાદ ઉભયપક્ષે વાટાઘાટો દ્વારા આ સાથે જોડેલ પરીશીસ્ટ મુજબ સમાધાનની શરતો અને સુલેહનામો નક્કી થયેલ છે.

૫ રશ્ચિ૰૨

કેટેગરી	ગ્રેડેશન

મેનેજર :

૧૪૧૦, ૧૦૦/૫ ૧૯૧૦ ૧૧૫/૫ ૨૪૮૫ ૧૩૫/૫ ૩૫૬૦ ૧૫૦/૫ ૩૯૧૦

એકાઉન્ટન્ટ :

૧૦૪૦ ૭૦/૫ ૧૩૯૦ ૮૫/૫ ૧૮૧૫ ૧૦૫/૫ ૨૩૪૦ ૧૨૦/૫ ૨૯૪૦

નોન સબોડીનેટ સ્ટાફ :

૮૨૫ ૩૫/૫ ૧૦૦૦ ૪૫/૫ ૧૨૨૫ ૭૫/૫ ૧૬૦૦ ૯૫/૫ ૨૦૭૫

સબોર્ડીનેટ સ્ટાફ :

૭૦૦ ૩૦/૫ ૮૫૦ ૩૫/૫ ૧૦૨૫ ૪૫/૫ ૧૨૫૦ ૫૫/૫ ૧૫૨૫

(૨) મોંઘવારી ભથ્થાં :

મોંઘવારી ભથ્થું વર્કીંગ કલાસ કન્ઝયુમર્સ પ્રાઈઝ ઈન્ડેક્ષ ૧૯૬૦–૧૦૦ સાથે સાંકળવું, મોંઘવારી ભથ્થામાં દર ત્રણ માસનાં સરેરાશ ભાવાંક પર આપવાનું રહેશે. મોંઘવારી ભાવાંકના ચાર આંકના ફેરફાર પર એક સ્લેબ મોંઘવારી ભથ્થામાં ફેરફાર થશે દરેક સ્લેબની વધઘટ મુજબ દરેક સ્ટાફને ૦,૬૭% લેખે મોંઘવારી ભથ્થામાં વધઘટ થશે.

મોંઘવારી ભથ્થુ ગણવાની રીત આ પ્રમાણે રહેશે.

દા. ત. ઓકટોમ્બર ૧૯૯૦નો ભાવાંક કાઢયો હોય તો જુન–જુલાઈ ઓગષ્ટ ૧૯૯૦નો ભાવાંકનો સરવાળો કરી તે ત્રણ મહિનાના ભાવાંકનો કુલ ભાવાંક

INDEX

કાઢવો. આ ભાવાંકને ૩ વડે ભાગીને ત્રણ માસનો સરેરાશ ભાવાંક કાઢવો. કુલ આ સરેરાશ ભાવાંકમાંથી ૬૦૦ આંક બાદ કરવા અને મળેલા આંકને ૪ વડે ભાગવાથી મોંઘવારીના સ્લેબ મળે. જે દરેક કર્મચારીને લાગુ પડશે ઉપરોક્ત પ્રમાણે જે સ્લેબ આવે તેને ૦,૬૭ વડે ગુણવાથી દરેક સ્ટાફના મોંઘવારી ભથ્થાનો દર મળશે. અને આ દર પ્રમાણે મોંઘવારી ભથ્થું આપવું.

દા. ત. જુન :- ૮૮૭
જુલાઈ : ૮૯૭
ઑગષ્ટ . ૯૧૩

૨૬૯૭

સરેરાશ ભાવાંક ૨૬૯૭–૩ = ૮૯૯

૮૯૯–૬૦૦ = ૨૯૯ અને ૨૯૯–૪ = ૭૪,૭૫ સ્લેબ થાય.
= ૭૫

દરેક કર્મચારીને ૭૫ સ્લેબ×૦,૬૭ = ૫૦,૨૫ લેખે મોંઘવારી ભથ્થુ મળે મોંઘવારી ભથ્થા માટેનો ભાવાંક ભારત સરકાર તરફથી પ્રસિદ્ધ થતા ઈન્ડિયન લેબર જર્નલ અથવા ગેઝેટ ઓફ ઈન્ડીયામાં જે પહેલા પ્રસિદ્ધ થતુ હોય તે જાહેર થયેલ ભાવાંક ગણવામાં આવશે.

(૩) ખાસ ભથ્થા : નીચેના હોદ્દાઓનું કામ કરનાર અથવા તેમનાં કામ જેવું અથવા તેવા પ્રકારનું કામ કરનાર કર્મચારીઓને નીચે પ્રમાણે ખાસ ભથ્થુ આપવામાં આવશે અને આ ખાસ ભથ્થુ દરેક રીતે મુળ પગારનો ભાગ ગણાશે.

(અ) કેશીયર	રૂા. ૭૦/–	પ્રતિમાસ
(બ) ટાઈપીસ્ટ	રૂા. ૫૦–	,,
(ક) વોચમેન	રૂા. ૩૫/–	,,

ઓફીસીએટીંગ ભથ્થુ :– કોઈ કર્મચારીને ઉપલી કક્ષાના કર્મચારીનું કામ સોંપવામાં

(૩) ઓફીસીએટીંગ ભથ્થું :– આવે અને એ પ્રકારનું કામ તેણે ત્રણ દિવસ કે તેથી વધુ દિવસ કરવું પડે તો તેવી કક્ષાના કર્મચારીના પગારનાં

INDEX

૧૦% અથવા આવુ કામ કરનાર કર્મચારીનાં ચાલુ પગારનાં ૧૦%એ માંથી જે વધુ રકમ હોય તે રકમ જે તે કર્મચારીને ઓફીસીએટીંગ ભથ્થા તરીકે આપવાની રહેશે.

ઘરભાડું :- દરેક કર્મચારીને તેનાં મુળ પગારના ૧૦% રકમ માસીક ઘરભાડા ભથ્થા તરીકે આપવાની રહેશે. અને જેની મહતમ મર્યાદા રહેશે નહીં.

દૈનિક ભથ્થુ :- જો કોઇ કર્મચારી બેંકના કામ અંગે તેના હેડ ક્વાર્ટરની બહાર જાય ત્યારે તેને નીચેનાં દર મુજબ દૈનિક ભથ્થુ આપવાનું રહેશે.

(અ) મેનેજર	રૂ. ૩૦-૦૦	પ્રતિદિવસ
(બ) એકાઉન્ટન્ટ	રૂ. ૨૫-૦૦	પ્રતિદિવસ
(ક) નોન સબો	રૂ. ૨૫-૦૦	,,
(ડ) સબોડીનેટ	રૂ. ૨૦-૦૦	,,

દૈનિક ભથ્થુ નીચે મુજબ ગણવાનું રહેશે.

(૧) ૮-કલાકથી વધારે સમય ૨૪-કલાક સુધી ૧ દિવસ

(૨) ૮-કલાકથી ઓછા અને ૪-કલાકથી વધુ સમય ૧/૨ દિવસ

(૩) પહેલા ૨૪ (કલાકથી વધુ સમય માટે બીજા દિવસનું ભથ્થુ ગણવામાં આવશે.

જો કોઇ કર્મચારી જિલ્લા બહારના કોઈ પણ સ્થળે જશે ત્યારે તેની ઉપરોકત દરથી બમણાં દરનું દૈનિક ભથ્થું અને રાજ્ય બહારના સ્થળે

દૈનિક ભથ્થુ : જશે ત્યારે ઉપરોકત દરથી ત્રણ ગણા દરથી દૈનિક ભથ્થુ ચુકવવાનું રહેશે.

કામનાં કલાકો :- સબોડીનેટ સિવાયના દરેક કર્મચારીને શનિવાર સિવાયના અઠવાડીક દિવસોમાં ૬ ૧/૨ કલાક અને શનિવારે ૪ કલાક કામ કરવાનું રહેશે.

ઉપર મુજબ નિયત થયેલા કામનાં કલાકો ઉપરાંત ના કામને ઓવરટાઇમ કામ ગણવામાં આવશે. આવુ કામ કોઈપણ એક દિવસે ૨ કલાકથી વધુ નહી અને વર્ષ દરમ્યાન ૧૨૦ કલાકથી વધુ લેવાશે નહીં.

INDEX

ઓવર ટાઈમ કામ માટે દરેક કર્મચારીને તેનાં કુલપગાર, મુળપગાર મોંઘવારી ભથ્થુ અને ખાસ ભથ્થા જેટલી રકમ ઓવરટાઈમ ભથ્થુ દર વર્ષે ચુકવવાનું રહેશે. (એટલે કે દર ૭ માસે અડધો પગાર) જે દરેક વર્ષના જુન અને ડીસેમ્બર મહીનાનાં અંતે ચુકવવાના રહેશે.

નિભાવણી ભથ્થું :- કોઈ કર્મચારીને બેંક મેનેજમેન્ટ સસ્પેન્ડ, તહકુબ કરશે. તો તેવા કર્મચારીને તહકુબીના સમય દરમ્યાન પહેલા ૨૦ દિવસ માટે મુળ પગાર ના ૫૦% અને મોંઘવારીના ૫૦% અને પુરેપુરા ઘરભાડા ભથ્થું ચુકવવાનું રહેશે. જો તહકુબી સમય ૨૦ દિવસથી વધારે સમય થાય તો પ્રથમ ૨૦ દિવસ પછીનાં દિવસો માટે મુળ પગારના ૫૦% તથા મોંઘવારી ભથ્થુ અને ઘરભાડા ભથ્થું ચુકવવાનું રહેશે.

વૈદકિય ભથ્થુ ; બેંકના દરેક કર્મચારીને વૈદકીય ભથ્થા તરીકે દર માસે રૂ ૩૦% મુજબ ચુકવવાનાં રહેશે.

(૩) તાલીમ : કોઈપણ પ્રકારની બેંકીગ કે સહકારી તાલીમ માટે બેંકમાંથી સીનીયર ગુણવત્તા ધરાવનાર કર્મચારીને પસંદગી આપશે તાલીમાર્થી કર્મચારીને તાલીમનાં સમય દરમ્યાન પુરા તમામ ભથ્થાઓ સાથેનો પુરો પગાર તથા ઘરભાડું મળશે. તાલીમના અનુસંધાનમાં કર્મચારીએ પ્રેકટીકલ તાલીમ માટે તાલીમનાં હેડકવાટર્સમાંથી બહાર જવું પડે ત્યારે તેવાં કર્મચારીને દૈનિક ભથ્થું આપવામાં આવશે. જો કોઈ કર્મચારી બદલી સ્વીકારવાની ના પાડે અથવા વજુદવાળા કારણો સિવાય તાલીમ માટે જવાની ના પાડે તો તેવા કર્મચારીને તાલીમ માટે પસંદગી આપવાની રહેશે નહીં.

(૪) ગણતાક્રમ અને સીનીયોરીટી : બેંક તરફથી દરેક કક્ષા માટે કક્ષાવાર ગણતાક્રમની યાદી દર વર્ષે જુલાઈ માસમાં તૈયાર કરવામાં આવશે. ગણતાક્રમ માટે દાખલ થયાની તારીખ ગણત્રીમાં લેવામાં આવશે અને તેની ગણત્રી કરવાની રીત નીચે મુજબની રહેશે.

(૧) દર એક વર્ષની પુરી નોકરી માટે. ૧ માર્ક.

(૨) સ્નાતક. ૨ માર્ક.

(૩) કોઈ પણ જાતની પરીક્ષા લક્ષી સહકારી તાલીમ ૧ માર્ક

INDEX

નોંધ :- બઢતી પામેલ કર્મચારી નવી કક્ષામાં જ્યારથી બઢતી મેળવે ત્યારથી તે કક્ષામાં તેની સીનીયોરીટી ગણવાની રહેશે.

(૫) બઢતીના નિયમો (પ્રમોશન પોલીસી)

(૧) ઉપરની કોઇપણ કક્ષામાં જગ્યા ખાલી પડે અથવા નવી જગ્યાઓ ઉભી કરવામાં આવે ત્યારે તે કક્ષાની તાત્કાલીક ઉતરતી કક્ષાના જે કર્મચારી અગ્રતાક્રમમાં સૌથી આગળ હોય અને ખાલી જગ્યા અથવા ઉભી કરાયેલ જગ્યાના કામનો જરૂરી અનુભવ ધરાવતો હોય તથા કાર્યક્ષમ હોય તેવા કર્મચારીને ઉપલી કક્ષામાં બઢતી આવશે. બેંક દરેક કર્મચારીને ઉપલી કક્ષાનાં કામની તાલીમની વ્યવસ્થા કરશે. આવી રીતે જે કર્મચારી ઉપલી કક્ષામાં બઢતી મેળવે તેને તે જે કેટેગરીમાં હોય અને તેનું જે છેલ્લે ઇંક્રીમેન્ટ મેળવેલ હોય તેવા બે ઇન્ક્રીમેન્ટ આપી અને ગ્રેડમાં બઢતી મેળવેલ હોય તે ગ્રેડમાં જ્યાં બંધબેસતા હોય ત્યારે ફીટમેન્ટ આપવું.

(૨) બેંકની પ્રગતિને ધ્યાનમાં રાખી જ્યારે જુનીયર ઓફીસરની જગ્યા ઉભી કરવાની જરૂર જણાય ત્યારે કેટેગરી નં.૧ના કર્મચારી કે જેઓની તે કેટેગરીની દશ વર્ષની સર્વીસ થઇ હોય અને સીનીયોરીટી પ્રમાણે ક્રમમાં જે આવતા હોય તેઓને પ્રમોશન આપવું અને આવા સમયે જુનીયર ઓફીસરનો ગ્રેડ ઉભો કરવો જ્યારે કેટેગરી નં. ૧ તેમજ કેટેગરી નં. ૨ના કર્મચારીઓને તેઓની જે તે કેટેગરીની દશ વર્ષની સર્વીસ બાદ દર પાંચ વર્ષે એક વધારાનો ઇજાફો આપવો

(૬) રજાના નિયમો :-

(અ) હક્ક રજાઓ :- દરેક કર્મચારીને ૧૧ દિવસની નોકરી માટે ૧ (એક) ખાસ લેખે હક્ક રજા જમા કરાવવાની રહેશે. દરેક કર્મચારી મહતમ ૨૭૦ દિવસની હક્ક રજાઓ સંચય કરી શકશે જો કોઈ પણ કર્મચારી આ હક્ક રજાઓ ભોગવવા માંગતા ન હોય.

(બ) હક્ક રજાઓ : ...તો ૯૦ દિવસની રજાઓ જમા રાખીને બાકીની રજાઓએ પગાર પુરો પગાર જેને કર્મચારીને ચુકવી આપવાનો રહેશે.

હક્ક રજા ભોગવવા માંગનાર કર્મચારીને રજા ભોગવવાની શરૂ થયાની પંદર દિવસ પહેલા લેખની જાણ કરી, માંગણી મુકવાની રહેશે.

તાકીદની જરૂરીયાત વખતે પંદર દિવસની મુરતની બાદ રહેશે નહીં.

લેખિત મંજુરી મેળવ્યા વગરની રજાને મંજુર ગણાશે નહીં.

બેંક જો કોઈ કર્મચારીની રજા નામંજુર કરશે તો તે નામંજુરીનાં કારણોની જે તે કર્મચારીને લેખીત જાણ કરવાની રહેશે. અને નામંજુર કરેલ રજાઓ ૨૭૦ દિવસની મર્યાદા ઉપર પણ મંજુર કરી શકશે.

(બ) માંદગીની રજાઓ : માંદગીની રજા સંપુર્ણ નોકરી દરમ્યાન બાર માસની મર્યાદાને આધીન રહી, નોકરીના પુરા એક વરસ દીઠ ૧૫ દિવસની ગણવામાં આવશે.

(ક) આકસ્મીક રજાઓ : દરેક કર્મચારી વરસમાં ૧૫ દિવસની પુરે પગાર આકસ્મીક રજા માંગી શકશે. દર વરસને અંતે જેટલો આકસ્મીક રજાઓ કર્મચારીએ ભોગવેલી નહી હોય તેટલી રજાઓનું પુરા પગારની બીમારીની રજામાં રૂપાંતર કરવામાં આવશે. આવી રૂપાંતર પામેલી રજાઓને ૧૮૦ દિવસની મર્યાદા લાગુ પડશે નહીં,

(ડ) વગર પગારે રજા :– જ્યારે કર્મચારી પાસે કોઈપણ પ્રકારની રજા ન હોય ત્યારે બેંક મેનેજમેન્ટ વગર પગારની રજા મંજુર કરી શકાશે. આવી રજા નોકરી દરમ્યાન એક વર્ષથી વધારે મળશે નહીં.

(ઈ) ખાસ આકસ્મીક રજાઓ :–

(૧) અઠવાડીક રજાઓ જાહેર રજાઓ તહેવારોની રજાઓ તથા ગેઝેટેડ રજાઓ દરેક પ્રકારની રજાઓની આગળ પાછળ જોડી શકાશે.

(૨) આકસ્મીક રજાઓ દરમ્યાન આવતા તહેવારો જાહેરરજાઓ એટલે કે કોઈપણ પ્રકારની રજાઓ અને એ આકસ્મીક રજાનો ભાગ નહી અને રજાની ગણતરીમાં નહીં લેવાય.

(૩) કર્મચારી નિવૃત્તિ વયને કારણે રીટાયર્ડ થાય કે વોલંટરી રીટાયરમેન્ટ સ્વીકારે અથવા બેંક કોઈ કર્મચારીની છટણી કરી અથવા નોકરીમાંથી છુટા કરે તેવા પ્રસંગે કર્મચારીનાં ખાતામાં જમા તમામ પ્રકારની રજાઓનો પગાર વૈનેકેન કરી આપવામાં આવશે અથવા કર્મચારી ઈચ્છે તો છુટા કરતા પહેલા ભોગવી લેવા સગવડ આપવામાં આવશે.

(૪) દર વર્ષે જુન માસને અંતે દરેક પ્રકારની રજાઓ કર્મચારી ના રજાઓનાં ખાતામાં જમા કરવામાં આવશે

(૫) રજાના પગારમાં જે તે સમયે કર્મચારીનો જે મુળ પગાર, મોંઘવારી ભથ્થુ, ખાસ ભથ્થુ, તથા ઘરભાડુ હોય તો બધાનો સમાવશે થશે.

(૭) ભવિષ્યનીધી યોજના :–

(૧) સપ્ટેમ્બર ૧૯૭૩થી અમલમાં આવેલ હાલની પ્રોવીડન્ટ ફંડ યોજના સમાવિષ્ટ કરવામાં આવેલ છે. તે યોજના અમલમાં રહેશે.

(૨) કર્મચારીએ તેના મુળ પગાર, મળવાપાત્ર મોંઘવારી ભથ્થા અને ખાસ ભથ્થાનાં ૮,૧૩ જેટલો ભાગ પ્રોવિડન્ટ ફંડ યોજનામાં પ્રતિમાસ આપવાનો રહેશે

(૩) દરેક કર્મચારી તરફથી પ્રોવિડન્ટ ફંડમાં જમા કરાવેલ ફાળાની રકમ જેટલી રકમ બેંક તરફથી પણ દરેક કર્મચારીનાં ખાતામાં ઉમેરવાની રહેશે.

(૪) કર્મચારી અને બેંકના દ્વારા આ યોજનામાં જમા કરેલ ફાળાની સાત દિવસમાં કર્મચારી પ્રોવિડન્ટ ફંડ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે, અને આ ખાતાનો વહીવટ બેંક દ્વારા નિયુક્ત બેંકના પ્રતિનિધિઓ અને કર્મચારી પ્રતિનિધિઓ પૈકીનાં બંનેના એક એક પ્રતિનિધિ એમ બે સભ્યો દ્વારા પ્રોવીડન્ટ ફંડ નો સંયુક્ત રીતે વહીવટ કરવામાં આવશે.

(૫) બેંક અને કર્મચારીનાં પોતાનાં ફાળાની એમ કુલ રકમ ઉપર વ્યાજનો દર પ્રોવીડન્ટ ફંડ એકટ હેઠળ સરકાર દ્વારા જે તે સમયે જે તે દર નક્કી થાય તે દરથી અથવા ૬ ટકાથી ઓછો નહીં તે મુજબ રહેશે.

(૬) નિવૃતી વેળાએ અથવા તો નોકરી દરમ્યાન કર્મચારીનું મૃત્યુ નિપજે તેવા સંજોગોમાં આ યોજનાના સભ્ય અથવા સભ્યની બીન હયાતીમાં તેના વાસણો અથવા તેના દ્વારા નિમણુંક કરેલા વારસો ( ) જે હોય તેને કર્મચારીનો તથા બેંકનો કુલ ફાળો પુરેપુરો અને તે ફાળાની રકમ પર મળવાપાત્ર વ્યાજ સહીત મેળવવા હક્કદાર રહેશે.

INDEX

(૭) રાજીનામુ આપીને બેંકમાંની છુટા થતા કે નોકરીમાંથી છુટા કરાયેલા અથવા નોકરીમાંથી બરતરફ કરાયેલા કર્મચારીને તેના પોતાનાં ફાળાની રકમ ઉપરાંત બેંકના ફાળા અને વ્યાજ સાથેની રકમ નીચેની મર્યાદાઓને આધીન રહીને આપવામાં આવશે.

(અ) ત્રણ વરસથી ઓછી નોકરીવાળા કર્મચારીને કાંઈ નહીં.

(બ) ત્રણ વરસથી વધુ પરંતુ પાંચ વરસથી ઓછી નોકરી ૫૦ ટકા.

(ક) પાંચ વરસથી વધુ નોકરીવાળા કર્મચારીને ૧૦૦ ટકા.

(૮) પોતાની અથવા પોતાના કુટુંબીજનોની બિમારી અથવા સામાજિક કે ધાર્મિક કાર્યો માટે કર્મચારીને પોતાના કુલ ફાળાની રકમ કરતાં વધુ નહીં તેટલી રકમની લોન જે હેતુ માટે લોન જરૂરી હોય તેનો સ્પષ્ટ નિર્દેશ સાથે લેખીત અરજી કરવાથી મળી શકશે આ લોન ૨૦ માસીક હપ્તામાં ભરપાઈ કરવાની રહેશે. જ્યારે રહેઠાણ માટે જમીન ખરીદવા અથવા રહેઠાણ માટે મકાન બાંધકામ માટે આ પ્રકારની ઉપરોક્ત મર્યાદાનાં મળી શકશે. જે લોન ૪૦ માસિક હપ્તાઓમાં ભરપાઈ કરવાની રહેશે.

૯. પ્રોવીડન્ટ ફંડ યોજનાનો વહીવટ બેંક નિયુક્ત કરેલ તેનાં વધુમાં વધુ ત્રણ તથા કર્મચારીઓએ નિયુક્ત કરેલા તેનાં બે પ્રતિનિધિઓની બનેલી પાંચ સભ્યોની પ્રોવીડન્ટ ફંડ કમીટી દ્વારા થશે. નિયુક્તિ પામેલ સભ્યની નિમણુંક બે વર્ષના સમયગાળા પુરતી રહેશે, બેંક દ્વારા નિયુક્ત કરાયેલા કે કર્મચારીઓ દ્વારા નિયુક્ત કરાયેલા પ્રતિનિધિઓને તેમનો નિયુકતી સમય પુરો થાય તે પહેલા પાછા બોલાવી શકાશે. તેમજ તેમની જગ્યાએ નવા પ્રતિનિધિ મુકી શકાશે. આ કમીટીનાં સભ્યોમાંથી એક સભ્યને તો કમીટીમાં અધ્યક્ષ નીમાશે.

(૧૦) ફંડમાં એકત્ર થયેલા સીકયોરીટીમાં રોકવાનો આ કમીટીને અધિકાર રહેશે.

(૧૧) પ્રો.ફંડની કલમ એકની પેટા કલમ-૭ નીચે કોઈ નિયત કરેલ રકમ એકઠી થાય તે રકમ કર્મચારીઓની કલ્યાણ માટેની પ્રવૃતિમાં વાપરી શકાશે

(૧૨) આ યોજનાનો દરેક સભ્યોને તેનો પોતાનો ફાળો એક દ્વારા જમા થયેલ ફાળો તે કુલ ફાળા પરનું વ્યાજ, તેમાંથી લીધેલ લોન વિમાના પ્રિમીયમની

INDEX

ઉધારેલ રકમ વગેરે દર્શાવતી પાસ બુક દર વર્ષના જુન અને ડિસેમ્બર માસમાં પુરી વિગતો સાથે ભરી આપવાની રહેશે.

(૧૩) આ યોજનાનો સમગ્ર ખર્ચ બેંક ભોગવશે,

(૮) ગ્રેજ્યુઈટી યોજના :- ગ્રેજ્યુઈટી યોજના દરેક કાયમી કર્મચારીને લાગુ પડે છે.

(એ) ગ્રેજ્યુઈટી યોજનાનો લાભ નીચે મુજબ યોગ્યતા પ્રમાણે મળશે.

(૧) નોકરી દરમ્યાન મૃત્યુ અથવા શારિરીક કે માનસીક અકસ્માતનાં સંજોગોમાં પુરા એક વર્ષની નોકરી બાદ

(૨) નિવૃતિને કારણે સ્વૈચ્છીક નિવૃતિ, રાજીનામુ કે કોઈ પણ કારણસર નોકરીમાંથી બરતરફીના સંજોગોમાં પાંચ વર્ષની નોકરી પુરી કર્યા બાદ.

(બી) ગ્રેજ્યુઈટીના દર એક વર્ષની પુરી નોકરીએ માસનો છેલ્લો મેળવેલ પુરો પગાર લેખે આપવામાં આવશે.

(સી) વધુમાં વધુ ૨૫ પગારથી વધુ ગ્રેજ્યુઈટી મળી શકશે નહીં.

(૯) નિવૃત્તિ વય મર્યાદા : કોઈપણ કર્મચારીની વયમર્યાદા ૬૦ વરસની રહેશે આવી નિવૃત્તિ પછી કોઈપણ કર્મચારીને નોકરીની સમય મર્યાદા વધારી આપવામાં આવશે નહીં. તેમજ બાંધેલ પગારથી પણ રાખવામાં આવશે નહીં. તેમ છતાં કોઇ કર્મચારી પોતે ૩૦ વરસની નોકરી બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ માગે તો તે પુરા લાભ સાથે નિવૃત્તી આપશે.

(૧૦) સામાન્ય રીતે દરેક કર્મચારીનો અજમાયશી પિરિયડ ૭ માસનો રહે છે. બેંક કર્મચારીને લેખીત આપીને પ્રોબેશન પિરિયડ ત્રણ મહીના લંબાવી શકશે. ત્યારબાદ જો કર્મચારીને ૭ મહિના પહેલાં લેખીત આપવામાં નહી આવે તો તે આપોઆપ કાયમી કર્મચારી ગણાશે.

(૧૧) જામીનગીરી વિશે : (૧) દરેક કર્મચારીએ બેંકના કાર્યવાહક મંડળ તરફથી વખતો વખત નક્કી કરવામાં આવે તેટલી રકમ પુરતી જામીનગીરી તરીકે બેંક તરફથી નક્કી કરેલ ફોર્મ ઉપર બેંક માન્ય રાખે તેવી એક [illegible]

INDEX

(૧૨) બોનસ : દરેક કર્મચારીને બેંક તરફથી સપ્ટેમ્બર માસમાં બે પગાર અથવા ૨૦ટકા બે માંથી જે વધારે હોય તે બોનસ આપવાનું રહે છે.

(૧૩) હાઉસીંગ લોન :- કોઈપણ કર્મચારી કે જેની નોકરી ત્રણ વર્ષ અથવા વધુ હોય તે કર્મચારી લોન મેળવવાનો પાત્ર બનશે આવી લોન તેને રૂ. બે માંથી જે વધારે હશે તે મેળવવા પાત્ર રહેશે

આ લોન પરત કરવાની શરતો નીચે મુજબ રહેશે લોન લેનાર કર્મચારીની તેની બાકી રહેતી નોકરીના વર્ષો પૈકી પાંચ વર્ષ વ્યાજના હપ્તા માટે અનામત રાખી બાકીનાં વર્ષોમાં મુદ્દલની રકમ માસીક હપ્તેથી પરત કરવાની રહેશે.

છેલ્લા પાંચ વર્ષમાં લોન પરનાં વ્યાજની રકમ માસીક હપ્તાથી ભરવાની રહેશે. આ લોનનો વ્યાજનો દર ૧૦ટકા સાદુ વ્યાજ પ્રમાણે રહેશે

૬૦ વર્ષનો નિવૃતિ વયમર્યાદા ધ્યાનમાં લઈ હપ્તાની રકમ નકકી કરવાની રહેશે.

(૧૪) દિવાળી એડવાન્સ/અનાજ લોન :-

(૧) દરેક કાયમી કર્મચારીને દિવાળી એડવાન્સ તરીકે એક પુરો પગાર વગર વ્યાજથી આપવો અને જેનો વસુલાત દશ માસીક હપ્તામાં કરવાનો રહેશે.

(૨) દરેક કાયમી કર્મચારીને અનાજ, તેલ, વિ. જેવી જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે રૂ ૧૦૦૦ટકા વગર વ્યાજથી આપવામાં આવશે અને તેની વસુલાત ૧૦ માસીક હપ્તાથી કરવાની રહેશે.

(૧૫) ગણવેશ :-

બેંકના તમામ પટ્ટાવાળાને દર વર્ષે બે જોડી ટેરીકોટન કપડા પેન્ટ બુશર્ટ, દર વર્ષે જૂલાઈ માસમા સિલાઈ સહીત આપવાના રહેશે. જ્યારે ચોકીદારને દર વર્ષે બે જોડી ખાખી યુનીફોર્મ આપવામાં આવશે.

(૧૬) વાહન લોન : કોઇપણ કર્મચારસ કે જેની નોકરી ત્રણ વરસથી વધારે થઈ હોય તેને વાહન ખરીદવા માટે દસ હજાર રૂપિયા ૧૦ હજાર પુરા. સુધીની મહત્તમ મર્યાદામાં વાહન લોન આપવી. આ લોનનું વ્યાજનો દર ૯ ટકા સાદ વ્યાજ રહેશે

(૧૭) જ્યાં જ્યાં પુરો પગાર શબ્દ વાપરવામાં આવ્યો છે તેનો અર્થ મુળ પગાર મોંઘવારી ભથ્થુ, ઘરભાડુ, ખાસ ભથ્થાનો સમાવેશ થશે

(૧૮) આ કરારની મર્યાદા ત્રણ વરસની રહેશે. એટલે કે, તા. ૧-૧૦-૯૦થી તા. ૩૦-૯-૯૩ સુધીની રહેશે.

મેનેજર
બાબરા નાગરીક સહકારી બેંક લી.
તારીખ ૧-૧૧-૧૯૯૧
અમરેલી

જીલ્લા મંત્રી
ગુજરાત બેંક વર્કસ યુનીયન
સમાધાનકાર
અમરેલી

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૨-૧૨-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/શ્રમક/૨૭૯૨૧/આર. યુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪-૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ટેક્ષટાઇલ લેબર એસોસીએસન અમદાવાદ અને રાયપુર મેન્યુ કું. લી અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૬ઠા દિને આથી નોંધ કરૂ છું.

INDEX

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈ.સી) નં. ૧૦૮/૮૫.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી રાયપુર મેન્યુફેક્ચરીંગ કંપની લિ. અમદાવાદ બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ. મીલના ગ્રે ફોલ્ડીંગ ખાતામાં ઓટોશાળનું કાપડ વાળવા માટે ગ્રે ફોલ્ડર્સની સંખ્યામાં એકનો વધારો કરવા વગેરે અંગે

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી

બીજા પક્ષકાર તરફે વકીલ શ્રી સવજીભાઈ પટેલ

ચુકાદો

૧ હાલના રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ, પ્રથમ પક્ષકાર કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનો પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તમારે દાખલ કરેલ છે,

૨. કામની હકીકત એ મુજબની છે કે, પ્રથમ પક્ષકાર સંઘે તા. ૨૨-૧૧-૮૪ના રોજ ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨ (૨) મુજબની ફેરફારની સુચના આપી મીલ પાસે માગણી કરેલ હતી કે તેમના ગ્રે ફોલ્ડીંગ ખાતામાં ઓટોશાળનું કાપડ વાળવા માટે જે ગ્રે ફોલ્ડરની સંખ્યા છે તે અપુરતી છે માટે તેમાં એકનો વધારો કરવો. આ માગણી સાથે બીજા પક્ષકાર મીલ સમંત થયેલ ન હતી તેમજ ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાન-કાર પણ પક્ષકારો વચ્ચે સમજુતિ કરાવી શકેલા નહી માટે તેઓએ પ્રથમ પક્ષકાર સંઘને તા. ૧૨-૯-૮૫ ના રોજ નિષ્ફળતાનું પ્રમાણ મોકલી આપેલ હતું એટલે

INDEX

૩. સંઘે આંક-૧૧ થી માગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે. મીલ કંપનીમાં ઓટો સાળખાતામાં વર્ષો સુધી રાખેતા મુજબની રિસેષ આપવામાં આવતી હતી પરંતુ સંઘ અને બીજા પક્ષકાર મીલ વચ્ચે ઓટો સાળખાતાની રીશેષ અંગે સમજુતિ થયેલ હસી અને એવું નક્કી કરેલ હતું કે ત્રણ પાળીમાં રીસેષ દરમ્યાન પણ ઓટો શાળખાતું અડધો કલાક વધુ ચલાવવામાં આવશે અને તે મુજબ ત્યારથી એક દિવસ દરમ્યાન ઓટો શાળખાતું દેઢ કલાક વધુ કામ કરતું થયું પરં ગ્રે ફોલ્ડર્સની સંખ્યામાં કોઈ વધારો કરવામાં આવેલ નથી તેથી ગ્રે ફોલ્ડરોની કામગીરીનો શ્રમબોજ વધ્યો છે અને દરેક ફોલ્ડરને પહેલા કરતાં વધુ કાપડ વાળવુ પડે છે માટે ગ્રે ફોલ્ડીંગ ખાતામાં એક ગ્રે ફોલ્ડરની જગ્યા વધારવી જોઈએ અને તે જગ્યા જ્યાં સુધી વધારવામાં ન આવે ત્યાં સુધી ગ્રે ફોલ્ડીંગ ખાતાના ફોલ્ડરોને વાજબી રકમ વળતર તરીકે ચુકવી આપવી જોઈએ-

૪. દ્વિતીય પક્ષકાર મીલે-આંક-૧૨થી લેખીત જવાબ રજુ કરીને સદરહુ માગણીનો વિરોધ કરેલો છે. મીલની રજુઆત એવી છે કે. ગ્રે ફોલ્ડીંગ ખાતામાં ૮૨માં ફોલ્ડરોની સંખ્યા રમવતા એક જોબર મળી કુલ ૨૬ કારીગરો કામ કરતા હતા. આ કામદારોને આઠ કલાકનું પુરતું કામ મળતું ન હતું. સપ્ટેમ્બર-૮૨ થી ઓટો શાળખાતામાં રૂટી સી ના ૬૪ સાંચાનો વધારો કરવામાં આવેલ અને ઓટો શાળખાતાની રીસેસમાં પણ કામ કરવાનું પ્રથમ પક્ષકાર સંઘ સાથે કરાર કરીને નક્કી ઠરેલ. તે પક્ષમાં લઈને તા. ૨૦-૯-૮૨થી ગ્રે ફોલ્ડીંગ ખાતામાં બે કાયમી કારીગરોની સંખ્યામાં વધારો કરવામાં આવેલ છે એટલે ત્યારથી ૨ કામદારો અને એક જોબર મળી કુલ ૨૮ કામદારો કામ કરે છે એટલે ગ્રે ફોલ્ડીંગ ખાતાના કામદારોના શ્રમબોજમાં વધારો થયો છે એવી જે રજૂઆત કરેલી છે તેમાં કંઈ તથ્ય નથી.

૫. સંઘે પોતાની માગણીના સમર્થનમા નરોતમદાસ પટેલને આંક ૨૨થી જ્યારે મીલે તે ખાતાના સુપરવાઈઝર રસીકલાલ મિસ્ત્રીને આંક-૩૦થી તપાસેલા છે. ગ્રે ફોલ્ડીંગ ખાતામાં ૧૯૭૮-૭૯માં સરેરાશ કેટલું કાપડ કારીગરો દીઠ વાળવામાં આવતું હતું તેની વિગતો તેમજ ૧૯૮૨ના સાલિમાં કેટલું કાપડ તેમને વાળવુ પડે છે તેની વિગતો આંક-૨૯ની યાદી સાથે બીજા પક્ષકાર મીલે રજુ કરેલી છે. જે યાદી રજુ થયા બાદ પ્રથમ પક્ષકાર સંઘ પ્રતિનિધિએ તો

લીધેલ છે અને ત્યાર બાદ તે યાદીમાં જણાવેલ હકીકતો બાબતે કોઇ તકરાર ઉઠાવવામાં આવે નથી.

૬ શ્રી જોશીની રજુઆત એવી છે કે ઓટો શાળખાતું સંસ્થામાં પણ ચાલુ રાખવામાં આવે છે કે પહેલા ચાલુ રાખવામાં આવતું ન હતું માટે કાપડનું ઉત્પાદન વધેલ છે એટલે ગ્રે ફોલ્ડરોના શ્રમબોજમાં પણ વધારો થયેલ છે તેવું ચોક્કસ કહી શકાય અને તેથી એક ગ્રે ફોલ્ડરની જગ્યા વધારવાની જરૂર છે. યાની વિરૂદ્ધમાંથી પટેલની રજુઆત એવી છે કે. રીસેસ દરમ્યાન ગ્રે ફોલ્ડરોને કામ કરવા માટે રજુ પાડવામાં આવતી નથી. ગ્રે ફોલ્ડીંગ ખાતાના બધાજ કામદારો એક સિવાયના દિવસપાળીમાં જે કામ કરવાનું હોય છે અને ફક્ત એક જ કામદારે રાતપાળીમાં કામ કરવાનું હોય છે. તદુપરાંત અગાઉ કામદારોની સંખ્યા જોબર સાથે ૨૧ હતી તે વધારીને ૨૮ કરેલ છે માટે કામ-દારોનો શ્રમબોજ વધેલ છે એવી જે માગણી કરેલ છે તે વાજબી નથી.

૭ પક્ષકારો તરફથી જે મૌખિક દસ્તાવેજી પુરાવો રજુ થયો છે તે લક્ષમાં લેતાં સંઘને એક ગ્રે ફોલડર વધારવા માટેની માગણી કરેલી છે તેમાં કંઈ તથ્ય નથી. સદરહુ નિર્ણય અંગેના સંક્ષીપ્તમાં કારણો નીચે મુજબના છે.

૮. મીલમાં પહેલી સાદી સાળો હતી તે બદલીને કેટલીક ઓટો શાળ નાખવામાં આવેલ છે. આ ઓટોશાળ રીસેસ દરમ્યાન અડધો કલાક પણ ચાલુ રાખવામાં આવે છે એટલે પહેલા ઓટોશાળો જેટલા કલાક કામ કરતી હતી તે વખતે દિવસ દરમ્યાન દેઢ કલાક વધુ કામ કરે છે એ બાબતમાં પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી. પરંતુ ઓટોશાળ આ અડધો કલાક રીસેસ દરમ્યાન કામ કરે છે તે તેથી ગ્રે ફોલ્ડરોનો શ્રમભોજ વધ્યો છે એવી જ રજુઆત કરવામાં આવે છે તેમાં કેટલા અંશે સત્ય છે તે તપાસણ તેમાં એવું રહ્યું. અગાઉ જણાવ્યા પ્રમાણે મીલ કંપનીની રજુઆત મુજબ ૧૯૮૨માં સંઘ સાથે કરાર કરીને ઓટો શાળ આપવામાં આવેલ છે આ રજુઆત સાથે પ્રથમ પક્ષકાર સંઘને કોઇ તકરાર નથી. આ આસનો ફેરફાર કર્યા બાદ બે કામદારોની સંખ્યામાં વધારો કરવામાં વધારો કરવામાં આવેલ છે એવી બીજ વગેરેની રજુઆત છે. આ રજુઆતના સમર્થનમાં રસીકલાલ આંક-૩૦એ મૌખિક પુરાવો આપેલ છે તે પુરાવાને પડકાર વામાં આવેલ નથી. તદુપરાંત નરોતમદાસ પટેલ આંક-૨૨ પણ ઉલટ તપાસમાં કબુલ કરે છે કે. નવી લુમ્સ નાખી ત્યારે ફોલ્ડરની સંખ્યામાં વધારો કરેલ છે તે વાત સાચી છે ૬૪ લુમ્સ વધારી છે એ વાત સાચી. નરોતમદાસ એમ પણ કબુલ કરે છે કે. રીસેસમાં ઓટો શાળ અડધો કલાક ચાલુ રાખવા માટેનો

INDEX

કરવામાં આવ્યો તે વખતે ઓટો શાળના કામદારોને રૂા. ૪૫ વધુ માસિક વેતન ચુકવવું એવું નક્કી થયેલ છે. વાસ્તવમાં પ્રથમ પક્ષકાર સંઘના કાર્યકર્તાઓને જો એમ લાગ્યું હોત કે આના કારણે ફોલ્ડરનો શ્રમબોજ પણ વધે તેમ છે તો તેઓએ તે કરારમાં જ એ ફોલ્ડરોનો શ્રમબોજ વધ્યો છે માટે તેમને પણ વળતર આપવું જોઈએ તેવી માગણી મૂકેલી હોત અને તે અંગેનો કરાર કર્યો હોત. તે અંગેનો કોઈ કરાર થયેલ નથી. મીલે એવરેજ કેટલું કાપડ દરેક કામદાર વાળવાનું હોય છે તેની વિગતો રજુ કરેલ છે. નરોત્તમદાસ જણાવે છે કે સાધારણ રીતે ૨૧૦૦ મીટર કાપડ જરેક ફોલ્ડરે વાળવાનું હોય છે. તેમની રજુઆત એવી છે કે ઓટોશાળ રીસેસમાં ચલાવવામાં આવે છે તેથી કાપડની ઉત્પાદનની સંખ્યા વધી છે અને તેથી વધુ કાપડ ફોલ્ડરોએ વાળવું પડે છે. મીલ કબુલ કરે છે કે, ઓટો શાળ રીસેસમાં ચલાવવામાં આવે છે પરંતુ કંપનીની રજુઆત છે કે તેનાથી ફોલ્ડરના શ્રમબોજમાં વધારો થયેલ નથી. કંપનીએ ૧૯૮૮ની સાલમાં ફોલ્ડરોએ કેટલું કાપડ વાળવું પડે છે તેની વિગતો રજુ કરેલી છે તે જોતાં ૨૦૦૦ મીટર કરતા ઓછુ કાપડ દરેક કામદારને વાળવું પડે છે નરોતમદાસ કબુલ કરે છે કે, ૨૦૦૦ની આપાસ દરેક ફોલ્ડર વાળવું પડે છે તેમાં ૨૦૦-૩૦૦ મીટરનો વધારો ઘટાડો થાય. તેનો એમ પણ કબુલ કરે છે કે. જે ફોલ્ડરોએ કામ કરવાનું છે તે તેમને તેમની નોકરીના સમય દરમ્યાન કરવાનું છે અને તેઓને રીસેસ પુરપુરી આપવામાં આવે છે. એ સંજોગોમાં ઓટો શાળખાતું રીસેસમાં ચલાવવામાં આવે છે તેથી ફોલ્ડરોનો શ્રમબોજ વધેલો છે એવી જે રજુઆત કરવામાં આવી છે તેમાં કંઈ તથ્ય નથી. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

હુકમ

૯. પ્રથમ પક્ષકાર સંઘની સંખ્યાઓમાં વધારો કરવા અંગેની માગણી વાજબી જણાતી નથી, માટે તે રદ કરવામાં આવે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતા ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર અમદાવાદ
તા. ૫-૮-૧૯૯૧

(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત

અમદાવાદ
તા. ૬-૯-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસૂચના સહાયકસંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શમક/૨૭૯૨૮/આર. યુ.–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૮ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું. ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ની અંબિકા મીલ્સ લી. નં. ૧. અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૬ઠ્ઠા દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત. ગુજરાત અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૧૩/૮૪

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

શ્રી. અંબિકા મીલ્સ લિ. નં. ૧ અમદાવાદ ...બીજા પક્ષકાર

ઉદ્યોગ : કાટન ટેક્ષટાઈલ. મીલના વાઈન્ડીંગ ખાતાના ઓટો કોનર મશીનના વાઈન્ડરોને પીસરેઈટના જુના ભાવ રીવાઈન્ડરવા વગેરે અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેના કલમ ૭૩ (ક) મુજબ દાખલ કરેલ છે. સંઘે મીલ કંપનીને તા. ૩૦–૯–૮૩ના રોજ ૧૯૪૬ ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના આપેલી. જે અંગે સમાધાનકારો વચ્ચે સમાધાન ન કરાવી સકતાં. તેમની પાસેથી નિષ્ફળતાનં

૨. આ રેફરન્સમાં ચાલુ કામે પ્રથમ પક્ષકાર સંઘે આંક-૨૪ ની પુરસીસ આપીને જણાવેલ છે કે, આ કામમાં મીલ કંપની સાથે સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓ આ.ગળ ચલાવવા માગતા નથી તો પાછો ખેંચવા પરવાનગી આપવા વિનંતી છે. સંઘની સદરહુ પુરસીસની વિગતે, તેમને મલ-કંપની સાથે આ અંગે સમાધાન થયેલ હોઈ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં કોઈ હરકત નથી. પરિણામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૩. સંઘને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે રેફરન્સનો નિકાલ થયેલ ગણવાનો રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૬-૯-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમ અન્વયેના

અધીસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખ: શ્રમક-૨૭૯૨૦ આર. યુ. સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું ટેક્ષટાઈલ લેબલ એસોસીએશન અમદાવાદ અને સારંગપુર કોટન મીલ્સ નં. ૨ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાનીસને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૬ દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

વી. આર. એસ. શુકલ સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈ. સી.) નં. ૯૪/૯૧

મજૂર મહાજન સંઘ, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

સારંગપુર કોટન મીલ્સ નં. ૨, અમદાવાદ ...બીજા પક્ષકાર

કંપનીના પ્રીન્ટીંગ ખાતાની રાતપાળીના જોબરની કામગીરી કરતાં શ્રી ગોપાલસીંગ વર્ષમાં બે જોડી ચામડાના બુટ આપવા અંગે..

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર મીલ કંપનીને કંપનીના પ્રિન્ટીંગ ખાતાની રાતપાળીના જોબરની કામગીરી કરતાં શ્રી ગોપાલસીંગ જોગાસીંગને વર્ષમાં બે જોડી ચામડાના બુટ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારસંઘે આંક-૬ની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ સદરહુ રેફરન્સ હવે આગળ ચલાવવા ઈચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી આથી અંતમાં હુ નીચે મુજબનો હુકમ કરૂ છુ.

INDEX

હુકમ

(૩) પ્રથમ પક્ષકાર સંઘને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
તા. ૩૧-૭-૯૧

સહી

આર. એમ. શુકલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ

તા. ૬-૯-૧૯
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ખઅમક ૨૭૯૭૧ આરયુ સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪/૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસો. એન્ડ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૯મા દિને આથી નોંધ કરૂ છું.

IN THE INDUSTRIAL COURT, GUJARAT.

(Before Shri H. D. Pandya, President)

Misc. Application (IC) No. 16 of 1991.

IN

Misc. Application (IC) No. 10 of 1991.

IN

Misc. Application (IC) No. 1 of 1988.

IN

Misc. Application (IC) No. 2 of 1987.

IN

Referenee (IC) No. 103 of 1961, as amended from time to time

BETWEEN

The Textile Labour Association, Ahmedabad.

AND

The Ahmedabad Textile Mills Association, Ahmedabad :

Silver Cotton Mills (A unit of G. 8 T. C. Ltd.), Amraiwadi Road. Ahmedabad.

In the matter of modification of the Industry : Cotton Textlls. Award in Misc. Appln. (IC) No. 10/1991.

SUPPLEMENTARY AWARD

This is joint application undor Section 116-A of the Bombay Industrial Relations Act. 1946, for modification of the Award made in Referance (IC) No. 103 of 1961 as amended from time to time, requesting me to make an Award in termo of settlement mutually arrived at between the parties as ambodied in Annuxure "A" The application has been signod by the competent persons and I find the terms of settlement to be fair and reaso-

INDEX

nable. I, therefore take the terms of settlement on record and make this a supplementry Award in terms of settlement Annuxure "A" which is annexed hereto. No order as to costs.

N. N. Patel
REGISTAR

H. D. Pandya
PRESIDENT

Ahmedabad, 26th August, 1991.

અમદાવાદ
તા. ૧૯-૯-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/અ/શમક/૨૭૯૧૯ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક :ગુજરાતઃ નિયમોના નિયમ ૭૦થી અને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અંબિકા મીલ લી., નં. ૧ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૬ઠ્ઠા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ; સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈ સી) નં. ૨૧૬/૮૪

INDEX

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

શ્રી અંબીકા મીલ્સ લી નં. ૧ અમદાવાદ બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

મીલના સાઈઝીંગ ખાતામાં સાઈઝીંગ ફીટર પાસેથી બીમ ફીટ કરવાનું જે કામ લેવામાં આવે છે તે બંધ કરવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને દાખલ કરેલો છે. સંઘે ૧૩-૨-૮૪ના રોજ બીજા પક્ષકાર મીલ કંપનીને ફેરફારની સૂચના આપીને માંગણી કરેલ હતી કે, મીલ કંપનીના સાઇઝીંગ ખાતામાં બીમ ફીટરનું કામ સાઇઝીંગ મશીનના ફીટર પાસેથી લેવામા આવે છે તે બંધ કરવું જોઈએ અને તે કામ માટે એક બીમ ફીટર રાખવો જોઈએ અને આ વધારાનું કામ જ્યારથી લેવામાં આવે છે ત્યારથી યોગ્ય મહેનતાણું ચૂકવી આપવું જોઈએ. આ અંગે પક્ષકારો વચ્ચે સમાધાનકાર કોઇ સમાધાન કરાવી શકતા નહી, એટલે સંઘ સદરહુ માંગણીનો ન્યાય નિર્ણય કરવા માટે હાલનો રેફરન્સ દાખલ કરેલ છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૪ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જ્યારે દ્વિતીય પક્ષકાર મીલ કંપનીએ આંક ૬થી લેખીત જવાબ રજુ કરીને સદરહુ માંગણીનો વિરોધ કરેલ છે.

૩. મીલ કંપનીએ તેનો લેખીત જવાબ આંક-૬નો તા. ૧૭-૧-૮૫ના રોજ રજુ કરેલ છે. ત્યાર બાદ આ રેફરન્સ સંઘના પુરાવા માટે રાખેલ હતો. સંઘ તરફે આંક—૭થી આંક—૨૧ સુધી મુદત માટેની અરજીઓ આપેલ છે જે મુજબ તેમને ન્યાયના હીતમાં મુદત આપવામાં આવેલ છે. ત્યાર બાદ તા. ૨૪-૭-૯૧ના રોજ રેફરન્સમાં રાખેલ હતો. ત્યારે સંઘે આંક-૨૨ની મુદત માટે અરજી આપેલ હતી જે અરજી નામંજુર કરવામાં આવેલ છે. સંઘને ઘણો

INDEX

સમય આપવામાં આવેલ હોવ છતાં તેઓએ માગણીના સમર્થનમાં કોઇ પુરાવો રજુ કરેલ નથી માટે તેમને આ રેફરન્સમાં કોઈ રસ નથી એમ માનવા માટે પુરતું કારણ છે. પરિણામે રેફરન્સની માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નહી હોવાથી રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૪. સંઘને માગણીના સમર્થનમાં પુરાવો રજુ કરવા માટે ઘણો સમય આપેલ હોવા છતાં તેઓએ કોઈ પુરાવો રજુ કરેલ નહી. હોવાથી માગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. અને તે રીતે રેફરન્સ રદ કરવામાં આવે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઇહુકમ કરવામાં આવતો નથી.

સહી

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર

તા. ૨૯-૭-૯૧

સહી

એન. એ. ચૌહાણ

સભ્ય

ઔદ્યોગિક અદાલત અમદાવાદ

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ

અમદાવાદ

તા. ૬-૯-૯૧

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક : ૬/અ/શમક/૨૭૯૬૯ આરયુ–સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ટેક્ષટાઈલ લેબર એશોસીએશન અમદાવાદ અને ધી મંજૂશ્રી ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલી નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૧૯મા દિને આથી નોંધ કરૂ છું.

In the Industrial, Court, Gujarat

Before Shri H. D. Pendye. President

Misc. Application (IC) No. 15 of 1991

In

Misc. Application (IC) No. 10 of 1991

IN

Misc. Application (IC) No. 1 of 1989

(IN)

Misc. Application (IC) No. 2 of 1987

Reference (IC) Nos. 103/1961 as amended from time to time

Between

The Textile Labour Association Amhedabad — First Party

And

The Manjushri Textile (A unit of G. S. T. C. Ltd.)
Girdharnagar, Ahmedabad — Second Party

INDEX

In the metter of modification of the awards dated. 24th April. 1991 in Misc. Application (IC) No. 10 of 1991

Industry : Cotton Textile.

SUPPLEMENTARY AWARD

This is a joint application u/s. 116A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the award made in Reference (IC) No. 103 of 1961, as amended from time to time, requesting me to make an award in terms of settlement mutually arrived at between the parties as embodied in Annexure "A" The application has been signed by the competans persons and I find the terms of settlement to be fair and reasonable. I, therefore, take the terms of settlement on record and make this Supplemantary award in terms of settlement Annexure 'A'. whieh is ennexed hereto. No order as to costs.

Sd./
N. N. Patel
Registra
dt 26th August 1991.
Ahmedabad.

Sd./
H. D. Pandyr
Prasident

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૧૯-૯-૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૮૦૨૦ આરયુ સને. ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડાની સને ૧૯૯૧ ના ઓકટોબર માસના ૧૯મા દીને આથી નોધ કરુ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઇસી) નં. ૨૫૬/૮૩

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અંમદાવાદ ...પ્રથમ પ્રક્ષકાર

વિરૂદ્ધ

અમદાવાદ ટેક્ષટાઇલ મીલ્સ એસોસીએશન અમદાવાદ ...બીજા પક્ષકાર

રેફરન્સ (આઇસી) નં. ૨૩૩/૮૩

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી અમદાવાદ મેન્યુ એન્ડકેલીકો પ્રીન્ટીંગ કંપની લિ. ...બીજા પક્ષકાર
કેલીકો મીલ્સ, અમદાવાદ.

રેફરન્સ (આઈસી) નં. ૨૪૫/૮૩

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

ધી હઠીસીંગ મેન્યુ કંપની લિ. અમદાવાદ ...બીજા પક્ષકાર

રેફરન્સ (આઈસી) નં. ૨૪૬/૮૩

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

INDEX

વિરૂદ્ધ

અમદાવાદ ન્યુ ટેક્ષ્ટાઈલ મીલ્સ લિ. અમદાવાદ ...બીજા પક્ષકાર

રેફરન્સ (આઇસી) નં. ૨૪૭/૮૩

ટેક્ષ્ટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

હીમાદ્રી ટેક્ષ્ટાઈલ મીલ્સ લિ. અમદાવાદ ...બીજા પક્ષકાર

રેફરન્સ (આઇસી) નં. ૨૪૮/૮૩

ટેક્ષ્ટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

રાજનગર ટેક્ષ્ટાઈલ મીલ્સ લિ. અમદાવાદ ...બીજા પક્ષકાર

રેફરન્સ (આઈસી) નં. ૨૪૯/૮૩

ટેક્ષ્ટાઈલ લેબર-એસોસીએશન, અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અમદાવાદ જ્યુપીટર ટેક્ષ્ટાઈલ મીલ્સ લી. અમદાવાદ ...બીજા પક્ષકાર

રેફરન્સ (આઈસી) નં. ૨૫૦/૮૩

ટેક્ષ્ટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

રાજનગર ટેક્ષ્ટાઇલ મીલ્સ નં. ૧ અમદાવાદ ...બીજા પક્ષકાર

રેફરન્સ (આઇસી) નં. ૨૫૧/૮૩

ટેક્ષ્ટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

જહાંગીર ટેક્ષ્ટાઇલ મીલ્સ લિ. અમદાવાદ ...બીજા પક્ષકાર

રેફરન્સ (આઇસી) નં. ૨૫૨/૮૩

ટેક્ષ્ટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ન્યુ માણેકચોક ટેક્ષ્ટાઇલ મીલ્સ લી. અમદાવાદ ...બીજા પક્ષકાર

INDEX

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

યુનિયન ફેડરેશન તથા સેન્ટ્રલ યુનીયનની મીટીંગમાં સંઘના પ્રતિનિધિઓ હાજરી આપે તે દિવસ મીલ કંપનીએ ભરી આપવા અંગે.

પ્રથમ પક્ષકાર સંઘ તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી.

બીજા પક્ષકાર તરફે,

રેફરન્સ નં. ૨૫૩, ૨૩૩, ૨૪૫માં વકીલ કુ. મીનાબેન શાહ

રેફરન્સ નં. ૨૪૬ અને ૨૪૭માં વકીલ શ્રી જે. એમ. પટેલ.

રેફરન્સ નં. ૨૪૮, ૨૫૦ અને ૨૫૨ માં વકીલ શ્રી મુકેશ વકીલ.

રેફરન્સ નં. ૨૪૯ અને ૨૫૧ માં વકીલ શ્રી ભાર્ગવ જોશી.

ચુકાદો

૧. હાલના રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘ, કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનો પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી દાખલ કરવામાં આવેલ છે.

૨. આ ૧૦ રેફરન્સમાં એક જ પ્રકારની માગણી કરવામાં આવેલ છે પરંતુ ૧૦ રેફરન્સ જુદા થવાનું કારણ એ છે કે, અમદાવાદ શહેરમાં આવેલી કેટલીક મીલો અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન, જે આત્માના નામથી ઓળખાય છે તે સંસ્થાના સભ્ય બનેલી નથી એટલે તેવી મીલો સામે અલગ રેફરન્સ કરેલા છે અને જે મીલો આત્માના સભ્યો છે તે અંગેનો એક જ રેફરન્સ કરવામાં આવેલ છે. આ બધા રેફરન્સનો નિકાલ એક જ હુકમથી કરવો વધુ સરળતાભર્યું છે. તેથી પક્ષકારોની સંમતીથી આ બધા રેફરન્સ રેફરન્સ નં. ૨૫૩/૮૭ સાથે એકત્રિત કરેલા છે અને તેથી આ બધા રેફરન્સનો આ એક સંયુક્ત ચુકાદાથી નિકાલ કરવામાં આવે છે.

INDEX

૩. કામની હકીકત એવી છે કે, પ્રથમ પક્ષકાર સંઘે તા. ૪-૧૦-૮૨ના રોજ ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબની એક ફેરફારની સુચના આત્મા તેમજ આત્માના સભ્ય ન હોય તેવી બધી મીલોને આપીને માગણી કરેલ હતી કે, પ્રથમ પક્ષકાર સંઘના જે પ્રતિનિધિઓ હોય તે પ્રતિનિધિઓ પ્રથમ પક્ષકાર સંઘની કારોબારીની તેમજ મધ્યસ્થ સમિતિની મીટીંગ જ્યારે રાખવામાં આવી હોય ત્યારે તે પ્રતિનિધિઓને ભરપગારે રજા આપવી જોઇએ કે જેથી તેઓ નિષ્ઠાપૂર્વક મીટીંગમાં હાજર રહી શકે અને કામદારોની પ્રવૃત્તિ કરી શકે. આ માગણી સાથે આત્મા તેમજ ઈતર મીલોના વ્યવસ્થાપક મંડળ સંમત થયેલા ન હતા તેમજ ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે સમજુતિ કરાવી શકેલા નહી માટે તા. ૧૫ ૪-૮૩ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર સમાધાનકારે પ્રથમ પક્ષકાર સંઘને મોકલી આપેલ, જેથી પ્રથમ પક્ષકાર સંઘે સદરહુ માગણી ન્યાય નિર્ણય કરવા માટે હાલના રેફરન્સ કરેલા છે.

૪. પ્રથમ પક્ષકાર સંઘે દરેક રેફરન્સમાં માગણનું નિવેદન રજુ કરેલ છે. માગણાના નિવેદનો એક સરખા છે, જેની વિગતો એ મુજબની છે કે પ્રથમ પક્ષકાર સંઘ પ્રતિનિધીત્વ અને માન્યતા ધરાવતો સંઘ છે પ્રથમ પક્ષકાર સંઘનો ઉદ્દેશ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું હીત જાળવવાનો છે અને તે માટે અવારનવાર દરેક ખાતાની તેમજ મધ્યસ્થ સમિતિની સાધારણ રીતે મહીનામાં બે વાર મીટીંગો બોલાવવામાં આવે છે તેમજ આ પ્રતિનિધિઓને મજુર પ્રવૃત્તિ અંગે કેળવણી આપવા માટે પણ અભ્યાસો રાખવામાં આવે છે તેમાં ભાગ લેવા માટે પ્રતિનિધિઓની હાજરી જરૂરી છે માટે જે દિવસે આ પ્રકારની પ્રવૃત્તિ રાખવામાં આવેલ હોય ત્યારે પ્રતિનિધિઓને તે દિવસની ભરપગારે રજા આપવી જરૂરી છે કે જેથી પ્રતિનિધિઓ તેમની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી શકે.

૫. આત્માએ આંક-૫ ના લેખીત જવાબ રજુ કરી સદરહુ માગણીનો વિરોધ કરેલો છે. બાકીની નવ મીલોએ પણ માગણીનો વિરોધ કરેલો છે અને જણાવેલ છે કે, આત્માએ જે જવાબ આપેલ છે તે જવાબ તેમનો પણ ગણી લેવો. આત્માની રજુઆત એવી છે કે, ગુજરાત રાજ્ય છુટું પડયું તે પહેલાં મુંબઈની ઔદ્યોગિક અદાલતમાં અરજી નં. ૯/૧૯૪૬ કરવામાં આવેલ હતી અને તેમાં જે ચુકાદો આપવામાં આવેલ છે તે એ મુજબનો છે કે, કામદારોના

INDEX

પ્રતિનિધિઓને મીટીંગ એટેન્ડ કરવા માટે મહીનામાં બે વાર ભરપગારે બે કલાકની છુટ આપવી, તે ચુકાદામાં પરચુરણ અરજી નં. ૧૮/૧૯૫૭ કરીને ફેરફાર કરવામાં આવેલ હતો અને તેમાં એવું નક્કી કરેલ હતું કે બે કલાકને બદલે ૩ કલાકની ભરપગારે છુટ આપવી. આ ચુકાદો અમલમાં છે અને તે સમાપ્ત કરવામાં આવેલ નથી માટે હાલનો રેફરન્સ ચાલી શકે નહી. આત્માની વિશેષમાં રજુઆત એવી છે કે, આ ઉદ્યોગ હાલમાં આર્થીક ભીંસમાં આવી ગયેલ છે અને ઘણા એકમો બંધ પડેલા છે માટે રજા આપવી પરવડે તેમ નથી તેમ છતાં કામદારોના પ્રતિનિધિઓને મીટીંગમાં હાજર રહેવા માટે તેમજ સંઘની ઇતર જરૂરી પ્રવૃત્તિઓ માટે ભરપગારે છુટ આપવામાં આવે જ છે. વાસ્તવમાં આ જાતની મીટીંગો સંજના ૪-૩૦ વાગે રાખવામાં આવતી હોવાથી ત્રીજી અને પહેલી પાળીના પ્રતિનિધિઓને રજા કે છુટ આપવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ફક્તબીજી પાળીના પ્રતિનિધિઓને જ આ પ્રશ્ન અસર કરતો હોય છે અને તેઓને ભરપગારે મીટીંગમાં હાજર રહેવા માટેની છુટ આપવામાં આવે છે જ, માટે રજા આપવા માટેની જે માગણી કરવામાં આવેલ છે તે ગેરવાજબી હોવાથી તે રદ કરવી જોઇએ.

૬. વાસ્તવમાં પ્રથમ પક્ષકાર સંઘના પ્રતિનિધિઓ ને મીટીંગમાં તેમજ સંઘની ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે અમદાવાદમાં આવેલ મીલોના વ્યવસ્થાપક મંડળ ભરપગારે છુટ આપતા જ હતા તેથી આ રેફરન્સો જલદી ચલાવવામાં સંઘને બહુ ઉત્સાહ ન હતો અને તેથી રેફરન્સો ૧૯૮૩માં થયેલા હતા તેમ છતાં માગણાનું નિવેદન ફેબ્રુઆરી-૧૯૮૬માં રજૂ કરવામાં આવેલ હતા. ત્યાર બાદ માગણીના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ ન હોવાથી અને સુનાવણી વખતે સંઘે પ્રતિનિધિઓ તથા પુરાવો હાજર રાખેલ ન હોવાથી તા, ૧૧-૭-૮૯ના રોજના હુકમથી રદ કરવામાં આવેલ હતા. પરંતુ સંઘે પરચુરણ અરજી નં. ૧૩/૮૯ દાખલ કરીને રેફરન્સો ફરી ફાઈલ ઉપર લેવડાવેલા છે. આ સંજોગોમાં આ રેફરન્સમાં માગણી બહુ મહત્વની ન હોવા છતાં પણ ઘણો વિલંબ થયેલ છે.

૭. પ્રથમ પક્ષકાર સંઘે આક-૧૨ થી એક પ્રતિનિધિ શ્રી કનુભાઈ હીરાલાલ બ્રહ્મભટ્ટને તપાસેલા છે, જ્યારે મીલો તરફથી કોઇ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કનુભાઈના જણાવ્યા પ્રમાણે તેઓ ૧૯૪૮થી કારકુનની કક્ષાના પ્રતિનિધિ તરીકે કામ કરે છે પ્રથમ પક્ષકાર સંઘના પ્રતિનિ-

INDEX

ધિઓની જ્યારે જ્યારે મીટીંગ હોય છે ત્યારે બીજા પક્ષકાર મીલોના વ્યવસ્થાપક મંડળતરફથી તેમને ભરપગારે છુટ આપવામાં આવે છે. તે જ પ્રમાણે બીજા પ્રતિનિધિઓને પણ મીટીંગમાં હાજર રહેવા માટેની ભરપગારે છુટ આપવામાં આવે છે. કોઈ પ્રતિનિધિને આવી છુટ આપવામાં આવેલ ન હોય તેવી કોઈ ફરીયાદ નથી. પરિણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે કે, સંઘની માગણી કે જ્યારે પ્રતિનિધિઓની મીટીંગ રાખવામાં આવતી હોય અથવા કામદાર પ્રવૃત્તિ અંગે પ્રતિનિધિઓએ કોઈ જગ્યાએ હાજરી આપવાની હોય તે દિવસે પ્રતિનિધિઓને ભરપગારે રજા આપવાની માંગણી વાજબી છે કે કેમ ? શ્રી જોશીની રજુઆત એવી છે કે, મીલોના વ્યવસ્થાપક મંડળ ભરપગારે પ્રતિનિધિઓને હાજર રહેવાની છુટ આપે તો છે પરંતુ પ્રતિનિધિઓને તે દિવસની રજા આપવી જોઈએ કે જેથી તેઓ નિષ્ઠાપૂર્વક તેમની કામગીરી કરી શકે. આ રજુઆત સાથે સંમત થઈ શકાય તેમ નથી, સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબના છે.

૮. પ્રતિનિધિઓએ જ્યારે મીટીંગ રાખવામાં આવી હોય ત્યારે હાજર રહેવું જરૂરી છે, કારણ કે જો તેઓ મીટીંગમાં હાજર રહે તો જ કામદારોનું હીત તેઓ જાળવી શકે અને કામદારોના લાભાર્થે જે કંઈ નિર્ણય લેવાના હોય તે તેઓ લઈ શકે અને કામદારોના પ્રશ્નો અંગે તેઓ રજુઆત કરી શકે માટે જ્યારે જ્યારે પ્રથમ પક્ષકાર સંઘની મીટીંગ અથવા મધ્યસ્થ સમિતિની મીટીંગ રાખવામાં આવી હોય ત્યારે પ્રતિનિધિઓએ તેમાં હાજર રહેવું જરુરી છે, પરંતુ તેનો અર્થ એમ ન થાય કે જે દિવસે આ જાતની મીટીંગ કે પ્રવૃત્તિ રાખવામાં આવેલ હોય ત્યારે બધા પ્રતિનિઓને તે દિવસની ભરપગારે રજા આપવી જોઈએ. શ્રી જોશીની માંગણી જો ગ્રાહ્ય રાખવામા આવે તો મીટીંગ બપોરે ૪–૩૦ કલાકે રાખવામાં આવી હોય તો પણ રાતપાળીના પ્રતિનિધિઓને તે દિવસની રજા આપવી પડે. રાતપાળીના પ્રતિનિધિ ફરજ ઉપર હાજર રહીને પણ પોતાની કામગીરી તેવી પાળીના સમય બહાર જો મીટીંગ રાખવામાં આવેલ હોય તો તેમા તેઓ સારી રીતે ભાગ લઈ શકે છે, માટે જો તે પાળીના સમય દરમ્યાન મીટીંગ જો ન રાખવામાં આવી હોય તો તે પાળીના પ્રતિનિધિઓને ભરપગારે રજા આપવાની માંગણી કઈ રીતે વાજબી ગણી શકાય. ભરપગારે છુટ આપવાથી કામદારોનું હીત જળવાઈ રહે તેમ છે. બાકી રજા આપવા માટેની જે માંગણી કરેલી છે તેમાં કેવળ પ્રતિનિધિઓનો સ્વાર્થ જ સમાયેલ હોય તેમ લાગે છે, માટે જે દિવસે મીટીંગ રાખવામાં આવેલ હોય તે દિવસે

INDEX

બધા પ્રતિનિધિઓને ભરપગારે રજા આપવી એવી જે માંગણી કરવામાં આવેલ છે તે સાથે સંમત થઈ શકાય તેમ નથી. તે ઉદ્યોગના હીતમાં નથી અને કામદારોના હીતમાં પણ નથી. સુતરાઉ કાપડ ઉદ્યોગ આર્થિક ભીંસમાં સપડાયેલ છે અને ઘણી મીલો બંધ થયેલી છે શરૂઆતમાં તો એન ટી. સી. અગર તો જી. એસ. ટી. સી. તેવી મીલો ચાલુ કરવાની પ્રવૃત્તિ હાથ ધરેલ હતી. પરંતુ હવે તો આ બંને કોર્પોરેશનો પણ બંધ થયેલ મીલો ચાલુ કરવાની જવાબદારી ઉપાડતા નથી, કારણ કે આ ઉદ્યોગ આર્થિક ભીસમાં સપડાયેલો છે. અલબત્ત કેટલાક એકમો સારો નફોકરતા હોય છે પરંતુ સમગ્રપણે ઉદ્યોગની પરીસ્થિતિ જોઈએ તો કથળેલી કહી શકાય, માટે તેને બીનજરૂરી રજાની માગણી ગ્રાહ્ય રાખવાથી ઉદ્યોગને વધુ ફટકો પડે તેમ છે. જ્યારે અગાઉ જણાવ્યા પ્રમાણે જે તે પાળીના પ્રતિનિધિની ફરજ સમય બહારના સમય દરમ્યાન મીટીંગ રાખેલ હોય તેમને પણ રજા કે છુટ આપવા માટેની માંગણી વાજબી ગણાય નહી.

૯. અત્રે નોંધ લેવાની જરૂર છે કે બીજા પક્ષકાર તરફથી અગાઉના એવોર્ડ અસ્તિત્વમાં છે તે રદ કરવામાં આવેલ નથી માટે આ રેફરન્સો ચાલી શકે નહી એવી રજુઆત કરેલી છે પરંતુ અગાઉના એવોર્ડ રજુ કરવામાં આવેલ નથી તદ્ઉપરાંત બીજા પક્ષકાર તરફથી હાજર રહેલા વકીલો સર્વશ્રી જે. એમ. પટેલ મુકેશ વકીલ, ભાર્ગવ જોશી તેમજ કુ.મીનાબેન શાહ સંમત થાય છે કે પ્રતિનિધિઓને ભરપગારે હાજર રહેવાની જે સવલત આપવામાં આવે છે. તેમાં તેઓ સમય મર્યાદા માટે બહુ આગ્રહ રાખતા નથી. અને વાજબીપણે મીટીંગમાં હાજર રહેવા માટે ભરપગારે છુટ આપવા સંમત છે અને તે પ્રકારની છુટ આપવમાં આવે છે પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ –

૧૦. સંઘ તરફથી જે દિવસે પ્રતિનિધિઓની મીટીંગ રાખવામાં આવી હોય ત્યારે તે દિવસની બધા પ્રતિનિધિઓને ભરપગારે રજા આપવી એવી જે માગણી કરેલ છે તે વાજબી નહી હોવાથી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી, પરંતુ અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે જે તે પાળીના ફરજ ઉપર હાજર રહેલા પ્રતિનિધિઓને મીટીંગમાં હાજર રહેવા માટે મીલોએ ભરપગારે છુટ આપવા માટેની જે પ્રથા રાખેલી છે તે ચાલુ રાખવાની છે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવો જરૂરી જણાતું નથી. આ કામનો અસલ ચુકાદો રેફરન્સ નં. ૨૫૩/૮૩માં રાખવો જ્યારે બાકીના રેફરન્સમાં તેની પ્રમાણીત નકલો રાખવી

INDEX

સહી

વી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૧૬-૮-૧૯૯૧

સહી

(એન. એ. ચૌહાણ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧-૧૦-૯૧
અમદાવાદ

સન. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : અ/શમક/૨૮૨૧૮ (આર યુ) સન. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું મા. આશીષ સિન્થેટીક્સ ઉમરગામ અને ધી વલસાડ ડીસ્ટ્રી ઈન્ડ એમ્પ્લો. એસો., સુરત સમાધાન અધિકારી શ્રી ડી. કે. પટેલની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ના ડીસેમ્બર માસના ૧૨મા દિને આથી નોંધ કરું છું.

સમાધાન કરાર

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬ હેઠળ

INDEX

રેફરન્સ બી. આઈ. આર. ૨૮/૯૧

આજરોજ તા. ૨૩મી ઓકટોમ્બર ૧૯૯૧ને વાર બુધના દિવસે શ્રી સંજયભાઈ અનંતબંસે રહેવાસી મુંબઈ તે મે. આ. આશિષ સીન્ટેક્સ, શેડ નં. બી-૧/૨૨૨૮, જી. આઈ. ડી.સી ઉંમરગામના માલિક તે પ્રથમ પક્ષના અને શ્રી રમેશભાઈ આર. પટેલ, મંત્રી શ્રી ધી વલસાડ ડીસ્ટ્રીકટ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન સુરતને ઉમરગામ તાલુકા રેશમ કાપડ કોટન ટેક્ષટાઇલ ઉદ્યોગમાં કામ કરતાં કામદારો માટેના બી. આઈ. આર. એકટ હેઠળ માન્યતા અને લાયકાત પ્રાપ્ત યુનીયન તે બીજા પક્ષના.

સમાધાન અંગેની ટુંકમાં માહિતી

મે આ. આશિષ સીન્ટેકસ તે ઉપરોક્ત સરનામે સને ના વરસથી આર્ટ. સિલ્કનું એટલે કે શે કાપડ બનાવવાનું કામકાજ કરતી આવેલ ભાગીદારી સંસ્થા છે. જેમાં કામ કરતા કારીગરો વતી ધી વલસાડ ડીસ્ટ્રીકટ ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોઈઝ એસોસીએશન સુરત કે જે ઉંમરગામ તાલુકાના રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતાં કામદારોની પ્રતિનિધિત્વ ધરાવતું માન્યતા અને લાયકાત પ્રાપ્ત યુનીયન હોવાથી પ્રથમ પક્ષનાની સંસ્થામાં કામ કરતાં કામદારોનાં કામની અને નોકરીની શરતો માટે તા. ૧૩-૫-૯૧ના રોજ બી. આઈ. આર. એકટની કલમ-૪૨ (૨) મુજબ ફેરફારની નોટીસ નમુના એલમાં પ્રથમ પક્ષનાને મોકલેલ જેમાં પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતાં કામદારોને પગાર વધારો, મોંઘવારી ભથ્થું રજાઓ, યુનીફોર્મ વોસીંગ એલાઉન્સ (ધોલાઈ ભથ્થુ) વિગેરે ચૂકવી આપવા માંગણી કરેલી, સદરહુ બાબતે કોઈ સમાધાન પક્ષકાર વચ્ચે નહી થતાં એ વલસાડ ડીસ્ટ્રીકટ એમ્પ્લોઝ એશોસીએઝને તા. ૨૮-૫-૯૧ના રોજ સદરહુ તા. ૧૩-૫-૯૧ની નોટીસમાં જણાવેલા ફેરફારો અંગે નમુના 'એન'માં એક નોટીસ મે. કન્સીલીએટર સાહેબ શ્રી વલસાડને મોકલી હતી. જે અંગેની જરૂરી નોંધ તા. ૪-૬-૯૧ ના રોજ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૫૫ હેઠળ જરૂરી પત્રકમાં કરવામાં આવેલ હતી, ત્યારબાદ મે. કન્સીલીએટર સાહેબશ્રી વલસાડ તરફથી તા. ૧૨-૬-૯૧ થી તા. ૨૩-૧૦-૯૧ ના રોજ દરમ્યાન વાટાઘાટો ચર્ચા વિચારણા કરવા રૂબરૂ બોલાવવામાં આવેલ અને તેમાં પણ બન્ને પક્ષનાઓની થયેલ જે તે તમામ રજુઆતો તથા વાદ વિવાદોને અંતે બન્ને પક્ષકારો વચ્ચે એક સમજુતી અને શાંતિભર્યા રાહે સુમેળ સંધાતા બન્ને પક્ષનાઓની વચ્ચે એક સુખદ સમાધાન થયું છે. આ સમાધાન બંને પક્ષનાઓએ જે શરતોએ કર્યું છે તે નીચે મુજબ

સમાધાનની શરતો

૧. પગાર વધારા બાબત.

(અ) કંપનીમાં હાલમાં નીચે જણાવ્યા મુજબના વર્ગીકરણ પ્રમાણે કર્મચારીઓ કામદારો કામ કરે છે.

૧. કુશળ

૨. અર્ધકુશળ.

૩. બીનકુશળ

ઉપર જણાવ્યા મુજબના વર્ગીકરણ મુજબન. જે તે કેટેગરીમાં આવતા કર્મચારી–કામદારોને હાલમાં કંપની જે ફીકસ્ડ પગાર ચુકવી રહેલ છે. તેઓને નીચે જણાવ્યા મુજબ તેમના જે તે ગ્રેડ વર્ગીકરણ સામે દર્શાવ્યા મુજબનો એ દૈનિક પગાર વધારો તા. ૧–૧૦–૯૧ના રોજથી અમલમાં આવે તે રીતે તેઓના એચ્છિક મુળ પગારમાં પગાર વધારા તરીકે ચુકવી આપવા પ્રથમ પક્ષના કંપની સ્વીકારે છે.

વર્ગીકરણ	તા. ૧–૧૦–૯૧ના રોજથી મળવા પાત્ર દૈનિક પગાર વધારે,	તા. ૧–૧૦–૯૨ના રોજથી મળવા પાત્ર દૈનિક પગાર વધારો	તા. ૧–૧૦–૯૩ ના રોજથી મળવા પાત્ર દૈનિક પગાર વધારો
૧. કુશળ	૧–૦૦	૧–૦૦	૦–૮૫
૨. અર્ધ કુશળ	૧–૦૦	૧–૦૦	૦–૮૫
૩. બીન કુશળ	૧–૦૦	૧–૦૦	૦–૮૫

(બ) પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારો પીસરેટથી કામ કરે છે તેવા તમામ કામદારોને તેઓને હાલમાં ચુકવવામાં આવતા દરોમાં નીચે જણાવ્યા મુજબ વરસોથી સામે દર્શાવ્યા મુજબ મીટર દીઠ પગાર વધારા ચુકવી આપવા પ્રથમ પક્ષના કંપની સ્વીકારે છે.

INDEX

વર્ષ	મીટર દીઠ પગાર વધારો
૧-૧૦-૯૧થી ૩૦-૯-૯૨	૦-૦૫ પૈસા
૧-૧૦-૯૨ થી ૩૦-૯-૯૩	૦-૦૫ પૈસા
૧-૧૦-૯૩ થી ૩૦-૯-૯૪	૦-૦૫ પૈસા

(૨) મોંઘવારી ભથ્થુ : કંપની તેના તમામ કર્મચારી કામદારોને લઘુતમ વેતન અધિનિયમ હેઠળ પાવરલુમ ઉદ્યોગમાં કામ કરતાં કામદારો માટે નામદાર ગુજરાત સરકાર તરફથી વખતો વખત એટલે કે દર છ માસે ૧લાં એપ્રિલ અને ૧લી ઓકટોબર ચુકવવા પાત્ર રૂપે. એલાઉન્સ ખાસ ભથ્થાની રકમ અંગેની જાહેરાત કરવામાં આવે છે. તે મુજબની ચુકવણી કંપની શરૂઆતથી જ કરતી આવેલ છે. જે મુજબ જ ચુકવણી કરતા રહેવાની કંપની ખાત્રી આપે છે. જેથી મોંઘવારી ભથ્થાની માંગણી યુનીયન પાછી ખેંચી લે છે.

(૩) રજાઓ : (અ) કેઝયુઅલ રજા કંપની તેના તમામ કામદારોને આ સમાધાન કરારના અમલ દરમ્યાન નીચે જણાવ્યા મુજબની શરતોને આધીન રહીને દર વરસ કુલ ૭ દિવસની રજા કેઝયુઅલ રજા તરીકે ભરપગારે આપવાનું સ્વીકારે છે.

(૧) કેઝયુઅલ રજા કામદારો સામુહિક રીતે ભોગવી શકશે નહી.

(૨) કેઝયુઅલ રજા કામદારોએ જે તે વરસમાં જ ભોગવી લેવાની રહેશે. આવી રજાઓ ભેગી કરી શકાશે નહીં.

(૩) કેઝયુઅલ રજા જાહેર તહેવારની આગળ અથવા પાછળ ભોગવી શકાશે નહીં.

(બ) માંદગીની રજા : આ માંગણી યુનીયન પાછી ખેંચી લે છે.

(ક) જાહેર તહેવારની રજા : કંપની તેના કાયમી કામદારોને હાલમા જે પ્રથમ મુજબ જાહેર તહેવારની રજા ભરપગારે આપતી આવેલ છે તે પ્રથા મુજબ જ ચાલુ રાખવાનું બંને પક્ષનાઓ સ્વીકારે છે.

(ડ) હક્ક રજાઓ : કંપની તેના તમામ કામદારોને કારખાનાના અધિનિયમ ૧૯૪૮ની જોગવાઈ મુજબ હક્ક રજા ચુકવી આપતી આવેલ છે. તે પ્રથા

INDEX

મુજબ જ ચાલુ રાખવાનું બન્ને પક્ષનામો સ્વીકારે છે. જેથી સદરહુ માંગણી યુનિયન પાછી ખેંચી લે છે.

(૪) યુનિફોર્મ :- કંપનીમાં આવતી પ્રવૃતિ ઉત્પાદન પ્રક્રિયાને ધ્યાનમાં લેતા યુનીફોર્મની માંગણી યુનિયન પાછી ખેંચી લે છે.

(૫) ધોલાઈ ભથ્થુ :- ઉપર જણાવ્યા મુજબની માંગણી નં ૪ ને ધ્યાનમાં રાખી ધોલાઈ ભથ્થાની માંગણી યુનીયન પાછી ખેંચી લે છે. આ સમાધાન કરાર અમલમાં આવ્યા પછી પ્રથમપક્ષના કંપનીમાં જે કોઈ નવાં કામદારો જે કોઈ કેટેગરીમાં કંપનીમાં દાખલ થશે તેઓના માટે સદરહુ કાયદાઓ તમામ શરતો જે તે કામદારને પ્રથમ પક્ષનાની કંપનીમાં દાખલ થયાની તારીખથી એક વર્ષ પુરુ થયે આ કરારની શરતોનો લાભ મળવાનો ચાલુ થઈ શકશે.

ઉપરોક્ત સમજુતી યાને કે સમાધાન કરારથી બન્ને પક્ષનાઓ એકબીજા સાથે સુમેળ અને શાંતીભર્યા સંબધો જાળવી રાખવાની બાંહેધરી તથા ખાત્રી આપે છે. બીજા પક્ષનાઓ પ્રથમ પક્ષનાને સારૂ અને ઉત્તમ કક્ષાનું ઉત્પાદન આપવા તેમજ ઉત્પાદનનો ગુણવત્તા તથા ઉત્પાદન ઉંચુ લાવી લઈ આપવાની આથી બહોંધરી આપે છે. બન્ને પક્ષનાઓ વચ્ચે કોઈપણ પ્રશ્નો માટે જો વિખવાદ કે કચવાટ ઉભો થાય તો શોપ ફ્લોર લેવલે જ એકબીજાની અંગત સમજુતી વિગેરેથી તેની પટાવત કરશે અને જો એવો કોઈ વિખવાદ કે કચવાટ ઉપસ્થિત થાય કે શોપ ફ્લોર લેવલે પતી શકે તેમ ન હોય તો તે બન્ને પક્ષકારો એકબીજાની સમજુતીથી લવાદી રાહે તેનો નિકાલ લાવશે.

આ સમાધાનના અમલથી તે અસ્તિતવમાં રહે ત્યાં સુધી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સમક્ષ બીજા કોઈ અન્ય માંગણીઓ મુકશે. મુકાવશે નહીં. તેમજ પ્રથમ પક્ષના ઉપર આર્થિક નાંણાકીય બીજા પડે તેવી (બોનસ સિવાયની) કોઈ સમસ્યાઓ કે પ્રશ્નો ઉપસ્થિત કરશે કરાવશે નહીં, તેની ખાત્રી આપે છે.

આ સમાધાન કરાર બન્ને પક્ષનાઓ નીચે સહી કરનાર સાક્ષીઓ તથા પ્રતિનિધિઓની રૂબરૂમાં આજરોજ તા. ૨૩-૧૦-૯૧ના રોજે સ્વેચ્છાએ સમજી વિચારી એકમત અને એક સમજુતીમાં એકબીજા સાથે સહમત થઈ કોઈપણ જાતની ધાક-ધમકી કે દાબ-દબાણ વિના સંપુર્ણ સભાન અવસ્થામાં કરેલ છે. જે આપણે બન્ને પક્ષકારો તથા વંશવાલી વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.

INDEX

પ્રથમ પક્ષકાર

તારીખ – ૨૩-૧૦-૯૧ માલિકશ્રી મા. આશિષ

સ્થળ – વલસાડ સીન્ટેક્સ

સાક્ષી જી. આઈ. ડી. સી. ઉમરગામ

મંત્રી

સમાધાનકાર શ્રી રમેશભાઈ આર. પટેલ

મુંબઈ ઔદ્યોગિક અધિનિયમ ૧૯૪૬ ધી વલસાડ ડીસ્ટ્રીક્ટ ઈન્ડસ્ટ્રીયલ

વલસાડ એમ્પલોઈઝ એસોસીએશન સુરત

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક

તા. ૧૨-૧૨-૯૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ

અમદાવાદ અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમ અન્વયેના

અધીસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખ; શ્રમક-૨૭૯૪૦ આર. યુ. સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું મજૂર મહાજન સંઘ, અમદાવાદ અને મોનોગ્રામ મીલ્સ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૭ મા દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

વી. આર. એસ. શુકલ સભ્ય સમક્ષ

INDEX

રેફરન્સ (આઈ. સી.) નં. ૪૪/૯૧

મજૂર મહાજન સંઘ, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મોનોગ્રામ મીલ્સ, અમદાવાદ. ...બીજા પક્ષકાર

મીલ્સ કંપનીના વીવીંગ ખાતાના પ્રોપેટરી વિભાગના વાઈન્ડીંગ ખાતામાં એક બાર્બર કોલમેન સ્પુલર મશીન લાવી ચાલુ કરવા માગે છે તે અંગે...

ચુકાદો

૧. બીજા પક્ષકાર મીલ કંપનીએ, કંપનીના વીવીંગ ખાતાના પ્રોપેટરી વિભાગના વાઈન્ડીંગ ખાતામાં એક બાર્બર કોલમેન સ્પુલર મશીન લાવી ચાલુ કરવા બાબતે પ્રથમ પક્ષકાર સંઘને ફેરફારની નોટીસ આપતાં પ્રથમ પક્ષકાર સંઘે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારસંઘે આંક-૬ની પુરસીસ આપી જણાવેલ છે કે, બીજા પક્ષકાર મીલ કંપનીએ ફેરફારની નોટીસ પાછી ખેંચી લેતા હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઈચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી આથી અંતમાં હુ નીચે મુજબનો હુકમ કરૂ છુ.

હુકમ

(૩) પ્રથમ પક્ષકાર સંઘને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ કેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર

તા. ૧૬-૮-૯૧

સહી

આર. એસ. શુકલ

સભ્ય

ઔદ્યોગિક અદાલત. અમદાવાદ

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૭-૯-૧૯૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ખ.શ.ક ૨૭૯૭૦ આરયુ સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪/૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસો. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૯મા દિને આથી નોંધ કરૂ છું.

IN THE INDUSTRIAL COURT, GUJARAT.

(Before Shri H. D. Pandya, President)

Misc. Application (IC) No. 19 of 1991.

IN

Misc. Application (IC) No. 10 of 1991.

IN

Misc. Application (IC) No. 1 of 1988.

IN

Misc. Application (IC) No. 2 of 1987.

IN

Reference (IC) No. 103 of 1961, as amended from time to time

BETWEEN

The Textile Labour Association, Ahmedabad.

AND

The Ahmedabad Textile Mills Association, Ahmedabad : and others (mentioned in the Annuxure) and fixx.

Sarangpur Cotton Mfg. Co., (a unit of G. S. T. O. Ltd.) Ahmedabad.

In the matter of modification of the Award dated 24th April, 1991in Misc. Application (IC) No. 10 of 1991.
Industry : Cotton Textile.

SUPPLEMENTARY AWARD

This is joint application undor Section 116-A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the Award made in Referance (IC) No. 103 of 1961 as amended from time to time, requesting me to make an Award in terms of settlement mutually arrived at between the parties as ambodied in Annuxure "A" The application has been signod by the competent persons and I find the terms of settlement to be fair and reasonable. I therefore, take the terms of settlement on record and make this supplementary award in terms of settlement Annexure "A" which is annexed hereto. No ordar as to coste,

sd. N. N. Patel
Registarar
Ahmedabad, 31st August 91.

sd. H. D. Pandya
President

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ખ/શમક/૨૭૯૫૮ આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪:૨: અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ધી મોનોગ્રામ મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૧૬ મા દિને આથી નોંધ કરૂ છું.

In The Industrial Court At Ahmedabad, Gujarat

(Shri H, R. Kamodia, Member)

Ref. (IC) No. 93 of 1990.

Textile Labour Association, Ahmedabad. — First party.

versus.

The Monogram Mills, (Unit of G.S.T.C.) Ahmedabad. — Second party.

ORDER

The above-named second party had on 9-8-89 served a notice of change upon the first party expressing its desire to reduce 24 posts from Engineering Mechanic Departant as per details in Annexure A attached to the said notice of change. The negotiation between the parties for settlement failed and so the metter was taken in conciliation, which also ended in a failure certificate with the result that the first party has approched this court under section 73 A of the B. I. R. Act. 1946 with a request that the second party should not be allowed to abolish the posts as per its desire expressed in its netice of change.

INDEX

2. The second party has by a purshis Ex. 9 declared that it does not press for its desire expressed in the notice of change whis has been instrunental in this reference being mede by the first party. It has further declared in Ex. 9 that it withdraws the said notice of change. Hence the first party has by a purshis Ex. 10 requested this Court to permit it to withdraw its reference on the ground that the second party had withdraw the notice of change. The request of the first party is genuine. There is nothing objectionable because that request is made as a result of withdrawal of notice of change which was instrumental for the institution o· this reference. So I pass the following order.

ORDER

The first party is permitted to withdraw this reference and so it will stand disposed of accordingly with no order as to cost.

Sd. N. N. Patel
Registrar,
Ahmedabad, 16th August, 1991.

Sd.
(H. R. Kamodia)
Member,
Industrial Court,
Ahmedabad.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૬-૯-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક : ૬/ખ/શમક/૨૮૦૨૫ આરયુ–સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું મજુર મહાજન સંઘ, સિદ્ધપુર અને દેવતી ફેબ્રીક્સ લી., સિદ્ધપુરની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલી નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના ઓક્ટોબર માસના ૧લા દિને આથી નોંધ કરૂ છું.

In the Industrial, Court, Gujarat

Before Shri H. D. Pendye. President

Misc. Application (IC) No. 14 of 1991

In

Misc. Application (IC) No. 9 of 1991

IN

Reference (IC) Nos. 62/1970

Between

Majoor Mahajan Sungh, Sidhpur First Party

And

Devti Fabrics Ltd., Sidhpur Second Party

In the metter of modification of the awards dated. 10th April 1967 in Misc. Application (IC) No. 9 of 1987 Regarding rationalisation in blow room Regartment.

Industry : Cotton Textile.

SUPPLEMENTARY AWARD

This is a joint application under Section 116A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the award mad

in Reference (IC) No. 62 of 1970, as amended from time to time, requesting me to make an award in terms of settlement mutually arrived at between the parties as embodied in Annexure "A" The application has been signed by the competans persons and I find the terms of settlement to be fair and reasonable. I, therefore, take the terms of settlement on record and make this Supplemantary award in terms of settlement Annexure 'A'. which is ennexed hereto. No order as to costs.

Sd./
N. N. Patel
Registra
dt 9th September 1991.
Ahmedabad.

Sd./
H. D. Pandyr
Prasident

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૧-૧૦-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયકસંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શમક/૨૮૨૬૫/આર. યુ.—સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૫૮ (૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ધી બહાદરપુર અર્બન કો. ઓ. બેંક લી. બહાદરપુર તા સંખેડા અને સહકારી બેંક કર્મચારી યુનિયન, વડોદરા સમાધાન અધિકારી શ્રી. એન ડી. ત્રિવેદી ની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન : ૧૯૯૧ના ડિસેમ્બર માસના ૧૨માં દિને આથી નોંધ કરું છું.

INDEX

-: મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટ :-

શ્રી ઇન્દ્રવદનભાઇ સુંદરલાલ દેસાઇ (મેનેજીંગ ડિરેક્ટર) માલિકના પ્રતિનિધિ
ધી બહાદરપુર અર્બન કો. ઓ. બેન્ક લિ.
મુ પો. બહાદરપુર તા. સંખેડા જી. વડોદરા.

શ્રી વિનોદભાઈ મોતીભાઈ પટેલ, જનરલ સેક્રેટરી. કામદારના પ્રતિનિધિ
સહકારી બેન્ક કર્મચારી યુનીયન. વડોદરા.
(માન્ય અને પ્રતિનિધિત્વ ધરાવતું યુનીયન)

-: કેસની ટુંકી વિગતો :-

સહકારી બેન્ક કર્મચારી યુનીયન વડોદરા જે મુંબઈ સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની જોગવાઈઓ હેઠળ સંખેડા તાલુકાના સ્થાનિક વિસ્તાર માટે માન્ય અને પ્રતિનિધિત્વ ધરાવતું યુનીયન જાહેર થયેલ છે. તેણે તારીખ ૧૦-૬-૯૧થી ફોર્મ 'એલ'માં બેન્કમાં કામ કરતાં તમામ કર્મચારીઓ માટે પગાર ધોરણો તેમજ બીજા ઈતર લાભો વધારવા માટે માંગણીઓ મુકેલી સદર યુનીયને તા.૧૮-૬-૯૧ના રોજ ફોર્મ "એન' માં સ્પે. નોટિસ આપેલી ત્યાર બાદ સમાધાન અધિકારી, ગુજરાત રાજ્ય વડોદરાની કચેરીમાં સદર બાબત કેસનંબર બી. આઈ.આર ૩/૯૧ થી રજીસ્ટર્ડ થયેલ સદર કેસની પ્રથમ તારીખ ૨૮/૬/૯૧ રાખવામા આવેલી. તે સમયગાળા દરમ્યાન બન્ને પક્ષકારો વચ્ચે વાટાઘાટો યોજાયેલી અને સુખદ સમાધાન નીચે મુજબ થયેલ છે

- સમાધાનની શરતો -

આથી બન્ને પક્ષકારો આ સાથે બીડેલ એનેક્ષ્ચર 'એ' માં દર્શાવેલી તમામ શરતો કબુલ મંજુર રાખે છે અને તે મુજબ બન્ને પક્ષકારો વર્તવા માટે સંમત થયેલ છે.

ધી બહાદરપુર અર્બન કો-ઓપ. બેંક લિ., બહાદરપુર

ધી બહાદરપુર અર્બન કો-ઓપ. બેંક લિ. બહાદરપુર જીલ્લો વડોદરા જેને હવે પછી આ કરારમાં બેંક તરીકે ઉલ્લેખવામાં આવશે અને સહકારી બેંક કર્મચારી યુનીયન જે આ બેંકમાં કામ કરતા કર્મચારીઓનું યુનીયન છે. જેને હવે પછી 'યુનીયન' તરીકે ઉલ્લેખવામાં આવશે. બેંક તથા યુનીયન વચ્ચે નીચે પ્રમાણે સમાધાન કરવામાં આવ્યું છે. અને તેની શરતો નીચે પ્રમાણે છે.

INDEX

(૧) આ બેંકમાં કામ કરતાં કર્મચારીઓની કક્ષાઓ નીચે પ્રમાણે રહેશે અને તા. ૧-૯-૧૯૯૦ના રોજ તેમના માસીક મુળ પગારના સ્કેલ જે તે કક્ષા માટે તેની સામે જણાવ્યા પ્રમાણે રહેશે,

૧. મેનેજર (કક્ષા-૧) :- બોર્ડ ઓફ ડાયરેકટર્સ નકકી કરે તે મુજબ

૨. એકાઉન્ટન્ટ (કક્ષા-૨) :- ૨૯૦-૧૫-૩૬૫-૨૦-૪૬૫-૨૫-૫૯૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦-૪૦-૧૦૧૦

૩. કલાર્ક (કક્ષા-૩) :- ૨૬૦-૧૦-૩૧૦-૧૫-૩૮૫-૨૦-૪૮૫-૨૫-૬૧૦-૩૦-૭૬૦-૩૫-૯૩૫

૪. પ્યુન (કક્ષા-૪) :- ૧૭૫-૭.૫૦-૨૦૫-૧૦-૨૫૫-૧૨-૩૧૫-૧૫-૩૯૦-૨૦-૪૯૦-૨૫-૫૯૫-૩૦-૭૧૫

૫. વોચમેન (કક્ષા-૫) :- ૧૫૦-૫-૧૭૫-૭-૨૧૦-૧૦-૨૬૦-૧૨-૩૨૦-૧૫-૩૯૫-૨૦-૪૯૫

(૨) નવીન પગાર માળખામાં ગોઠવણ -

(એ) બેંકના દરેક કર્મચારીને તા. ૧-૯-૯૧ના રોજથી ઉપરની કક્ષાઓ પ્રમાણે નવીન પગાર માળખામાં નીચે જણાવ્યા મુજબની રીતથી ગોઠવવામાં (ફીટ કરવામાં) આવશે.

(૧) કક્ષા નંબર ૨-૩માં આવતાં કર્મચારીઓને તા. ૩૧-૮-૯૦ના રોજ મળતા બેઝીક પગારમાં નવા ત્રણ (૩) ઈજાફા ઉમેરી આપવામાં આવશે.

(૨) કક્ષા નં. ૪ અને ૫માં આવતા કર્મચારીઓને તા. ૩૧-૮-૯૦ના રોજ મળતા મુળ બેઝીક પગારમાં નવા ચાર (૪) ઈજાફા ઉમેરી આપવામાં આવશે

(બી) શૈક્ષણીક લાયકાત માટે નીચે મુજબ પુરસ્કાર આપવામાં આવશે.

૧. એલ. ડી. સી. અથવા એચ ડી. શી. ...૧ પુરસ્કાર

૨ જી. ડી. સી. એન્ડ એ અથવા સી. એ. આઈ. આઈ. બી. ...૨ પુરસ્કાર

૩. સ્નાતક અથવા અનુસ્નાતક ...૨

INDEX

નોંધ – શૈક્ષણીક લાયકાત માટે વધુમાં વધુ ત્રણ પુરસ્કાર આપવાના રહેશે.

(૩) બ્લોક થતાં કર્મચારી ગ્રેડ રીવાઈઝ ન થાય ત્યાં સુધી તેનું છેલ્લુ ઈન્ક્રીમેન્ટ દર વર્ષે આપવાનું રહેશે.

(૩) ખાસ ભથ્થાઓ :- જે કર્મચારી નીચે મુજબ ફરજ બજાવતો હોય અથવા આવા પ્રકારની કામગીરી બજાવતો હોય તેને નીચે મુજબ માસીક અન્ય ખાસ ભથ્થુ બેંક આપશે.

૧. કેશીયર	...રૂા. ૨૫
૨. સીલીંગ ક્લાર્ક (સોના ચાંદી)	...રૂા. ૨૫
૩. વોચમેન	..રૂા. ૧૫

આ ખાસ ભથ્થાઓ પગારના ભાગ તરીકે ગણાશે જે મોંઘવારી ભથ્થુ મેળવવાને પાત્ર છે ખાસ ભથ્થુ મેળવતો કર્મચારી રજા ઉપર હોય ત્યારે પણ ખાસ ભથ્થુ મેળવતો રહેશે અને તેની જગ્યાએ કામ કરનાર તે જેટલા દિવસની કામગીરી કરે તે દિવસનું તે દરમ્યાન આવતી રજાઓ સહીતનું ભથ્થુ આપવાનું રહેશે, પરંતુ ભથ્થાવાળી જગ્યાએ કામચલાઉ કામગીરી કરનાર રજા પર જશે તો તેને રજાના સમયનું ભથ્થુ મળશે નહી. કોઈપણ કર્મચારીને એક કરતા વધુ ખાસ ભથ્થા મેળવવા પાત્ર થતો હોય તો જે ખાસ ભથ્થુ વધારે હોય તેવું એકજ ખાસ ભથ્થુ તે મેળવી શકશે.

(૪) મોંઘવારી ભથ્થુ :-

અ. દરેક કર્મચારીને નીચે પ્રમાણે મોઘવારી ભથ્થુ આપવાનું રહેશે જે અખીલ ભારતીય શ્રમજીવી ગ્રાહક ભાવાંક ૧૯૬૦ (૧૯૬૦–૧૦૦)ની આંક સાથે જોડવામાં આવશે.

બ. નવીન પગારમાં મોંઘવારી ભથ્થુ ગણવા નીચે પ્રમાણેની ગણત્રી કરવામાં આવશે

૧. નોન સબોર્ડીનેટ સ્ટાફ – (કક્ષા નંબર ૧. ૨ અને ૩) માટે સરેરાશ દર ત્રણ માસે ૧૯૬૦–૧૦૦ના ભાવાંક ઉપરાંતના પ્રત્યેક ચાર આંક દીઠ ત્રણ ટકા પ્રમાણે જે ટકાવારી આવે તેમાંથી ૭૫નો આંક બાદ કરી જે પરીણામ આવે તેની સાથે ૦.૫૭૧૫ વડે ગુણવાથી આવતો પરીણાત્મક આંક મુળ પગાર મોંઘ-વારી તરીકે ચકવવામાં આવશે.

INDEX

૨. સબ ઓર્ડીનેટ સ્ટાફ :– (પ્યુન તથા વોચમેન) કક્ષા ચાર અને પાંચ માટે સરેરાશ દર ત્રણ માસે ૧૯૬૦–૧૦૦ના ભાવાંક ઉપરાંતના પ્રત્યેક ચાર આંક દીઠ ચાર ટકા પ્રમાણે જે ટકાવારી આવે તેમાંથી ૧૦૦ (એકસો) નો આંક બાદ કરી જે પરીણામ આવે તેની સાથે ૦.૫ વડે ગુણવાથી આવતો પરીણાત્મક આંક મુળ પગારના મોંઘવારી તરીકે ચુકવવામાં આવશે.

૩. ઉપર પ્રમાણે મોંઘવારી ભથ્થુ ૧૯૬૦ નાં ભાવાંકના દર ચાર આંકે ત્રીમાસિક શરેરાશ પર ગણવામાં આવશે. ત્રીમાસીક સરેરાશ માટે માર્ચ જુન સપ્ટેમ્બર અને ડીસેમ્બર માસની છેલ્લી તારીખે પુરા થતા ત્રણ માસની ગણત્રી કરવામાં આવશે. અને આ અંગે ભાવાંકનો આંકડો ભારત સરકાર તરફથી પ્રસિદ્ધ થતાં ઈન્ડિયન લેબર જનરલ અથવા ગેઝેટ ઓફ ઈન્ડીયામાં જે પહેલાં પ્રસિદ્ધ થયું હોય તે પ્રગટ થયેલ ભાવાંક ગણત્રીમા લેવામાં આવશે.

૪. ઓછામાં ઓછું મોંઘવારી ભથ્થું માસીક રૂ. ૭૫–૦૦ રહેશે.

(ધ) અન્ય ભથ્થા :

૧. ઓફીસ એકટીંગ એલાઉન્સ : કોઈ કર્મચારીની જગ્યાએ કામ કરવાના પ્રસંગે જે કર્મચારીની જગ્યાએ કામગીરી કરી હોય તેનાં મુળ પગારનાં અગર પોતાના મુળ પગારનાં એ બેમાંથી જે રકમ વધુ હોય તેનાં ૧૦% લેખે ઓફીસ એકટીંગ ભથ્થું મોંઘવારી સહીત આપવાનું રહેશે.

નોંધ : ઓફીસ એકટીંગ ભથ્થું ૧૫ દિવસ કે તેથી વધુ સમય માટેનું આપવાનું રહેશે.

(૬) દૈનિક (રોકાણ) ભથ્થું :

(અ) હેડ કવાર્ટર બહાર કામગીરી માટે અગર કોઈપણ જાતનો બેંકીંગ ટ્રેનીંગ દરમ્યાન બહાર જવાનાં પ્રસંગે નીચે જણાવ્યા પ્રમાણે જે તે કક્ષા માટે દૈનિક ભથ્થું આપવાનું રહેશે.

૧. મેનેજર – એકાઉન્ટન્ટ	રૂ. ૧૫
૨. કલાર્ક – કેશીયર	રૂ. ૧૨
૩. પ્યુન – વોચમેન	રૂ. ૧૮

INDEX

(બ) ૮ કલાકથી ૨૪ કલાક માટે – ૧ દિવસ

૪ કલાક ઉપરાંત ૮ કલાકથી ઓછું – ૧/૨ દિવસ

૪ કલાકથી ઓછા સમય માટે – ૧/૪ દિવસ

(ક) જીલ્લા બહારનાં પ્રવાસ માટે ૫૦ ટકા વધુ રોકાણ ભથ્થુ અને અમદાવાદ અગર ગાંધીનગરનાં પ્રવાસ દરમ્યાન બમણું તથા ગુજરાત રાજ્યની બહારના પ્રવાસ માટે ત્રણગણું રોકાણ ભથ્થુ આપવામાં આવશે.

(ડ) ઉપરોક્ત પ્રવાસ દરમ્યાન ભાડા પેટે બસભાડુ અથવા રેલ્વેભાડુ જે તે સ્થળ સુધી જવા આવવાનું, તથા રીક્ષાભાડું મજુરી વિગેરે ખર્ચ આપવામાં આવશે.

(૭) ઓવરટાઇમ અને કામના કલાકો :

(અ) દરેક કર્મચારીએ સોમવારથી શુક્રવાર માટે ૬॥ કલાક અને શનીવાર માટે ૪ કલાકની કામગીરી કરવાની રહેશે.

(બ) ઉપર પ્રમાણેના કલાકો કરતાં વધુ કામ તે ઓવરટાઈમ ગણાશે.

(ક) ઓવરટાઈમ કામ માટે બેન્કના દરેક કર્મચારીને તેના એક માસનો પગાર, મુળ પગાર, મોંઘવારી તથા ખાસ ભથ્થા સહીત જેટલો ઓવરટાઈમ દરેક સહકારી વરસ માટે આપવાનો રહેશે. જેની ચૂકવણી દરેક વરસના જુન અને ડીસેમ્બર માસમાં અડધા માસનાં પગાર જેટલી રકમ આપી કરવામાં આવશે.

(૮) નીભાવણી ભથ્થુ :

કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવે તેવા પ્રસંગે નીચેના ધોરણે હંગામી ભથ્થુ આપવામાં આવશે.

(અ) પ્રથમ વીસ દિવસ માટે મુળ પગારનાં ૫૦ ટકા તથા મોંઘવારીના ૧૦૦ ટકા રકમ ચુકવવાની રહેશે.

(બ) વીસ દિવસ પછીનાં સમય માટે મુળ પગારના ૭૫ ટકા તથા મોંઘવારીના ૧૦૦ ટકા રકમ ચુકવવામાં આવશે.

નોંધ : સસ્પેન્શનનો પીરીયડ ત્રણ માસથી વધુ રહેશે નહીં.

INDEX

(૯) ડ્રેસ ધુલાઈ ભથ્થુ : (વોશીંગ એલાઉન્સ)

જે કર્મચારીને બેંક તરફથી ગણવેશ આપવામાં આવતો હોય તેમને માસીક રૂ. ૧૦-૦૦ લેખે ધુલાઇ ખર્ચ આપવામાં આવશે.

(૧૦) મેડીકલ એલાઉન્સ : બીમારી ભથ્થું

(અ) દરેક કર્મચારીને વાર્ષિક રૂ. ૯૦૦/- અંકે રૂપિયા નવસો પુરા મેડીકલ એલાઉન્સ આપવાનું રહેશે. જેની ચુકવણી દરેક માસના પગાર સાથે રૂ. ૭૫ અંકે રૂપીયા પંચોતેર લેખે કરવામાં આવશે.

(બ) દરેક કર્મચારી (તેના આશ્રીતો સહીત) ને કોઈ આકસ્મિક રોગ અથવા અકસ્માતનાં પ્રસંગે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવે, ગંભીર બિમારી વખતે બોર્ડ વિચારી આપશે.

(૧૧) ડ્રેસ (ગણવેશ)

સબ ઓર્ડીનેટ સ્ટાફ : પ્યુનને, વોચમેન નીચેનાં ધોરણે નીયમીત ગણવેશ આપવામાં આવશે.

૧. કોટન પાટલુન અને બુશકોટ : ૨ જોડ દર વર્ષે

૨. ગરમ પાટલુન અને બુશકોટ : ૧ જોડ દર ત્રણ વર્ષે

૩. છત્રી અથવા રેઈનકોટ ટોપી . દર ત્રણ વર્ષે

(૧૨) અજમાયસી તથા કાયમી :

અજમાયસી – પ્રોબેશન પર લેવાયેલ કર્મચારીને ૬ માસ સુધીનો અજમાયસી તરીકેનો સમય પુરો થાય તે પહેલા નોકરીમાંથી રદ ન કરવામા આવેલ હોય તો તે કર્મચારી આપોઆપ નોકરીમાં કાયમ થઇ ગયેલો ગણાશે.

(૧૩) તાલીમ (ટ્રેનીંગ) :

કોઇપણ પ્રકારની બેકીંઈ કે સહકારી તાલીમ માટે બેંક સૌથી સીનીયર કર્મચારીને પસંદગી આપશે. તાલીમાર્થી કર્મચારીને તાલીમના સમય દરમ્યાન પુરો પગાર મોંઘવારી ભથ્થુ તેમજ અન્ય ભથ્થાઓ મળતા રહેશે. તાલીમાર્થી

INDEX

કર્મચારીને તાલીમનાં અનુસંધાનમાં પ્રેક્ટીકલ તાલીમ માટે બહાર જવું પડે તો તે બદલ તેને દૈનિક ભથ્થુ અપાશે. જો કોઈ કર્મચારી બઢતી સ્વીકારવાની ના પાડે અથવા ટ્રેનીંગમાં જવા માટે બે વખત ના પાડેલ હશે તો તે કર્મચારીના તે જાતની ટ્રેનીંગ માટે કોઈપણ હક્ક દાવો રહેશે નહિ.

(૧૪) રજાઓ અને તે અંગેના નિયમો :

૧. હક્ક રજાઓ (પ્રીવીલેજ લીવ) : દરેક કર્મચારીને તેની નોકરીનાં દર વર્ષે ૩૦ દિવસની હક્ક રજા મળશે એવી રજા ૧૮૦ દિવસથી વધુ એકઠી કરી શકાશે નહી. હક્ક રજા મેળવવા કર્મચારીએ સાત દિવસથી લેખિત અરજી કરવાની રહેશે તાકીદની જરૂરિયાત અંગે ૭ દિવસનો બાધ રહેશે નહી. જો અરજી સમયસર આવેલ હોવા છતાં બેંક તરફથી નામંજુર કરવામાં આવેલ હોય તેના કારણો કર્મચારીને લેખીત આપવાના રહેશે. અને આવી નામંજુર કરાયેલ રજા ૧૮૦ દિવસની મર્યાદા ઉપર એકત્રીત કરી શકાશે.

૨. માંદગીની રજાઓ :

દરેક કર્મચારીને વર્ષે ૧૫ દિવસની માંદગીની રજા પુરા પગારે મળશે. જે ૧૮૦ દિવસ સુધી એકત્ર કરી શકાશે. જો કોઈ કર્મચારી પાસે એકત્રીત માંદગીની રજાઓ ના હોય તો અસાધારણ સંજોગોમાં રજાઓ જોઈતી હોય તો તે કર્મચારી છ માસ સુધી અર્ધ પગારી રજા મેડીકલ સર્ટીફીકેટ મેનેજમેન્ટ પાસે રજુ કરી મેનેજમેન્ટની મનસુફી મુજબ મેળવી શકાશે, જો કર્મચારી પાંચ દિવસ ઉપરાંતની તેની સીક લીવ મેળવવા આપતો હોય તો તેને બેન્કને ડોકટરી સર્ટીફીકેટ આપવાનું રહેશે.

૩, આકસ્મીક રજાઓ :

દરેક કર્મચારીને વરસમાં ૧૫ દિવસની પુરા પગારે આકસ્મીક રજા મળી શકશે. વરસના અંતે નહીં વપરાયેલ આકસ્મીક રજાઓનું માંદગીની રજાઓમાં રૂપાંતર કરવામાં આવશે. જો માંદગીની રજાઓ એક સાથે ૪ દિવસથી વધુ મળી શકશે નહી. તેમજ રૂપાંતર કરેલી રજાઓ ૧૮૦ દિવસથી વધવી જોઈએ નહી.

૪. પ્રસુતી અંગેની રજાઓ :

સ્ત્રી કર્મચારી માટે પ્રસુતી અંગેની રજાઓ મેટરનીટી બેનીફીટ એક્ટ ૧૯૫૨ થી મંજુર કરવામાં આવશે.

INDEX

૫. વધારાની સામાન્ય રજાઓ (બીન પગારી રજા) :

જો કોઈ કર્મચારીનાં ખાતે કોઇપણ પ્રકારની રજાઓ જમા ના હોય તો ૧૨ માસ સુધીની બીનપગારી રજા મેનેજમેન્ટ પોતાની મનસુફી મુજબ ખાસ આકસ્મીક સંજોગોમાં સર્વીસને ધ્યાનમાં લઈ આપી શકશે.

અ. આકસ્મીક રજાઓ દરમ્યાન આગળ અને પાછળ બંને બાજુ આવતી દરેક તહેવારી રજા અને અઠવાડીક રજા આકસ્મીક રજના ભાગ તરીકે ગણાશે. અને રજાની ગણત્રીમાં લેવાશે.

બ દર વર્ષે જુન માસનાં અંતે દરેક પ્રકારની રજાઓ કર્મચારીનાં રજાઓનાં ખાતામાં જમા કરવામાં આવશે અને તેની જાણ દરેક કર્મચારીને કરવામાં આવશે.

ક. દરેક પ્રકારની રજાનાં હેતુ માટે પગાર શબ્દનો અર્થ બેઝીક, પગાર મોંઘવારી ભથ્થા તથા અન્ય ખાસ ભથ્થા વિગેરે જે કાંઈ હોય તે

(૧૫) સમર્પિત હક્ક રજાઓ (એનકેસમેંટ લીવ)

સમર્પીત હક્ક રજાઓ માટેનાં ધારાધોરણો નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) અ. હક્ક રજાઓ સમર્પિત કરનાર કર્મચારીએ ઓછામાં ઓછી ૬૦ દિવસની હક્ક રજા સિલકમાં રાખવી પડશે, તે સિવાયની હક્ક રજાઓ એનકેશ (રોકડા) થઈ શકશે.

બ. કર્મચારી ઓછામાં ઓછી ૧૫ દિવસની હક્ક રજાઓ એનકેશ કરાવી શકશે. એથી ઓછી રજા એનકેશ થઈ નહી

(૨) કર્મચારી જે હક્ક રજાઓ એનકેશ (રોકડા) કરાવે તે સમર્પિત રજાના પગાર તરીકે મુળ પગાર, રુપે. એલાઉન્સ, મોંઘવારી ભથ્થા મળી જે રકમ થાય તે અદા કરવામાં આવશે.

(૩) સમર્પીત કરવાની હક્ક રજાઓનો લાભ પ્રત્યેક સહકારી વરસમાં ફક્ત એક જ વખત મળવા પાત્ર રહેશે.

(૪) સમર્પીત હકક રજાઓ સામે જે રકમ અદા કરવામાં આવે તેનાં ઉપર પ્રો. ફંડ કપાત કરવા પાત્ર રહેશે નહી.

INDEX

(૫) સમર્પીત કરાયેલ હકક રજાનાં દિવસો કર્મચારીની સિલક હકક રજામાથી જે તે દિવસે કપાત કરી લેવામાં આવશે.

(૬) વર્ષ દરમ્યાન હકક રજા સમર્પીત કરાવનાર કર્મચારી જરૂર પડે તેમની સિલક હકક રજામાંથી રજા ભોગવી શકશે. પરંતુ હકક રજા સાથે જોડીને સમર્પીત રજાઓ મંજૂર કરાવી શકશે નહી.

(૭) હકક રજા સમર્પીત કરાવનાર કર્મચારીએ અગાઉથી બેંકને અરજી કરવાની રહેશે.

(૮) સમર્પીત રજાઓની નોંધ કરવા માટે કર્મચારીએ નિયત નમુનામાં બેંકને અરજી કરવી પડશે.

(૯) બેંકના જે હોદ્દેદારોને હકક રજાઓ મંજૂર કરવાનો અધિકાર હશે તેમણે સમર્પીત રજાઓ મંજૂર કરવાનો અધિકાર રહેશે.

(૧૬) લીવ ટ્રાવેલ (એલ. ટી. સી) :– બેંકના દરેક કર્મચારી રેલ્વેફેર અથવા બસનું ૩૦૦૦ (ત્રણ હજાર) કી.મી. સુધીનું ભારતમાં કોઇપણ સ્થળ સુધીનું ભાડુ ભથ્થુ મેળવી શકશે. સદર ભથ્થુ પોતે પતી અગર પત્ની, સગીર બાળકો, કુંવારી પુત્રી તથા આધારીત (ડીપેન્ડેબલ) માતા–પિતા (માતા–પિતા કે જેઓની આવક માસીક રૂ. ૨૫૦/થી ઓછી હશે) સહિત દર ચાર વર્ષે મેળવી શકશે.

૧ પાંચ વર્ષની ઉમરની નોકરીવાળાઓને સદર ભથ્થાનો લાભ મળવો શરૂ થશે.

૨. બેન્કનો જે કર્મચારીઓનાં મુળ બેઝીક પગાર ૪૫૦/થી ઉપર હશે તેઓને રેલ્વેનું અથવા બસનું બેમાંથી ઓછુ હશે તેનું ફસ્ટ કલાસ (પ્રથમ વર્ગ) નું ભાડુ અદા કરવામાં આવશે. તથા બાકીના તમામ કર્મચારીઓને સેકન્ડ કલાસ (બીજા વર્ગનું ભાડુ અદા કરવામાં આવશે.

૩ જો કોઈ કર્મચારી એલ. ટી. સી. એનકેશ કરવાની ઇચ્છા ધરાતો હોય તેવા સમયે તેને વધુમાં વધુ ચાર ટીકીટ અથવા ખરેખર જેટલા આશ્રીતો હોય તે પૈકી જે ઓછી હોય તેટલી ટીકીટની રકમ ૨૫૦૦ કી. મી. ના ભાડાના ૮૦ટકા મુજબ ચુકવવામાં આવશે.

(૧૭) પ્રોવિડન્ટ ફંડ :- પ્રોવીડન્ટ ફંડમાં કર્મચારીઓનો ફાળો તેના મુળ પગાર રૂપે. એલાઉન્સ મોંઘવારી ભથ્થુ જે હોય તેના ઉપર ૮.૩૩ટકા રહેશે. અને બેંક પણ તેટલાજ ફાળો ઉમેરશે.

(૧૮) ગ્રેજ્યુઈટી યોજના :- નીચે મુજબની ગ્રેજ્યુઈટી યોજના દરેક કાયમી કર્મચારીને લાગુ પડશે અને તેના લાભ માટે નીચેની યોગ્યતા ગણાશે.

૧. નોકરી દરમ્યાન મૃત્યુ અથવા શારીરીક કે માનસીક અક્ષમતા માટે જો એક વર્ષની નોકરી પુરી થઈ ગઈ હોય તો

૨. બેંકની સતત પાંચ વર્ષની નોકરી બાદ જે રાજીખુશીથી નિવૃત થાય અગર રાજીનામુ આપે અગર છુટો કરવામાં આવેતો તેને આ ફંડનો લાભ મળશે.

૩. દરેક વર્ષની નોકરી પુરી થવાથી ૧૫ દિવસનાં પગારના દરે ગ્રેજ્યુઈટી ગણવામાં આવશે

૪. પગારનો અર્થ મૂળ પગાર, મોંઘવારી ભથ્થુ તેમજ રૂપે. એલાઉન્સ ગણવામાં આવશે.

૫. વધુમાં વધુ ૧૬ ૧/૨ માસનો છેલ્લા પગાર ગ્રેજ્યુઈટી તરીકે આપવામાં આવશે.

૧૯. નિવૃત્તીની વય મર્યાદા :- કર્મચારીની નિવૃત્તિ માટેની વય મર્યાદા ૫૫ વર્ષની રહેશે ત્યાર બાદ ત્રણ વર્ષની મુદત લંબાવવાનો અધીકાર બેન્કનાં સંચાલક મંડળને રહેશે. પરંતુ ૫૮ વર્ષથી ઉપરની વયથી કોઇપણ સંજોગોમાં વધુ મુદત વધારી શકાશે નહી.

(૨૦) બઢતી અંગેની નીતી :

(૧) ઉપલી કોઇપણ કક્ષામાં મેનેજરની કક્ષા સિવાય જગ્યા ખાલી પડે અથવા નવી જગ્યા ઉભી કરવામાં આવે ત્યારે બેનુમ કાર્યશીલ કર્મચારીને સીનીયોરીટીમાં ક્રમ મુજબ બઢતી આપવામાં અવે છે. પણ એક સરખી દાખલ તારીખ વડવતી એક કરતા વધુ વ્યક્તિઓ બઢતી આપવવા પાત્ર હોય તેવા સંજોગોમાં લેખીત કસોટી દારા બઢતી કોને આપવી તે બેન્ક મેનેજમેન્ટ નક્કી કરશે.

INDEX

(૨) બઢતી આપતી વખતે કર્મચારીનો ઉપલી કક્ષામાં પગાર નક્કી કરવા માટે તેના મુળ પગાર, ખાસ ભથ્થુ મળતું હોય તો મેળવી રકમ આવે તે ઉપલી કક્ષાની જે તબકકે બંધ બેસતી હોય તે ગોઠવવો જો રકમ બંધ બેસતી ના હોયતો તે પછીનાં તબકકા ગોઠવવો અને ત્યારબાદ બઢતીનાં બે ઈજાફા ઉમેરવામાં આવશે. આ મુજબ નક્કી થતો પગાર બઢતી બાદનો પગાર ગણાશે.

(૩) બઢતીની તારીખથી ત્રણ માસ સુધી બઢતી પામેલ કર્મચારી બઢતીની જગ્યાએ અજમાયસી તરીકે રહેશે આ સમય પુરો થાય તે પહેલા કર્મચારી મુળ જગ્યાએ જવા લેખીત ઈચ્છા વ્યકત કરેતો તેને તેના મુળ સ્થાને મુકી આપવામાં આવશે. તેમજ આ સમય દરમ્યાન બઢતી આપેલ કર્મચારીનું કામ બેંકને સંતોષકારક ન લાગેતો બેંક પણ આવા કર્મચારીને સમય મર્યાદા પુરી થતાં પહેલા મુળ સ્થાને લાવી શકશે,

(૪) જો કોઈ કર્મચારી નક્કી કારણો સિવાય બઢતી સ્વીકારે નહીં તો તેવા કર્મચારી બઢતી માટેના પોતાના અધિકાર ભવિષ્ય માટે ગુમાવશે.

(૨૧) અગ્રતાક્રમ (સીનીયોરીટી લીસ્ટ) .- બેંક તરફથી દરેક કક્ષાવાર ક્રમની યાદી દર વર્ષે જુન માસમાં તૈયાર કરવામાં આવશે. અગ્રતા ક્રમ દાખલ થયા તારીખથી ગણાશે અગ્રતા ક્રમ માટે નીચે જણાવ્યા પ્રમાણે ગુણાક પદ્ધતિનો અમલ કરવાનો રહેશે.

૧. પહેલા દશ વર્ષની નોકરી માટે દર એક વર્ષ માટે	...૧ ગુણ
૨. દસ વર્ષ ઉપરાંતની નોકરી માટે દર એક વર્ષ માટે	...૨ ગુણ
૩. એલ. ડી. સી. અથવા જી. ડી. સી. એન્ડ એ.	...૧ ગુણ
૪. એચ. ડી. સી. એ. આઈ. આઈ. બી.	...૨ ગુણ

નોંધ :- બઢતી પામેલ કર્મચારી નવીન કક્ષામાં જ્યારથી બઢતી મેળવે ત્યારથી તે કક્ષામાં તેની અગ્રતા શરૂ થશે.

(૨૨) સ્ટાફ લોન :- દરેક કર્મચારીને નીચે મુજબ લોન આપવામાં આવશે.

(૧) ફુડ લોન (અનાજ લોન) :- દરેક કર્મચારીને રૂ. ૩૦૦૦/-સુધી અનાજ ખરીદવા માસીક ૧૨ સરખા હપ્તેથી ૩ ટકાના વ્યાજે ફુડ લોન આપવામાં આવશે.

INDEX

(૨) વપરાશી હેતુ માટેની લોન :— ફર્નીચર તથા વ્હીકલ તથા ઘર વપરાશી અન્ય ચીજ વસ્તુઓ ખરીદ કરવા માટે દરેક કર્મચારીને તેના માસીક કુલ પગારના દસ ગણાં સુધી વધુમાં વધુ ૬ ટકાના વ્યાજના દરે લોન આપવામાં આવશે જેની મુદત બેંક નક્કી કરશે

(૩) ઉપરોકત બંને લોનના નિતી નિયમો મેનેજમેંટ અને સ્ટાફ મળી નક્કી કરશે.

(૩) હાઉસીંગ લોન :- બેંકના દરેક કર્મચારીને કોઈપણ સ્થળે મકાન બાંધવા માટે અથવા જુનુ મકાન રીપેરીંગ કરવાના હેતુ માટે તેના વાર્ષિક કુલ પગારના વધુમાં વધુ ત્રણ ગણાં સુધીની લોનની સગવડ બેંક તરફથી આપવામાં આવશે. સદર લોન અંગેના અલગ નીયમો મેનેજન્ટ તથા સ્ટાફ મળી નક્કી કરવામાં આવશે.

સદર સેટલમેન્ટ ચાર વર્ષ માટે એટલે કે ૩૧-૮-૯૪ સુધી અસ્તીત્વમાં રહેશે

આ સેટલમેન્ટ અંગે કોઇપણ વિવાદ ઉભો થાય ત્યારે બેન્ક યુનીયન સાથે ચર્ચા કરી નિવેડો લાવશે. જો પરસ્પર વાટાઘાટોથી નિવેડો ન આવેતો ઉભયપક્ષે થયેલ સમજુતી અનુસાર તેનો ઉકેલ લાવવાના પગલા લેવાશે.

આઈ. એ. દેસાઇ
ઈન્દ્રવદનભાઈ સુંદરલાલ દેસાઈ
મેનેજીંગ ડીરેકટર
ધી બહાદરપુર અર્બન કો-ઓપ બેંક લી.
બહાદરપુર

વિનોદભાઈ મોતીભાઈ પટેલ
જનરલ સેક્રેટરી
સહકારી બેંક કર્મચારી યુનીયન

મહેશભાઈ છોટાલાલ શાહ
ડીરેકટરશ્રી
ધી બહાદરપુર અર્બન કો-ઓપ

જગદીશભાઈ સી. પટેલ
પ્રમુખશ્રી

INDEX

સુભાષચંદ્ર જી. દેસાઈ
મેનેજર
ધી બહાદુર અર્બન કો-ઓપ. બેંક લી.
બહાદરપુર

તારીખ :- ૨૮-૬-૯૧
સ્થળ :- વડોદરા

સમાધાનકાર
ઔદ્યોગિક સંબંધક અધિનિયમ સને ૧૯૪૧
વડોદરા

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૨-૧૨-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : /ખ/શ્રમક/૨૭૯૨૯ આરયુ સને. ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રુએ હું મજુર મહાજન સંઘ કલોલ અને મહેન્દ્ર મીલ્સ લી. નં ૨ કલોલ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઓધોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૬ઠા દીને આથી નોંધ કરુ છું.

ઓધોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

રેફરન્સ (આઇસી) નં. ૬૯/૯૧

મજૂર મહાજન સંઘ કલોલ ...પ્રથમ પક્ષકાર

વિરૂધ્ધ

મહેન્દ્ર મીલ્સ લી. નં. ૨ કલોલ ...દ્વીતીય પક્ષકાર

સને ૧૯૮૯-૯૦ના હિસાબી વર્ષના બોનસની રકમ દિવાળીના તહેવારો પહેલા ચુકવી આપવાં બાબત.

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ્સ કંપની સમક્ષ સને ૧૯૮૯-૯૦ના હિસાબી વર્ષના બોનસની રકમ દિવાળીના તહેવારો પહેલાં ચુકવી આપવા બાબતમાં ફેરફારની નોટિસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કર્યો છે.

૨. પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે યુનિયને સને ૧૯૮૯-૯૦ના હિસાબી વર્ષના બોનસની રકમ દિવાળીના તહેવારો પહેલાં ચુકવી આપવા માંગણી કરી હતી તે મુજબ મીલ્સ કંપનીએ ૮.૩૩ ટકા લેખે બોનસની રકમ ચુકવી આપી હોવાથી હવે તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત ન હોવાથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરૂં છું.

- હુકમ -

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી

(બી. એમ ભટ્ટ)

સભ્ય

ઔદ્યોગિક અદાલત ગુજરાત

સહી/ની. ન પટેલ

રજીસ્ટ્રાર

તા. ૨૫-૭-૯૧

અમદાવાદ.

INDEX

અમદાવાદ (આર. કે. પરમાર)

તા. ૬-૯-૯૧ સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શમક/૨૭૯૨૭/આર. ૫ુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪-૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું મજુર મહાજન સંઘ કલોલ અને મહેન્દ્ર મીલ્સ લી., નં. ૧ કલોલની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિર્ણયની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૬ઠ્ઠા દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ

શ્રી બી એમ. ભટ્ટ સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ.સી) નં. ૬૧/૯૧

મજુર મહાજન સંઘ અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહેન્દ્ર મીલ્સ લી., નં. ૧ કલોલ બીજા પક્ષકાર

સને ૧૯૮૯-૯૦ નું હિસાબી વરસ પુરૂં થયું છે. તા. ૫ મી ઓકટો.

INDEX

યોગ્ય રકમ બોનસ તરીકે ચુકવી આપવાની બોનસની રકમ, બોનસ ચુકવણી ધારામાં નક્કી કરવામાં આવેલ બોનસની રકમ કરતાં ઓછી ના હોવી જોઇએ તે અંગે.

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને દ્વિતીય પક્ષકાર મીલ્સ કંપની સમક્ષ સને ૧૯૮૯-૯૦ નું હિસાબી વરસ પુરૂં થયું છે. તા. ૫મી ઓકટો., ૯૦ સુધીમા તમામ કામદારો, સ્ટાફના સભ્યો વિ.ને તેમની વાર્ષિક કમાણી ઉપર યોગ્ય રકમ બોનસ તરીકે ચુકવી આપવાની બોનસની રકમ. બોનસ ચુકવણી ધારામાં નક્કી કરવામાં આવેલ બોનસની રકમ કરતાં ઓછી ના હોવી જોઇએ તે બાબતમાં ફેરફારની નોટીસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કર્યો છે.

૨. પ્રથમ પક્ષકાર યુનિયને ૧૯૮૯-૯૦ના હિસાબી વરસના બોનસની રકમ દિવાળીના તહેવારો પહેલાં ચુકવી આપવા માંગણી કરી હતી તે મુજબ મીલ્સ કંપનીએ ૮.૩૩ટકા બોનસની રકમ ચુકવી આપી હોવાથી હવે તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તે મુજબ પરવાનગી આપવામાં કાંઇ વાંધાજનક હકીકત ન હોવાથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરૂં છું,

હુકમ

૩. યુનિયને આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

બી. ન પટેલ
રજિસ્ટ્રાર. અમદાવાદ
તારીખ ૨૫-૭-૯૧

સહી

બી. એમ. ભટ્ટ
સભ્ય
ઔદ્યોગિક અદાલત અમદાવાદ.

સહી

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/અ/શમક/૨૭૯૩૧ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક :ગુજરાતઃ નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું મજુર મહાજન સંઘ, કલોલ અને મહેન્દ્ર મીલ્સ લી., નં. ૩, કલોલની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૬ઠ્ઠા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી બી. એમ. ભટ્ટ, સભ્ય રૂબરૂ

રેફરન્શ (આઈ સી) નં. ૬૨/૯૧

મજુર મહાજન સંઘ, કલોલ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહેન્દ્ર મીલ્સ લીમીટેડ નં. ૩ કલોલ — બીજા પક્ષકાર

સને ૧૯૮૯-૯૦નું વરસ પુરું થયું છે તથા ૫મી ઓકટોબર, ૯૦ સુધીમાં તમામ કામદારો, સ્ટાફના સભ્યો વગેરેની વાર્ષિક કમાણી ઉપર બોનસ આપવા અંગે.

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

સુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને દ્વિતીય પક્ષકાર મીલ્સ કંપની સમક્ષ સને ૧૯૮૯-૯૦નું હિસાબી વરસ પુરું થયું છે તથા ૫ મી ઓકટોબર, ૯૦ સુધીમાં તમામ કામદારો, સ્ટાફના સભ્યો વગેરેની વાર્ષિક કમાણી બોનસ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કર્યો છે.

૨. પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, યુનિયને સને ૧૯૮૯-૯૦ના હિસાબી વરસના બોનસની રકમ દિવાળીના તહેવારો

લેખે બોનસની રકમ ચુકવી આપી હોવાથી આ રેફરન્સ હવે તેઓ આગળ ચલાવવા માંગતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત ન હોવાથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરૂં છું.

હુકમ

૩. યુનિયનને આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
તા. ૨૫-૭-૯૧

સહી
બી. એમ. ભટ્ટ
મુખ્ય
ઔદ્યોગિક અદાલત અમદાવાદ

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ

તા. ૬-૯-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૭૯૫૧ આરઈજી/બી આઈઆર/૧૯૯૧ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૧૧ (૧) થી સને આપવામાં આવેલ સત્તાની રૂએ, તા. ૬-૧૦ ૯૦ની અધિસુચના ક્રમાંક/ખ/શમક/૨૭૧૬૧ (આરઈજી બી આઈઆર) ૧૯૯૦ના અનુસંધાનમાં નીચે જણાવેલ સંસ્થાઓને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે રેશમ કાપડ ઉદ્યોગમાં ઉપક્રમ તરીકે હું આથી માન્ય કરું છું.

નં. ૮૩૨. પ્રહલાદ કે, દાયમા, સચિન,	તા. ચોર્યાસી,	જી.	સુરત.
નં. ૨૧૩. નંદકિશોર કે. દાયમા,	,,	,,	,,
નં. ૨૭૪. રાજકુમાર દાયમા.	,,	,,	,,
નં. ૨૩૫. રઘુવીર શર્મા,	,,	,,	,,
નં. ૨૩૬, લક્ષ્મીનારાયણ કાકરા,	,,	,,	,,
નં. ૨૩૭, પી. કે. ટેક્ષટાઈલ,	,,	,,	,,

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

તા. ૧૦-૯-૯૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ

અમદાવાદ અમદાવાદ

BY THE COMMISSIONER OF LABOUR

AHMEDABAD.

NOTIFICATION

Bombay Industrial Relations Act, 1946

INDEX

No. KH/H/2822/REG/BIR :

Whereas the Government of Gujarat in Education and Labour Department has by Notification No. KH–SH–1386–BIR–1365–Jh dated 24th November, 1985 in exercise of the powers conferred by sectio. 124 of the Bombay Industrial Relations Act, 1946 (XI of 1947) directed that the powers exercisable by it under sub-section (2) of section 5 of the said Act shall be exercisable also by the Commissioner of Labour in the whole State of Gujarat.

Now, therefore, in exercise of the powers under sub-section (2) of section. 5 as delegated in the manner aforesaid and in supersession of the Notification No. KH–SHMC–26954–REG–BIR, dated 5th June, 1990, the Commissioner of Labour, Ahmedabad hereby appoints Shri K. D. Shah, Ast. Commissioner of Labour, Ahmedabad to be the Asstt. Registrar of Union, for the whole State of Gujarat and confers on him all the powers of the Registrar of Union under the said Act with effect from 16th December, 1991.

N. A. Vhora
Ahmedabad : Dated 17–12–1991. Commissioner of Labour
Ahmedabad.

સન. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિાબંધક દ્વારા

ક્રમાંક : ખ/શમક/૨૭૯૪૮ (આર યુ) સન. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની

રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસો., અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સન ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૭મા દિને આથી નોંધ કરું છું.

In The Industrial Court, Gujarat

Before Shri H. D. Pandya, President.

Miss. Application (IC) No. 11 of 1991

IN

Ref. (IC) No. 28 of 1977 as amended from time to time.

Between

The Textile Labour Association, Ahmedabad. First party,

And

Ahmedabad Textile Mills, Association, Second party,
Ahmedabad & others

In the matter of modification of the awards made in Reference (IC) No. 28 of 1977 as amended from time to time.
Industy : Cotton Textile.

Supplementry Award

This is a joint application u/s. 116A of the Bombay Industrial Relations Act, 1946, for modification of thu award made in Reference (IC) No. 28 of 1977 as amended from time to time made jointly by the Textile Labour Association, Ahmedabad and The Ahmedabad Textile Mills' Association, Ahmedabad, requesting to make an award in terms of the settlement sutnally arrived at between the parties as embolied in the joint application. The application has been signed by the competent parsons and I find the terms of the settlement to by fair and reashnable and in the interest of the workers and industrial peace. I, therefore, take the joint application on record at ex. 1 and make this Supplementary Award in terms of Ex. 1 which is ennexed hereto and marked Annexure 'A'.

INDEX

N. N. Patel
REGISTAR

H. D. Pandya
PRESIDENT

Ahmedabad, 10th July, 1991.

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૭-૯-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખ/શમક/૨૮૦૩૯ આરયુ/સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું જનરલ વર્કર્સ યુનિયન. અમદાવાદ અને શ્યામ ફેબ્રીકસ મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ના ઓકટોબર માસના ૧૪મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ
શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.
રેફરન્સ (આઈ.સી.) નં. ૫૦/૯૧

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ   પ્રથમ પક્ષકાર

અને

શ્યામ ફેબ્રીકસ મીલ્સ નારોલ   બીજા પક્ષકાર

INDEX

યુનિયનની માંગણી સંસ્થાના કામદારોને સને ૧૯૮૯, ૮૯-૯૦ના વરસ માટે બોનસ ચુકવી આપવા અંગે...

ઉદ્યોગ - પ્રોસેસીંગ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયન, બીજા પક્ષકાર મીલ કંપ. નીમાં કામ કરતા કામદારોને સને ૧૯૮૯, ૮૯-૯૦ ના વરસ માટે બોનસ ચુકવી આપવા બાબતમાં સંસ્થાને ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં તે ઉપસ્થિત થયેલ છે.

૨. આ રેફરન્સની ચાલુ સુનાવણીએ યુનિયન તરફે આંક ૭નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ કામે પક્ષકારો વચ્ચે અદાલત બહાર સમાધાન થયેલ હોવાથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માગતા નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

વી. એચ. ઠાકોર
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ.
તા. ૧૮-૯-૯૧.

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૪-૧૦-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખશમક : ૨૮૧૭૪ આરયુ-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ન્યુ લક્ષ્મી વીવીંગ ફેકટરી સુરત અને ધી સુરત સીલ્ક મીલ લેબર યુનીયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એસ. આર. બોડાત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની વતાવટની સન-૧૯૯૧ના ડીસેમ્બર માસના ૧૨મા દીને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૯૦-૯૧,

બી. આઈ. આર. એકટ કેસ નં. ૧૨૧-૯૧,

સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ,

પક્ષકારોના નામ

શ્રીપદ્મકાંત લક્ષ્મીશંકર અધ્વર્યુ   માલિકના પ્રતિનીધી

લક્ષ્મી વીવીંગ ફેકટરી
ઠે: વસ્તાદેવડી રોડ કતારગામ
સુરત,

શ્રી નૈષધભાઈ ભુપતરાય દેસાઈ   કામદારોના પ્રતિનીધી

મંત્રી, ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન,
શ્રમજીવીસેવાલય, સ્ટેશનસામે, સુરત ૩૯૫૦૦૩.

કેસની ટુંકી વીગત

ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ તેમજ પલસાણા તાલુકા હદ વિસ્તારમાં આવેલ રેશમ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનીધિત્વ ધરાવતુ અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૨૬-૭-૧૯૯૧ના રોજ લક્ષ્મી વીવીંગફેકટરી માં.........

INDEX

કામ કરતા તમામ કામદારોને સને ૧૯૯૦-૯૧ના વર્ષનું બોનસ આપવા માટેની નોટિસ, નોટિસ ઓફ ચેઈન્જ ફોર્મ "એલ"માં આપી હતી, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોકત મંડળ તરફથી ઝઘડાનો રિપોર્ટ ફોર્મ "એન"માં તા. ૫-૮-૧૯૯૧ના રોજ સમાધાનકારશ્રી, બી. આઈ. આર. એકટ બહુમાળી મકાન ૪થો માળ એ બ્લોક નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો. તેને જરૂરી તપાસ બાદ તા. ૮-૮-૧૯૯૧ના રોજ નોંધણી રજીસ્ટ્રરમાં નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોકત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૩૦-૮-૧૯૯૧ થી તા. ૨૧-૧૦-૧૯૯૧ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતાં, જેમાં આજ રોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એકટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેકટરીમાં સને ૯૦-૯૧ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચુકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૯-૦૦, (નવ) ટકા, ફેકટરી, મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૨) ફેકટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૨૪-૧૦-૧૯૯૧ રોજ અગર તો તે પહેલાં ચુકવવામાં આવશે.

(૩) ફેકટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હકકદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હકકદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહીનામાં બોનસ આપવામાં આવશે.

INDEX

તા. ૨૧-૧૦-૯૧
સુરત

મંત્રી
ધી સુરત સિલ્ક મીલ લેબર યુનિયન

સમાધાનકાર
શ્રી, આઈ. આર. ઓફિસ
સુરત

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

તા. ૧૨-૧૨-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખ/શ્રમક/૨૮૧૭૫ આરયુ-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું ક્રીમ ટેક્ષ્યાર્ન મેન્યુ. કું. સુરત અને ધી સુરત સીલ્ક મીલ લેબર યુનીયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકારશ્રી એસ. આર. બેડાત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટનો સન-૧૯૯૧ નાં ડીસેમ્બર માસના ૧૨મા દિને આથી નોંધ કરુ છું.

INDEX

બોનસ સને ૧૯૯૦-૯૧

બી. આઈ. આર. એકટ કેસ નંબર ૧૪૬/૯૧

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ.

પક્ષકારોના નામ

શ્રી — માલિકના પ્રતિનિધિ

ક્રીમ ટેક્ષયાર્ન મેન્યુફેકચરીંગ કું.
વસ્તાદેવડી રોડ, સુરત.

શ્રી નૈષધભાઈ ભુપતરાય દેસાઈ — કામદારોના પ્રતિનિધિ
મંત્રી ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત ૩૯૫૦૦૩.

કેસની ટુંકી વિગત

ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, સુરત કે જે સુરત મહાનગર પાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તાર તેમજ પલસાણા તાલુકા હદ વિસ્તારમાં આવેલ રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. તેના મંત્રીશ્રીએ તા. ૨૬-૭-૯૧ના રોજમાં ક્રીમ ટેક્ષયાર્નમેન્યુ કું. કામ કરતા તમામ કામદારોને સને ૧૯૯૦-૯૧ના વર્ષનું બોનસ આપવા માટેની નોટિસ, નોટિસ ઓફ્ચેઈન્જ ફોર્મ ''એલ''માં આપી હતી, બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોકત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ ''એન''માં તા. ૫-૮-૧૯૯૧ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર. એકટ બહુમાળી મકાન ૪થો માળ એ બ્લોક નાનપુરા સુરતને મોકલી આપવામાં આવ્યો હતો તેને જરૂરી તપાસ બાદ તા. ૮-૮-૧૯૯૧ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો ત્યારબાદ ઉપરોકત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૨૯-૮-૧૯૯૧થી તા. ૨૫-૧૦-૧૯૯૧ના રોજ સુધી બોલાવવા આવ્યા હતાં, જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એકટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયું છે.

INDEX

સમાધાનની શરતો

(૧) ફેકટરીમાં સને ૧૯૯૦-૯૧ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮.૫૦ (આઠ પચાસ) ટકા ફેકટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૨) ફેકટરીમાં કામ કરતા કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૩૦-૧૦-૧૯૯૧ રોજ અગર તો તે પહેલાં ચૂકવવામાં આવશે.

(૩) ફેકટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતા ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હકદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

તા. ૨૫-૧૦-૯૧

સુરત

મંત્રી

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ યુનિયન

સમાધાનકાર

બી. આઈ. આર. એકટ

INDEX

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૧૨-૧૨-૯૧

સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૮૧૫૨ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮(૧) અને સને. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું હીરાલાલ ઈન્ડસ્ટ્રીઝ સુરત અને ધી સુરત સીલ્ક મીલ લેબર યુનીયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એસ. આર. બોડાત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૧ના ડીસેમ્બર માસના ૯મા દિને આથી નોંધ કરુ છું.

બોનસ અને ૧૯૯૦-૯૧

બી આઈ. આર. એકટ કેસ નંબર ૧૩૩/૯૧

સમાધાન ૫૮(૧) કલમ હેઠળ,

પક્ષકારોના નામ

શ્રી અરૂણકુમાર ચંદ્રકાંત પટેલ મેનેજર

શ્રી હીરાલાલ ઈન્ડસ્ટ્રીઝ — માલિકના પ્રતિનિધિ

હીરાલાલકોલોની એ. કે. રોડ સુરત.

શ્રી નૈષધભાઈ ભુપતરાય દેસાઈ — કામદારોના પ્રતિનિધિ

મંત્રી ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન

કેસની ટુંકી વિગત

ધી સુરત સીલ્ક મીલ્સ લેબર યુનિયન, સુરત કે જે સુરત મહાનગર પાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તાર તેમજ પલસાણા તાલુકા હદ વિસ્તારમાં આવેલ રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા. ૨૬-૭-૧૯૯૧ના રોજ હીરાલાલ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા તમામ કામદારોને ના વર્ષનું બોનસ આપવા માટેના નોટિસ ઓફ ચેઈન્જ ફોર્મ "એલ"માં આપી હતી, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોકત મંડળ તરફથી ઝઘડાનો રિપોર્ટ ફોર્મ "એન"માં તા. ૫-૮-૧૯૯૧ના રોજ સમાધાનકારશ્રી, બી.આઈ.આર. એકટ બહુમાળી મકાન ૪ થો માળ એ અઠવાલાઈન્સ? નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો. તેને જરૂરી તપાસ બાદ તા. ૮-૮-૧૯૯૧ના રોજ નોંધણી રજીસ્ટ્રરમાં નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોકત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૩૦-૮-૧૯૯૧થી તા. ૨૧-૧૦-૧૯૯૧ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતાં, જેમાં આજ રોજ બન્ને પક્ષકારો વચ્ચે બી આઈ. આર. એક્ટની કલમ ૫૮(૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

૧. ફેકટરીમાં સને ૧૯૯૦-૯૧ના વરસમાં જે કામદારો કર્મચારીઓએ કામ કર્યું હશે તેવા તમામ કામદાર કર્મચારીઓને બોનસ. બોનસ ચૂકવણી ધારા હેઠળ સને ૧૯૯૦-૯૧ના વરસ દ મિયાન ભોગવેલ હક્ક રજા, કેજ્યુઅલ રજા, જાહેર તહેવારની રજા ઉપરાંત પગાર મોંઘવારી ભથ્થા સહિત સને ૧૯૯૦-૯૧ના વરસની કુલ કમાણીના (૮.૫૦) આઠ પચાસ ટકા લેખે બોનસ ફેકટરીના તમામ કામદાર કર્મચારીઓને મેનેજમેન્ટ ચૂકવશે.

૨. મેનેજમેન્ટ અને યુનિયન તથા કામદાર પ્રતિનિધિઓ વચ્ચે થયેલ ચર્ચા મુજબ કારખાનામાં હાલમાં ઔદ્યોગિક શાંતિ જળવાયેલ છે અને ભવિષ્યમાં જળવાઈ રહે તેમજ કામદારો નિયમિત સારૂ ઉત્પાદન આપે અને તે માટે તેમને પ્રોત્સાહન મળે તે શુભ હેતુ ધ્યાનમાં રાખી મેનેજમેન્ટ કલમ ૧માં જણાવેલ બોનસ ઉપરાંત વધારાનું અપેક્ષિત પ્રોડેકશન ઈન્સેટીવ
[illegible]

આપવાનું સ્વીકારે છે. અને તે માટે કામદારોએ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયનમાંથી અરજી કરવાની રહેશે.

૩. ફેક્ટરીમાં સને ૧૯૯૦-૯૧ના વરસમાં કામ કરતા તમામ કામદાર કર્મચારીઓને સંવત ૨૦૪૭ના આસો વદ એકમ ચંદની પડવાના રોજ અગર તો તે પહેલા ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ અને કલમ ૨ મુજબ એકસગ્રેસીયા બક્ષીસ ચુકવશે

૪. ફેક્ટરીમાં સદરહુ હિસાબી વરસમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતા ઓછા દિવસ કામ કરતા કામદાર સને ૧૯૬૫ના બોનસ, બોનસ ચુકવણી ધારા હેઠળ તે હિસાબી વરસનું બોનસ મેળવવા માટે હક્કદાર ગણાશે નહીં.

૫. સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

૬. બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની (ફેક્ટરી) નોકરીમાં છુટા થયેલા હોય તેવા કામદારોએ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરવાથી મેનેજમેન્ટ અરજી કરનાર કામદારની અરજી મળ્યાથી એક મહિનામાં બોનસ અને એકસગ્રેસીયા બક્ષીસ ચુકવશે.

તા. ૨૧-૧૦-૯૧
સુરત

મંત્રી

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન

સમાધાનકાર
બી. આઈ. આર એક્ટ

સહી

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,

અમદાવાદ.

અમદાવાદ

તા. ૯-૧૨-૯૧

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખ-શ્રમક-૨૮૧૫૬ આર. યુ. સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ.

હું રજનીકાંત ટેક્ષટાઈલ, સુરત ધી સુરત સીલ્ક મીલ લેબર યુનીયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયલ સમાધાનકાર શ્રી એસ. આર. બોડાત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૧ ના ડીસેમ્બર માસના ૯ મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૯૦-૯૧

બી. આઈ. આર. એક્ટ કેસ નંબર ૧૩૫-૯૧

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ

INDEX

શ્રી | માલિકના પ્રતિનિધિ

રજનીકાંત ટેક્ષટાઈલ

હીરાલાલ કોલોની એ, કે. રોડ સુરત.

શ્રી નૈષધભાઈ ભુપતરાય દેસાઈ | કામદારોના પ્રતિનિધિ

મંત્રી ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન

શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત. ૩૯૫૦૦૩.

કેસની ટુંકી વિગત.

ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, સુરત કે જે સુરત મહાનગર પાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ તેમજ પલસાણા તાલુકા હદ વિસ્તારમાં આવેલા રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે તેના મંત્રીશ્રીએ તા. ૨૬-૭-૯૧ ના રોજ રજનીકાંત ટેક્ષટાઈલમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૯૦-૯૧ ના વર્ષનું બોનસ આપવા માટેની નોટિસ,નોટિસ ઓફ ચેઈન્જ ફોર્મ "એલ" માં આપી હતી, બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રિપોર્ટ ફોર્મ "એન" માં તા. ૫-૮-૧૯૯૧ ના રોજ સમાધાનકારશ્રી, બી. આઈ. આર. એક્ટ બહુમાળી મકાન ૪થો માળ એ બ્લોક નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો તેને જરૂરી તપાસ બાદ તા. ૮-૮-૯૧ ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બંને પક્ષકારોને તા. ૩૦-૮-૯૧ થી તા. ૨૧-૧૦-૯૧ ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતા, જેમાં આજ રોજ બંને પક્ષકારો વચ્ચે બી, આઈ. આર. એક્ટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

૧. ફેક્ટરીમાં સને ૧૯૯૦-૯૧ ના વરસમાં જે કામદારો કર્મચારીઓએ કામ કર્યું હશે તેવા તમામ કામદાર કર્મચારીઓને બોનસ, બોનસ ચુકવણી ધારા હેઠળ સને ૧૯૯૦-૯૧ના વરસ દરમિયાન ભોગવેલ હક્કરજા, [illegible]

સહિત સને ૧૯૯૦-૯૧ના વરસની કુલ કમાણીના (૮.૫૦) આઠ પચાસ ટકા લેખે બોનસ ફેક્ટરીના તમામ કામદાર કર્મચારીઓને મેનેજમેન્ટ ચુકવશે.

૨. મેનેજમેન્ટ અને યુનિયન તથા કામદાર પ્રતિનિધિઓ વચ્ચે થયેલ ચર્ચા મુજબ કારખાનામાં હાલમાં ઔદ્યોગિક શાંતિ જળવાયેલ છે અને ભવિષ્યમાં જળવાઈ રહે. તેમજ કામદારો નિયમિત સારૂ ઉત્પાદન આપે અને તે માટે તેમને પ્રોત્સાહન મળે તે શુભ હેતુ ધ્યાનમાં રાખી મેનેજમેન્ટ કલમ ૧માં જણાવેલ બોનસ ઉપરાંત વધારાનું "અપેક્ષિત પ્રોડકશન ઈન્સેન્ટીવ એક્સગ્રેસીયા બક્ષીસ" ૨.૫૦ (બે, પચાસ) ટકા તમામ કામદારોને આપવાનું સ્વીકારે છે. અને તે માટે કામદારોએ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયનમાંથી અરજી કરવાની રહેશે.

૩. ફેક્ટરીમાં સને ૧૯૯૦-૯૧ના વરસમાં કામ કરતા તમામ કામદાર કર્મચારીઓને સંવત ૨૦૪૭ના આસો વદ એકમ ચંદની પડવાના રોજ અગર તો તે પહેલા ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ અને કલમ ૨ મુજબ એક્સગ્રેસીયા બક્ષીસ ચુકવશે.

૪ ફેક્ટરીમાં સદર હિસાબી વરસમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતા ઓછા દિવસ કામ કરનાર કામદાર સને ૧૯૬૫ના બોનસ ચુકવણી ધારા હેઠળ તે હિસાબી વરસનું બોનસ મેળવવા હક્કદાર ગણાશે નહીં.

૫. સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

૬. બોનસ મેળવવા માટે જે કામદારો હક્કદાર હશે. પરંતુ હાલમાં તેવા કામદારો મીલની (ફેક્ટરી) નોકરીમાં છુટા થયેલા હોય તેવા કામદારોએ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, કામજીની સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરવાથી મેનેજમેન્ટ અરજી કરનાર કામદારની અરજી મળ્યાથી એક મહિનામાં બોનસ અને એક્સગ્રેસીયા બક્ષીસ ચુકવશે

તા. ૨૧-૧૦-૯૧   મંત્રી
સુરત

સમાધાનકાર   ધી સુરત સિલ્ક મીલ લેબર યુનિયન
બી. આઈ. આર. એક્ટ
સુરત

સહી
આર. કે. પરમાર
અમદાવાદ   સહાયક સંઘ નિબંધક
તા. ૯-૧૨-૯૧   મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૮૧૬૭ આર. યુ. સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ન્યુ કાશીરામ ટેક્ષટાઈલ મીલ્સ અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતિ અવનીબેન શાહની દરમિયાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ના ડીસે. માસના ૧૨મા દિને,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ, સને ૧૯૪૬ની કલમ ૫૮(૧) મુજબ સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકાર શ્રીમતી અવનીબેન શાહ સમક્ષ

બી. આર. સી. કેસ નં. ૨૯૫/૧૯૯૧

પક્ષકારોના નામ

શ્રી વિજયભાઈ પટેલ — માલીકોનાં પ્રતિનિધી

મેનેજરશ્રી, ન્યુ કાશીરામ ટેક્ષટાઈલ
મીલ્સ પ્રા. લિ.
રાણીપુર, નારોલ, અમદાવાદ.

શ્રી અમથાભાઈ જે. દેસાઈ, — કામદારોનાં પ્રતિનિધી

જનરલ સેક્રેટરી, જનરલ વર્કસ
યુનિયન, અમદાવાદ
ગાંધી મજુર સેવાલય,
ભદ્ર, અમદાવાદ.

વિવાદની ટુંકી વિગતો

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ કે જે અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલાં ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉધોગમા મુંબઈ ઔધોગિક સંબંધ અધીનિયમ, સને ૧૯૪૬ અનુસાર પ્રતિનિધીત્વ ધરાવતાં અને માન્ય યુનિયન તરીકે રજીસ્ટર્ડ થયેલ છે. તેણે સંસ્થાનાં સંચાલકોને તા. ૧-૯-૯૧ના રોજ નમુના એલમાં નોટીસ ઓફ ચેઈન્જ આપી, સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓને સને ૧૯૯૦-૯૧ના હિસાબી વરસની કમાણીનાં ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવાની માંગણી કરી હતી. આ અંગે પક્ષકારો વચ્ચે કરાર ના થઈ શકવાથી યુનિયને તા. ૧૦-૯-૯૧ના રોજ નમુના એન મા અહેવાલ મોકલી આપેલ હતો અને તે સમાધાનકાર અમદાવાદને તા. ૧૮-૯-૯૧ના રોજ મળેલ અને સમાધાનકાર શ્રી, અમદાવાદનાં પત્રકમાં નોંધવામાં આવેલ. ત્યારબાદ તા. ૫-૧૦-

INDEX

તા. ૧૪-૧૦-૯૧ ના રોજ પક્ષકારોને સમાધાનકારે સમાધાન માટે બોલાવેલાં. જે પૈકી શ્રીની જણાવેલી તારીખે પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ અનુસાર નીચે જણાવેલી શરતોએ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

૧. મીલ્સ કંપનીમાં કામ કરતાં કામદારો અને કર્મચારીઓને સને ૧૯૯૦-૯૧ ના વરસની કુલ કમાણીનાં ૮.૩૩ ટકા લેખે બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

૨. સદર બોનસ કામદારો કર્મચારીઓને તા. ૩૧-૧૦-૯૧ સુધીમાં ચુકવી દેવામાં આવશે.

૩. સદર હીસાબી વરસના બોનસનો હક્કદાર થતાં કામદારો પૈકી જે કામદારો હાલનાં નોકરીનાં નહી હોય અગર નોકરી છોડીને ચાલ્યા ગયા હશે અગર નોકરીમાં હાલમાં નહી હોય તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં બોનસ ચુકવી દેવામાં આવશે.

૪. સદર બોનસ અંગેનો કોઈપણ જાતનો વિવાદ કે પ્રશ્ન ઉભો થશે તો તેનો ઉકેલ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી અમથાભાઈ દેસાઇ તથા કંપનીનાં શેઠ શ્રીની લવાદી દ્વારા ઉકેલ લાવવામાં આવશે અને કામદારોને યુનિયનને અને કંપનીને બંધનકર્તા રહેશે.

આ સમાધાનના પક્ષકારોએ સમજી વિચારીને કોઈપણ જાતનો દબાણ વગર કરેલ છે. અને તેનો ચુસ્તપણે અમલ કરવા સંમત થાય છે.

વિજયભાઈ પટેલ	અમથાભાઈ જે. દેસાઇ
મેનેજરશ્રી,	જનરલ સેક્રેટરી,
ન્યુ કાશીરામ ટેક્ષટાઈલ મીલ્સ પ્રા. લિ.	જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ.
પ્લોટ નં. ૨૨૫/૧, રાણીપુર, નારોલ,	ગાંધી મજુર સેવાલય, ભદ્ર,
અમદાવાદ.	અમદાવાદ.

INDEX

સહી

શ્રીમતી અવનીબેન શાહ

સમાધાનકાર

તા. ૧૪/૧૦/૧૯૯૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬

અમદાવાદ અમદાવાદ.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

તા. ૧૨/૧૨/૯૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬

અમદાવાદ અમદાવાદ

સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક બ/શ્રમક/૨૮૧૬૬ આર. યુ. સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમની કલમ ૫૮ (૧) સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું નેપચ્યુન ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતી અવનીબેન શાહની દરમિયાનગીરીથી થયેલ નીચે મુજબ પતાવટની સન ૧૯૯૧ના ડીસેમ્બર માસના ૧૨મા દિને, આથી નોંધ કરું છું.

INDEX

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબનાં સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકાર શ્રીમતી એ. એસ. શાહ, અમદાવાદ સમક્ષ

બી આર. સી. કેસ નં. ૨૪૯/૧૯૯૧

પક્ષકારોનાં નામ

શ્રી નિતીનભાઈ શાહ, — માલીકોનાં પ્રતિનિધી

ફેક્ટરી મેનેજરશ્રી,
નેપચ્યુન ટેક્ષટાઈલ્સ લિ.
૩૭૫, જી. આઈ. ડી. સી. ઓઢવ,
અમદાવાદ.

શ્રી અમથાભાઈ જે. દેસાઈ — કામદારોનાં પ્રતિનિધિ

જનરલ સેક્રેટરી, જનરલ વર્કસ યુનિયન,
અમદાવાદ
ગાંધી મજુર સેવાલય, ભદ્ર,
અમદાવાદ

વિવાદની ટુંકી વિગતો

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ કે જે અમદાવાદ શહેરના સ્થાનીક વિસ્તારમાં; અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલાં ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ અનુસાર પ્રતિનિધિત્વ ધરાવતી અને માન્ય યુનિયન તરીકે છે તે યુનિયને સંસ્થાનાં સંચાલકોને તા. ૧-૯-૯૧ ના રોજ નમુના એલમાં નોટીસ ઓફ ચેન્જ આપી સંસ્થામાં કામ કરતા કામદારો/કર્મચારીઓને સને ૧૯૯૦-૯૧ ના હિસાબી વરસનું ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા બાબતની માંગણીઓ રજુ કરી હતી. પક્ષકારો વચ્ચે સદર બાબતમાં કોઈ કરાર ન થઈ શકવાથી યુનિયને તા. [illegible] અમદાવાદને મોકલી આપેલ

હતો. જે સમાધાનકારશ્રીને તા. ૧૮-૯-૯૧ ના રોજ મળેલ તા. ૨૫-૯-૯૧ના રોજ સમાધાનકાર અમદાવાદના પત્રકમાં નોંધવામાં આવેલો.

ત્યારબાદ સમાધાનકારશ્રીએ પક્ષકારોને સદર બાબતમાં તા. ૫-૧૦-૯૧ના રોજ અને તા. ૯-૧૦-૯૧ ના રોજ પક્ષકારોને રુબરુ બોલાવેલાં જેમાંની છેલ્લી જણાવેલી તારીખે પક્ષકારો વચ્ચે મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ, સને ૧૯૪૬ અનુસાર નીચે જણાવેલી શરતોએ સમાધાન કરવામાં આવે છે.

સમાધાનની શરતો

૧. કંપનીમાં કામ કરતાં તમામ પ્રકારનાં કામદારો અને કર્મચારીઓને તા. ૧-૪-૯૦થી તા. ૩૧-૩-૯૧ સુધીના વરસની કુલ કમાણીનાં ૮.૩૩ ટકા લેખે બોનસ ચુકવવા માટે કંપની સંમત થાય છે.

૨. સદર હિસાબી વરસના બોનસને હક્કદાર હશે તેવા કામદારો પૈકી જે કામદારો નોકરી છોડીને ચાલ્યા ગયા હશે અગર હાલમાં નોકરીમાં નહીં હોય તેવા તમામ કામદારોને અરજી મળેથી એક માસમાં બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

૩. સદર બોનસની રકમ કામદારો/કર્મચારીઓને તા. ૩૦-૧૦-૧૯૯૧ સુધીમાં ચુકવી દેવામાં આવશે.

૪. સદર બોનસ અંગે કોઈપણ જાતનો વિવાદ કે પ્રશ્ન ઉભો થશે તો કંપનીનાં શ્રી દિપકભાઇ શાહ અને યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી અમથાભાઈ દેસાઇની ફરજીયાત લવાદીથી તેનો ઉકેલ લાવવામાં આવશે અને તે કામદારોને, યુનિયનને અને કંપનીને બંધનકર્તા રહેશે અને તેઓનો નિર્ણય ફુલ એન્ડ ફાઈનલ રહેશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને, કોઈપણ જાતના દબાણ વગર રાજીખુશીથી કરેલ છે અને તે તમામ પક્ષકારોને કબુલ મંજુર છે.

INDEX

સહી

ફેક્ટરી મેનેજરશ્રી
નેપચ્યુન ટેક્ષટાઈલ મીલ્સ લિ.
૭૭૫, જી. આઈ. ડી. સી. ઓઢવ
અમદાવાદ.

અમથાભાઈ જે. દેસાઇ
જનરલ સેક્રેટરી જનરલ વર્કર્સ યુનિયન
ગાંધી મજૂર સેવાલય,
ભદ્ર, અમદાવાદ

સારી રૂબરૂ

સહી

શ્રીમતિ અવનીબેન શાહ
સમાધાનકાર,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ

તા. ૯-૧૦-૧૯૯૨
અમદાવાદ.

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

તા. ૧૨-૧૨-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ક/ખ/શયક/૨૮૧૧૮ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ- ૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું જે.આઈ ગાંધી સીલ્ક મિલ્સપ્રા.લી સુરત અને ધી ડાઈંગ, બ્લીચીંગ અને ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકારશ્રી એસ. આર. બોડાત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૧ ના ડીસેમ્બર માસના ૯ મા દિને આથી નોંધ કરું છું.

બોનસ સને ૧૯૯૦-૯૧

બી. આઈ. આર. એક્ટ કેસ નં. ૭૫-૧૯૯૧

સમાધાન, ૫૮ (૧) કલમ હેઠળ

પક્ષકારોના નામ

શ્રી હરીહર જગુભાઈ ગાંધી

જે. આઈ. ગાંધી સીલ્ક મિલ્સ પ્રા. લી.   માલિકના પ્રતિનિધિ

ઠે. એ. કે. રોડ સુરત

શ્રી નૈષધભાઈ ભુપતરાય દેસાઈ   કામદારોના પ્રતિનિધી

મંત્રી, ધી ડાઈંગ બ્લીચિંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન,

અમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત-૩૯૫૦૦૩

કેશની ટુંકી વિગત

શ્રી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ હાઉસમાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવત અને સા...

INDEX

છે, તેના મંત્રીશ્રીએ તા. ૧૭-૭-૧૯૯૧ના રોજ જે.આઇ.ગાંધી સીલ્ક મિલ્સ પ્રા. લી. માં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૯૦-૯૧ના વર્ષનું બોનસ આપવા માટેની નોટિસ, નોટિસ ઓફ ચેઈન્જ ફોર્મ 'એલ' માં આપી હતી, બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતા ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન' માં તા. ૨૬-૭-૧૯૯૧ ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર. એક્ટ બહુમાળી મકાન ૪ થો માળ એ બ્લોક નાનપુરા સુરતને મોકલી આપવામાં આવ્યો હતો તેને જરૂરી તપાસ બાદ તા. ૭-૮-૧૯૯૧ ના રોજ નોંધની રજીસ્ટ્રરમાં નોંધવામાં આવ્યો હતો ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારો તા. ૨૮-૮-૧૯૯૧ થી તા. ૧૧-૧૦-૧૯૯૧ ના રોજ સુધી બોલાવવા આવ્યા હતાં, જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

૧. ફેક્ટરીમાં સને ૧૯૯૦-૯૧ના વરસમાં જે કામદારોએ કામ કર્યું હશે, તેવા તમામ કામદાર/કર્મચારીઓને બોનસ, ચુકવણી ધારા હેઠળ સને ૧૯૯૦-૯૧ના વર્ષ દરમિયાન ભોગવેલ હક્ક રજા, કેજ્યુઅલ રજા, જાહેર તહેવારની રજા, ઉપરાંત પગાર મોંઘવારી ભથ્થા સહિતની સને ૧૯૯૦-૯૧ના વર્ષની કુલ કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા લેખે બોનસ ફેક્ટરીના તમામ કામદાર કર્મચારીઓને મેનેજમેન્ટ ચુકવશે.

૨. મેનેજમેન્ટ અને યુનિયન વચ્ચે તથા કામદાર પ્રતિનિધીઓ વચ્ચે થયેલ ચર્ચા મુજબ કારખાનામાં હાલમાં ઔધોગિક શાન્તી જળવાયેલ છે, અને ભવિષ્યમાં જળવાઈ રહે તેમજ કામદારો નિયમિત સારૂ ઉત્પાદન આપે અને તે માટે તેમને પ્રોત્સાહન મળે તે શુભ હેતુ ધ્યાનમાં રાખી મેનેજમેન્ટ કલમ ૧માં જણાવેલ બોનસ ઉપરાંત વધારાનું "અપેક્ષીત પ્રોડક્શન ઈન્સેન્ટીવ એકસગ્રસીયા બક્ષીસ" ૨-૫૦ (બે પચાસ) ટકા તમામ કામદારોને આપવાનું મેનેજમેન્ટ સ્વીકારે છે, અને તે માટે કામદારોએ પ્રતિનીધીત્વ ધરાવતા યુનિયનમાંથી અરજી કરવાની રહેશે.

INDEX

૩. ફેકટરીમાં સને ૧૯૯૦-૯૧ના વર્ષમાં કામ કરતા તમામ કામદાર કર્મ-ચારીઓને સંવત ૨૦૪૭ના આસો વદ એકમ ચંદની પડવાના રોજ અગર તો તે પહેલા ફેકટરીના મેનેજમેન્ટ બોનસ અને કલમ(૨) બે મુજબ એકસગ્રેસીયા બક્ષીસ ચુકવશે.

૪. ફેકટરીમાં સદરહુ હીસાબી વર્ષમા જે કામદારની હાજરી ત્રીસ (૩૦) દિવસો કરતા ઓછા દિવસ કામ કરનાર કામદાર સને ૧૯૬૫ના બોનસ ચુકવણી ધારા હેઠળ તે હીસાબી વર્ષનું બોનસ મેળવવા માટે હક્કદાર ગણાશે નહીં.

૫. સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

૬. બોનસ અને એકસગ્રસીયા બક્ષીસ મેળવવા માટે જે કામદાર કર્મચારીઓ હક્કદાર થતા હશે, પરંતુ તેવા કામદારો (ફેકટરી) મીલની નોકરીઆથી છુટા થયેલા હોય તેવા કામદારો કર્મચારીઓએ પ્રતીનીધીત્વ ધરાવતા યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરવાથી મેનેજમેન્ટ અરજી કરનાર કામદારની અરજી મળ્યાથી એક મહીનામાં બોનસ અને એકસગ્ર-સીયા બક્ષીસ ચુકવી આપશે.

સમાધાનકાર

બી. આઇ. આર એકટ

સુરત

સુરત

તા. ૧૧-૧૦-૯૧

મંત્રી

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુ...

INDEX

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

તા. ૯-૧૨-૧૯૯૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ અમદાવાદ

સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૮૧૨૧ આરયુ—સને ૧૯૪૬નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮(૧) અને સને. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ક્રિષ્ણરામડાઈંગ એન્ડ ફીનીસીંગ વર્કસ સુરત અને ધી સુરત સીલ્ક મીલ લેબર યુનીયન, સુરત વચ્ચેના વિવાદમાં ઉક્ત અધિનિયમ અન્વયે નિમાયેલ સમાધાનકાર શ્રી એસ. આર. બોડાત સુરતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૧નાં ડીસેમ્બર માસના ૯મા દિને આથી નોંધ કરુ છું.

બોનસ સને ૧૯૯૦-૯૧

બી આઈ. આર. એકટ કેસ નંબર ૯૪/૯૧

સમાધાન ૫૮(૧) કલમ હેઠળ,
વીર ફેબ્રીક્સ, જી. આઇ. ડી. સી. આંતલીઆમાં કામ કરતા કારીગર વતી સિલ્ક મીલ વર્કસ યુનિયન, બીલીમોરા કે જે ગણદેવી તાલુકાના રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતાં કારીગરોનું પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયને તા. ૧૨-૮-૯૧ના રોજ સને ૧૯૯૦-૯૧ના વર્ષનું બોનસ દિવાળી પહેલા આપવા "એલ" ફોર્મમાં નોટીસ ઓફ ચેઇન્જ આપી હતી. તે અંગે કોઈ સમાધાન ન થતાં યુનિયને તા. ૨૨-૮-૯૧ના રોજ સમાધાનકાર શ્રી વલસાડને ફોર્મ 'એન'માં નોટીસ આપેલ જેને તા. ૩૧-૮-૯૧ના રોજ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ '૫૫' હેઠળ પત્રકમાં નોંધવામાં આવેલ જેને તા. ૧૦-૯-૯૧ તથા ૨૫-૯-૯૧ના રોજ સુનાવણીઓ રાખવામાં આવેલ જેમાં બંને પક્ષકારો વચ્ચે આજરોજ નીચે મુજબની શરતોએ સમાધાન થયું છે.

શરતો

૧. વીર ફેબ્રીકસ જી. આઈ. ડી. સી. આંતલીઆમાં કામ કરતાં તમામ કારીગરો-કર્મચારીઓને ભારત સરકારના બોનસ અધીનિયમ ૧૯૬૫ (સુધારો ૧૯૮૦-૧૯૮૫) મુજબ સને ૧૯૯૦-૯૧ના હિસાબી વર્ષ મુજબ તેમની કુલ કમાણીના ૮.૩૩% બોનસ તા. ૧૭-૧૦-૧૯૯૧ સુધીમાં મેનેજમેન્ટ તરફથી ચુકવી આપવુ.

INDEX

૨. જે કારીગર-કર્મચારીઓ હાલમાં કામ ઉપર છે તેઓને ઉત્પાદનની પ્રક્રિયામાં વેગ આવે તેવા શુભ હેતુથી તેના પ્રોત્સાહન રૂપે ૬૭ ટકા એકંદરીયા બોનસ દશેરા પહેલા તા. ૧૭-૧૦-૧૯૯૧ના રોજ સુધીમાં ચુકવી આપો.

૩. જે કારીગર કર્મચારીઓએ વીર કેમીકલ્સ આંતલીઆમાં એપ્રિલ ૯૦ થી માર્ચ ૯૧ના વર્ષ દરમિયાન કામ કર્યું હશે, પરંતુ હાલમાં નોકરી ઉપર ન હોય, તેવા કારીગર કર્મચારીઓએ મેનેજમેન્ટને શિલ્ક મિલ્સ વર્કર્સ યુનિયન, કેર/મજુર મહાજન સંઘ, બીલીમોરા મારફતે અરજી કરેથી એક માસમાં બોનસની ચુકવણી કરવામાં આવશે, આવી અરજી કરવાનો સમય બોનસ ચુકવ્યાની તારીખ થી ૬ (૭) માસ સુધીનો રહેશે. ત્યાર બાદ આવેલ અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ.

૪. ઉપરોક્ત સમાધાન બોનસ ચુકવણી અધીનીયમ ૧૯૬૫ની જોગવાઈઓ અનુસાર તથા ભારત સરકારે પ્રગટ કરેલ બોનસ સુધારો ૧૯૮૦ તથા ૧૯૮૫ના આધારે કરવામાં આવેલ છે.

સહી
ધીરજલાલ સી. ટોપીવાલા
મેનેજર,
વીર કેમીકલ્સ જી. આઈ. ડી. સી.
આંતલીઆ, બીલીમોરા

તા. ૨૫-૯-૯૧
વલસાડ

સહી
મનસુખલાલ એન. ઠીંમર
જનરલ સેક્રેટરી,
શિલ્ક મીલ્સ વર્કર્સ યુનિયન,
બીલીમોરા

તા. ૨૫-૯-૯૧
વલસાડ

સમાધાનકાર

મુંબઇ ઓદ્યોગિક સંબંધક અધીનીયમ ૧૯૪૬

વલસાડ

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઓદ્યોગિક સંબંધ અધીનીયમ,

અમદાવાદ

તા. ૧૪-૧૦-૯૧

અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઇ ઓદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેન

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/ખસક/૨૭૯૪૨ (આર.યુ -સને ૧૯૪૬ના મુંબઈ ઓદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઓદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું. ટેક્ષટાઈલ લેબર એસોસીએસન, અમદાવાદ-અને શ્રી. અંબિકા મીલ્સ લી. નં. ૧. અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઓદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૭માં દિને આથી નોંધ કરૂં છું.

ઓદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી એન. એ, ચૌહાણ, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૩૧૦/૮૪

INDEX

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

શ્રી અંબીકા મીલ્સ લી. નં. ૧ અમદાવાદ બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

મીલના એન્જીનીયરીંગ ખાતામાં વેસ્ટ વીવર પ્લાન્ટમાં એક કુલી વધારી તે અંગેનું કામ લેવા બીજા માણસની વ્યવસ્થા કરવા વગેરે અંગે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી

બીજા પક્ષકાર તરફે વકીલ શ્રી રાવજીભાઈ પટેલ

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેણે દાખલ કરેલો છે.

૨. કામની હકીકત એ મુજબની છે કે, સંઘે બીજા પક્ષકાર મીલને તા. ૭-૮-૮૪ના રોજ ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨ (૨) મુજબની ફેરફારની સુચના આપીને માગણી કરેલ હતી કે વેસ્ટ વોટર પ્લાન્ટમાં એક જ પ્લાન્ટ હતો તેમાં એક કુલી વધારી એ અંગેનું કામ લેવા માટે અલાયદી વ્યવસ્થા કરવી અને જ્યાં સુધી આ વ્યવસ્થા ન કરવામાં આવે ત્યાં સુધી દરેક પાળીમાં જે કામદારને તે અંગેનું વધુ કામ કરવું પડે છે તેમને યોગ્ય રકમનું મહેનતાણું ચૂકવી આપવું જોઈએ. આ માગણી સાથે બીજા પક્ષકાર મીલ કંપની સંમત થયેલ ન હતી. અને ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી શકેલા નહીં માટે તા.૧૦-૧૦-૮૪ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર પ્રથમ પક્ષકાર સંઘને મોકલી આપેલ હતું. જે પરથી સદરહુ માગણીનો ન્યાય નિર્ણય કરવા માટે હાલનો રેફરન્સ સંઘ તરફથી કરવામાં આવે છે

INDEX

૩. પ્રથમ પક્ષકાર સંઘે તા. ૯-૨-૮૫ના રોજ માગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે બીજા પક્ષકાર મીલમાં એન્જીનીયરીંગ મીકેનીક ખાતામાં મેલુ પાણીનો વેસ્ટ વોટર પ્લાન્ટ છે. જે વોટર પ્લાન્ટ એક જ હતો પરંતુ મીલ કંપનીનું કામ ખુબ વધી જવાથી તે વોટર પ્લાન્ટ અંગે કામ વધી જવાથી નવા માણસની નિમણુક કરવી જરૂરી છે કારણ કે મેલા પાણીની વ્યવસ્થા કરવા માટે કોઈ અલાયદી વ્યવસ્થા કરેલ નથી પરંતુ એક કુવો વધારવામાં આવેલ છે અને તે કુવા અંગેનું કામ પણ ચાલુ માણસોને જ સોપેલ છે તે વાજબી નથી માટે એક કામદારની સંખ્યા વધારવી જરૂરી છે અને ત્યાં સુધી તે મુજબ સંખ્યામાં વધારો ન કરવામા આવે ત્યાં સુધી તે કામ સંભાળતા જે તે કામદારોને યોગ્ય રકમનું મહેનતાણુ ચુકવી આપવાનો મીલ કંપનીને આદેશ આપવો જરૂરી છે.

૪. બીજા પક્ષકાર મીલ આંક-૪થી લેખીત જવાબ રજુ કરીને જણાવેલ છે કામદારોનો કોઇ શ્રમબોજ વધ્યો નથી કે કોઈ નવો કુવો કરવામાં આવેલ નથી. ફકત ઇકવીલાઈઝેશન ટેન્ક આ પ્લાન્ટ માટે જરૂરી હતી. તે ૧૯૮૪માં શરૂ કરેલ છે પરંતુ તેનાથી તે ખાતાનાં કામદારોના શ્રમબોજમાં કોઈ વધારો થયેલ નથી કારણ કે પહેલી પાળીમાં એક પ્લાન્ટ ઓપરેટર અને બે કુલી કામ કરે છે જેમાં ટેન્કમાં એસીડ નાખવાની કામગીરી બે કુલીઓ બજાવે છે, બીજી અને ત્રીજી પાળીમાં એક પ્લાન્ટ ઓપરેટરની જરૂર છે માટે તેમને રાખવામાં આવેલા છે. પહેલી પાળીના કુલીઓએ સ્ટોરમાથી એસીડ લાવી અને ટેન્કમાં નાખવાની કામગીરી કરવાની હોય છે. જ્યારે પંપ ઓપરેટરોએ ફકત પંપ ચલાવીને એસીડ જે ટેન્કમાં નાખવામાં આવે છે તે ઉપર ચડાવવાની કામગીરી કરવાની છે જે ઓટોમેટીક છે માટે પ્લાન્ટ ઓપરેટર કે કુલીની કામગીરીમા કોઈ વધારો થયેલ નથી માટે સંખ્યા વધારવાની જે વાત છે તે ગેરવાજબી છે તેમજ શ્રમબોજ વધ્યાની રજુઆત પણ ગેરવાજબી છે.

૫. સંઘે આંક-૭થી કામદાર કાંતિલાલને તપાસેલા છે જ્યારે મીલ કંપનીએ આંક-૨૨થી ટાઈમકીપર શ્રી સુરેન્દ્રકુમારને તપાસેલા છે. શ્રી જોશીની રજુઆત એવી છે કે, ઈકવીલાઈઝેશન પ્લાન્ટ તૈયાર કરવામાં આવેલ હોવાને કારણે અને લેબોરેટરીના કર્મચારીઓ જે અગાઉ કામ કરતા હતા તે કામ હવે ન કરતા હોવાને કારણે આ વોટર પ્લાન્ટના કર્મચારીઓનો શ્રમબોજ વધ્યો છે માટે એક કુલીની જગ્યા વધારવી જોઈએ. અને જ્યાં સુધી તે વધારાય નહી ત્યાં

સુધી આ પ્લાન્ટમાં કામ કરતાં કામદારોને યોગ્ય રકમ વળતર તરીકે ચુકવી આપવી જોઈએ. આની વિરૂદ્ધમાં શ્રી પટેલની રજુઆત એવી છે કે, કામદારોના શ્રમબોજમાં કોઈ વધારો થયેલ નથી. ઈકવીલાઈઝેશન પ્લાન્ટના કારણે પંપમેનની કામગીરીમાં કોઈ વધારો થયેલ નથી. તેમજ કુલીની કામગીરીમાં પણ કોઈ વધારો થયેલ નથી. ઉલટાનું તેઓને સુગમતા રહે છે કારણ કે આ પ્લાન્ટ ઓટોમેટીક છે.

૬. પક્ષકારો તરફથી જે પુરાવો રજૂ કરવામાં આવ્યો છે તે પુરાવો લક્ષમાં લેતાં તેમજ તેઓની રજુઆત લક્ષમાં લેતાં, કામદારોનો શ્રમબોજ વધ્યા અંગેની જે રજુઆત કરવામાં આવી છે તેમાં કંઈ તથ્ય નથી માટે આ પ્લાન્ટમાં કામદારની સંખ્યામાં વધારો કરવાની જે માગણી કરેલ છે. તે પણ વાજબી નથી. સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબનાં છે.

૭. શ્રી કાંતિભાઈ સોમાભાઈની આંક-૭ની જુબાનીની રજુઆત મુજબ, બ્યુરીફીકેશન પ્લાન્ટ તો ઘણા વર્ષોથી હતો પરંતુ ઈકવીલાઈઝેશન ટેન્ક ૧૯૮૪માં નાખવામાં આવેલ છે. બ્યુરીફીકેશન પ્લાન્ટમાં એસીડ વગેરે કેમીસ્ટો નાખતા હતા પરંતુ કેમીસ્ટોને છુટા કરવામાં આવેલા છે અને તેઓ હવે લેબોરેટરીમાં કામ કરે છે માટે ઈકવીલાઈઝેશન પ્લાન્ટમાં એસીડ નાખવાની કામગીરી બે કુલીઓ પાસેથી લેવામાં આવે છે. તે સિવાય કુલીઓએ બીજી કોઈ કામગીરી કરવાની હોતી નથી. દરેક પાળીમાં એક એક પ્લાન્ટ ઓપરેટર કામ કરે છે જ્યારે પહેલી પાળીમાં જ બે કામદારો કામ કરે છે. અને તે જ પાળીમાં આ ટેન્કમાં એસીડ નાખવાની કામગીરી કરવામાં આવે છે. પહેલા ઈકવીલાઈઝેશન હતી નહીં ત્યારે બ્યુરીફીકેશન પ્લાન્ટમાં કેમીસ્ટો દવા નાખતા હતા પરંતુ હવે કુલીઓ પાસેથી ઈકવીલાઈઝેશન ટેન્કમાં એસીડ નાખવાની કામગીરી લેવામાં આવે છે શ્રી કાંતીલાલ કબુલ કરે છે કે બે કુલીઓએ આમાં એસીડ નાખવા સીવાય બીજી કોઈ કામગીરી કરવાની હોતી નથી. પ્લાન્ટ ઓપરેટરની શું કામગીરી વધી છે તે બાબતમાં તેઓ જણાવતા નથી. પરંતુ એમ સ્પષ્ટ થાય છે કે તેઓએ પંપ ચાલુ કરવાનો હોય છે. એટલે આ પંપ ચાલુ કરવાની કામગીરીમાં કોઈ વધારો થયેલો છે એવું કહી શકાય નહી. એમ માનવાને કારણ રહે છે કે પહેલા કેમીકલ ડીપાર્ટમેન્ટના કર્મચારીઓ બ્યુરીફીકેશન પ્લાન્ટમાં દવા નાખવાનું કામ કરતા હતા પરંતુ કેમીકલ ખાતું ત્યાંથી ખસેડીને બીજે લઈ જવામાં આવેલ હોવાથી એસીડ નાખવાની કામગીરી કુલીઓ પાસેથી લેવામાં આવતી હોય તેમ લાગે છે. એસિડ નાખવાની કામગીરી કોઈ ખાસ

INDEX

પ્રકારની કામગીરી છે. નહીં. તે કામગીરી તો કોઇપણ વ્યક્તિ બજાવી શકે. કુલીઓએ તે સિવાય બીજી કોઇ કામગીરી કરવાની હોતી નથી માટે કુલીઓની કામગીરીમાં વધારો થયો છે એવું કહી આ સંજોગોમાં ૮૪ બાદ ઇકવીલાઇઝેશન ટેન્કના કારણે પંપ ઓપરેટરો કે કુલીઓનો કામબોજ વધ્યો છે એવી જે રજુઆત કરેલ છે તેમાં કોઇ તથ્ય નથી. માટે રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવાનો છે.

હુકમ

૯. પ્રથમ પક્ષકાર સંઘ તરફથી જે માંગણી કરવામાં આવેલ છે. તેવી જણાતી નથી માટે તે આઇટમ રાખવામાં આવતી નથી. આવા સંજોગોમાં લડાવી લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર,

અમદાવાદ

તા. ૯-૯-૧૯૯૧

સહી

(એન. એ. ચૌહાણ)

સભ્ય

ઔદ્યોગિક અદાલત, ગુજરાત

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનીયમ,

અમદાવાદ.

અમદાવાદ

તા. ૯-૯-૯૧

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/ક્રમક ૨૭૯૬૬ આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું મજુર મહાજન સંઘ કલોલ અને ધી મહેન્દ્ર મીલ્સ યુનિટ નં. ૨, કલોલની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૯ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી બી. એમ. ભટ્ટ. સભ્ય રુબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૩૮૧/૮૨.

મજુર મહાજન સંઘ, કલોલ. પ્રથમ પક્ષકાર.

અને

ધી મહેન્દ્ર મીલ્સ યુનિટ નં. ૨. કલોલ. બીજા પક્ષકાર.

યુનિ. ની માંગણી ક્રેમ ખાતાની પહેલી પાળીમાં કામ કરતાં દત્તારામ ગોવીંદરામને બોઈલરનો હોદ્દો આપવા વિ. અંગે...

શ્રી અમર એન. બારોટ, યુનિયન તરફે.

કુ. મીનાબેન શાહ. મીલ કંપની તરફે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. મજુર મહાજન સંઘ, કલોલ જેને હવે પછી યુનિયન તરીકે સંબોધવામાં આવે છે તેણે મહેન્દ્ર મીલ્સ લી, યુનિટ નં. ૨, કલોલને તા. ૧૪-૬-૮૨ના રોજ ફોર્મ એલમાં ફેરફારની નોટીસ આપેલ અને એવી માંગણી કરેલ કે મીલ કંપનીના ક્રેમ ખાતાની પહેલી પાળીમાં કામ કરતા કામદાર શ્રી દત્તારામ ગોવીંદરામને કુલી કમ સ્વીપરની કેટેગરીના બદલે બોઈલરની કેટેગરી આપવી. અને મીલ કંપનીએ નિયત સમય મર્યાદામાં તેનો સ્વિકાર ન કરતાં તા.૨૪-૫-૮૨ના રોજ નમુના એલમાં રીપોર્ટ કરેલ સરકારી સમાધાન અધિકારીશ્રીને વિનંતી

INDEX

કરેલ પરંતુ તેમાં સફળતા ન મળતા સમાધાન અધિકારીશ્રીએ યુનિયનને નિષ્ફળતાનું પ્રમાણપત્ર કાઢી આપેલ અને તેથી હાલનો રેફરન્સ યુનિયને કરેલ છે. યુનિયનની માંગણી મુજબ મીલ કંપનીના ક્રેમ ખાતાની પહેલી પાળીમાં દત્તારામ ગોવીંદરામ, ક્લીનર કમ સ્વીપરની કેટેગરીમાં કામ કરે છે. અને તેમને ક્લીનર કમ સ્વીપરનો કાયમી પાસ આપવામાં આવેલ છે. સદરહુ કામદારને ક્લીનર કમ સ્વીપરના કામ સાથે મોટા ભાગે બોઈલરનું કામ કરે છે. અને છતાં પણ બોઈલરની કેટેગરીનો પગાર નહીં ચુકવી અને આથી નુકશાન કરેલ છે અને બોઈલરની કેટેગરીનો કાયમી પાસ આપ્યો નથી યુનિયને માંગણાનું નિવેદન આંક ૬ થી રજુ કરેલ છે અને તેમાં પણ સદર કામદારને ક્રેમ ખાતાના મશીનો ચાલુ કરી આપવાના હોય છે સદર કારીગર પાસેથી ઝાડુનું કોઈપણ કામ લેવામાં આવતુ નથી ઝાડુના કામ માટે બીજા કારીગરની નિમણુંક કરવામાં આવેલ છે અને તેથી સાબીત થાય છે કે, સદર કારીગર કેવળ મશીનોમાં તેલ પુરવાનું કામ કરે છે અને તેથી તેમને બોઈલરનો હોદ્દો અને તેની કેટેગરીનો પગાર નહી આપવા માટે મીલ કંપની પાસે કોઈ વ્યાજબી કારણ નથી. તે સંજોગોમાં યુનિયને માંગણી કરેલ છે કે મીલ કંપનીએ તેમના ક્રેમ ખાતાની પહેલી પાળીમાં બોઈલરની કેટેગરીમાં કામ કરતાં કારીગર દત્તારામને બોઈલરની કેટેગરીનો કાયમી પાસ આપવો અને તે કેટેગરીનો પગાર આપવા માટે હુકમ કરવા વિનંતી કરી છે. ક્લીનર કમ સ્વીપરનો જે કાયમી પાસ આપવામાં આવેલ છે તે રદબાતલ કરવા આદેશ આપવો અને સદર કારીગરને થયેલ આર્થીક નુકશાન ભરપાઈ કરી આપવા માટે મીલ કંપનીને આદેશ આપવો.

૨. મીલ કંપનીએ લેખીત જવાબ આંક ૧૨ થી રજુ કરેલ છે અને તેમાં માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમના જણાવ્યા મુજબ દત્તારામ ગોવીંદરામ મીલ કંપનીમાં બોઈલરની કેટેગરીમાં કામ કરતા નથી અને બોઈલરની કેટેગરીમાં કામ તેમણે કદાપી કરેલ નથી અને હાલમાં બોઈલરની કેટેગરીમાં તેઓ કામ કરતા નથી અને તેથી બોઈલરની કેટેગરીનો કાયમી પાસ અને પગાર આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મીલ કંપનીના જણાવ્યા પ્રમાણે સદર કામદાર મીલ કંપનીમાં ક્લીનર કમ સ્વીપરનો કેટેગરીનો કાયમી પાસ ધરાવે છે અને તે કેટેગરીનો પગાર તેમને ચુકવી આપવામાં આવે છે. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે સદર કામદારે ક્રેમ ખાતાના મશીનો ચાલુ કરી આપવાનું કામ કરવાનું હોય છે. મીલ કંપનીએ એ હકીકતનો ઈન્કાર

INDEX

કરેલ છે કે, કામદાર પાસેથી ઝાડુનુ કોઈપણ પ્રકારનુ કામ લેવામાં આવતું નથી. મીલ કંપનીના જણાવ્યા પ્રમાણે કામદાર શ્રી દત્તારામ ગોવીંદરામને કલીનર ક્રમ સ્વીપરમાં મશીનો સાફ કરવાના હોય છે અને તેના ફ્લાયર, સ્પીન્ડલ, કીલર વગેરે સાફ કરવાના હોય છે. અને તેમાં કાફ્ટીંગ ટેપ રોલ કાઢી સાફ કરવાના હોય છે તેમજ સંબંધીત કામદારોને સફાઈ સાથે ગ્રીસ પુરવાનું કામકાજ કરવાનું હોય છે. મીલકંપનીના જણાવ્યા પ્રમાણે મીલમાં ચાલતી પ્રથા મુજબ ઓઈલર તરીકેનું કામ ફીટર હેલ્પર તરીકે જે કામદારો કામ કરતા હોય તેમણે કરવાનુ હોય છે અને તેથી યુનિયનની આ પ્રકારની માંગણી ચાલી શકે તેમ નથી તેથી રેફરન્સ રદ કરવા માટે વિનંતી કરેલ છે.

૩. યુનિયન તરફે કામદાર દત્તારામની જુબાની આંક ૧૩ થી લેવામાં આવી છે. અને મીલ કંપની તરફે સુનીલચંદ્ર જયચંદ્ર મજમુદારને આંક ૧૩ થી તપાસેલા છે

૪. શ્રી દત્તારામ ગોવીંદરામની જુબાની મુજબ તેઓ પોતે ક્રેમ ખાતાની પહેલી પાળીમાં કામ કરે છે અને ક્રેમ ખાતામાં ૧૪-ઈન્ટર અને ૧૦ ડ્રોઈંગ મશીનો આવેલા છે. તેઓ પોતે ક્રેમ ખાતામાં સફાઈવાળા તરીકે ઓઈલર તરીકે કામ કરેલ છે ઓઈલર તરીકે તેઓને જુદા જુદા મશીનોમાં ઓઈલ પુરવાનું હોય છે. જેવા કે સ્પીન્ડલ, ગીયર બોકસ અને વધારામાં બેરીંગમાં ગ્રીસ પુરવાનું હોય છે અને આ કામ ઓઈલરનું છે. ત્રણે પાળીમાં ઓઈલીંગ કરવાનું કામ પહેલી પાળીમાં થાય છે અને બીજા કામદાર પ્રહલાદભાઈ બે જણા સાથે મીલમાં પહેલી પાળીમાં ઓઈલર તરીકે કામ કરે છે. ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે, તેમને સ્વીપરનો કાયમી પાસ આપવામાં આવેલ છે અને મીલ કંપનીમાં અત્યારે કોઈ ઓઈલર કામ કરતા નથી. ટાઈમ હોય તો અત્યારે મીલ કંપની ફીટર હેલ્પર પાસે ઓઈલીંગ કામ કરાવે છે. કામદારના કહેવા મુજબ તેમની પાસે જ કરાવે છે, અઠવાડીયામાં બે ચાર દિવસ ઓઈલીંગનું કામ કરવાનું હોય છે. સફાઈના મશીનોને પણ ઓઈલીંગ કરવું પડે છે, અને ઓઈલીંગ કરવાનુ હોય ત્યારે બે થી અઢી કલાક કરવામાં આવે પ્રહલાદભાઈને સ્વીપરનો પાસ આપેલ છે. મીલ કંપની તરીકે સ્પીનીંગ માસ્ટર શ્રી સુનીલચંદ્રને તપાસેલ છે અને તેઓએ સ્પીનીંગ માસ્ટર તરીકે છેલ્લા ૧૭ વરસથી યુનિટ-૨ માં કામ કરે છે અને તેમનાં કહેવા મુજબ દત્તારામ સફાઈ ક્રમ ઝાડુવાળા એટલે કે

INDEX

મશીનોના ક્લીનર કમ સ્વીપર તરીકે કામ કરે છે અને ક્રેમ ખાતામાં ડ્રોઈંગ અને ઈન્ટર મશીનો સાફ કરીને કચરો હોય સાફ કરી અને ગ્રીસની જગ્યાએ ગ્રીસ પુરવાનુ હોય છે અમે તેલની જગ્યાએ તેલ પુરવાનું હોય છે. જ્યારે બોઈલરની ફરજ એવી છે કે મશીન જ્યારે ચાલુ હોય ત્યારે તેમાં તેલ પુરવાનુ હોય છે અને તે કામ બોઈલરનું છે. અને તે કામ ફીટર કમ હેલ્પર કરે છે. જ્યારે દત્તારામ ફીટર કમ હેલ્પર નથી. મીલમાં કોઈને બોઈલરનો હોદ્દો આપવામાં આવેલ નથી. પરંતુ એક ફીટર કમ હેલ્પર તેઓ આ કામ કરે છે. દત્તારામ પ્રહલાદભાઈ બન્ને જણા મશીન ક્લીનર કમ સ્વીપર તરીકે ફરજ બજાવે છે. ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે, ક્રેમ ખાતામાં ૧૪ ઈન્ટર અને ૭ ડ્રોઈંગ મશીનો આવેલ છે. અને રોજનુ એક મશીન દત્તારામ અને પ્રહલાદભાઈને સફાઈ માટે આપવામાં આવે છે. તેમાં જે જગ્યાએ ગ્રીસ પુરવાનુ હોય ત્યાં ગ્રીસ પુરવાનુ હોય અને ઓઈલ હોય ત્યા ઓઈલ પુરવાનુ હોય છે. ફીટર કમ હેલ્પર હોય તેઓ તેમના ખાતામાં ઓઈલ પુરે છે. સફાઈવાળા અને બોઈલરના પગાર જુદા જુદા છે. સફાઈવાળા કરતા બોઈલરને વધારે પગાર મળે છે. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સફાઈવાળાને નીચે જે કચરો પડતો હોય અને મશીન ઉપર જે કચરો પડયો હોય તે સાફ કરવાનો છે. પરંતુ તેમના કહેવા મુજબ આ ફરજ ઝાડુવાળાની છે. દત્તારામ ચાર દિવસ ઓઈલીંગનું કામ કરે છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે. બોઈલરની એ ફરજ છે કે ચાલુ મશીનોમાં મશીન બંધ કરીને તેમાં તેલ પુરવાનું હોય છે.

૫. યુનિયન તરફે વિદ્વાન વકીલશ્રી એ. એન. બારોટે દલીલો કરતા જણાવેલ છે કે 'આત્મા' અને 'ટીએલએ' વચ્ચે સ્પેશ્યલ એવોર્ડ થયેલ છે અને તેમાં કામ પ્રમાણે કેટેગરી આપેલ છે. અને એક કામદારને એક જ હોદ્દો આપી શકાય. દત્તારામ બોઈલર તરીકે ફરજ બજાવે છે. જેથી કરીને બોઈલરનો હોદ્દો આપવા માટે માંગણી કરેલ છે. નોટીસ ઓફ ચેન્જનો મીલ કંપનીએ કોઈ જવાબ આપેલ નથી. અને સમાધાન અધિકારી રૂબરૂ પણ આવી કોઈ હકીકત જણાવેલ નથી કે કામદાર શ્રી દત્તારામ બોઈલર તરીકે ફરજો બજાવતા નથી. પુરાવામાં એ હકીકત સાબિત થઈ છે કે, મશીન સફાઈ કરી ગ્રીસ પુરવાનુ હોય તેમાં ગ્રીસ પુરવાનુ અને ઓઈલ પુરવાનુ હોય તેમાં ઓઈલ પુરવાનુ અને તે રીતે આ કામદાર બોઈલર તરીકેની ફરજો બજાવે છે. તેથી તેમને બોઈલરનો હોદ્દો આપવો જોઈએ અને તેનો કાયમી પાસ આપવો જોઈએ અને તે રીતે પગારનો તફાવત આપવો જોઈએ. મીલ કંપની તરફે કુ. સોનાબેન શાહે દલીલો કરતા

INDEX

જણાવેલ છે કે, આ કામદારે કોઇપણ દિવસ બોઇલર તરીકે ફરજો બજાવેલ નથી. અને તે સંજોગોમાં તેઓને બોઇલરનો કાયમી પાસ અગર તો હોદ્દો અગર તો ગ્રેડ આપી શકાય નહીં. તેઓને સ્વીપર કમ કલીનર તરીકે કાયમી પાસ આપેલ છેઅને તે રીતે તેનો પગાર પણ આપવામાં આવે છે. અને આ મીલ કંપનીમાં બોઇલરનો હોદ્દોજ નહીં અને બોઇલરનું કામ ફીટર કમ હેલ્પર કરે છે. અને સંજોગોમાં કામદારની માંગણી વજુદ વગરની છે અને તેથી રેફરન્સ રદ કરવો જોઇએ.

૬. સદરહુ રેફરન્સના કામે કોઈ દસ્તાવેજો પુરાવા રજુ થયા નથી. અને યુનિયન તરફે કામદાર દત્તારામને તપાસેલા છે અને મીલકંપની તરફે સ્પીનીંગ માસ્ટર શ્રી સુનીલચંદ્રને તપાસેલા છે. કામદાર દત્તારામને સફાઈવાળા તરીકે કાયમી પાસ આપવામા આવેલ છે અને તેઓને કેમ ખાતામાં જે મશીનો છે તે મશીનોની સફાઈ કરવાની અને સફાઈ કર્યા બાદ જેમા ગ્રીસ પુરવાનું હોય ત્યાં ગ્રીસ પુરવાનુ અને જેમાં ઓઈલ પુરવાનુ હોય ત્યાં ઓઇલ પુરવાનું હોય છે. શ્રી મજમુદારના જણાવ્યા પ્રમાણે આ મીલ કંપનીમા બોઇલરનો કોઈ હોદ્દો નથી. અને બોઈલરની ફરજ મશીન ચાલુ હોય ત્યારે તે ચાલુ મશીનમાં મશીન બંધ કરીને તેલ પુરવાની હોય છે અને આવી ફરજ એક ફીટર કમ હેલ્પર છે તે બજાવે છે. જયારે દત્તારામ અને પ્રહલાદભાઇ મશીન કલીનર તરીકે ફરજ બજાવે છે. દત્તારામ અને પ્રહલાદભાઈને સફાઇ કરવા માટે રોજનું એક મશીન આપવામાં આવે છે અને તે મશીનોને સાફસુફી કરવાની અને તેમાં ગ્રીસ અને ઓઇલ પુરવાનું હોય છે. જયારે ફીટર કમ હેલ્પર હોય તેઓ ચાલુ મશીનમાં ઓઈલ પુરવાનુ કામ કરે છે. એટલે બોઇલરની ફરજો તેઓ બજાવે છે અને આ બન્ને કામદરો મશીન કલીનર કમ સ્વીપર તરીકે ફરજો બજાવે છે. અને તે સંજોગોમા તેમને સ્વીપર કમ કલીનરનો કાયમી પાસે આપેલ છે અને હોદ્દો પણ આપવામાં આવેલ છે. અને તે રીતે પગાર આપવામાં આવે છે. મીલ કંપનીએ તેમના લેખીત જવાબમાં પણ એ હકીકત બહુ સ્પષ્ટ જણાવેલ છે કે મીલ કંપનીમાં ચાલતી પ્રથા પ્રમાણે બોઈલર તરીકેનું કામ ફીટર હેલ્પર તરીકે જે જમાદાર કામ કરતા હોય છે તે જ કરે છે. અને બોઈલર તરીકે કામ આ કામદારે કરેલ જ નથી. અરજદારની ફરજ મુજબ કલીનર કમ સ્વીપરની કેટેગરીમાં તેઓને મશીન સાફ કરવાનું હોય છે અને તે મશીન જે સાફ કરવા માટે લીધુ હોય તેના સ્ફાયર સ્પીન્ડલ કોલર વગેરે સાફ કરવાના હોય છે અને ડ્રાફટીંગનો ટોપ રોલ કાઢી અને સાફ કરવાનો હોય છે અને ગ્રીસ પુરવાનુ કામ

INDEX

કરવાનું હોય છે આ રીતે જોતા કામદારો જે પ્રમાણે જણાવે છે તે પ્રમાણે તેઓ ઓઈલર તરીકે કામ કરે છે તે રીતે ઓઈલરની ફરજો બજાવેલ નથી. અને તેવો સ્પીનીંગ માસ્ટર દેખરેખ હેઠળ જ કામ કતા હોય છે અને સ્પીનીંગ માસ્ટરે પોતાની જુબાનીમાં સ્પષ્ટતા કરેલ છે. કે સંબંધીત કામદાર સફાઈ માટે ઝાડુ-વાળાનું કામ એટલે કે મશીન ક્લીનર કમ સ્વીપર તરીકે કામ કરે છે જ્યારે ઓઈલર તરીકે ફીટર કમ હેલ્પર કામ કરે છે. અને તેઓને મશીન ચાલુ હોય ત્યારે તેમાં તેલ પુરવાનુ હોય છે. ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે, ઓઈલર-નુ એ કામ હોય છે કે, ચાલુ મશીનમાં. મશીન બંધ કરીને તેમાં તેલ પુરવાનુ હોય છે જ્યારે કામદાર દત્તારામ અને પ્રહલાદભાઈ એ મશીનની સાફ સફાઈ કરીને કચરો હોય તો સાફ કરીને ગ્રીસ પુરવાનુ અને તેલની જગાએ તેલ પુરવાનુ હોય છે અને આ રીતે જોતાં યુનિયનની માંગણી મુકેલા પુરાવાઓ ઉપરથી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી અને તે સંજોગોમાં કામદારને ઓઈલરનો હોદ્દો કે કાયમી માસ આપવો અગર ગ્રેડ આપી શકાય તેમ નથી. અને તેમને ક્લીનર કમ સ્વીપરનો કાયમી પાસ આપવામાં આવેલ છે તેનો હોદ્દો અને તે પ્રમાણે પગાર પણ આપવામાં આવે છે તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે. આથી હું નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

૭. રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(બી. એમ. ભટ્ટ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ

સહી
વી. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ
તા ૨૭-૮-૬૧

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૯-૯-૬૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક બ/શમક/૨૮૨૧૭ આરયુ-સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ—૫૮(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી અને આપવામાં આવેલ સત્તાની રુએ. હું એક્ષલ સ્પીનર્સ પ્રા. લી. વાપી. અને મજુર મહાજન સંઘ વલસાડ સમાધાન અધિકારી શ્રી. ડી. કે. પટેલ ની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ના ડીસેમ્બર માસના ૧૨માં દિને આથી નોંધ કરું છું.

-: સ મા ધા ન ખ ત :-

મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ અન્વયે,

કેસ નંબર :-(બી. આઇ. આર. સી.) ૩૭/૧૯૯૧

- : પક્ષકારોના નામો : -

શ્રી. કુમનલાલ પુજારા, સંસ્થાના પ્રતિનિધિ :-

ડાયરેકટર

એક્ષલ સ્પીનર્સ પ્રા. લિ.

જી- આઈ. ડી. સી. વાપી

શ્રી. મનસુખલાલ એન. ધીંમર. યુનિયનના પ્રતિનિધિ :-

જનરેલ સેક્રેટરી,

મજુર મહાજન સંઘ વલસાડ,

કેર/મજુર મહાજન સંઘ, ફીડર રોડ, બીલીમોરા

-: કેસની ટૂંકી વિગત :-

એક્ષલ સ્પીનર્સ પ્રા.લિ. જી.આઈ.ડી.સી. વાપીમાં કામ કરતા કારીગરો વતી મજુર મહાજન સંઘ વલસાડ કે, જે પારડી તાલુકા હદ વિસ્તારમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કારીગરોનું પ્રતિનિધિત્વ ધરાવતુ અને માન્ય યુનિયન

INDEX

છે. તેના જનરલ સેક્રેટરીએ તા. ૧૨-૮-૧૯૯૧ના રોજ એક્ષલ સ્પીનર્સ પ્રા.લિ. વાપી માં કામ કરતા કારીગર-કર્મચારીઓને ૧૯૯૦-૧૯૯૧ ના વર્ષનું બોનસ ભારત સરકારના વટહુકમ મુજબ દિવાળી પહેલાં આપવા ફોર્મ 'એલ' માં નોટીશ ઓફ ચેઈન્જ આપી હતી. બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં યુનિયને તા. ૨૨-૮-૧૯૯૧ના રોજ ફોર્મ 'એન' માં સમાધાનકારશ્રી, વલસાડ ને દરમ્યાનગીરી કરવા વિનંતી કરેલ. સમાધાનકારશ્રી, વલસાડે જરૂરી તપાસણી કર્યા પછી તા. ૩૧-૮-૧૯૯૧ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવેલ, ત્યાર બાદ બન્ને પક્ષકારોને ઉપરોક્ત કેશની સુનાવણી તા. ૧૦-૯-૯૧, તા. ૨૫-૯-૯૧ તા. ૩૦-૯-૯૧, તા. ૭-૧૦-૯૧, તા. ૨૧-૧૦-૯૧ તથા તા. ૩૦-૧૦-૧૯૯૧ ના રોજ જુદી જુદી મુદતોએ બોલાવવામાં આવેલ, જેમાં આજરોજ તા. ૩૦-૧૦-૧૯૯૧ના રોજ બંને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ ની કલમ ૫૮ (૧) હેઠળ નીચેની શરતોએ સમાધાન થયું છે.

:- સમાધાનની શરતો

(૧) એક્ષલ સ્પીનર્સ પ્રા. લિ. જી. આઈ. ડી. સી, વાપી માં કામ કરતા તમામ કારીગર-કર્મચારીઓએ સને ૧૯૯૦-૯૧ ના હિસાબી વર્ષ દરમ્યાન કામ કર્યું હશે તેવા તમામ કારીગર-કર્મચારીઓને ભારત સરકારના બોનસ કાયદો (સુધારો ૧૯૮૦ તથા ૧૯૮૫) મુજબ સને ૧૯૯૦-૯૧ના વર્ષની કુલ કમાણીના ૯.૭૫ ટકા જેટલું બોનસ (પગાર-મોંઘવારી) તા. ૩૧-૧૦-૯૧ સુધીમાં અથવા તે પહેલાં ચુકવી આપવામાં આવશે

(૨) જે કારીગર-કર્મચારીઓએ એક્ષલ સ્પીનર્સ પ્રા. લિ. વાપીમાં સને ૧૯૯૦-૯૧ના હિસાબી વર્ષ દરમ્યાન કામ કર્યું હશે, પરંતુ હાલમાં નોકરી ઉપર ન હોય તેવા કારીગર-કર્મચારીઓએ મજુર મહાજન સંઘ, વલસાડ મારફતે મેનેજમેન્ટને અરજી કરવાની રહેશે. અને અરજી કર્યા બાદ એક માસમાં બોનસની ચુકવણી કરવામાં આવશે. આવી અરજી બોનસ ચુકવવાની તારીખથી ૬ (છ) માસમાં કરવાની રહેશે ત્યારબાદ કરવામાં આવેલ અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહિં.

INDEX

(૩) ઉપરોક્ત સમાધાન બોનસ ચુકવણી ધારો ૧૯૬૫ ની જોગવાઈઓ તથા ભારત સરકારે જાહેર કરેલ બોનસ સુધારા-વધારા ૧૯૮૦-૮૫ના આધારે કરવામાં આવેલ છે.

સહી
(કુમનભાઈ પુજારા)
ડાયરેક્ટર
એબુલ સ્પીનર્સ પ્રા. લિ. વાપી

વાપી.
તા. ૩૦-૧૦-૧૯૯૧

સહી
(મનસુખલાલ એન. ઠીંમર)
જનરલ સેક્રેટરી,
મજુર મહાજન સંઘ, વલસાડ

વલસાડ
તા, ૩૦-૧૦-૧૯૯૧

સમાધાન કારૂં
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬
વલસાડ

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬
અમદાવાદ

તા. ૧૨/૧૨/૯૧
અમદાવાદ

INDEX

સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શ્રમક/૨૮૨૧૧ આર. યુ. સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમની કલમ ૫૮ (૧) સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું અશોક ફેશન્સ પ્રા.લી. અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતી અવનીબેન શાહની દરમિયાનગીરીથી થયેલ નીચે મુજબ પતાવટની સન ૧૯૯૧ના ડીસેમ્બર માસના ૧૨મા દિને, આથી નોંધ કરૂં છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબનાં સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકાર શ્રીમતી એ. એસ. શાહ, અમદાવાદ સમક્ષ

બી આર. સી. કેસ નં. ૨૯૧/૧૯૯૧

પક્ષકારોનાં નામ

શ્રી જીતેન્દ્રભાઈ સોની — માલીકોનાં પ્રતિનિધી
ફેક્ટરી મેનેજરશ્રી,
અશોક ફેશન્સ પ્રા, લી.
એમચંદજી દયાળજી ગોડાઉન પાછળ,
નારોલ, અમદાવાદ.

શ્રી અમથાભાઇ જે. દેસાઇ — કામદારોનાં પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી, જનરલ વર્કર્સ યુનિયન,
અમદાવાદ
ગાંધી મજુર સેવાલય, ભદ્ર,
અમદાવાદ

વિવાદની ટુંકી વિગતો

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ કે જે અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં; અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલાં ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,

INDEX

૧૯૪૬ અનુસાર પ્રતિનિધિત્વ ધરાવતી અને માન્ય યુનિયન તરીકે છે તે યુનિયને સંસ્થાનાં સંચાલકોને તા. ૧-૯-૯૧ ના રોજ નમુના એસમાં નોટીસ ઓફ ચેન્જ આપી સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારીઓને સને ૧૯૯૦-૯૧ ના હિસાબી વરસનું ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા બાબતની માંગણીઓ રજુ કરી હતી. સદર બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયને તા. ૧૦-૯-૯૧ના રોજ નમુના એનમાં સમાધાનકારશ્રી, અમદાવાદને મોકલી આપેલો હતો. જે સમાધાનકારશ્રીને તા. ૧૮-૯-૯૧ ના રોજ મળેલ તા. ૨૫-૯-૯૧ના રોજ સમાધાનકારશ્રીના પત્રકમાં નોંધવામાં આવેલો.

ત્યારબાદ સમાધાનકારશ્રીએ પક્ષકારોને તા. ૫-૧૦-૯૧ના રોજ અને તા. ૧૪-૧૦-૯૧ ના રોજ સમાધાન માટે બોલાવેલાં જેમાંની છેલ્લી જણાવેલી તારીખે પક્ષકારો વચ્ચે નીચે જણાવેલી શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

૧. મીલસ કંપનીમાં કામ કરતા તમામ કામદારોને તા. ૧-૧૦-૯૦ થી તા. ૩૦-૯-૯૧નાં વરસની કુલ કમાણીના ૮.૩૩ ટકા લેખે બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે. જેમાં તા. ૧-૦૧-૯૦ થી તા. ૩૧-૩-૯૧ સુધીનું હીસાબી વરસનું બોનસ ગણાશે. અને તા. ૧-૪-૯૧ થી તા. ૩૦-૬-૯૧ સુધીનું એડવાન્સ બોનસ ગણાશે.

૨. સદર બોનસની રકમ કામદારોને તા. ૩૧-૧૦-૯૧ સુધીમાં ચુકવી દેવા માટે કંપની સંમત થાય છે.

૩. સદર બોનસને હક્કદાર થતા કામદારો પૈકી જે કામદારો હાલમાં નોકરીમાં નહીં હોય અગર નોકરી છોડીને ચાલ્યા ગયા હશે તેવા તમામ કામદારોને અરજી મળેથી એક માસમાં સદર બોનસ ચુકવી દેવામાં આવશે.

૪. સદર બોનસ અંગે કોઈપણ જાતનો વિવાદ કે પ્રશ્ન ઉભો થશે તો યુનિયનના પ્રધાનમંત્રીશ્રી અમથાભાઈ દેસાઈ અને કંપનીનાં શેઠશ્રી સુશીલભાઈની લવાદી મારફતે તેનો ઉકેલ લાવવામાં આવશે અને તે કામદારોને, યુનિયનને અને કંપનીને બંધનકર્તા રહેશે.

INDEX

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને, કોઈપણ જાતના દબાણ વગર કરેલ છે અને તેનો સુરતપણે અમલ કરવા સંમત થયા છે.

સહી

અમથાભાઈ જે. દેસાઈ

જનરલ સેક્રેટરી જનરલ વર્કસ યુનિયન

ગાંધી મજૂર સેવાલય,

ભદ્ર, અમદાવાદ

ફેક્ટરી મેનેજરશ્રી

અશોક ફેબ્રીક્સ પ્રા. લી

નારોલ

અમદાવાદ.

મારી રૂબરૂ

સહી

શ્રીમતિ અવનીબેન શાહ

સમાધાનકાર,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ

તા. ૧૪-૧૦-૧૯૯૧

અમદાવાદ.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬

અમદાવાદ

તા. ૧૨-૧૨-૯૧

અમદાવાદ

INDEX

અને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/શ્રમક/૨૭૯૩૦/આર. સુ.—સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું મજૂર મહાજન સંઘ કલોલ અને મહેન્દ્ર મીલ્સ લી. નં. ૩ કલોલની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૬ઠા દિને, આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ

શ્રી. બી. એસ. ભટ્ટ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૧૧૭/૯૦

મજૂર મહાજન સંઘ, કલોલ ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહેન્દ્ર મીલ્સ લી. નં. ૩, કલોલ ...દ્વિતીય પક્ષકાર

મીલ્સ કંપનીના કાર્ડ ખાતામાં કામ કરતા લાઈનર તથા લાઈનર હેલ્પરોના પગાર વધારો કરવા અંગે.

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને દ્વિતીય પક્ષકાર મીલ્સ કંપનીના કાર્ડ ખાતામાં કામ કરતા લાઈનર તથા લાઈનર હેલ્પરોનો પગાર વધારો કરવા બાબતમાં ફેરફારની નોટિસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. બંને પક્ષકારોએ સંયુક્ત રીતે અંક—૧૦થી સમાધાનની શરતો રજુ કરેલ છે જે જોતાં યોગ્ય અને વ્યાજબી લાગે છે આથી હું મારો ઍવૉર્ડનો હુકમ નીચે મુજબ કરું છું.

INDEX

હુકમ

૩, બંને પક્ષકારોએ આંક-૧૦માં જણાવેલ સમાધાનની શરતો મુજબ વર્તવું આ સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવી. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

રેફરન્સ : આઈ. સી. નં. ૧૧૭/૯૦

મજુર મહાજન સંઘ, કલોલ (ઉ. ગુ.) ...પ્રથમ પક્ષકાર

અને

શ્રી મહેન્દ્ર મીલ્સ લી.

સ્પીનીંગ યુનીટ નં. ૩, કલોલ (ઉ. ગુ.) ...બીજા પક્ષકાર

પક્ષકારોની નામદાર અદાલતને નમ્રતા પૂર્વક અરજ છે કે : અમો પક્ષકારોએ ઉપરોક્ત રેફરન્સમાં નીચે જણાવ્યા મુજબ સુખદ સમાધાન કર્યું છે.

સમાધાનની શરતો

૧. મીલકંપનીના સ્પીનીંગ યુનીટ નં. ૩ માં કાર્ડ ખાતામાં કામ કરતા લાઈનર તથા લાઈનર હેલ્પરને નીચે મુજબનો પગાર ચુકવવાનું નક્કી કરેલ છે,

લાઈનર સ્વીપર – રૂા. ૩૫૫-૦૦ બેઝીક પગાર

લાઈનર હેલ્પર – રૂા. ૩૫૦-૦૦ બેઝીક પગાર

સદર બેઝીક પગાર આઠ ટકાના વધારા સાથે ૨૬ દિવસના કામના પેટે ચુકવવાનો રહેશે આ પગાર વધારો તા. ૧-૪-૯૧થી આપવા બંને પક્ષકારોએ સંમતિ દર્શાવેલ છે.

૨. મીલ કંપનીના સ્પીનીંગ યુનીટ નં. ૩ના કાર્ડ ખાતાના કારીગરો તેમની ચાલુમાં રીસેસ ભોગવશે અને મીલની રીસેસ દરમ્યાન ખાતુ ચાલુ રાખશે, એટલે કે રીલે રીસેસ ચલાવશે અને તે પેટે તેઓને રૂા. ૧-૦૦ દરરોજની કામગીરી પેટે રીલે એલાવન્સ તરીકે ચુકવવામાં આવશે. આ રીલે એલાવન્સ

ઉપર મોંઘવારી ભથ્થા પ્રો. ફંડ કે આઠ ટકા પગાર વધારા કે અન્ય લાભો માટે ગણત્રીમાં લેવામાં આવશે નહીં, ભવિષ્યમાં તે કામદારો શોર્ટ રીસેસ ચલાવવાનું કોઈપણ કારણોસર બંધ કરશે તો આ એલાવન્સ આપોઆપ બંધ કરવામાં આવશે.

૩. મીલકંપનીના સ્પીનીગ યુનીટ નં. ૩ ના કાર્ડ ખાતાના કારીગરો હાલમાં જે પ્રથા મુજબ કામગીરી બજાવે છે તે મુજબ ચાલુ રાખશે તે સાથે યુનીયન સંમત છે.

૪. વધુમાં મીલ કંપનીના કાર્ડ ખાતામાં કામ કરતા કામદારોને પાછલા તફાવત અંગે યુનીયને જે માંગણી કરેલ છે તે જતી કરે છે.

ઉપરોક્ત સમાધાનની શરતો મુજબ આ રેફરન્સમાં એવોર્ડ આપવા અમો પક્ષકારોની નામદાર અદાલતને નમ્રતાપૂર્વક અરજ છે.

જેઠાભાઈ સી. પટેલ
મંત્રી
મજુર મહાજન સંઘ
કલોલ (ઉ. ગુ.)

અમદાવાદ તા. ૨-૫-૯૧
રજુ કર્યા તા. ૨૫-૭-૯૧

ફેક્ટરી મેનેજર
ધી મહેન્દ્ર મીલ્સ લી.
કલોલ (ઉ. ગુ.)

(બી. એમ. ભટ્ટ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત ગુજરાત

ની ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧૫-૭-૯૧

(આર. કે. પરમાર)
મદદનીશ સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૬-૯-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : અ/સમક/૨૭૯૨૮ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું મજુર મહાજન સંઘ, કલોલ અને મહેન્દ્ર મીલ્સ લી, સ્પીનીંગ યુનિટ નં. ૧, કલોલની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૬ઠ્ઠા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી બી. એમ. ભટ્ટ. સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૧૮/૯૦.

મજુર મહાજન સંઘ, કલોલ. પ્રથમ પક્ષકાર.

વિરુદ્ધ

મહેન્દ્ર મીલ્સ લી. યુનિટ નં. ૧, કલોલ. દ્વિતીય પક્ષકાર.

મીલ્સ કંપનીના કાર્ડ ખાતામાં કામ કરતા લાઈનર તથા લાઈનર હેલ્પરનો પગાર વધારો કરવા બાબત.

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયનો દ્વિતીય પક્ષકાર મીલ્સ કંપનીના કાર્ડ ખાતામાં કામ કરતા લાઈનર તથા લાઈનર હેલ્પરોનો પગાર વધારો કરવા બાબતમાં ફેરફારની નોટીસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કરેલો છે.

૨. બંને પક્ષકારોએ સંયુક્ત આંક-૮ થી સમાધાનની શરતો રજુ કરેલ છે જે જોતાં યોગ્ય અને વ્યાજબી લાગે છે તેથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

INDEX

હુકમ

૩. બંને પક્ષોએ આંક-૮માં જણાવેલ સમાધાનની શરતો મુજબ વર્તવું. આંક-૮ના સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવી. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

રેફરન્સ (આઈસી) નં. ૧૧૮/૯૦

મજુર મહાજન સંઘ, કલોલ. (ઉ. ગુ.) પ્રથમ પક્ષકાર.

અને

શ્રી મહેન્દ્ર મીલ્સ લી.
સ્પીનીંગ યુનીટ નં. ૧, કલોલ. (ઉ. ગુ.) બીજા પક્ષકાર.

પક્ષકારોની નામદાર અદાલતને નમ્રતાપૂર્વક અરજ છે કે:-

અમો પક્ષકારોએ ઉપરોક્ત રેફરન્સમાં નીચે જણાવ્યા મુજબ સુખદ સમાધાન કર્યું છે.

સમાધાનની શરતો.

(૧) મીલ્સકંપનીના સ્પીનીંગ યુનીટ નં. ૧ માં કાર્ડ ખાતામાં કામ કરતા લાઈનર તથા લાઈનર હેલ્પરને નીચે મુજબનો પગાર ચુકવવાનું નક્કી કરેલ છે.

લાઈનર સ્વીપર – રૂા. ૩૫૫-૦૦ બેઝીક પગાર

લાઈનર હેલ્પર – રૂા. ૩૫૦-૦૦ બેઝીક પગાર

સદર બેઝીક પગાર આઠ ટકાના વધારા સાથે ૨૬ દિવસના કામના પેટે ચુકવવાનો રહેશે. આ પગાર વધારો તા. ૧-૪-૯૧ થી આપવા બંને પક્ષકારોએ સંમતિ દર્શાવેલ છે.

(૨) મીલકંપનીના સ્પીનીંગ યુનીટ ૧ ના કાર્ડ ખાતાના કારીગરો તેમની ચાલુમાં રીસેસ ભોગવશે અને મીલની રીસેસ દરમ્યાન ખાતું ચાલુ રાખશે એટલે કે રીલે રીસેસ ચલાવશે અને તે પેટે તેઓને રૂા. ૧-૦૦ દરરોજની કામગીરી પેટે રીત એલાવન્સ તરીકે ચુકવવામાં આવશે. આ રીલે એલાવન્સ ઉપર મોંઘવારી

INDEX

ભથ્થા, પ્રો. ફંડ કે આઠ ટકા પગાર વધારા કે અન્ય લાભો માટે ગણત્રીમાં લેવામાં આવશે નહીં. ભવિષ્યમાં જો કામદારો શીલે રીસેસ ચલાવવાનું કોઈપણ કારણસર બંધ કરશે તો આ એલાવન્સ આપોઆપ બંધ કરવામાં આવશે.

(૩) મીલ કંપનીના સ્પીનીંગ યુનીટ નં. ૧ ના કાર્ડ ખાતાના કારીગરો હાલમાં જે પ્રથા મુજબ કામગીરી બજાવે છે તે મુજબ ચાલુ રાખશે તે સાથે યુનીયન સમંત છે.

(૪) વધુમાં મીલ કંપનીના કાર્ડ ખાતામાં કામ કરતા કામદારોને પાછલા તફાવત અંગે યુનીયને જે માંગણી કરેલ છે તે જતી કરે છે.

ઉપરોક્ત સમાધાનની શરતો મુજબ આ રેફરન્સમાં એવોર્ડ આપવા અમો પક્ષકારોની નામદાર અદાલતને નમ્રતાપૂર્વક અરજ છે.

જેઠાભાઈ. સી. પરમાર
મંત્રી
મજુર મહાજન સંઘ,
કલોલ (ઉ. ગુ.)

અમદાવાદ. તા. ૨-૫-૬૧

બી. એમ. ભટ્ટ
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ, તા. ૩૧-૮-૬૧

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિંબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૬-૯ ૬૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમ અન્વયેના

અધીસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખ: શ્રમક-૨૮૨૧૩ આર. યુ. સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. અમદાવાદ અને મીલ મજદુર સભા, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતિ અવનીબેન શાહ ની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૧ના ડીસેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરૂ છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬

સમાધાનકાર શ્રીમતી અવનીબેન એસ. શાહ સમક્ષ

સમાધાન નું ખતપત્ર

કેસ નંબર -ઓ. આર. સી. ૩૧૭/૯૧

--: પક્ષકારોનાં નામ :--

ફેક્ટરી મેનેજર રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ (૧) માલિકનાં પ્રતિનિધિ
નરોડા, અમદાવાદ,

સેક્રેટરી શ્રી, (૨) કામદારોનાં પ્રતિનિધિ
મીલ મઝદુર સભા,
નટવરલાલ વકીલની ચાલ,
રાજપુર ટોલનાકા, અમદાવાદ.

- કેસ ની ટૂંકી વિગત -

તા. ૧/૧૦/૯૧નાં રોજ રેશમ કાપડ ઉદ્યોગમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારા ૧૯૪૬ અન્વયે પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળ (જેને હવે પછી આ સમાધાનમાં 'યુનિયન' તરીકે ઓળખવામાં આવશે.) નમૂના 'એલ'માં ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોને (જેને હવે પછી આ સમાધાનમાં 'કંપની' તરીકે ઓળખવામાં આવશે.) સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને ૧લી એપ્રીલ ૧૯૯૦ થી ૩૧ મી માર્ચ ૧૯૯૧નાં રોજ પુરા થતાં નાણાંકીય વર્ષ

INDEX

માટે ૨૦% લેખે બોનસ ચુકવી આપવા અંગેની માંગણી રજૂ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી સદરહુ મંડળે તા. ૧૧/૧૦/૯૧નાં રોજ સમાધાનકારને નમૂના 'એન'માં અહેવાલ મોકલી આપ્યો હતો જે તા. ૧૫/૧૦/૯૧ના રોજ સમાધાનકારને મળ્યો હતો. અને તા. ૧૫/૧૦/૯૧ના રોજ સમાધાનકારનાં પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહું બાબતમાં સમાધાનની કાર્યવાહી તા. ૧૯-૧૦-૯૧નાં રોજ સમાધાનકાર સમક્ષ રાખવામાં આવી હતી. સદર તારીખે બંને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

– સમાધાનની શરતો –

આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ.

– પ રિ શિ ષ્ટ –

બી. આર. સી. કેસ નં. ૩૧૭/૯૧

(૧) મિલ્સ કંપનીનું હિસાબી વર્ષ ૧ લી એપ્રીલ ૧૯૯૦ થી ૩૧મી માર્ચ ૧૯૯૧નાં રોજ સુધીનું હતું જે તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૧નાં રોજ પુરું થયેલ છે.

(૨) ઉપર કલમ ૧ માં દર્શાવ્યા મુજબ તા. ૧ લી એપ્રીલ, ૧૯૯૦ થી તા. ૩૧ મી માર્ચ ૧૯૯૧ સુધીના ૧૨ માસ માસ માટેના હિસાબી વર્ષ માટેનું બોનસ ચુકવણી ધારાની જોગવાઈઓ મુજબ ઉપરોક્ત સમય દરમ્યાન મિલ્સ કંપનીનાં રેશમ કાપડ ઉદ્યોગ વિભાગમાં કામ કરતા કામદારોએ કરેલ કમાણી ઉપર ૮.૩૩% લેખે ગણતરી કરી કાયદેસર ચુકવવાનું થતું બોનસ, દિવાળીના તહેવારોને લક્ષમાં લઈ કામદારોને ચુકવી આપવાનું નક્કી કરવામાં આવે છે. જે સાથે યુનિયન સંમત છે. સદર બોનસની ગણતરી મુજબ ચુકવવાનું થતું બોનસ કામદારોને ઓકટોબર ૧૯૯૧નાં માસનાં અંત પહેલાં તારીખો નક્કી કરી ચુકવી આપવા મિલ્સ કંપની સંમત થાય છે.

(૩) જે કામદારો મિલ્સ કંપનીની નોકરી છોડી ગયા હશે અગર કોઈ કારણસર છુટા કરવામાં આવ્યા હશે તેઓને કલમ ૨ માં દર્શાવ્યા મુજબ જો તેઓ સદર સમયગાળા માટે બોનસ મેળવવા હકકદાર થતા હશે તો તેઓને પણ મિલ્સ કંપની જે તારીખ અને સમય નકકી કરે તે પ્રમાણે જે તે કામદારની લેખીતમાં અરજી આવેથી ચુકવી આપશે.

(૪) બોનસ ચુકવણી ધારાની રૂએ રૂા. ૨,૫૦૦/-સુધીનો માસિક પગાર મેળવતા કર્મચારીઓ જ :બોનસ માટે હક્કદાર બને છે. પરંતુ રિલાયન્સ કંપની શુભઆશયથી પ્રેરાઈને અને યુનિયન તથા કર્મચારીઓની લાગણીને માન આપીને માસિક રૂા. ૨,૫૦૦/-થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને પણ તેમની તા. ૧ લી એપ્રીલ ૧૯૯૦ થી તા. ૩૧ મી માર્ચ ૧૯૯૧ સુધીના સમય દરમ્યાનની તેમની કમાણીને ધ્યાનમાં લઈ તેના ઉપર ૮.૩૩% લેખે થતી બોનસની રકમ ચુકવી આપવા સંમત થાય છે.

(૫) આમ, આ સમાધાન દ્વારા હવે ૧ લી એપ્રીલ ૧૯૯૦ થી તા. ૩૧ મી માર્ચ ૧૯૯૧ દરમ્યાનના નાણાંકીય વર્ષ માટે ૮.૩૩% લેખે બોનસ ચુકવી આપવાનું નક્કી થતાં હવે ઉપરોક્ત સમય ગાળા માટેના નાણાંકીય વર્ષનાં બોનસ અંગે કોઈ તકરાર રહેતી નથી કે કોઈ માંગણી બાકી રહેતી નથી અને યુનિયને 'એલ' ફોર્મમા કરેલ માગણી પણ સંતોષાયેલી ગણાશે અને તે બાબતમાં કોઈ તકરાર રહેતી નથી તે સાથે યુનિયન સંમત છે.

સહી
ફેક્ટરી મેનેજર
રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી.
નરોડા,
અમદાવાદ

સ્થળ -અમદાવાદ.
તારીખ - ૧૯-૧૦-૯૧

સહી
(શ્રીમતી અવનીબેન શાહ)
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ.

સહી
સેક્રેટરી
મીલ મઝદુર સભા.
રાજપુર ટોલનાકા,
અમદાવાદ

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૨-૧૨-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ખ/શમક/૨૮૨૦૬ આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૫૮:૧: અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું ડાયમંડ ટેક્ષટાઈલ પ્રા. લી અમદાવાદ અને મીલ મજદુર સભા અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતિ અવનીબેન શાહની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન. ૧૯૯૧ના ડીસેમ્બર માસના ૧૨મા દિને આથી નોંધ કરૂ છું.

મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ ૧૯૪૬
સમાધાનકાર શ્રી સમક્ષ
સમાધાનનું ખત પત્ર

કેશ નંબર - બી. આર. સી. ૩૨૬/૯૧
- પક્ષકારોના નામ -

મેનેજર શ્રી મનુભાઈ એમ. પટેલ (૧) માલિકના પ્રતિનિધિ
ડાયમંડ ટેક્ષટાઇલ્સ મીલ્સ પ્રા. લી.
ઠક્કર બાપાનગર અમદાવાદ,

મંત્રી શ્રી શ્યામસુરાયજી (૨) કામદાર પ્રતિનિધિ
મીલ મઝદુર સભા
રાજપુર ટોલનાકા અમદાવાદ.

- કેસની ટુંકી વિગત -

તા. ૧-૧૦-૧૯૯૧ના રોજ રેશમ કાપડ ઉદ્યોગમાં મુંબઈ ઔદ્યોગીક સંબંધક ૧૯૪૬ અન્વયે પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળે તેને હવે પછી સમાધાનમાં 'યુનિયન' તરીકે ઓળખવામાં આવશે નમૂના "એલ" માં ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોને જેને હવે પછી આ સમાધાનમા કંપની તરીકે ઓળવામાં આવશે. સંસ્થામાં કામ કરતા તમામ કામદારને ૧ એપ્રિલ

INDEX

૧૯૯૦થી ૩૧મી માર્ચ ૧૯૯૧ના રોજ પુરા થતાં નાણાકીય વર્ષમાં ૨૦ ટકા લેખે બોનસ ચુકવા આપવા અંગેની માંગણી રજુ કરી સરકારની નોટીશ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહી થઇ શકવાથી સદરહુ અંકોડો તા. ૧૧-૧૦-૯૧ના રોજ સમાધાનકારને નમૂના 'એન' માં અહેવાલ મોકલી આપ્યો હતો જે તા. ૧૬-૧૦-૧૯૯૧ના રોજ સમાધાનકારને મળેલ હતો. અને તા. ૨૨-૧૦-૧૯૯૧ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી તા. ૨૪-૧૦-૧૯૯૧ના રોજ સમાધાનકાર સમક્ષ રાખવામાં આવી હતી. સદર તારીખે બન્ને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

આ સાથે પરિશિષ્ટ મુજબ

- પરિશિષ્ટ -

- સમાધાનની શરતો -

૧. મીલ્સ કંપનીનું હિસાબી વર્ષ ૧એપ્રિલ ૧૯૯૦ થી ૩૧ મી માર્ચ ૧૯૯૧ ના રોજ સુધીનું હતું જે તા. ૩૧મી માર્ચ ૧૯૯૧ના રોજ પુરૂ થયેલ છે.

૨. ઉપર કલમ ૧ માં દર્શાવ્યા મુજબ તા. ૧ લી એપ્રિલ, ૧૯૯૦થી તા. ૩૧મી માર્ચ ૧૯૯૧ સુધીના ૧૨ માસ માટેના હિસાબી વર્ષ માટેનું બોનસ ચુકવણી ધારાની જોગવાઈઓ મુજબ ઉપરોકત સમય દરમ્યાન મીલ્સ કંપનીના રેશમ કાપડ ઉદ્યોગ વિભાગમા કામ કરતા કામદારોએ કરેલ કમાણી ઉપર ૮.૩૩ ટકા લેખે ગણતરી કરી કાયદેસર ચુકવવાનું થતું બોનસ, દિવાળીના તહેવારોને લક્ષમાં લઈ કામદારોને ચુકવી આપવાનું નક્કી કરવામાં આવે છે. જે સાથે યુનિયન સંમત છે. સદર બોનસની ગણતરી મુજબ ચુકવવાનું થતુ બોનસ કામદારોને ઓકટોબર ૧૯૯૧ના માસના અંત પહેલા તારીખો નક્કી કરી ચુકવી આપવા મિલ્સ કંપની સંમત થાય છે.

૩. જે કામદારો મીલ્સ કંપનીની નોકરી છોડી ગયા હશે અગર કોઈ કારણસર છુટા કરવામાં આવ્યા હશે તેઓએ ઉપર કલમ ૨ માં દર્શાવ્યા મુજબ તે તેઓ સદર સમયગાળા માટે બોનસ મેળવવા હકકદાર થતા હશે તો તે

INDEX

પણ મીલકંપની જે તારીખો અને સમય નક્કી કરે તે પ્રમાણે જે તે કામદારની લેખીતમાં અરજીમાં આવેથી ચુકવી અપાશે.

૪. બોનસ ચુકવણી ધારાની રૂએ રૂા. ૨૫૦૦-૦૦ સુધીનો માસિક પગાર મેળવતા કર્મચારીઓ જ બોનસ માટે હકકદાર બને છે, પરંતુ મીલ્સ કંપની શુભઆશયથી પ્રેરાઈને અને યુનિયન તથા કર્મચારીઓની લાગણીને માનઆપીને માસિક રૂા. ૨,૫૦૦થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને પણ તેમની તા. ૧લી એપ્રીલ ૧૯૯૦થી તા. ૩૧મો માર્ચ ૧૯૯૧ સુધીના સમય દરમ્યાન તેમની કમાણી ને ધ્યાનમા લઈને તેના ઉપર ૮.૩૩ ટકા લેખે થતી બોનસની રકમ ચુકવી આપવા સંમંત થાય છે.

૫. આમ આ સમાધાન દ્વારા હવે ૧લી એપ્રિલ ૧૯૯૦થી તા. ૩૦મી માર્ચ ૧૯૯૧ દરમ્યાન નાણાકીય વર્ષ માટે ૮.૩૩ ટકા લેખે બોનસ ચુકવી આપવાનું નકકી થતા હવે ઉપરોકત સમય ગાળા માટેના નાણાકીય વર્ષના બોનસ અંગે કોઈ તકરાર રહેતી નથી કે કાંઈ માંગણી બાકી રહેતી નથી અને યુનિયનને 'એલ' ફોમમાં કરેલી માંગણી પણ સંતોષાયેલી ગણાશે અને તે બાબતમાં કાંઈ તકરાર રહેતી નથી તે સાથે યુનિયન સંમંત છે.

મેનેજરશ્રી
ડાયમંડ મીલ્સ પ્રા. લી.
ઠક્કરબાપાનગર અમદાવાદ.

અમદાવાદ
તા. ૨૪-૧૦-૧૯૯૧

(શ્રીમતિ અવનીબેન શાહ)
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ-૧૯૪૬
અમદાવાદ.

મંત્રી શ્રી
મીલ મજદુર સભા
રાજપુર ટોલ નાકા ગોમતીપુર
અમદાવાદ

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૨-૧૨-૯૧

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક મ/સમક/૨૮૨૧૦ આર. યુ સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮/૧ અને સન ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને સોંપવામાં આવેલી સત્તાની રૂએ હું અસારવા મીલ્સ લી, અમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતિ અવનીબેન શાહની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ ના ડીસેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમ, સને ૧૯૪૬ની કલમ ૫૮(૧)

મુજબ સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકાર શ્રીમતી અવનીબેન શાહ સમક્ષ

બી. આર. સી. કેસ નં. ૧૯૪/૧૯૯૧

પક્ષકારોનાં નામ

શ્રી સાગરમલ આર શર્મા (૧) માલીકોના પ્રતિનિધિ
સેક્રેટરી મેનેજર–અસારવા મીલ્સ
અમદાવાદ.

શ્રી પ્રમુખ (૨) કામદારોના પ્રતિનિધિ
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
ભદ્ર, અમદાવાદ.

વિવાદની ટુંકી વિગતો

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ કે જે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં આવેલ કાપડ સુતર ઉદ્યોગમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ અનુસાર પ્રતિનિધિત્વ ધરાવતા અને માન્ય યુનીયન તરીકે રજીસ્ટર્ડ થયેલ છે તેમણે સંસ્થાના સંચાલકોને તા. ૩૧-૮-૯૧ ના રોજ નમુના એલ માં નોટીસ ઓફ ચેન્જ આપી સંસ્થામાં કામ કરતા કામદારો કર્મચારીઓને સને ૧૯૯૦-૯૧ ના હિસાબી વર્ષની કમાણીના

INDEX

હિસાબે બોનસ ચુકવી આપવા માંગણી કરી હતી. આ અંગે પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનીયને તા. ૧૦-૯-૯૧ ના રોજ નમુના એનમાં અહેવાલ મોકલી આપેલો જે સમાધાનકારને તા ૧૬-૯-૯૧ ના રોજ મળેલ અને સમાધાનકાર શ્રી અમદાવાદના પત્રક માં તા. ૨૩-૯-૯૧ ના રોજ નોંધવામાં આવેલ ત્યારબાદ તા. ૩-૧૦-૯૧ થી તા. ૨૨-૧૦-૯૧ સુધી સમાધાનકારે સમાધાન માટે બોલાવેલ જે પૈકી છેલ્લી જણાવ્યા તા. ૨૨-૧૦-૯૧ ના રોજ પક્ષકારો વચ્ચે બી આઈ. આર. એકટ ૧૯૪૬ અનુસાર નીચે જણાવેલ શરતોએ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

૧. મીલ કંપનીનું હિસાબી વર્ષ ૧, એપ્રિલ ૩૧ માર્ચ સુધીનું છે. અને ૧૯-૯૦-૯૧ ના વર્ષનું બાર માસનું બોનસ દિવાળીના તહેવારો ઉપર કામદારોને આપવાનું છે. આ બોનસ પ્રથા મુજબ ૧, એપ્રિલથી ૩૧ માર્ચના હિસાબે મિલસ કંપની કામદારોને બોનસ-એકટ મુજબ ચુકવશે.

૨. મીલ કંપની સને ૧૯૯૦-૯૧ના વર્ષનું બોનસ, બોનસ કાયદાની જોગવાઈ અનુસાર ગણતરી કરતાં ૨૦% આવે છે. તે મુજબ કામદારો તેમજ સ્ટાફના સભ્યોને તેમને મેળવેલ વાર્ષિક પગાર ઉપર ૨૦%ના હિસાબે બોનસ દિવાળીના તહેવારો નિમિતે આપવા બંને પક્ષકારો સંમત થાય છે.

૩. જે કામદારોએ બાર માસના સમય દરમ્યાન બોનસ એકટ હેઠળ ઓછામાં ઓછા ૩૦ દિવસ કામ કર્યું હશે તેઓને બોનસ આપવામાં આવશે. જે બોનસ તા' ૨૨-૧૦-૯૧ ના રોજ ચુકવી આપશે.

૪. જે કામદારો નોકરીમાંથી છૂટા થઈ ગયાં છે અને ઉપરોકત હિસાબી વર્ષ દરમ્યાન તેમણે કામ કર્યું હશે તો તેમણે મીલમાં બોનસ લેવા માટે અરજી કરવાની રહેશે જેનો સમય દિન ૭ નો રહેશે. જેઓની અરજી આવેલ હશે તેઓને જે તારીખ નક્કી કરવામાં આવે તે તારીખે બોનસ ચુકવવામાં આવશે જે અરજી મળ્યાથી દશ દિવસની મુદતની અંદરની હશે.

૫. જે છૂટા થયેલ કામદારોએ ઉપર જણાવેલ સમય દરમ્યાન અરજી નહીં કરી હોય તેવા બાકીના કામદારોએ બાર માસમાં અરજી કરવાનો રહેશે અને તેમને જે તા. બતાવવામાં આવે તે તારીખે બોનસ ચુકવવામાં આવશે. ત્યારબાદ બોનસ ચુકવવામાં આવશે નહીં.

INDEX

અમદાવાદ.
તા. ૨૨-૧૦-૯૧

ફેક્ટરી મેનેજર
અસારવા મિલ
અમદાવાદ

સહી
શ્રીમતી અવનીબેન શાહ
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

પ્રમુખ
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

અમદાવાદ તા. ૧૨-૧૨-૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક-સંબંધ અધિનિયમ ૧૯૪૬.
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક /બ/શમક/૨૮૦૨૩/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન. અમદાવાદ અને રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના ઓક્ટોબર માસના ૧ લા દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

રેફરન્સ (આઈસી.) નં. ૮૨/૮૫

INDEX

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, પ્રથમ પક્ષકાર

ભદ્ર, અમદાવાદ.

અને

રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં, ૧ બીજા પક્ષકાર

યુનિયનની માંગણી મીલ નં. ૧ માં દર્શાવ્યા મુજબ હેડ જમાદાર પહેરાવાળા વિ. ની જગ્યાંઓ વધારવા બાબત.

– ઉદ્યોગ—કોટન ટેક્ષટાઈલ –

(૧) હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપની માં નં. ૧ માં નોટીસમાં દર્શાવ્યા મુજબ હેડ જમાદાર, પહેરાવાળા વિગેરે તેમજ પહેલી અને ત્રીજી પાળીમાં એક એક જમાદારની જગ્યા વધારવા અંગે બીજા પક્ષકારોને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

(૨) ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયને માંગણાનુ નિવેદન રજુ કર્યા બાદ તે વખતો વખત યુનિયનના પુરાવા ઉપર રાખવામાં આવેલ હતો. તેમ છતાં વખતો વખત હાજર રહેલા નથી કે પુરાવા રજૂ કરેલ નથી. આથી કામદારોને રેફરન્સની માંગણી બાબતમાં કોઈ રસ હોય તેમ જણાતુ નથી. આ સંજોગોમાં પુરાવાના અભાવે રેફરન્સ રદ કરવો જોઈએ. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

–હુકમ –

(૩) કામદારોને રેફરન્સના કામે કોઈ રસ ન હોવાથી પુરાવાના અભાવે રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ડી. એમ. ભટ્ટ

સભ્ય

ઔદ્યોગિક અદાલત અમદાવાદ

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર

તા. ૫-૯-૯૧

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ

અમદાવાદ

તા. ૧-૧૦-૯૧

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શમક/૨૮૦૨૭/આર. યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ (૨) અને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું મજૂર મહાજન સંઘ, સિદ્ધપુર, અને ભારત વિજય મીલ્સ, કલોલ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના ઓકટોબરે માસના ૧ લા દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

રેફરન્સ (આઈસી) નં. ૬૫/૯૧

મજૂર મહાજન સંઘ કલોલ — પ્રથમ પક્ષકાર

અને

ધી ભારત વિજય મીલ્સ લી. કલોલ. — બીજા પક્ષકાર

કામદારોને સને ૧૯૮૯-૯૦ ના વરસનું બોનસ ચુકવી આપવા બાબત.

– ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ

(૧) હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને હિસાબી વરસ સને-૧૯૮૯-૯૦ ના માટે વાર્ષિક કમાણી આધારીત યોગ્ય બોનસ, બોનસ ધારાની જોગવાઈ કરતા ઓછું ન હોય તેટલી રકમ ચુકવી આપવા બાબતે મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કામે સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે,

(૨) ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયન તરફે આંક ૭ નું પુરસીસ આપી જણાવેલ છે કે, સામાવાળા મીલ કંપનીએ દીવાળીના તહેવારો અગાઉ બોનસના કાયદા મુજબ કામદારોને બોનસ ચુકવી આપેલ હોય યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માગતા નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂં છું.

INDEX

- હુકમ -

(૩) યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૬-૯-૯૧

સહી
(બી. એમ. ભટ્ટ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત ગુજરાત,
અમદાવાદ.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧-૧૦-૯૧
અમદાવાદ

સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/શમક/૨૮૦૪૭ આર. યુ, સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનીયમની કલમ કલમ ૫૮ (૧) અને સન ૧૯૬૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું એમ્પી ટેક્ષટાઈલ આંતલીયા બીલીમોરા અને સીલ્ક મીલ વર્કર્સ યુનિયન, બીલીમોરા સમાધાન અધિકારી શ્રી ડી. કે. પટેલની દરમિયાનગીરીથી થયેલ નીચે મુજબ પતાવટનો સન ૧૯૯૧ના ઓકટોબર માસના ૧૪મા દિને આથી નોંધ કરું છું.

સમાધાન પત્ર

મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ અન્વયે
કેસ નં. (બી. આઈ. આર. સી) ૪૦/૧૯૯૧
પક્ષકારોના નામો

શ્રી જમોહન એમ. મહેતા — સંસ્થાના પ્રતિનીધી
પાર્ટનર એમ્પી ટેક્ષટાઇલ
મહેતા સિલ્ક મિલ્સ કમ્પાઉન્ડ,
બીલીમોરા

શ્રી ધનસુખલાલ એન. ઢીંમર, — યુનિયનના પ્રતીનીધી
જનરલ સેક્રેટરી,
સિલ્ક મીલ વર્કસ યુનિયન,
કેર/મજૂર મહાજન સંઘ
ફીડર રોડ, બીલીમોરા

કેસની ટુંકી વિગત

એમ્પી ટેક્ષટાઇલ, ચીખલી રોડ, બીલીમોરામાં કામ કરતા કારીગર વતી સિલ્ક મીલ વર્કસ યુનિયન, બીલીમોરા કે જે ગણદેવી તાલુકાના રેશમ કાપડ ઉદ્યોગના કારીગરોનું પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયને તા. ૧૨-૮-૯૧ના રોજ અને ૧૯૯૦-૯૧ના વર્ષનું બોનસ દિવાળી પહેલા આપવા નમૂના "એલ" મા નોટીસ ઓફ ચેઈન્જ આપી હતી. તે અંગે કોઈ સમાધાન ન થતાં યુનિયને તા. ૨૨-૮-૯૧ના રોજ સમાધાનકાર શ્રી વલસાડને ફોર્મ 'એન' માં નોટીસ આપેલ જેને તા.૩૧-૮-૯૧ના રોજ બી. આઇ. આર. એક્ટની કલમ '૫૫' હેઠળ પત્રકમાં નોંધવામાં આવેલ સમાધાન કાર્યવાહી માટે તા. ૨૫-૯-૯૧ના રોજ બંને પક્ષકારો વચ્ચે આજરોજ નીચે મુજબની શરતોએ સમાધાન થયું છે.

શરતો

૧. એમ્પી ટેક્ષટાઈલ ચીખલી રોડ બીલીમોરામાં કામ કરતા તમામ કારીગરો-કર્મચારીઓને ભારત સરકારના બોનસ અધીનિયમ ૧૯૬૫ (સુધારો ૧૯૮૦-૧૯૮૫) મુજબ અને ૧૯૯૦-૯૧ના હિસાબી વર્ષ મુજબ તેમની કુ

કમાણીના ૧૪% બોનસ તા. ૧૯-૧૦-૧૯૯૧ સુધીમાં ચુકવી આપશે.

૨. જે કારીગર કર્મચારીઓએ એરપી ટેક્ષટાઈલ ચીખલી રોડ, બીલીમોરામાં અને ૧૯૯૦-૯૧ના વર્ષ દરમિયાન કામ કર્યું હશે, પરંતુ હાલમાં નોકરી ઉપર ન હોય, તેવા કારીગર કર્મચારીઓએ મેનેજમેન્ટને સિલ્ક મિલ્સ વર્કર્સ યુનિયન, બીલીમોરા મારફતે અરજી કરેથી એક માસમાં બોનસની ચુકવણી કરવામાં આવશે, આવી અરજી કરવાનો સમય બોનસ ચુકવ્યાની તારીખ ૬ (છ) માસ સુધીનો રહેશે. ત્યાર બાદ આવેલ અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ.

૩. ઉપરોક્ત સમાધાન બોનસ ચુકવણી અધીનીયમ ૧૯૬૫ની જોગવાઈઓ અનુસાર તથા ભારત સરકારે પ્રગટ કરેલ બોનસ સુધારો ૧૯૮૦ તથા ૧૯૮૫ના આધારે કરવામાં આવેલ છે.

સહી
જગમોહન એમ. મહેતા
પાર્ટનર
એરપી ટેક્ષટાઈલ, મહેતા સિલ્ક મીલ્સ કમ્પાઉન્ડ
બીલીમોરા

તા. ૩૦-૯-૯૧
વલસાડ

સહી
મનસુખલાલ એન. દીંગર
જનરલ સેક્રેટરી,
સિલ્ક મીલ્સ વર્કર્સ યુનિયન,
બીલીમોરા

તા. ૩૦-૯-૯૧
વલસાડ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : /બ/શમક/૨૮૦૩૮ આરથી સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રુએ હું ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી અરવિંદ મીલ્સ લી. અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડાની સને ૧૯૯૧ના ઓકટોબર માસના ૧૪માં દીને આથી નોંધ કરુ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજ્ય અમદાવાદ.

શ્રી એ. બી. પટેલ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઇ સી) નં. ૯૮/૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ...પ્રથમ પક્ષકાર
ભદ્ર અમદાવાદ.

અને

ધી અરવીંદ મીલ્સ લી. અમદાવાદ. ...બીજા પક્ષકાર

ડેનીયમ મોલ્ડીંગ ખાતામાં કામ કરતાં કારીગરોની કામગીરી તેમજ પગાર ધોરણ નક્કી કરવા વિ. અંગે

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ્સ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં ડેનીયમ મોલ્ડીંગ ખાતામાં કામ કરતા કારીગરોની કામગીરી તેમજ પગાર ધોરણ નક્કી કરવા વિ. અંગે યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૬નું સમાધાન પુરસીસ રજુ કરેલ છે જેમાંની સમાધાનની શરતો જોતા તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

— હુકમ —

૩. પક્ષકારોએ આંક ૬ના સમાધાન પ્રુરસ્સની શરતો મુજબ વર્તવું. આંક ૬ના સમાધાનની એક નકલ આ ચુકાદા સાથે રાખવી. બીજું બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ઔદ્યોગિક અદાલત અમદાવાદ

રેફરન્સ નં. ૯૮/૯૦

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએસન,
અમદાવાદ

... પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી અરવિંદ મિલ્સ લિમિટેડ
અમદાવાદ

.. બીજા પક્ષકાર

પક્ષકારો વચ્ચે ઉપરોક્ત નંબરના રેફરન્સમાં સમાધાન થયેલ છે. સમાધાનની શરતો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧ પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર ધી અરવિંદ મિલ્સ લિમિટેડ વચ્ચે આજરોજ સમાધાન થયા પ્રમાણે ડેનીમ ફોલ્ડીંગ ખાતામાં કામ કરતા કારીગરોના હોદ્દા અને સ્ટ્રેન્થ નીચે જણાવ્યા પ્રમાણે નક્કી કરવામાં આવી છે.

ક્રમ	હોદ્દો	પાલી પ્રમાણે કારીગરોની સ્ટ્રેન્થ બી	ત્રી	કુલ સંખ્યા
૧.	ડેનીમ ફોલ્ડીંગ જોબર	૧	૧	૨
૨.	ડેનીમ રોલ મશીન ફોલ્ડર (૭ મશીન છે. દરેક મશીન ઉપર બે ફોલ્ડર કામ કરશે)	૧૪	૧૪	૨૮
૩.	ડેનીમ પ્લેટીંગ મશીનમેન (૧ મશીન છે. દરેક મશીન ઉપર ૩ મશીનમેન કામ કરશે)	૩	૩	૬

INDEX

૪. સ્લીપમેન	૧	૧	૨
૫. શોર્ટરમેન	૨	—	૨
૬. કટર	૮	-	૮
૭ ટેબલ સ્લીપ મેકર	૪	-	૪
કુલ	૩૩	૧૯	૫૨

૨. આ ફોલ્ડીંગ જોબર સિવાયના કુલ ૫૦ કારીગરોને સેમી કલાર્ક તરીકે ગણવામાં આવશે અને તેઓને સેમી. કલાર્કના એવોર્ડ પ્રમાણે પગાર આપવામાં આવશે અને અન્ય બીજા લાભો પણ આપવામાં આવશે. જે કારીગરોને શાળ ખાતામાંથી ટ્રાન્સફર કરવામાં આવ્યા હશે તેમનો બેઝીક પગાર સેમી કલાર્ક કરતા વધારે હશે તો તે તેમને પગાર આપવામાં આવશે, ફોલ્ડીંગ જોબરને એવોર્ડ મુજબ રૂા. ૩૧૦-૦૦ લેખે પગાર આપવામાં આવશે.

૩. કલમ નં. ૧માં જણાવેલ હોદ્દા નં. ૨ થી ૭ ના તમામ કામદારો સેમી કલાર્ક હોવાથી અને પગાર ધોરણ સમાન હોવાને કારણે તેઓએ ઉપરી અધિકારીની સુચના મુજબ ક્રમ નં. ૨થી ૭ ના હોદ્દાની ગમે તે કેટેગરીમાં કામ કરવાનું રહેશે. અને તે કેટેગરી પ્રમાણે ફરજો બજાવવાની રહેશે.

૪. આ સમાધાન પ્રમાણે ડેનીમ ફોલ્ડીંગ ખાતામાં નીચે જણાવેલ કેટેગરીના કારીગરોની સ્ટ્રેન્થ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવી છે, અને તેમની કેટેગરી કારીગર તરીકેની ગણવામા આવે છે અને તેમને કારીગરોના એવોર્ડ પ્રમાણે પગાર અને બીજા લાભો આપવામાં આવશે.

ક્રમ	હોદ્દો	પાળી પ્રમાણે કારીગરોની સ્ટ્રેન્થ		બેઝીક પગાર	કુલ સંખ્યા
		પહેલી	બીજી		
૧.	કલોથ કેરીયરમેન	૨	૨	૨૮૨-૮૮	૪
૨.	ઝાડુવાળા	૧	૧	૨૮૨-૮૮	૨
૩.	ચીંદડીમેન	૧	૧	૨૮૨-૮૮	૨
૪.	રોલ બેલ્સ માર્કર	૩	૧	૨૮૪-૭૦	૪
	કુલ	૭	૫		૧૨

૫. કલમ નં.૧માં જણાવેલ પ્લેટીંગ મશીનમેને મુકશાની કાપડમાં ૧ મીટર થી ૯ મીટરના ઝળંગ કકડા હોય તો પોતાની પાલી દરમ્યાન ઓછામાં ઓછું કુલ્લે ૧૨૦૦થી ૧૫૦૦ મીટર કાપડનું પ્લેટીંગ કામ કરશે જો કાપડના કકડા ૧૫થી ૨૦ મીટરના હશે તો ઓછામાં ઓછું ૧૫૦૦થી ૨૦૦૦ મીટર કાપડ પોતાની પાલી દરમ્યાન પ્લેટીંગ કરશે, તેમજ રોલ મશીન ફોલ્ડર મારા અને આખા કાપડમાં રોજનું ઓછામાં ઓછું ૩૦૦૦મીટર કાપડ ફોલ્ડ કરશે અને સેલ્સ ઓફીસની સુચના પ્રમાણે જરૂરી સિક્કા રોલ ઉપર મારશે.

૬. કલમ નં.૧ માં જણાવેલ કટર તરીકે કામ કરતા દરેક કારીગરો ઓછામાં ઓછું ૩૫૦ થી ૪૫૦ મીટર કાપડ કાપશે. તેમાં જો ચીંદડી રેગ્સ અને ફ્રેન્ટ સાથે સારો માલ હશે તો ઓછામાં ઓછું ૫૫૦થી ૬૦૦ મીટર કાપડ કાપશે.

૭. કલમ નં. ૧માં જણાવેલ દરેક શોર્ટ્સમેન જો માલ શોર્ટ વાઇઝ કરીને ગાંસડી બનાવવાની હોય તો ૧થી ૯ મીટર કાપડની ઓછામાં ઓછી ૧૯થી ૨૦ ગાંસડી તૈયાર કરશે અને સેલ્સ ઓફીસની જરૂરીયાત પ્રમાણે સેમ્પલ કાપીને તૈયાર કરીને આપશે.

૮. કલમ નં. ૧ માં જણાવેલ ટેબલ ઉપર બેસીને સ્લીપો તૈયાર કરનાર કારીગરો રોજની ઓછામાં ઓછી ૧૨૦થી ૧૩૦ ગાંસડીઓની સ્લીપો બનાવશે.

૯. કલમ નં. ૨ માં જણાવેલ દરેક બેલ્સ માર્કર તેમની પાલી દરમ્યાન લોકલની જાતની હશે તો ઓછામાં ઓછી ૧૨૫ રોલ બેલ્સ જરૂરી માર્કીંગ કરશે અને એક્ષપોર્ટ ગાંસડી હોય તો ઓછામાં ઓછી ૮૦ રોલ્સ ઉપર સ્ટેન્સીલ અને કીત્તાથી માર્કીંગ કરશે.

૧૦. કલમ નં. ૨ માં જણાવેલ દરેક કલોથ કેરીયરમેને ડેનીમ પ્રોશેસીંગ ખાતામાંથી તૈયાર થયેલ કાપડ ફોલ્ડીંગ ખાતામાં લાવશે અને તૈયાર થયેલા કાપડના રોલ ડેનીમ પેકીંગ ખાતામાં લઈ જશે અને ઉપરી અધિકારીની સુચના પ્રમાણે અન્ય કામ કરશે.

૧૧. ઉપરોક્ત કલમ નં. ૧ અને ૨ માં દર્શાવેલ હોદ્દાના કારીગરો તેમની ચાલુ ફરજો ઉપરાંત કલમ નં. ૫ થી ૧૦ માં નક્કી કરવામાં આવેલ ફરજો બજાવશે અને તે કલમોમાં કામનું જે ધોરણ નક્કી કરવામાં આવેલ છે તે ધોરણ પ્રમાણે કામગીરી તા. ૧-૯-૧૯૯૧થી કરશે.

INDEX

૧૨ આ સમાધાન પ્રમાણે ડેનીમ ફોલ્ડીંગ ખાતુ પહેલી પાળી અને બીજી પાળીમાં ચલાવવામાં આવશે ને ત્રીજી પાળી ચલાવવાની જરૂર પડશે તો મજુર મહાજન સંઘને જાણ કરી ત્રીજી પાળી ચલાવશે.

૧૩. મીલ કંપની કલમ નં. ૧ અને ૪ માં જણાવેલ હોદ્દાઓના કારીગરોને તેમની સીનીયોરીટી તેમજ કેટેગરી સીનીયોરીટીને ધ્યાનમાં રાખીને કાયમી પાસ આપશે તેમજ જરૂર પ્રમાણે બદલી કારીગરો રાખશે.

૧૪. કલમ નં. ૧ માં જણાવેલ હોદ્દા ઉપર કામ કરતા કારીગરો જે તારીખથી જે હોદ્દા ઉપર કામ કરતા હશે તે તારીખથી તેમને સેમી કલાર્ક તરીકે ગણવામાં આવશે અને તેમને સેમી કલાર્કના એવોર્ડ પ્રમાણેના બધા લાભો તે તારીખથી આપવામાં આવશે. આ સેમી કલાર્કોને પાછળના વર્ષની હક રજા અને કેજ્યુઅલ રજા ભોગવવાની રહેશે નહીં. તે રજાઓનો પગાર તેઓને ચુકવી આપશે. આ ચૂકવવા પાત્ર થતી રકમ એવોર્ડ મળ્યા તારીખથી બે માસમાં ચુકવી આપશે.

૧૫. મીલના બીજા ખાતાઓમાંથી જે કારીગરોને ડેનીમ કાપડ ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હશે કે ભવિષ્યમાં ટ્રાન્સફર કરવામાં આવશે તો તેવા ટ્રાન્સફર કરેલા કારીગરોની ટ્રાન્સફર તારીખ સીનીયોરીટી માટે ધ્યાનમાં લેવામાં આવશે.

૧૬ ડેનીમ રોલ ફોલ્ડર, પ્લેટીંગ મશીનમેન અને કટરોની ફરજો આ સાથેના પરિશિષ્ટ 'અ' પ્રમાણે રહેશે.

૧૭. આ સમાધાનથી પ્રથમ પક્ષકાર યુનિયન ઉપરોક્ત રેફરન્સની તમામ દાદ જતી કરે છે.

૧૮. આ સમાધાનનો અમલ અદાલતનો એવોર્ડ મળ્યા બાદ બે માસમાં કરવામાં આવશે.

૧૯. ઉપરોક્ત સમાધાન મંજુર રાખી એવોર્ડ કરવા પક્ષકારોની નામદાર અદાલતને અરજ છે.

INDEX

ધી અરવિંદ મિલ્સ લિમિટેડ અમદાવાદ ૩૮૦૦૨૫

ડેનીમ રોલ ફોલ્ડરની ફરજો –

૧. મશીનમાં ઓઈલ પુરી મશીનની સફાઈ કરવાની રહેશે.

૨. ભરેલી લારી લીફ્ટ પાસેથી લાવી મશીન ઉપર મૂકી છેડા આગળ લાવી, પેપર ટયુબ લગાવી રોલ ચાલુ કરવાનો રહેશે.

૩. કાપડનું નૂકશાન ચેક કરી સેલ્સ ઓફીસની સૂચના પ્રમાણે ફ્લેગ લગાવી કવોલીટી મુજબ રોલ બનાવવાના રહેશે તેમજ સેલ્સ ઓફીસની સૂચના પ્રમાણે જરૂરી સિક્કા મારવાના રહેશે.

૪. રોલની ગુંદરની પટ્ટી ઉપર જરૂરી બધી જ માહિતી લખવાની રહેશે.

૫. કામની જરૂરિયાત પ્રમાણે દરેક રોલની નુકશાનીની નોંધ પ્રોડકશન ફોર્મમાં નોંધવાની રહેશે.

૬. કામની જરૂરિયાત પ્રમાણે જરૂર લાગે તે પ્રમાણે કાપડમાં આવતું નુકશાન કાપવાનું રહેશે.

૭. જરૂર જણાય ત્યારે ખાલી લારી ખાતામાંથી બહાર કાઢવાની રહેશે.

૮. મશીન રોલ ફોલ્ડીંગનું કામ ન હોય ત્યારે ઉપરી અધિકારીની સુચના પ્રમાણે બીજા કામ કરવાના રહેશે.

પ્લેટીંગ મશીનમેનની ફરજો :–

૧. આ મશીન ઉપર ત્રણ માણસો કામ કરશે.

૨. કાપડના ટુકડા ભરેલી લારીઓ રોલ ફોલ્ડીંગ મશીન ઉપરથી લાવી પ્લેટીંગ કરવાનું રહેશે ૧ મીટરથી નાના ટુકડા વ્યવસ્થિત રીતે ગોઠવવાના રહેશે.

૩. પ્લેટીંગ થયેલ માલની થપ્પી ખાતાના સુપરવાઇઝરની સૂચના પ્રમાણે કરવાની રહેશે.

૪. મશીન સાફ કરી ઓઈલીંગ કરી તેમજ મશીનની ફ્લોર કરવાની રહેશે.

INDEX

૫. પ્લેટીંગનું કામ ન હોય ત્યારે રોલ ફોલ્ડરનું કામ તેમજ કટીંગનું કામ અને ખાતાનું કોઈપણ કામ ઉપરી અધિકારીની સૂચના પ્રમાણે કરવાનું રહેશે.

કટરની ફરજો :–

૧. પ્લેટીંગ થયેલા કાપડની થપ્પીઓમાંથી કાપડ પોતાની જાતે પોતાની ખાટ ઉપર લેવાનું રહેશે

૨. દરેકે દરેક જાતનું કટીંગ સેલ્સ ઓફીસમાંથી મળેલ કટની સૂચના પ્રમાણે કટીંગ કરવાનું રહેશે તેમજ દરેક પીસ ઉપર જરૂરી સીકકા મારવાના રહેશે.

૩. પોતાનું કામ પુરૂ થયેથી ફ્રેન્ટ રેગ્સ શોર્ટવાઈઝર બાંધવાનું રહેશે તેમજ પોતાના કામનું રોજેરોજનું પ્રોડકશન ફોર્મ ભરીને આપવાનું રહેશે.

૪. જરૂર જણાય ત્યારે સેલ્સ ઓફીસની સૂચના પ્રમાણે સેમ્પલ કટીંગ કરીનેઆ પવાના રહેશે.

૫. કાપડના દરેક ટુકડા ઉપર જાત તેમજ મીટર લખીને કાગળની ટીકડી મારવાની રહેશે.

૬. કટીંગનું કામ ન હોય ત્યારે ઉપરી અધિકારીની સુચના પ્રમાણે ડેનીમમાં સેમી કલાર્કનું કામ કરવાનું રહેશે.

સહી
પુરૂષોતમ પરમાર
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન વતી,
અમદાવાદ

ફેકટરી મેનેજર,
તા. ૯-૯-૯૧   ધી અરવિંદ મિલ્સ લિમિટેડ.

INDEX

સહી.
વી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૨૧-૯-૯૧

સહી
એ. બી. પટેલ
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૧૪-૧૦-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શ્રમક/૨૭૯૫૭ આર. યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને શ્રી અણુંદા મીલ્સ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૧૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત. ગુજરાત અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈ.સી.) નં. ૨૪૪/૮૩.

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

શ્રી અર્બુદા મીલ્સ લિ. અમદાવાદ. બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

મીલ વીવીંગ ખાતામાં ૩ બી સી વાઇન્ડીંગ મશીનો માટે પાળીવાર એક ટેલીંગમેનની જગ્યા પ્રમાણીત કરવા વગેરે અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ સંઘે દાખલ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંઘને મીલ કંપનીએ કલમ ૪૨(૧) મુજબની ફેરફારની સુચના તા. ૧૮-૨-૮૩ના રોજ આપેલ, જે અંગે સમાધાનકાર પક્ષકારો વચ્ચે સમાધાન ન કરાવી શકતાં તેઓની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે દાખલ કરેલ છે.

૨. આ રેફરન્સમાં ચાલુ કામે આંક-૨૬ની પુરસીસ આપી મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓએ આપેલ નોટીસ ઓફ ચેઈન્જ ભવિષ્યમાં જરૂર પડે નવેસરથી ફરીથી નવી નોટીસ આપવાનો હક્ક ઉભો રાખી નોટિસ ઓફ ચેન્જ પાછી ખેંચી લે છે, જેની નીચે સંઘે રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવા માટે વિનંતી કરી છે. સદરહું પુરસીસની વિગતે કંપનીએ નોટિસ ઓફ ચેઈન્જ પાછો ખેંચી લીધેલ હોઈ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં કોઈ હરકત જણાતી નથી, જેથી નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૩. કંપનીએ નોટિસ ઓફ ચેન્જ પાછી ખેંચી લીધેલ હોઈ, સંઘને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે રેફરન્સનો નિકાલ થયેલ ગણવાનો રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
એન. એ. ચૌહાણ
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી
વી. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા. ૧૪-૮-૧૯૯૧

INDEX

તા. ૧૬-૯-૯૧ આર. કે. પરમાર

અમદાવાદ સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમન અન્વયેના

અધિસુચનના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૭૯૪૧ આર.યુ સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂઈએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને શ્રી અંબિકા મીલ્સ લી. નં. ૧ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના ચુકાદાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૭મા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી બી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૬૧/૧૯૮૭.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ પ્રથમ પક્ષકાર

અને

શ્રી અંબીકા મીલ્સ લી. નં. ૧, અમદાવાદ. બીજા પક્ષકાર

મીલ કંપની સ્પીનીંગ ખાતામાં રીલીવરની પ્રથા બંધ કરી ૨૧ રીલીવરની જગ્યા કાયમી ધોરણે કમી કરવા માગે છે. તે અંગે.

INDEX

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ.

હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપની તેના સ્પીનીંગ ખાતામાં રીલીવરની પ્રથા બંધ કરી ૨૧ રીલીવરોની જગ્યા કાયમી ધોરણે કમી કરવા માગે છે અને કાયમી ધોરણે લાગતા વળગતા કારીગરોને કાયદેસરના હક્કો આપી કે અન્ય જગ્યાએ ટ્રાન્સફર કરવા માગે છે તે અંગે યુનિયનને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે મીલ કંપનીને આંક ૧૨નું પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ આ નોટીસ ઓફ ચેન્જ ભવિષ્યમાં ઉપસ્થિત થયે ફરી આપી શકશે તેવા તેના હક્ક સાથે પાછી ખેંચી લે છે. આ જ પુરસીસ ઉપર યુનીયને જણાવેલ છે કે મીલ કંપની નોટીસ ઓફ ચેન્જ પાછા ખેંચી લેતી હોવાથી રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે અને તે મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે. આથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
બી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ. તા. ૩૧-૭-૯૧

સહી
વી. એચ. ઠાકોર
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

તા. ૭-૯-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/અમક/૨૭૭૬૨ (આર.યુ -સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું જનરલ વર્કસ યુનિયન અમદાવાદ અને મેઘદુત. સીલ્ક. મીલ્સ. પ્રા. લી. અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૬માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી એન. એ. ઠાકોર સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૨૬/૯૦

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

મેઘદુત સીલ્ક મીલ્સ પ્રા. લી. — બીજા પક્ષકાર

યુનિયનની માંગણી કામદારોને સને ૧૯૮૦, ૮૮-૮૯-ના વરસ માટેનું ૨૦ ટકા લેખે બોનસ આપવા અંગે.

ઉદ્યોગ :- સિલ્ક

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતા કામદારોને સને ૧૯૮૮, ૮૮-૮૯ ના વરસ માટે બોનસ આપવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઇ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયને ક્રમાંક ૬ નુ પુરસીસ આપી જણાવેલ છે કે, આ બાબતમાં પક્ષકારો વચ્ચે અંદરો અંદર સમાધાન થઈ જતાં યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતુ નથી તેથી તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે કે પરવાનગી આપવામાં કશું વાંધા જનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

– હુકમ –

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
બી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૨૩–૮–૯૧

સહી
વિ. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,
અમદાવાદ

તા. ૧૬–૯–૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમ અન્વયેના

અધીસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : બ: શ્રમક–૨૮૨૦૭ આર. યુ. સને–૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ–૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ–૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. નારૂલા ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ અમદાવાદ અને જનરલ વર્કસ યુનિયન અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતિ અવનીબેન શાહની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન–૧૯૯૧ના ડીસેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરૂં છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબના સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકાર શ્રીમતી અવનીબેન એસ. શાહ સમક્ષ

બી. આર. સી. કેસ નંબર ૨૮૫/૯૧

-: પક્ષકારોનાં નામ :-

શ્રી કુલદિપસિંહ આનંદસિંહ ખાલસા (૧) માલિકનાં પ્રતિનિધિ
નારૂલા ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ,
૧૮૫/એ જી આઈ. ડી. સી.
નરોડા, અમદાવાદ,

શ્રી, અમથાભાઈ જે. દેસાઈ, (૨) કામદારોનાં પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી, જનરલ વર્કસ યુનીયન,
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

વિવાદની ટુંકી વિગતો

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ કે જે અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલાં ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ, સને ૧૯૪૬ અનુસાર પ્રતિનિધીત્વ ધરાવતાં અને માન્ય યુનિયન તરીકે રજીસ્ટર્ડ થયેલ છે. તે યુનિયને તા. ૧-૯-૯૧ના રોજ નમુના એલમાં નોટીસ ઓફ ચેઈન્જ આપી, સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓને સને ૧૯૯૦-૯૧ના હિસાબી વરસની કમાણીનાં ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવાની માંગણી કરી હતી. આ અંગે પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયને તા.૧૦-૯-૯૧ના રોજ નમુના એનમાં સમાધાનકાર અમદાવાદને અહેવાલ મોકલી આપેલો. જે સમાધાનકાર અમદાવાદને તા. ૧૮-૯-૯૧ના રોજ મળેલ અને સમાધાનકારશ્રી અમદાવાદનાં પત્રકમાં તા. ૨૫-૯-૯૧ ના રોજ નોંધવામાં આવેલ. ત્યારબાદ સમાધાનકારશ્રીએ પક્ષકારોને સમાધાન માટે તા. ૫-૧૦-૯૧ના રોજ તથા તા. ૧૯-૧૦-૯૧ તથા તા. ૨૧-૧૧-૯૧ ના રોજ બોલાવેલાં. જે દરમ્યાન પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ અનુસાર નીચે જણાવેલી શરતોએ સમાધાન થવા પામેલ છે.

INDEX

સમાધાનની શરતો

૧. કંપનીમાં કામ કરતાં તમામ પ્રકારના કર્મચારીઓને તા. ૧-૪-૯૦થી તા. ૩૧-૩-૯૧ સુધીના હીસાબી વરસની કુલ કમાણીનાં ૮.૩૩ ટકા લેખે ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

૨. સદર બોનસ કામદારોને-કર્મચારીઓને તા. ૩૧-૧૦-૯૧ સુધીમાં ચુકવી દેવામાં આવશે.

૩. સદર હીસાબી વરસના બોનસને હક્કદાર થતાં કામદારો પૈકી જે કામદારો હાલનાં નોકરીનાં નહી હોય અગર નોકરી છોડીને ચાલ્યા ગયા હશે અગર નોકરીમાં હાલમાં નહી હોય તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં બોનસ ચુકવી દેવામાં આવશે.

૪. સદર બોનસ અંગેનો કોઈપણ જાતનો વિવાદ કે પ્રશ્ન ઉભો થશે તો તેનો ઉકેલ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી અમથાભાઈ દેસાઇ તથા કંપનીનાં શેઠ શ્રીની લવાદી દ્વારા ઉકેલ લાવવામાં આવશે અને કામદારોને યુનિયનને અને કંપનીને બંધનકર્તા રહેશે.

આ સમાધાનના પક્ષકારોએ સમજી વિચારીને કોઈપણ જાતનો દબાણ વગર કરેલ છે. અને તેનો ચુસ્તપણે અમલ કરવા સંમત થાય છે.

મેનેજરશ્રી,
નાઇલા ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ
૧૮૫/એ જી. આઈ. ડી. સી.
નરોડા, અમદાવાદ.

અમથાભાઈ જે. દેસાઇ
જનરલ સેક્રેટરી,
જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ.
ગાંધી મજુર સેવાલય, ભદ્ર,
અમદાવાદ.

સ્થળ - અમદાવાદ.
તારીખ - ૨૫-૧૦-૯૧

સહી
(શ્રીમતી અવનીબેન શાહ)
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

તા. ૧૨-૧૨-૯૧
અમદાવાદ

આર. કે પરમાર
સહાયક શ્રમ નિયામક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શ્રમક/૨૭૯૫૪ આર. યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું રીલીફ મર્કેન્ટાઈલ કો. ઓ. બેંક લી. અમદાવાદ અને ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૬મા દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી વિ. ટી. પરીખ સભ્ય રૂબરૂ

રીલીફ મર્કેન્ટાઈલ કો. ઓ. બેંક લી. અમદાવાદ ...વિવાદી

વિરૂદ્ધ

ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્ક સ્ટાફ યુનિયન
અમદાવાદ. ...પ્રતિ વિવાદી

મજુર કમિશ્નરશ્રી, અમદાવાદના તા. ૧૨-૧૦-૯૦ના હુકમ સામે અપીલ.

ચુકાદો

૧. વિવાદીએ આ વિવાદ અરજી બેન્કના ડ્રાફ્ટ વહીવટી હુકમ નં. ૪ (૨) (ડ), ૨૩(૧) તથા ૨૩(૫)માં પ્રતિવિવાદીએ આ અપીલ મેમોના પેરા-૩માં જણાવ્યા મુજબ જે ફેરફારો અથવા સુધારા કરેલ છે તે રદ કરી બેન્કના સદરહુ ડ્રાફ્ટ વહીવટી હુકમમાં મુળ જોગવાઈ કરેલી છે તે યથાવત રાખવા માટે કરેલી છે.

૨. બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૧૦ના સમાધાનથી શરતો રજુ કરેલ છે જે જોતા યોગ્ય અને વ્યાજબી જણાય છે. આથી હુ મારો છેવટનો હુકમ નીચે મુજબ કરૂં છું.

હુકમ

૩. બંને પક્ષકારોએ આ બાબતમાં આંક-૧૦ના સમાધાનની શરતો મુજબ વર્તવું. આંક-૧૦ના સમાધાનની નકલમા હુકમ સાથે રાખવી. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ગુજરાત રાજ્યની અમદાવાદ મધ્યેની ઔદ્યોગીક અદાલતમાં
અપીલ નં. ૭૭ સને ૧૯૯૦

એપેલેન્ટ :- ધી રીલીફ મર્કન્ટાઇલ કો. ઓ. બેન્ક લી.
પી. ધનજીભાઇ હાઉસની પાસે,
પ્રેમાભાઈ હોલની પાસે,
અમદાવાદ-૧.

વિરૂધ્ધ

રીસ્પોન્ડન્ટ : (૧) ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્ક સ્ટાફ યુનીયન
દીવેટીયા બ્લોક, રાયખડ, અમદાવાદ-૧
(૨) શ્રી એ. એફ. પટેલ
નાયબ મજુર કમીશ્નર,
મજુર કમીશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય,
શ્રમભુવન ગનહાઉસની બાજુમાં,
ખાનપુર, અમદાવાદ-૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમની કલમ-૩૬ અન્વયેની અપીલ

અમો એપેલેન્ટ અને રીસ્પોન્ડન્ટ વચ્ચે વારંવાર વાટાઘાટો થયેલી અને એપેલેન્ટે તેમના ડ્રાફ્ટ વહીવટી આદેશોમા વહીવટી આદેશ નં. ૪/૨/ડ અને વહીવટી આદેશ નં. ૨૩/૧ અને ૨૩/૫માં જે જોગવાઈઓ કરી છે તે કર્મચારીઓના હીતમાં છે. અને કાયદાની જોગવાઈને સુસંગત છે. તેથી પક્ષકારો નીચે મુજબ સમાધાન કરે છે,

(૧) એપેલેન્ટની અપીલ મંજુર કરવામાં આવે અને વહીવટી આદેશ નં. ૪/૨/ડ અને ૨૩/૧ અને ૨૩/૫ જે નાયબ મજૂર કમીશ્નરે મુકરર કરેલ છે તેને બદલે નીચે મુજબના વહીવટી આદેશો મુકરર કરવામાં આવે તેમાં પક્ષકારો સહમત છે.

INDEX

વહીવટી આદેશ નં. ૪/૨/૩

'શીખાઉ' એટલે જે કર્મચારીની શીખાઉ તરીકે નિમણુક કરી. હોય અને જેને તાલીમની મુદત દરમીયાન ભથ્થુ આપવામાં આવતુ હોય તેવા કર્મચારી પરંતુ જે કર્મચારીએ એક વરસની મુદત માટે તાલીમ લીધી હોય તો તેને શીખાઉ તરીકે વર્ગીકૃત કરવો નહી.

સને ૧૯૬૧ના એપ્રેન્ટીસીઝ એકટ અને તેના નિયમો હેઠળ જે વ્યક્તિની એપ્રેન્ટીસ તરીકે નિમણુંક કરવામાં આવી હોય તો સને ૧૯૬૧નાં એપ્રેન્ટેસીઝ એકટ અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ લાગુ પડશે. અને આ સ્થાઈ હુકમોની જોગવાઈ લાગુ પડશે નહી'

વહીવટી આદેશ નં. ૨૩/૧

(૧) ગેર વર્તણુક માટે દોષિત કર્મચારીને :-

(ક) ચેતવણી અથવા ઠપકો આપી શકાશે.

(ખ) દંડ કરી શકાશે.

(ગ) લેખીત હુકમથી વધુમાં વધુ ચાર દીવસ સુધી સસ્પેન્ડ કરી શકાશે.

(ઘ) પગાર વધારો કે બઢતી અટકાવી શકાશે.

(ચ) નીચેની પાયરી ઉપર મુકી શકાશે. અથવા પગારના ચાલુ દરમાં ઘટાડો કરી નીચેની સ્કેલ આપી શકાશે.

(છ) ડીસ્ચાર્જ કરી શકાશે.

(જ) નોટીસ આપ્યા વિના બરતરફ કરી શકાશે.

વહીવટી આદેશ નંબર ૨૩(૫)

(૫) આ સ્થાઈ હુકમની કલમ-૧ની પેટા કલમ (ગ) (૫) (ચ) (છ) કે જ મુજબ જે કર્મચારી સામે પગલા લેવા ધાર્યુ હોય તે કર્મચારીને તેની વિરૂદ્ધના તહોમતની તપાસ પુરી થાય ત્યાં સુધી કે તેને ખુલાસો આપવા તેને કોઈ મુદત આપી હોય ત્યાં સુધી કેસના સંજોગો પ્રમાણે વાજબી હોય તેટલી મુદત સુધી, સસ્પેન્ડ કરી શકાશે. સસ્પેન્ડના હુકમની કર્મચારીને જાણ કરવામાં આવે કે તુરતજ તેનો અમલ થયેલો ગણાશે સસ્પેન્શનના સમય દરમીયાન

INDEX

કર્મચારીને મળવા પાત્ર વેતન ભથ્થા સહીત ના ૫૦ ટકા જેટલી સબસ્ટીસન્સ એલાવન્સ તરીકે આપવામાં આવશે. આપેલા ખુલાસા અથવા કરેલી તપાસ ને પરીણામે કલમ-૧ મુજબ તેના સામે પગલા ન લેવાનો નિર્ણય કરવામાં આવે તો કર્મચારી ફરજ ઉપર હાજર રહેલો છે તેમજ ગણવામાં આવશે અને સસ્પેન્શનની પુરેપુરી મુદત માટે ભથ્થા સહીતનું પુરુ વેતન તેને આપવામાં આવેલ સબસ્ટીસન્સ એલાઉન્સની રકમ બાદ કરીને આપવામાં આવશે.

૨. અમો પક્ષકારોની નમ્ર વિનંતી છે કે :-

(૧) નાયબ મજુર કમીશનરે વહીવટી આદેશ ૪ (૨) (૩) ૨૩ (૧) અને ૨૩/૫ જે મુકરર કરેલ છે તેને બદલે ઉપર જણાવ્યા મુજબના વહીવટી આદેશો મુકરર કરવા હુકમ ફરમાવશો અને આ અપીલ મંજુર કરી તે મુજબ નીકાલ કરશોજી.

નામદાર અદાલતને બીજા યોગ્ય અને વાજબી લાગે તેવા હુકમ કરશોજી.

અમદાવાદ તા. ૯-૮-૧૯૯૧
રજી. તા. ૧૯-૮-૯૧
એપેલેન્ટના એડવોકેટ

એપેલેન્ટ બેન્કના મેનેજીંગ ડીરેક્ટર
રીસ્પોન્ડના પ્રતિનીધી

સહી
નો. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૦-૮-૯૧

સહી
વી. ટી. પરીખ
સભ્ય
ઔદ્યોગિક અદાલત ગુજરાત

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ

તા. ૧૬-૯-૯૧
અમદાવાદ

—

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/શમક/૨૭૯૪૬/આર ૫.–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં, ૨, અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૭માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી એન એ. ચૌહાણ, સભ્ય ક્રમાંક
રેફરન્સ (આઈસી) નં. ૪૭/૮૪

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, — પ્રથમ પક્ષકાર
અમદાવાદ

વિરૂદ્ધ

રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં. ૨ અમદાવાદ — બીજા પક્ષકાર

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ

વાઈન્ડીંગ ખાતામાં દીનકરરાવ મહાશંકરને તા. ૧-૧-૮૦ થી કલાર્કનું કામ કરતા હોઈ તે ગ્રેડમાં મુકવા વગેરે અંગે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી
બીજા પક્ષકાર તરફે વકીલ કુ. મીનાબેન શાહ

ચુ કા દો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ

ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમણે દાખલ કરેલો છે.

૨. કામની હકીકત એ મુજબની છે કે, તા. ૨૪-૯-૮૩ના રોજ પ્રથમ પક્ષકાર સંઘે ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨ (૨) મુજબની એક ફેરફારની સુચના આપીને જણાવેલ છે કે, મીલમાં વાઈન્ડીંગ ખાતામાં તા. ૧-૧-૮૦થી કામ કરતાં કલાર્ક શ્રી દીનકરરાય મહાશંકર ભટ્ટને ખોટી રીતે સેમી કલાર્કનો જે પગાર આપવામાં આવે છે વાસ્તવમાં તેઓએ કલાર્કે જે કામગીરી કરવાની છે તે જ કરે છે તેમ છતાં તેઓને સેમી કલાર્કના જ વેતન ધોરણ મુજબ વેતન આપવામાં આવે છે તે વાજબી નથી માટે સદરહુ કર્મચારીને તા. ૧-૧-૮૦ થી કલાર્કના પગાર ધોરણ મુજબ વેતન ચુકવી આપવું. આ માગણી બીજા પક્ષકાર મીલે ગ્રાહ્ય રાખેલ ન હતી અને ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાન કાર પણ પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી શકેલા ન હતા એટલે તેમણે સંઘને તા. ૨૧-૧-૮૪ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર મોકલી આપેલ હતું. જેથી પ્રથમ પક્ષકાર સંઘે સદરહુ માગણીનો ન્યાય નિર્ણય કરવા માટે હાલનો રેફરન્સ કરેલો છે.

૩. સંઘે આંક-૪ થી માગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, દીનકરરાય મહાશંકર ભટ્ટ તા ૧-૧-૮૦થી વાઈન્ડીંગ ખાતામાં કારકુનો જે ફરજો બજાવે છે તે પ્રમાણેની જ ફરજો બજાવે છે તેમ છતાં તેમને કારકુનની કક્ષાના વેતન ધોરણ મુજબ વેતન ચુકવવામાં આવતું નથી પરંતુ તેથી નીચલી પાયરીના સેમી કલાર્કના પગાર ધોરણ મુજબ પગાર ચુકવેલ છે જે ગેરવાજબી હોઈ તા. ૧-૧-૮૦ થી સદરહુ કર્મચારીને કારકુનના વેતન ધોરણ મુજબ વેતન ચુકવી આપવાનો મીલને આદેશ આપવો જરૂરી છે.

૪. બીજા પક્ષકાર મીલે આંક-૭ થી લેખીત જવાબ રજુ કરીને સદરહુ માગણીનો વિરોધ કરેલો છે. મીલની રજુઆત એવી છે કે, સંબંધીત કર્મચારી તા. ૧૩-૪-૭૯ના રોજ કલાર્ક તરીકે દાખલ થયેલા હતા અને તેમને ત્યાર બાદ તા ૧-૧-૮૦ થી સેમી કલાર્કનો ગ્રેડ આપવામાં આવે છે અને તે કૃત્ય વાજબી છે કારણ કે તા. ૧-૫-૮૨ ના રોજ સંઘ જોડે થયેલ સમાધાન મુજબ તેઓ સેમી કલાર્કનું વેતન ધોરણ જ મેળવવા માટે હક્કદાર છે કારણ કે તેઓ સ્નાતકની ઉપાધિ ધરાવતા નથી. સદરહુ સમાધાન મુજબ જેઓ સ્નાતક હોય તેઓ જ કારકુનનું વેતન ધોરણ મેળવવા માટે હક્કદાર બને છે અને સ્નાતકથી ઓછી લાયકાતવાળા સેમી કલાર્કનું વેતન ધોરણ મેળવવા માટે હક્કદાર છે.

INDEX

૫. સંઘે પોતાની રજુઆતના સમર્થનમાં દીનકરભાઈને આંક-૫ થી તપાસેલા છે અને મીલે ટાઈમકીપર શ્રી બીપીનભાઈને આંક-૧૭થી તપાસેલા છે. શ્રી જોશીની રજુઆત એવી છે કે, દીનકરભાઈ તા. ૧-૧-૮૦થી વાઈન્ડીંગ ખાતામાં જે વ્યક્તિઓનું કલાર્કનું વેતન ધોરણ ચુકવવામાં આવે છે તે વ્યક્તિઓ જે કામગીરી કરે છે તે જ કામગીરી દીનકરભાઈ પણ કરે છે તેમ છતાં તેમને કલાર્કનું વેતન ધોરણ ન ચુકવતાં મીલ તેમને સેમી કલાર્કનું વેતન ધોરણ ચુકવે છે અને તે પ્રમાણે અન્યાય કરેલ છે તે દુર થવો જોઈએ. આની વિરૂદ્ધમાં કુ. શાહની રજુઆત એવી છે કે, સંબંધીત કર્મચારી ભલે તા. ૧-૧-૮૦ થી વાઈન્ડીંગ ખાતામાં બીજા જે કારકુન કક્ષાના કર્મચારીઓ જે કામ કરતા હોય તે જ પ્રકારની કામગીરી કરતા હોય તો પણ તેઓ કારકુન કક્ષાનું વેતન ધોરણ મેળવવા માટે હક્કદાર નથી, કારણ કે તેઓ સ્નાતકની પદવી ધરાવતા નથી. પરિણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે કે, સંબંધીત કર્મચારી તા. ૧-૧-૮૦થી વાઈન્ડીંગ ખાતામાં ઈતર કારકુન કક્ષાના કર્મચારીઓ જે કામગીરી કરે છે તે કામકાજ કરતા હોવા છતાં તેઓ તે કક્ષાનું વેતન ધોરણ મેળવવા માટે હક્કદાર નથી એવી જે રજુઆત કરવામાં આવી છે તેમાં કોઈ તથ્ય છે કે કેમ ? પક્ષકારો તરફથી જે પુરાવો રજુ થયો છે તે લક્ષમાં લેતાં સંબંધીત કર્મચારીને મીલે હડહડતો અન્યાય કરેલ છે એમ નિર્ણય લેવાનો રહે છે. સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબનાં છે.

૬. પક્ષકારો વચ્ચે તકરાર નથી કે, સંબંધીત કર્મચારી ૧૯૭૯ની સાલમાં ટ્રેઈની કલાર્ક તરીકે નોકરીમાં લેવામાં આવેલા હતા અને તેમને તા. ૧-૧-૮૦થી કાયમી કર્મચારી તરીકે કારકુન કક્ષાના કર્મચારી કર્મચારી તરીકે લેવામાં આવેલ છે પરંતુ તેઓને કારકુન કક્ષાનું જે વેતન ધોરણ છે તે તેમને આપવામાં આવતુ નથી પરંતુ તેનાથી નીચલી કક્ષાનું એટલે કે સેમી કલાર્કનું વેતન ધોરણ તેમને લાગુ પાડવામાં આવેલ છે અને તે વેતન ધોરણ મુજબ તેમને વેતન ચુકવે છે પક્ષકારો વચ્ચે તકરાર નથી કે, કલાર્કનું પગાર ધોરણ સેમી કલાર્કના પગાર ધોરણ કરતાં ઉંચુ છે એટલે જો સંબંધીત કર્મચારીને કલાર્કના વેતન ધોરણ મુજબ વેતન ચુકવવાનુ હોય તો તે વેતન વિશેષ હોય. પક્ષકારો વચ્ચે તકરાર નથી કે, સંબંધીત કર્મચારી તે જ ખાતામાં જે કર્મચારીઓને કારકુન કક્ષાનું વેતન ધોરણ ચુકવવામાં આવે છે અને તેઓ જે કામગીરી કરે છે તે જ કામગીરી સંબંધીત કર્મચારી પાસેથી લેવામાં આવે છે અને તેઓ તે કરે પણ છે.

INDEX

પરંતુ મીલ કે જે નેશનલ ટેક્ષટાઈલ કોર્પોરેશનના હસ્તક છે તેના વ્યવસ્થાપક મંડળે સંબંધીત કર્મચારી સ્નાતક ન હોવાને કારણે તેઓ કલાર્કની કક્ષાનું વેતન ધોરણ મેળવવા માટે હકકદાર નથી એવો નિર્ણય લીધેલ છે. લેખીત જવાબમાં એવી રજુઆત કરેલી હતી કે, સંઘ અને મીલ કંપનીના વ્યવસ્થાપક મંડળ વચ્ચે તા. ૧-૫-૮૨ના રોજ સમાધાન થયેલ હતું અને તે સમાધાન અન્વયે એવો નિર્ણય લેવામાં આવેલ હતો કે જે કર્મચારીઓ સ્નાતક ન હોય તેવા કર્મચારીઓ સેમી કલાર્કનું જ વેતન ધોરણ મેળવવા માટે હક્કદાર બને છે. આવી રજુઆત કરવામાં આવેલ છે પરંતુ આવું કોઈ સમાધાન રજુ કરવામાં આવેલ નથી તે સંજોગોમા બીજા પક્ષકાર મીલે સંબંધીત કર્મચારી પાસેથી કારકુન કક્ષાનું કામ લેવામાં આવતું હોવા છતાં તેમને કારકુન કક્ષાના વેતન ધોરણ મુજબ વેતન ધોરણ ચુકવેલ નથી તે ગેરવાજબી કહેવાય. આપણી સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યા મુજબ, એક જ પ્રકારનું કામ કરતાં કર્મચારીઓના વેતન ધોરણમાં સામાન્ય સંજોગોમાં કોઈ ફરક હોઈ શકે નહી. અલબત્ત, વેતન ધોરણ નક્કી કરતી વખતે ઉંચી પદવી ધરાવનારને નિમણુક આપતી વખતે વધુ ઈજાફા જરૂર આપી શકાય. પરંતુ એક જ કક્ષાની કામગીરી કરતા કર્મચારીઓના વેતન ધોરણ અલગ અલગ હોઈ શકે નહી. મીલે સંબંધીત કર્મચારી સ્નાતક નથી માટે તેમને તા. ૧-૧-૮૦થી સેમી કલાર્કનું વેતન ધોરણ લાગુ પાડેલ છે તે કૃત્ય તદ્દન ગેરવાજબી છે. અગાઉ જણાવ્યા પ્રમાણે, સંબંધીત કર્મચારી પાસેથી કારકુન કક્ષાનું જ કામ લેવામાં આવે છે. ફક્ત વેતન તેમને કારકુન કક્ષાનું ચુકવવું ન પડે તે માટે તેઓ સ્નાતક નથી તેવું બહાનું કાઢવામાં આવેલ હોય તેમ લાગે છે. તા. ૧-૫-૮૨ના રોજના સમાધાની શરતો મુજબ આ નક્કી કરવામાં આવેલ છે એમ કહેલ છે પરંતુ આવું સમાધાન રજુ કરેલ નથી. આ સંજોગોમાં મીલે સંબંધીત કર્મચારીને તા. ૧-૧-૮૦થી સેમી કલાર્કનું વેતન ધોરણ લાગુ પાડેલ છે તે ગેરવાજબી છે. તેઓ તા. ૧-૧-૮૦થી કારકુન કક્ષાનું વેતન ધોરણ મેળવવા માટે હકકદાર છે, કારણ કે ત્યારથી તેમણે તે જ કક્ષાની કામગીરી બજાવેલી છે, પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૭. સંઘ તરફથી જે માંગણી કરવામાં આવેલ છે તે વાજબી છે, પરિણામે સંબંધીત કર્મચારી શ્રી દીનકરરાય મહાશંકર ભટ્ટ તા. ૧-૧-૮૦થી કારકુન

INDEX

કક્ષાનું વેતન ધોરણ મેળવવા માટે હક્કદાર છે તેમ ઠરાવવામાં આવેલ છે. અને બીજા પક્ષકાર મીલને આદેશ આપવામાં આવે છે કે તા. ૧-૧-૮૦થી સંબંધીત કર્મચારીને કારકુનન કક્ષાનું વેતન ધોરણ લાગુ પાડીને તેઓ વેતનનો જે તફાવત મેળવવા માટે હક્કદાર હોય તે તેમને ૭ માસમાં ચુકવી આપવો, અને ૩ માસમાં કારકુન કક્ષામાં તેમનું જે વેતન ધોરણ નકકી થાય તે મુજબ નીયમીત પગાર ચુકવવાનું શરુ કરવું. મીલે આ રેફરન્સના ખર્ચ પેટે સંઘને રૂા. ૨૫૦/- ચુકવી આપવા. જો આ રેફરન્સમાં ઠરાવેલી સમય મર્યાદામાં રકમ ચુકવવામાં મીલ કસુર કરે તો સંબંધીત કર્મચારી તે ૧૨ ટકાના વ્યાજ સાથે મેળવવા માટે હકકદાર રહેશે તેમ પણ ઠરાવવામાં આવે છે.

સહી

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર.

અમદાવાદ.

તા. ૯-૮-૧૯૯૧.

સહી

(એન. એ. ચૌહાણ)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત,

અમદાવાદ.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૭-૯-૧૯૯૧

અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શમક/૨૮૦૨૧/આર. યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી રાયપુર મેન્યુ. કાં. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે

INDEX

મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના ઓકટોબર માસના ૧લા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી. એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈ સી.) નં. ૭/૮૫

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. ..પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી રાયપુર મેન્યુ. કંપની લિ. અમદાવાદ ...બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

મીલના ડાઈંગ ખાતાના ત્રણે પાળીના તમામ કારીગરોને દુધ વિટામીનની ગોળીઓ અને ચામડાના બુટ આપવા અંગે.

પ્રથમ પક્ષકાર તરીકે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોષી

બીજા પક્ષકાર તરીકે વકીલ શ્રી રાવજીભાઈ પટેલ

ચુ કા દો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી દાખલ કરવામાં આવેલ છે.

૨. કામની હકીકત એ મુજબનો છે કે, પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર મીલને તા. ૧૮-૯-૮૪ના રોજ એક ફેરફારની સુચના ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબની આપીને માંગણી કરેલ હતી કે બીજા પક્ષકાર મીલના ડાઈંગ ખાતામાં ૩ પાળીમાં કામ કરતા તમામ કામદારોને આરોગ્યના રક્ષણ માટે દુધ વિટામીનની ગોળીઓ અને ચામડાના બુટ આપવા જોઈએ આ માગણી સાથે બીજા પક્ષકાર મીલ સંમત થયેલ ન હતી અને ૧૯૪૬ના અધિનિયમ

નીચે નીમવામાં આવેલા સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે સમજુતિ કરાવી શકેલા નહી માટે તેઓએ તા. ૨૦-૧૨-૮૪ના રોજનું નિષ્ફળતાનું પ્રમાણપત્ર પ્રથમ પક્ષકાર સંઘને મોકલી આપેલ. જેથી સદરહુ માગણીનો ન્યાય નિર્ણય કરવા માટે કાલનો રેફરન્સ કરવામાં આવેલ છે.

૩. પ્રથમ પક્ષકાર સંઘ આંક-૪થી માગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, બીજા પક્ષકાર મીલના ડાઈંગ ખાતામાં જીગર પેકીંગ બીમ ડાઈંગ અને ચીઝ ડાઈંગ મશીનો પરના કામદારોને એસીડથી કામ કરવાનું હોય છે. આથી કામદારોને ચામડીને નુકશાન થાય છે આથી તે મશીનો ઉપર કામ કરતા દરેક કામદારને ૫૦૦ મીલી લીટર દુધ વિટામીનની ગોળીઓ અને દર એક જોડી ચામડાના બુટ આપવા જોઇએ.

૪. બીજા પક્ષકાર મીલે આંક-૫નો લેખીત જવાબ રજુ કરી સદરહુ માગણીનો વિરોધ કરેલો છે. બીજા પક્ષકાર મીલનો રજુઆત એવી છે કે, ડાઈંગ ખાતામાં ઉપર જણાવેલા ત્રણ મશીનો સિવાય બીજા પણ ઘણા મશીનો છે અને ડાઈંગ ખાતામાં જુદાજુદા મશીનો ઉપર કામ કરતા જે કામદારોને એસીડ સાથે કામ કરવાનું હોય છે તે કામદારે દર વરસે રબરના બુટ આપવામાં આવે છે. સંબંધીત ૩ મશીનો ઉપર કામ કરતા કામદારોને એસી અને સંપર્કમાં આવવાનું નહી હોવાથી તેઓની માંગણી વાજબી નથી જે કામદારીના સ્વાસ્થ્ય માટે દુધ અને વિટામીનની જરૂર છે તેવા કામદારોને દુધ અને વિટામીનની ગોળીઓ પણ આપવામાં આવે છે માટે ડાઈંગ ખાતાના બધાજ કામદારોને તે સગવટતા પુરી પાડવાની જે માગણી કરવા આવેલી છે તે વાજબી નથી.

૫. પ્રથમ પક્ષકાર સંઘે પોતાની રજુઆત ના સમર્થનમાં રખપાલસીંગ સુખપાલસીંગને આંક-૧૩થી તપાસેલા છે. જ્યારે બીજા પક્ષકાર મીલે પ્રફુલચંદ્ર દવે ડાઈંગ ખાતાના સીનીયર આસીસ્ટન્ટને આંક-૨૬થી તપાસેલા છે તદઉપરાંત મીલે આંક-૧૮ની યાદી સાથે પ્રથમ પક્ષકાર સંઘ સાથે તા. ૫-૯-૮૫ના રોજ એક કરાર થયેલો છે તે કરાર રજુ કરવામાં આવેલ છે.

૬. પ્રફુલચંદ્ર આંક-૨૬ના જણાવ્યા મુજબ, મીલના ડાઈંગ ખાતામાં ૧. જેટ ડાઈંગ મશીન. ૨. બીમ ડાઈંગ મશીન, ૩. હોટ યુ મશીન, ૪. ફ્લો ડાયર મશીન, ૫. કોન ડ્રાઈંગ મશીન કે જેને બીમ ડાઈંગ મશીન તરીકે પણ ઓળખવામાં આવે છે અને જીગર મશીનો આવેલા છે. જેટ ડાઈંગ મશીન

INDEX

૧૯૮૫ના સમયમાં લાવવામાં આવ્યું અને તે પ્રથમ પક્ષકાર સંઘ સાથે આંક-૧૮ની યાદી સાથે રજુ કરવામાં આવેલ તા. ૫-૯-૮૫ના રોજનો કરાર થયેલો. જીગર મશીનો ૧૬ છે અને તે બે પાળીમાં ચલાવવામાં આવે છે, દરેક પાળીમાં એક મશીનમેન કામ કરે છે. બીમ ડાઈંગ મશીનો કુલ ૩ છે અને તે ૩ મશીનો ઉપર દરેક પાળીમાં એક મશીનમેન અને એક હેલ્પર કામ કરે છે. કોન ડાઈંગ મશીન કે જેને બીમ ડાઈંગ મશીન પણ કહેવામાં આવે છે તે કુલ ૩ છે અને તે બે પાળીમાં ચલાવવામાં આવે છે અને દરેક પાળીમાં એક મશીનમેન કામ કરે છે. આ ત્રણે મશીનો ઉપર કામ કરતાં કામદારોને બુટની સગવડતા આપવામાં આવતી નથી પરંતુ જ્યારે નેપ્થીલ ડાઇ અને હેલોજીન બન્યુ ચલાવવામાં આવે છે ત્યારે આ માત્ર મશીનો ઉપર કામ કરતાં દરેક કામદારને ૨૦૦ મીલીમીટર દુધ આપવામાં આવે છે તેમજ તેઓને માટે વિટામીનની ગોળીઓ ત્યાં ખાતામાં રાખવામાં આવે છે તેમાંથી તેઓ માંગણી કરે ત્યારે તેમને આપવામાં આવે છે. દવેના જણાવ્યા પ્રમાણે આ ત્રણે મશીનો ઉપર કામ કરતાં કામદારોને બુટની કોઈ સગવડ આપવામાં આવતી નથી કારણ કે તેની જરૂર નથી કારણ કે તેની જરૂર નથી. શ્રી જોશીની રજુઆત એવી છે કે, આ ૩ મશીનો ઉપર કામ કરતાં કામદારોને બુટની, દુધની અને વિટામીનની ગોળીઓની સગવડ આપવી જરૂરી છે. શ્રી રાવજીભાઈની રજુઆત એવી છે કે, આ મશીનો ઉપર કામ કરતાં કામદારોને બુટની સગવડની જરૂર નથી તેમજ દુધની અને વિટામીનોની ગોળીઓની કાયમને માટે જરૂર નથી. શ્રી જોષી સંમત થાય કે, વિટામીનની ગોળીઓ અને દુધની કાયમને માટે જરૂરત નથી પરંતુ હેલોજીન બન્યુ અને નેપ્થોલની ડાઇ આ મશીનો ઉપર જ્યારે શરૂ કરવામાં આવે ત્યારે જ દુધની અને વિટામીનોની ગોળીઓની જરૂર છે. પરિણામે આ રેફરન્સમાં મુખ્ય તકરાર હવે આ ૬ મશીનો ઉપર કામ કરતાં કામદારોને બુટ આપવાની જરૂર છે કે કેમ તે રહે છે. પક્ષકારો તરફથી જે પુરાવો રજુ થયો છે તે લક્ષમાં લેતાં આ અદાલત એવા નિર્ણય પર આવે છે કે, આ મશીનો ઉપર કામ કરતાં કામદારોને ત્રણ વરસે બે જોડી રબ્બરના બુટની સગવડ અપાવવાની જરૂર છે. સદરહુ નિર્ણય અંગેના કારણો સંક્ષિપ્તમાં નીચે મુજબના છે.

૭. શ્રી દવેના જણાવ્યા પ્રમાણે, જેટ ડાઇંગ મશીનના કામદારોને રબરના બુટ આપવામાં આવે છે કારણ કે તેમને એસીડ અને આલ્કલી વપરાતી હોય તેવી ડાઈઓ સાથે કામ કરવાનું છે. રબરના બુટ એટલા માટે આપવામાં આવે છે કારણ કે રબર નીન પોરસ (છિદ્ર વગરનું) છે અને ચામડાના બુટ પોરસ હોવાને

કારણે પુરતું રક્ષણ આપી શકતો નથી. શ્રી રાવજીભાઈની રજુઆત એવી છે કે, પ્રફુલ દવેના કથન પરથી આ ૩ મશીનો ઉપર કામ કરતાં કામદારોને બુટની સગવડની જરૂર નથી પરંતુ તે અત્રે નોંધ લેવાની જરૂર છે કે, સદરહું પ્રફુલચંદ્ર દવેની તેમની આંક-૨ની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે, આ ત્રણે મશીનો ઉપર જે કલર કેમીકલ્સ વપરાય છે તેમાં એસીડનું તેમજ આલ્કલીનું પ્રમાણ થોડું ઘણું હોય છે. શ્રી દવેની રજુઆત એવી છે કે, તેનું પ્રમાણ નહીંવત છે પરંતુ તેઓ કબુલ કરે છે કે આ ત્રણે મશીનો ઉપર કામ કરતાં કામદારોને આલ્કલીઝ સાથે સીધા સંપર્કમાં આવવું પડતું હોતું નથી પરંતુ કલર અને આલ્કલી સંયુક્ત પીળો અને ૧૦૦ ટકા ગરમ એસીડ વપરાય છે પરંતુ શ્રી દવેના જણાવ્યા પ્રમાણે, કામદારોએ આ એસીડને અડકવાનો હોતો નથી. શ્રી દવેની રજુઆત કે કામદારોએ આ મશીન ઉપર વપરાતી ડાઈ અને કલરને પોતાના અંગથી અડકવાનો હોતો નથી પણ તે ડાઈના જો છાંટા જો પગ ઉપર પડે તો બળતરા જરુર થાય. બીજા મશીનો ઉપર કામ કરતાં કામદારોને એસીડ સાથે કામ કરવાનું છે માટે તેમને રબરના બુટ આપવામાં આવે છે તે ધોરણે આ ૩ મશીનો ઉપર કામ કરતાં કામદારોને પણ બુટની સગવડ આપવી જરૂરી છે. કારણ કે ભલે તેમને કલરના સીધા સંપર્કમાં આવવાનું ન હોય તો પણ તેનાં છાંટા કોઈ બીજા કામદારની બેદરકારીને કારણે ઉડવાનો સંભવ છે અને તે તેથી ચામડીને રક્ષણ કરવું જરુરી છે. પરિણામે આ ૩ મશીનો ઉપર કામ કરતાં કામદારોને પણ બુટની સગવડ આપવી જરૂરી છે એવો નિર્ણય લેવાનો રહે છે શ્રી જોશીની રજુઆત એવી છે કે આ ત્રણે મશીનો ઉપર કામ કરતા કામદારોને ચામડાના બુટની સગવડ આપવી જોઈએ. પરંતુ આ રજુઆત સાથે સંમત થઈ શકાય તેમ નથી. કારણ કે મને ૧૯૮૫માં જ્યારે જે ડાઈઝ મશીન નવું ખાતામાં નાખવામાં આવ્યું ત્યારે પ્રથમ પક્ષકાર સંઘ સાથે કરાર કર્યો છે તે કરારમાં વરસે બે જોડી રબરના બુટ આપવા માટેનો કરાર કર્યો છે. તે ઉપરથી એમ ચોક્કસ કહી શકાય કે રબરના બુટ આપવાથી પુરતું રક્ષણ મળી શકે છે. અત્રે નોંધ લેવાની જરૂર છે કે આ ૩ મશીનોના કામદારોને જ્યારે ચામડા ના બુટ આપવાનો નિર્ણય લેવામાં આવે તો આ જ ખાતામાં ભેદભાવ કરવામાં આવે છે તેવું પણ સ્પષ્ટ દેખાય પરિણામે ચામડાના બુટની માગણી વાજબી જણાતી નથી.

૮. આ ૩ મશીનો ઉપર કામ કરતાં કામદારોને વીટામીનની ગોળીઓ અને ૫૦૦ મિલીલીટર દુધ આપવું જોઈએ તેવી માગણી કરેલ છે પરંતુ બીજા

પક્ષકાર મીલની રજૂઆત એવી છે કે જ્યારે હેલોજીન બ્લ્યુ અને નેપ્થોલની ડાઈનો આ મશીનો ઉપર ઉપયોગ કરવામાં આવે છે ત્યારે કામદારોને ૨૦૦ મીલીલીટર દુધ અને વિટામીનની ગોળીઓ આપવામાં આવે છે. આ અંગે શ્રી દવેની રજૂઆત એવી છે કે કામદારને ચીઠ્ઠી આપવામાં આવે છે જે ચીઠ્ઠી પરથી તેઓ કેન્ટીન-માંથી દુધ મેળવી લે છે અને વિટામીનની ગોળીઓ ખાતામાં જ રાખવામાં આવેલી છે કે, જેથી તેઓની જરૂરીયાત મુજબ લઈ લેવાની હોય છે. આ સગવડતા ગેરવાજબી છે એમ કહી શકાય તેમ નથી. કારખાનામાં કામ કરતાં કામદારોને માટે દુધ અને વિટામીનની ગોળીઓ આપવી જોઈએ માંગણી વાજબી જણાતી નથી. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૯. મીલના હાઉસિંગ ખાતામાં જીગર પેકીંગ, બીમ ડાઈંગ અને ચીઝ ડાઈંગ મશીન ઉપર કામ કરતાં કામદારોને વરસે બે જોડી રબરના બુટ આપવાનો બીજા પક્ષકાર મીલને આદેશ આપવામાં આવે છે. વિટામીનની ગોળીઓ અને ૨૦૦ મીલીલીટર દુધ આ મશીનો ઉપર જ્યારે નેપ્થોલ અને હેલોજીન બ્લ્યુની ડાઈઓનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે આપવા માટે મીલે જે વ્યવસ્થા રાખેલી છે તે ચાલુ રાખવી, પરંતુ આ પ્રમાણેની સગવડ આપવામાં આવે છે તે અંગે રેકર્ડ રાખવાની પ્રથા રાખવામાં આવેલ નથી તે અસંતોષ પેદા કરે તેમ છે માટે ક્યા દિવસે આ ડાઈઓનો ઉપયોગ કરેલો અને કેટલા કારીગરોને આ પ્રમાણે સગવડનો લાભ આપ્યો તે અંગેની નોંધ મીલે રાખવી તે હિતાવહ છે તેમ ઠરાવવામાં આવે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી

(એન. એ. ચૌહાણ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત

નો. ન. પટેલ
રજીસ્ટ્રાર,
અમદાવાદ
તા. ૫-૯-૧૯૯૧

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૧-૧૦-૯૧

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૮૨૧૪ આર થી સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮/૧ અને સન ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને સોંપવામાં આવેલી સત્તાની રુએ હું રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી, અમદાવાદ અને જનરલ વર્કસ યુનિયન અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતિ અવનીબેન શાહની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ ના ડીસેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમ, ૧૯૪૬
સમાધાનનું ખતપત્ર
સમાધાનકાર શ્રીમતી અવનીબેન શાહ સમક્ષ
કેસ નં. બી. આર. સી. ૭૨૪/૧૯૯૧
પક્ષકારોના નામ

ફેક્ટરી મેનેજર (૧) માલીકોના પ્રતિનિધિ
રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી.
નરોડા, અમદાવાદ.

જનરલ સેક્રેટરી, (૨) કામદારોના પ્રતિનિધિ
જનરલ વર્કસ યુનિયન,
"શીવા" ગાંધી મજુર સેવાલય,
ભદ્ર, અમદાવાદ.

– કેસ ની ટૂંકી વિગત –

તા. ૧/૧૦/૯૧ના રોજ રેશમ કાપડ ઉદ્યોગમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારા ૧૯૪૬ અન્વયે પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળે (જેને હવે પછી આ સમાધાનમાં 'યુનિયન' તરીકે ઓળખવામાં આવશે,) નમુના 'એલ'માં ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોને (જેને હવે પછી આ સમાધાનમાં 'કંપની' તરીકે ઓળખવામાં આવશે.) સંસ્થામાં પ્રોસેસીંગ વિભાગમાં કામ કરતા તમામ કામદારોને

INDEX

૧લી એપ્રીલ ૧૯૯૦થી ૩૧મી માર્ચ. ૧૯૯૧નાં રોજ પુરા થતાં નાણાંકીય વર્ષ માટે ૨૦% લેખે બોનસ ચુકવી આપવા અંગેની માગણી રજૂ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી સદરહુ મંડળે તા. ૧૪/૧૦/૯૧નાં રોજ સમાધાનકારને નમૂના 'એન'માં અહેવાલ મોકલી આપ્યો હતો જે તા. ૧૬/૧૦/૯૧ના રોજ સમાધાનકારને મળ્યો હતો. અને તા. ૧૬/૧૦/૯૧ના રોજ સમાધાનકારનાં પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી તા. ૧૯-૧૦-૯૧નાં રોજ સમાધાનકાર સમક્ષ રાખવામાં આવી હતી. સદર તારીખે બંને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

– સમાધાનની શરતો –

આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ.

– પ રિ શિ ષ્ટ –

બી. આર. સી. કેસ નં. ૩૨૪/૯૧

(૧) મિલ્સ કંપનીનું હિસાબી વર્ષ ૧ લી એપ્રીલ ૧૯૯૦ થી ૩૧મી માર્ચ ૧૯૯૧નાં રોજ સુધીનું હતું જે તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૧નાં રોજ પુરૂં થયેલ છે.

(૨) ઉપર કલમ ૧ માં દર્શાવ્યા મુજબ તા, ૧ લી એપ્રીલ, ૧૯૯૦ થી તા. ૩૧ મી માર્ચ ૧૯૯૧ સુધીના ૧૨ માસ માસ માટેના હિસાબી વર્ષ માટેનું બોનસ ચુકવણી ધારાની જોગવાઈઓ મુજબ ઉપરોક્ત સમય દરમ્યાન મિલ્સ કંપનીનાં રેશમ કાપડ ઉદ્યોગ વિભાગમાં કામ કરતા કામદારોએ કરેલ કમાણી ઉપર ૮.૩૩% લેખે ગણતરી કરી કાયદેસર ચુકવવાનું થતું બોનસ, દિવાળીના તહેવારોને લક્ષમાં લઈ કામદારોને ચુકવી આપવાનું નક્કી કરવામાં આવે છે. જે સાથે યુનિયન સંમત છે. સદર બોનસની ગણતરી મુજબ ચુકવવાનું થતું બોનસ કામદારોને ઓક્ટોબર ૧૯૯૧નાં માસનાં અંત પહેલાં તારીખો નક્કી કરી ચુકવી આપવા મિલ્સ કંપની સંમત થાય છે.

(૩) જે કામદારો મિલ્સ કંપનીની નોકરી છોડી ગયા હશે અગર કોઈ કારણસર છુટા કરવામાં આવ્યા હશે તેઓને કલમ ૨ માં દર્શાવ્યા મુજબ જો તેઓ સદર સમયગાળા માટે બોનસ મેળવવા હક્કદાર થતા હશે તો તેઓને પણ મિલ્સ કંપની જે તારીખ અને સમય નક્કી કરે તે પ્રમાણે જે તે કામદારની લેખીતમાં અરજી આવેથી ચુકવી આપશે.

INDEX

(૪) બોનસ ચુકવણી ધારાની રૂએ રૂા. ૨,૫૦૦/-સુધીનો માસિક પગાર મેળવતા કર્મચારીઓ જ બોનસ માટે હક્કદાર બને છે. પરંતુ મિલ્સ કંપની શુભઆશયથી પ્રેરાઈને અને યુનિયન તથા કર્મચારીઓની લાગણીને માન આપીને માસિક રૂા. ૨,૫૦૦/-થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને પણ તેમની તા. ૧ લી એપ્રીલ ૧૯૯૦ થી તા. ૩૧ મી માર્ચ ૧૯૯૧ સુધીના સમય દરમ્યાનની તેમની કમાણીને ધ્યાનમાં લઈ તેના ઉપર ૮.૩૩% લેખે થતી બોનસની રકમ ચુકવી આપવા સંમત થાય છે.

(૫) આમ, આ સમાધાન દ્વારા હવે ૧ લી એપ્રીલ ૧૯૯૦ થી તા. ૩૧ મી માર્ચ ૧૯૯૧ દરમ્યાનના નાણાંકીય વર્ષ માટે ૮.૩૩% લેખે બોનસ ચુકવી આપવાનું નકકી થતાં હવે ઉપરોક્ત સમય ગાળા માટેના નાણાંકીય વર્ષના બોનસ અંગે કોઈ તકરાર રહેતી નથી કે કોઈ માંગણી બાકી રહેતી નથી અને યુનિયને 'એલ' ફોર્મમાં કરેલ માંગણી પણ સંતોષાયેલી ગણાશે અને તે બાબતમાં કોઈ તકરાર રહેતી નથી તે સાથે યુનિયન સંમત છે

સહી
ફેક્ટરી મેનેજર
રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી.
નરોડા, અમદાવાદ.

અમદાવાદ
તા. ૧૯-૧૦-૯૧

સહી
શ્રીમતિ અરનીબેન શાહ
સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

જનરલ સેક્રેટરી,
જનરલ વર્કર્સ યુનિયન,
ભદ્ર, અમદાવાદ

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

તા. ૧૨-૧૨-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક અશમક ૨૭૯૭૨ આરયુ સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪/૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસો. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૯મા દિને આથી નોંધ કરૂ છું.

IN THE INDUSTRIAL COURT, GUJARAT.

(Before Shri H. D. Pandya, President)

Misc. Application (IC) No. 20 of 1991.

IN

Misc. Application (IC) No. 10 of 1991.

IN

Misc. Application (IC) No. 1 of 1988.

IN

Misc. Application (IC) No. 2 of 1987.

IN

Reference (IC) No. 103 of 1961, as amended from time to time

BETWEEN

The Textile Labour Association, Ahmedabad.

AND

The Ahmedabad Textile Mills Association, Ahmedabad ; and others (mentioned in the Annuxure) and Ahmedabad. C...

In the matter of modification of the Award dated 24th April, 1991 in Misc. Application (IC) No. 10 of 1991.
Industry : Cotton Textile.

SUPPLEMENTARY AWARD

This is joint application undor Section 116-A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the Award made in Referance (IC) No. 103 of 1961 as amended from time to time, requesting me to make an Award in terms of the settlement mutually arrived at between the parties as embodied in Annexure "A" The application has been signed by the competent persons and I find the terms of settlement to be fair and reasonable. I therefore, take the terms of settlement on record and make this supplementary award in terms of settlement Annexure "A" which is annexed hereto. No ordar as to coste,

In The Industrial, Court, Gujarat

(Before Shri H. D. Pandya, President)

Misc. Application (IC) No. 20 of 1991.

IN

Misc. Application (IC) No. 10 of 1991.

IN

Misc. Application (IC) No. 1 of 1988.

IN

Misc. Application (IC) No. 2 of 1987.

Reference (IC) No. 103 of 1961, as amended from time to time.

Between

The Textile Labour Association, Ahmedabad.

AND

The Ahmedabad Textile Mills, Association. Ahmedabad, and others (Mentained in the Annuxure) and Ahm

In the above matter, Textile Labour Association, Ahmedabad (hereinafter referred to as the 'Association') and the Ahmedabad Cotton Mills, (A Unit of G. S. T. C. Limited) (hereinafter referred to as the "Mills"), beg to submit as under.

The Textile Labour Association and Ahmedabad Cotton Mills (A Unit of G. S. T. C. Limited) agree to abide by the terms of settlement as are agreed by and between the Textile Labour Association, Ahmedabad and The Ahmedabad Textile Mills' Association, Ahmedabad, in Misc. Application (IC) No. 10 of 1991, submitted by then on 10th April, 1991. The parties therefore, request the Hon'ble Court to make an award in respect of the aforesaid mills as will be made in respect of the Association and the Ahmedabad Textile Mills Association.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત

મીસે. અરજી (આઈ. સી) નં.-૧૦/૯૧

વિષય :- મીસે. અરજી આઇ. સી. નં.-૧/૮૮માં મોડીફીકેશન અરજીમાં આપેલ ચુકાદામાં ફેરફાર માટે અરજી.

શ્રી એસ ડી પંડ્યા........પ્રમુખ.............. સમક્ષ

પુરક/એવોર્ડ

ક્રમાંક : ૨૦૭ સને-૧૯૯૧

સુતરાઉ કાપડ ઉદ્યોગ   પ્રથમ પક્ષકાર/અપીલ કરનાર/અરજદાર

ટી. એલ. એ. અમદાવાદ

વિરૂદ્ધ

અમદાવાદ ટેક્ષ. મીલ્સ એસોસી.   બીજો પક્ષકાર/સામાવાળા

અને બીજા, અમદાવાદ

આથી ઉપરોક્ત અદાલત સાથે જણાવ્યા પ્રમાણે એવોર્ડ કરે છે.

INDEX

સીલ

અદાલતનું સીલ કરી આપ્યું.
અને-૧૯ ના મહીનાની
તારીખ. ૩—૨-૧૯૯૧
(સહી. એચ. ડી. પંડયા...)

ખરી નકલ

૧. મંત્રી શ્રી,
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ.

૨. મેનેજર શ્રી,
અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન,
અને બીજા પક્ષકાર

૩. રજીસ્ટ્રારશ્રી,

૪. સરકારી મજુર અધિકારી શ્રી,
અમદાવાદ

In the Industrial, Court, Gujarat

Before Shri H. D. Pendye. President

Misc. Application (IC) No. 10 of 1991

In

Misc. Application (IC) No. 1 of 1988

In

Misc. Application (IC) No. 2 of 1987

IN

Ref. (IC): No. 103 of 1961 as amended from time to time.

Between

The Textile Labour Association, Ahmedabad.

And

Ahmedabad Textile Mills, Association, Ahmedabad, and others (Mentioned in the Annexure).

In the matter of modification of the awards dated 20th January, 1988 in Misc. Appln. (IC) No. 1 of 1988.

Industry : Cotton Textile

SUPPLEMENTARY AWARD

This is a joint application under Section 116A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the award made in Reference (IC) No. 103 of 1961, as amended from time to time, requesting me to make an award in terms of settlement mutually arrived at between the parties as embodied in Annexure "A" The application has been signed by the competans persons and I find the terms of settlement to be fair and reasonable. I, therefore, take the terms of settlement on record and make this Supplemantary award in terms of settlement Annexure 'A'. which is annexed hereto. No order as to costs.

IN THE INDUSTRIAL COURT AT AHMEDABAD

Misc. Application (IC) No. 2 of 1991.

IN

Misc. Application (IC) No. 1 of 1988.

IN

Misc. Application (IC) No. 2 of 1987.

IN

Ref. (IC) No. 103 of 1961, as amended from time to time

Between

The Textile Labour Association, Ahmedabad. First party

And

The Ahmedabad Textile Mills' Association, Ahmedabad, and others. (Mentioned in the Annexure) Second party

Application u/s 116-A of the B. I. R. Act, 1946.

Sub : In the matter of modification of the Award dated

May It Please The Hon'ble Court

The Textile Labour Association, Ahmedabad, is a Representative and approved union of all the employees employed in the Cotton Textile Industry, at Ahmedabad.

The Textile Labour Association, Ahmedabad and the Ahmedabad Textile Mills' Association, Ahmedabad, filed the settlement before the Hon'ble Court desiring modification of the Award in Ref. (IC) No. 103 of 1961 and Misc. Appln. (IC) No. 19 of 1972 and their subsequent modifications. The Hon'ble Court was pleased to make Award in terms of the said settlement on 5th-6th June, 1987 in Misc. Appln. (IC) No. 2 of 1987, However, the object of the said modification could not be fully achived in view of the desired modification being made in June 1987 and because some of the employees had enjoyed their privilege and-or casual leave at their credit before the award was made. Therefore, parties filed Misc. Application (IC) No. 1 of 1988 and the Hon'ble Court made an Award in terms of settlement dated 20-1-1988.

2. The Textile Labour Association (TLA) Ahmedabad has recently got cash benefit of Rs. 10- pm. as Annual Increment, Rs. 25- p.m. as conveyance allowance and leave travelling allowance with effect from 1-12-1990 by the award in misc. Appln. (IC) No. 2-86 and Reference (IC) No. 134, 157, 185 and 189 of 1990 dated 5th January, 1991.

3. The present application is, therefore, made with a view to enable the applicant union collect the necessary funds to enable it to continue on its social, cultural and welfare activities for the working class of the industry.

4. The Textile Labour Association, Ahmedabad, know as a Model labour Organisation of Labour not for its trade union activities only but is more know for its other social, cultural and welfare activities. The TLA, Ahmedabad, spends about Five

INDEX

from the Budget passed unanimously by the Representative Board for the calandar year 1991.

5. The TLA cannot meet with the responsibilities of carrying out the said activities from its existing income on account of closure of number of units. It is not advisable to reduce the expenditure and cannot be reduced by discontinuing these activities for want of adequate funds. The matter was, therefore, placed before the Executive Committee of the Union which recommended to sacrifleone day's paid leave to meet the deficit in the Budget so that the welfare and social activities can be continued. The copy of the said recommendation is enclosed herewith.

6. Thereafter the said recommendation was pleased before the meeting of the Joint Representative Board on 27-12-1990. The said meeting unanimously accepted the recommendation of Executive Committee to forego one day's privilege leave and/or casual leave to the credit of the employes concerned and to be enjoyed by him during the year.

7. The parties, therefore, request that the Award dated 20th January, 1988, in Misc. Appln. (IC) No. 1 of 1988 be modified as under :

(i) The mills shall reduce one day's P. L. or one day's C. L. out of the total at the credit of the emplopees on 1st January, 1991 to be enjoyed during the year or thereafter, to enable those employees of the mills whose contributions could be made in lieu of P. L. or C. L. remaining at their credit during two years from the aforesaid award was made.

This modification is desire to enable the concerned employees to contribute for various activities of the Representative Union as may be decided by the Executive Committee from time to time.

(ii) The Balance of the leave shall be enjoyed by the operatives as per the normal practice after reducing the

INDEX

(iii) The emplopees shall be entitled from 1st January, 1991 to the privilege leave and casual leave as per the directions in Award No. 103 of 1961 and Award in Misc. Appln. (IC) No. 19 of 1972 as modified thereafter from time to time.

(iv) That the mills shall send the amount equivalent to the amount payable for 1 day as earned leave (privilege leave or the casual leave) to the 1st party as the contribution of the employees to the general fund of the Union before 30th April, 1991.

(v) The mills shall send the list (In Triplicate) of the employees whose leave is reduced alongwith the amount of each of the employees covered by the Awarn so as to enable the 1st party to send receipts of such amount to the employees concerned.

The Award may be passed accordingly.

VERIFICATION

We, the undersigned do hereby solemnly affirm that what is stated above is true to the best of our knowledge, belief and information. This verification is signed at Ahmedabad on 10th day of April 1991.

ANNEXURE

1. Ahmedabad Jupiter Textile Mills, Ahmedabad.
2. Ahmedabad New Textile Mills, ,,
3. Jehangir Textile Mills, ,,
4. Himadri Textile Mills, ,,
5. New Manekchowk Textile Mills, ,,
6. Rajnagar Textile Mills No. 1, ,,
7. Rajnagar Textile Mills No. 2, ,,

INDEX

9. The New Swadeshi Mills, ,,
10. The Sarangpur Cotton No. 2 ,,
11. The Silver Cotton Mills, ,,
12. The Ahmedabad Cotton Mills, ,,
13. The Manjushree Textiles, ,,
14. The Sahyog Textile Mills, ,,
15. The Calico Mills Ltd. ,,
16. The Mathising Mfg. Co. Ltd., ,,

ઠરાવની નકલ :-

તા. ૨૭-૧૨-૯૦ ના રોજ મળેલ સંયુકત કાર્યવાહક મંડળની સભામાં એક દિવસની કેજ્યુઅલ રજા/પ્રીવીલેજ રજા લેવા અંગેનો ઠરાવ :-
ઠરાવ નં-૮ :-

"અમદાવાદની મિલના કામદારોને પગાર વધારા અંગે જે કરાર કરવામાં આવ્યો છે તે સંબંધે દરેકે કામદારો પાસેથી એક દિવસની કેજ્યુઅલ રજા અગર પ્રીવીલેજ રજાની રકમ મજૂર મહાજન સંઘમાં આપવા સર્વાનુમતે નકકી કરવામાં આવે છે અને તે અંગે જરૂરી કાયદેસર કાર્યવાહી કરવા મંત્રી મંડળને સત્તા આપવામાં આવે છે."

Ahmedabad
date : 26-8-1991.

General Manager,
Ahmedabad Cotton Mills
(A Unit of G. S. T. C. Ltd.,)

For, Textile Labour Association, Ahmedabad.

(Shantilal R. Shah)
General Secretary
Textile Labour Association, Ahmedabad.

INDEX

Sd./

(M. D. Rajpal)
Executive Director
Ahmedabad Textile Mills' Association
Ahmedabad.

Ahmedabad.
date : 10-4-1991

Sd/-
sd. N. N. Patel
Registarar

Sd/-
sd. H. D. Pandya
President

Ahmedabad, 31st August 91.

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક-સંબંધ અધિનિયમ ૧૯૪૬.
અમદાવાદ

અમદાવાદ તા. ૧૯-૯-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમન અન્વયેના
અધિસુચનના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શ્રમક/૨૭૯૪૩ આર.શુ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂઈએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને શ્રી અંબિકા મીલ્સ લી. નં. ૧ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના ચુકાદાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી બી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૫૨/૧૯૮૭.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ. — પ્રથમ પક્ષકાર

અને

શ્રી અંબીકા મીલ્સ લી. નં. ૧, અમદાવાદ. — બીજા પક્ષકાર

યુનિયનની માંગણી વીવીંગ ખાતામાં શ્રી એમ. આર સ્વામીનારાયણને પહેલી પાળીમાં ફરીથી વીવીંગ ક્લાર્ક તરીકે મુંકવા અંગે.

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં વીવીંગ ખાતામાં શ્રી એમ. આર. સ્વામીનારાયણને પહેલી પાળીમાં ફરીથી વીવીંગ કલાર્ક તરીકે મુકવા બાબતમાં યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે મીલ કંપની વતી શ્રી આર. પી. પટેલે આંક ૩૦નું પુરસીસ આપી જણાવેલ છે કે, મીલ કંપનીમાં શાળખાતુ ઘણા વખતથી બંધ થયેલ છે જેથી સંબંધિત કામદારને મુકવાની માંગણી ચાલી શકે તેમ નથી જેથી રેફરન્સ રદ કરવા વિનંતી કરેલ છે. આ જ પુરસીસ ઉપર યુનીય તરફે શેરો કરેલ છે. સદરહું રેફરન્સ ફરી ફાઈલ કરવાની શરતે આજરોજ પાછો ખેંચી લે છે. ઉપરોક્ત સંજોગોમાં હું નીચે મુજબ હુકમ કરુ છું.

— હુકમ —

૩. ભવિષ્યમાં જરૂર પડે યુનિયન રેફરન્સ ફરી કરી શકશે તેવા તેના હક્ક સાથે રેફરન્સ પાછો ખેંચી લેતા હોવાથી કેન્સલ થયેલ ગણવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

વી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૧૨-૮-૯૧

સહી

વિ. એચ. ઠાકોર
મુખ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનીયમ,
અમદાવાદ

તા. ૭-૯-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : અ/શમક/૨૮૦૫૮ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૨૩(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૨૬ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું "આમલેથા મીલ મઝદુર યુનિયન, રાજપીપળાને સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે નાંદોદ તાલુકાના સ્થાનિક વિસ્તારમાં માન્ય એપ્રુવ્ડ તરીકે આથી હું દાખલ કરું છું.

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

અમદાવાદ
તા. ૨૭-૧૧-૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ખશસક ૨૮૦૧૯ આરસુ સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪/૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસો. અને બીજા અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના ઓકટોબર માસના ૧૯મા દિને આથી નોંધ કરૂ છું.

IN THE INDUSTRIAL COURT, GUJARAT.

(Before Shri H. D. Pandya, President)

Misc. Application (IC) No. 21 of 1991.

IN

Misc. Application (IC) No. 10 of 1991.

IN

Misc. Application (IC) No. 1 of 1988.

IN

Misc. Application (IC) No. 2 of 1987.

IN

Reference (IC) No. 103 of 1961, as amended from time to time

BETWEEN

The Textile Labour Association, Ahmedabad.

AND

The Ahmedabad Textile Mills Association, Ahmedabad : and others (mentioned in Annuxure) and SAHAYOG Textiles (A unit of G. S. T. O. Ltd.)

INDEX

In the matter of modification of the Award dated 24th April, 1991 in Misc. Application (IC) No. 10 of 1991.
Industry : Cotton Textile.

SUPPLEMENTARY AWARD

This is joint application undor Section 116-A of the Bombay Industrial Relations Act. 1946, for modification of the Award made in Referance (IC) No. 103 of 1961 as amended from time to time, requesting me to make an Award in terms of the settlement mutually arrived at between the parties as embodied in Annexure "A" The application has been signed by the competent persons and I find the terms of settlement to be fair and reasonable. I therefore, take the terms of settlement on record and make this supplementary award in terms of settlement Annexure "A" which is annexed hereto. No ordar as to coste,

In The Industrial, Court, Gujarat

(Before Shri H. D. Pandya, President)

Misc. Application (IC) No. 21 of 1991.

IN

Misc. Application (IC) No. 10 of 1991.

IN

Misc. Application (IC) No. 1 of 1988.

IN

Misc. Application (IC) No. 2 of 1987.

Reference (IC) No. 103 of 1961, as amended from time to time.

Between

The Textile Labour Association, Ahmedabad.

AND

The Ahmedabad Textile Mills, Association. Ahmedabad, and others (Mentained in the Annuxure), and SAHAYOG Textiles (A Unit of G. S. T. C. Limited).

In the above matter, Textile Labour Association, Ahmedabad (hereinafter referred to as the 'Association') and the Ahmedabad Cotton Mills, (A Unit of G. S. T. C. Limited) (hereinafter referred to as the "Mills"), beg to submit as under.

The Textile Labour Association and SAHAYOG Textiles (A Unit of G. S. T. C. Limited) agree to abide by the terms of settlement as are agreed by and between the Textile Labour Association, Ahmedabad and The Ahmedabad Textile Mills' Association, Ahmedabad, in Misc. Application (IC) No. 10 of 1991, submitted by them on 10th April, 1991. The parties therefore, request the Hon'ble Court to make an award in respect of the aforesaid mills as.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત

મીસે. અરજી (આઈ. સી) નં.-૧૦/૯૧

વિષય :- મીસે. અરજી આઇ. સી. નં.-૧/૮૮માં મોડી ફીકેશન અરજીમાં આપેલ ચુકાદામાં ફેરફાર માટે અરજી.

શ્રી એચ. ડી. પંડ્યા...,...પ્રમુખ..............સમક્ષ

પુરક/એવોર્ડ

ક્રમાંક : ૨૦૭ સને-૧૯૯૧

મજુર મહાજન સંઘ સુતરાઉ કાપડ ઉદ્યોગ — પ્રથમ પક્ષકાર/અપીલ કરનાર/અરજદાર

ટી. એલ. એ. અમદાવાદ

વિરૂદ્ધ

અમદાવાદ ટેક્ષ. મીલ્સ એસોસી. અને બીજા, અમદાવાદ — બીજો પક્ષકાર/સામાવાળા

આથી ઉપરોક્ત અદાલત સાથે જણાવ્યા પ્રમાણે એવોર્ડ/પુરક કરે છે.

	૧. મંત્રી શ્રી,
સીલ	ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ,
અદાલતનું સીલ કરી આપ્યું.	૨. મેનેજર શ્રી,
સને-૧૯ ના મહીનાની	અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન,
તારીખ. ૩-૨-૧૯૯૧	અને બીજા અમદાવાદ
(સહી. એચ. ડી. પંડયા...)	૩, રજીસ્ટ્રારશ્રી,
ખરી નકલ	૪. સરકારી મજુર અધિકારી શ્રી,
	અમદાવાદ

In the Industrial, Court, Gujarat

Before Shri H. D. Pendye. President

Misc. Application (IC) No. 10 of 1991

In

Misc. Application (IC) No. 1 of 1988

In

Misc. Application (IC) No. 2 of 1987

IN

Ref. (IC). No. 103 of 1961 as amended from time to time.

Between

The Textile Labour Association, Ahmedabad.

And

Ahmedabad Textile Mills, Association, Ahmedabad. and others (Mentioned in the Annexure).

In the matter of modification of the awards dated 20th January, 1988 in Misc. Appln. (IC) No. 1 of 1988.

Industy : Cotton Textile.

INDEX

SUPPLEMENTARY AWARD

This is a joint application under Section 116A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the award made in Reference (IC) No. 103 of 1961, as amended from time to time, requesting me to make an award in terms of settlement mutually arrived at between the parties as embodied in Annexure "A" The application has been signed by the competans persons and I find the terms of settlement to be fair and reasonable. I, therefore, take the terms of settlement on record and make this Supplemantary award in terms of settlement Annexure 'A'. which is annexed hereto. No order as to costs.

IN THE INDUSTRIAL COURT AT AHMEDABAD

Misc. Application (IC) No. 21 of 1991.

IN

Misc. Application (IC) No. 1 of 1988.

IN

Misc. Application (IC) No. 2 of 1987.

IN

Ref. (IC) No. 103 of 1961, as amended from time to time

Between

The Textile Labour Association, Ahmedabad. First party

And

The Ahmedabad Textile Mills' Association, Ahmedabad, and others. (Mentioned in the Annexure) Second party

Application u/s 116-A of the B. I. R. Act, 1946.

Sub : In the matter of modification of the Award dated 20th January, 1988 in Misc. Appln. (IC) No. 1 of 1988.

INDEX

May It Please The Hon'ble Court

The Textile Labour Association, Ahmedabad, is a Representative and approved union of all the employees employed in the Cotton Textile Industry, at Ahmedabad.

The Textile Labour Association, Ahmedabad and the Ahmedabad Textile Mills' Association, Ahmedabad, filed the settlement before the Hon'ble Court desiring modification of the Award in Ref. (IC) No. 103 of 1961 and Misc. Appln. (IC) No. 19 of 1972 and their subsequent modifications. The Hon'ble Court was pleased to make Award in terms of the said settlement on 5th-6th June, 1987 in Misc. Appln. (IC) No. 2 of 1987, However, the object of the said modification could not be fully achived in view of the desired modification being made in June 1987 and because some of the employees had enjoyed their privilege and-or casual leave at their credit before the award was made. Therefore, parties filed Misc. Application (IC) No. 1 of 1988 and the Hon'ble Court made an Award in terms of settlement dated 20-1-1988.

2. The Textile Labour Association (T. A) Ahmedabad has recently got cash benefit of Rs. 10- pm. as Annual Increment, Rs. 25- p.m. as conveyance allowance and leave travelling allowance with effect from 1-12-1990 by the award in misc. Appln. (IC) No. 2-86 and Reference (IC) No. 134, 157, 185 and 189 of 1990 dated 5th January, 1991.

3. The present application is, therefore, made with a view to enable the applicant union collect the necessary funds to enable it to continue on its social, cultural and welfare activities for the working class of the industry.

4. The Textile Labour Association, Ahmedabad, know as a Model Labour Organisation of Labour not for its trade union activities only but is more know for its other social, cultural and welfare activities. The TLA, Ahmedabad, spends about Five to Six lacs of rupees for such activities, which is apparent

from the Budget passed unanimously by the Representative Board for the calandar year 1991.

5. The TLA cannot meet with the responsibilities of carrying out the said activities from its existing income on account of closure of number of units. It is not advisable to reduce the expenditure and cannot be reduced by discontinuing these activities for want of adequate funds. The matter was, therefore, placed before the Executive Committee of the Union which recommended to sacrifieone day's paid leave to meet the deficit in the Budget so that the welfare and social activities can be continued. The copy of the said recommendation is enclosed herewith.

6. Thereafter the said recommendation was pleased before the meeting of the Joint Representative Board on 27-12-1990. The said meeting unanimously accepted the recommendation of Executive Committee to forego one day's privilege leave and/or casual leave to the credit of the employes concerned and to be enjoyed by him during the year.

7. The parties, therefore, request that the Award dated 20th January, 1988, in Misc. Appln. (IC) No. 1 of 1988 be modified as under :

(i) The mills shall reduce one day's P. L. or one day's C. L. out of the total at the credit of the emplopees on 1st January, 1991 to be enjoyed during the year or thereafter, to enable those employees of the mills whose contributions could be made in lieu of P. L. or C. L. remaining at their credit during two years from the aforesaid award was made.

This modification is desire to enable the concerned employees to contribute for various activities of the Representative Union as may be decided by the Executive Committee from time to time.

(ii) The Balance of the leave shall be enjoyed by the operatives as per the normal practice after reducing the total privilege leave or casual leave as mentioned hereinabove.

INDEX

(iii) The emplopees shall be entitled from 1st January, 1991 to the privilege leave and casual leave as per the directions in Award No. 103 of 1961 and Award in Misc. Appln. (IC) No. 19 of 1972 as modified thereafter from time to time,

(iv) That the mills shall send the amount equivalent to the amount payable for 1 day as earned leave (privilege leave or the casual leave) to the 1st party as the contribution of the employees to the general fund of the Union before 30th April, 1991.

(v) The mills shall send the list (In Triplicate) of the employees whose leave is reduced alongwith the amount of each of the employees covered by the Awarn so as to enable the 1st party to send receipts of such amount to the employees concerned.

The Award may be passed accordingly.

VERIFICATION

We, the undersigned do hereby solemnly affirm that what is stated above is true to the best of our knowledge, belief and information. This verification is signed at Ahmedabad on 10th day of April 1991.

ANNEXURE

1. Ahmedabad Jupiter Textile Mills, Ahmedabad.
2. Ahmedabad New Textile Mills, ,,
3. Jehangir Textile Mills, ,,
4. Himadri Textile Mills, ,,
5. New Manekchowk Textile Mills, ,,
6. Rajnagar Textile Mills No. 1, ,,
7. Rajnagar Textile Mills No. 2, ,,
8. The Monogram Mills Ltd., ,,

INDEX

9. The New Swadeshi Mills, ,,
10. The Sarangpur Cotton No. 2 ,,
11. The Silver Cotton Mills, ,,
12. The Ahmedabad Cotton Mills, ,,
13. The Manjushree Textiles, ,,
14. The Sahyog Textile Mills, ,,
15. The Calico Mills Ltd. ,,
16. The Hathising Mfg. Co. Ltd., ,,

ઠરાવની નકલ :-

તા. ૨૭–૧૨–૯૦ ના રોજ મળેલ સંયુક્ત કાર્યવાહક મંડળની સભામાં એક દિવસની કેજ્યુઅલ રજા/પ્રીવીલેજ રજા લેવા અંગેનો ઠરાવ :-

ઠરાવ નં–૮ :-

"અમદાવાદની મિલના કામદારોને પગાર વધારા અંગે જે કરાર કરવામાં આવ્યો છે તે સંબંધે દરેકે કામદારો પાસેથી એક દિવસની કેજ્યુઅલ રજા અગર પ્રીવીલેજ રજાની રકમ મજૂર મહાજન સંઘમાં આપવા સર્વાનુમતે નક્કી કરવામાં આવે છે અને તે અંગે જરૂરી કાયદેસર કાર્યવાહી કરવા મંત્રી મંડળને સત્તા આપવામાં આવે છે."

General Manager,
Ahmedabad Cotton Mills
(A Unit of G. S. T. C. Ltd.,)

Ahmedabad
date : 28-8-1991.

For, Textile Labour Association, Ahmedabad.

(Shantilal R. Shah)
General Secretary
Textile Labour Association, Ahmedabad.

INDEX

Sd./

(M. D. Rajpal)
Executive Director
Ahmedabad Textile Mills' Association
Ahmedabad.

Ahmedabad.
date : 10-4-1991

Sd/-

sd. N. N. Patel
Registarar
Ahmedabad, 24th April 91.

Sd/.

sd. H. D. Pandya
President

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક-સંબંધ અધિનિયમ ૧૯૪૬.
અમદાવાદ

અમદાવાદ તા. ૧-૧૦-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ક/ખ/શ્રમક/ ૨૭૯૩૮/આર. યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું શ્રી કમલેશભાઈ રસીકલાલ શાહ અમદાવાદ અને ભરૂચ ટેક્ષટાઈલ લી. ભરૂચ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૬મા દિને આથી નોંધ કરું છું.

ગુજરાતના માનનીય શ્રી સી. એ. ભોજાણી, સભ્ય
ઔદ્યોગિક અદાલત, વડોદરા સમક્ષ
અપીલ (આઈસી) નં. ૨૩/૮૮

શ્રી કમલેશભાઈ રસીકલાલ શાહ — વિવાદી

વિરુદ્ધ

મેનેજર શ્રી — પ્રતિવિવાદી
ભરૂચ ટેક્ષટાઈલ્સ લી.
મહાત્મા ગાંધી રોડ, ભરૂચ

વિવાદી તરફે શ્રી એચ. આર. માસ્ટર હાજર રહ્યા
પ્રતિવિવાદી તરફે શ્રી ત્રિવેદી હાજર રહ્યા.

હુ કે મ

આ અપીલ ભરૂચ મજુર અદાલતના ન્યાયાધીશ શ્રી એસ. એસ. પંચાલના તારીખ ૧૭-૧૧-૮૮ ના ટી અરજી નં. ૭૧/૮૭માં આવેલ નિર્ણયથી નારાજ થઈ કરવામાં આવેલ છે. મજદુર અરજી મૂળ વડોદરાની મજુર અદાલતમાં દાખલ કરવામાં આવેલ અને ત્યારે તેની ટી અરજી નં. ૩૫/૮૬ આપવામાં આવેલ હતી ત્યારબાદ ભરૂચની અદાલતમાં નવો નં. ૭૧/૮૭ આપવામા આવેલ છે.

આ કામના વિવાદી શ્રી કમલેશભાઈ રસીકલાલ શાહે આ કામના પ્રતિવિવાદી ભરૂચ ટેક્ષટાઈલ્સ મીલ્સ લી. તા. ૨૪-૪-૮૬ ના રોજ વિવાદી પાસે બરજબરીથી રાજીનામું લખાવી લેવાનું કૃત્ય કરી ગેરકાયદેસર છે તેવું ઠરાવવા તેમજ તે પગલું રદ બાતલ કરી પડેલા દિવસોના પુરા પગાર સહીત તેમજ અન્ય હકો સાથે પુન: નોકરીમાં સ્થાપિત કરવા માંગણી કરેલ. ટી અરજીમાં પ્રતિવિવાદીએ પોતાનો જવાબ રજુ કરેલ અને જવાબમાં વિવાદીનો આક્ષેપ એવો હતો કે તેની પાસે બળજબરીથી રાજીનામાં લખાવી લીધેલ તે આક્ષેપનો સદંતર ઈન્કાર કરેલ અને જણાવેલ છે કે વિવાદીએ તા. ૪-૯-૮૬ ના રોજ સ્વેચ્છાથી રાજીનામું આપેલ કે રાજીનામું સ્વીકારવામાં આવેલ અને ત્યારબાદ વિવાદીને છુટા કરવામાં આવેલ. સબબ આ ટી અરજી ચાલી શકે નહી અને તેમાંની માંગેલ કોઈ દાદ મેળવવા તે અરજીના અરજદાર હકકદાર નથી.

INDEX

ભરૂચ મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રી પંચાલ સમક્ષ વિવાદીની તથા તેઓના શાહીદની જુબાની લેવામાં આવેલ. વિવાદીની જુબાની આંક--૧૨ ઉપર લીધેલ છે અને આંક--૧૩ ઉપર વિવાદીના શાહીદ શ્રી વિતુભાઇ પટેલની જુબાની લીધેલ છે. વિવાદીએ પોતાના કુંદુનના સમર્થનમાં આંક-૧૦ થી કાગળો રજૂ કરેલ છે. વિદ્વાન ન્યાયાધીશ શ્રી એ પ્રતિવિવાદીનો પુરાવો બંધ કરેલ અને ત્યારબાદ આંક-૧૬ની અરજી આપી પ્રતિવિવાદીએ પુરાવો શરૂ કરવાની પરવાનગી માંગતી અરજી કરેલી જે સામે વિવાદીએ વાંધો લીધેલો અને બન્ને પક્ષકારોને સાંભળયા બાદ આંક-૧૬ની પ્રતિવિવાદીની અરજી રદ કરવામાં આવેલી.

મારી સમક્ષ વિવાદી તરફે વિદ્વાન વકીલ શ્રી એચ. આર. માસ્ટર છે. તેઓનું કથન એવું છે કે જે રાજીનામું વિવાદીએ આપેલ તે રાજીનામું દબાણ પૂર્વક લીધેલ અને તેના સમર્થનમાં વિવાદીએ તથા તેના શાહીદે જુબાની આપેલ છે તે સામે પ્રતિવિવાદી તરફથી કોઇ પુરાવો રજુ થયેલ નથી તે સંજોગોમાં રાજીનામું દબાણપુર્વક લેવામાં આવેલ છે તેવું નીચેના વિદ્વાન ન્યાયાધીશે માનવું જોઇતું હતું અને તેમ ન માનવામાં ગંભીર ભુલ કરેલ છે.

પ્રતિવિવાદીના વિદ્વાન એડવોકેટ શ્રી ત્રીવેદીએ એમ દલીલ કરેલ છે કે સ્વેચ્છા પૂર્વક રાજીનામું આપવામાં આવેલ છે અને જે મંજુર કરવામાં આવેલ છે અને ત સંજોગોમાં વિવાદીને નોકરીમાં પુનઃસ્થાપિત કરી કોઈ લાભ આપવાનો સવાલ ઉપસ્થિત થતો નથી.

આ કામમાં મુખ્ય પુરાવો વિવાદીના રાજીનામાનો છે જે નિ ૧૦/૩ થી રજુ કરવામાં આવેલ છે તે રાજીનામાનો પત્ર જોતાં તે બે પાનાનો છે. રાજીનામું અગત્યનું હોઈ અને એમ લાગે છે કે આખેઆખો પત્ર અહીંયા આપવો ઉચિત છે.

માનનીય શ્રી મેનેજર સાહેબ

વિગત : રાજીનામુ તથા રાજીનામું આપવાનું સ્પષ્ટ કારણ

શ્રી માનનીય સાહેબ

હું આપની મીલમાં આશરે ૨ (બે) વર્ષથી મારી ફરજ નિષ્ઠાપૂર્વક અગ્નિ સાક્ષીએ બજાવું છું. ટી કે. ઓફીસમાં તરીકે કામ કરવા છતાં બીજા જવાબદારીવાળા કામ પણ કરું છું.

INDEX

ઓગસ્ટ-૮૫ના માસમાં વધારાના કામના એટલે કે રીસેસ ગાળવાના પૈસા મળતા હતા તેથી આનંદ શર્માએ બંધ કરી દીધા હતા. ઓગસ્ટ-૮૫ માં આ પૈસા બંધ કર્યાં ત્યારે તેમને વચન (પ્રામીસ) આપ્યા હતા-કે હું તમને બીજી રીતે પૈસા અપાવીશ. પરંતુ એક જવાબદાર ઓફીસર તરીકે આજે નવ નવ મહીના સુધી પૈસાનો વધારો કે જે મળતો હતો તે અપાવેલ નથી. હું એટલું જ સમજું છું કે તેમને અમારી સાથે અમને છેતર્યાં છે કોઈપણ વ્યક્તિ જ્યારે નિષ્ઠાપૂર્વક કામ કરે છે ત્યારે તે પૈસા મારે માટે જ કામ કરે છે, દુનીયામાં બધા જ પગાર પત્રક સમજીને ગણવા આપેલ ત્યારે પ્રશ્ન કરેલ છે, કે હું પૈસા અપાવીશ તે પ્રશ્નને આજે નવ નવ મહીના થઈ ગયા. પોતાનું સારૂં દેખાડવા તથા પોતાની સીટ ટકાવી રાખવા શા માટે સ્ટાફની જોડે છેતરપિંડી જેવું વર્તન કરવામાં આવે છે. હું પૈસાને મારી જીંદગીમાં મહત્વ આપતો નથી. પ્રશ્ન મારા કામ દ્વારા મને જે કાંઈ પણ મળે છે તેનો મને સંતોષ છે. પણ ઈશ્વર કુદરત આવી વ્યક્તિઓને કદાપી માફ કરી શકે નહીં. હું તો એમ સમજું છું કે જે કોઈપણ વ્યક્તિઓએ આમાં ભાગ ભજવ્યો છે તેને જ મે આ પૈસા દાન સમજીને આપ્યા છે. દાન કરવામાં હું બહુ ઉદાર ભાવના રાખી શકું છુ બાકી આ પૈસા હું કોઈ પણ રીતે મેળવી શકત. માનવતાની ખાતર આપની મીલમાં બીજા કોઈના સાથે ના બને તે માટે ધ્યાન રાખશો. ઈશ્વર જરૂર તમારી સહાય કરશે, મને શ્રી આનંદ શર્માએ તમને (જી. એમ.) મળવાની ના પાડી હતી એટલે હું જી. એમ સાહેબ તમને મળવા આવ્યો નથી એ મારી ખાનદાની છે. ખાનદાનીનો નમૂનો છે.

મને મારા બાકી, નવ મહીનાનો તફાવત સાથેનો વધારો જે થાય તે આપશે એવી નમ્ર આશા રાખું છું.

મારાથી કાંઈ લખવામાં અતિશયોક્તિ થઇ હોય તો પણ ક્ષમા યાચું છું.

મારે કોઈપણ વ્યક્તિ સાથે દુશ્મનાવટ નથી. મારી દષ્ટિએ બધા જ સત, ચિત્ત અને આનંદ સમાન છે.

આપની મીલમાં આટલો સમય અને આશરા રૂપે જે સાથ અને સહકાર મૂળ્યો છે તે માટે જી. એમ. સાહેબ તાણને ખૂબ ખૂબ આભારનો સ્વીકાર કરજો. ભૂલ્યો નહી ભૂલાય. ઈશ્વર આપની મીલના તમામે તમામ સ્ટાફ ભાઈઓને સદ્-બુદ્ધિ આપે અને આ આપની મીલ ખુબ જ પ્રગતિના પંથે જાય તેવી હાર્દિક લાગણી તથા ઇચ્છા.

અને વહેલામાં વહેલી તકે છુટો કરવા માટે ચોગ્ય કરશો.

એક હકીકત એ પણ નિર્વિવાદ છે કે આ અગાઉ પણ આ કામદાર રાજીનામું આપેલ. સદરહુ કમલેશભાઈ ની જુબાની આંક-૧૨ ઉપર લેવામાં આવેલ છે. તેઓની જુબાનીમાં તેઓ કહે છે કે કંપનીમાં વ્યવસ્થાપકોમાં બે પક્ષો હતા અને એક પક્ષ જનરલ મેનેજર શ્રી ચેટરજીનો અને બીજો પક્ષ તેઓના અધિકારી આનંદ સર્માનો હતો. તેઓના કહેવા મુજબ શ્રી આનંદ શર્માને એવો શક હતો કે તેઓ (વિવાદી) ચેટરજીના માણસ છે અને આથી તે આનંદ શર્માના ખાતામાં વિવાદી કામ કરતા હતા તેમને એક દિવસે બોલાવેલ અને ધાકધમકી આપેલી જેથી તેને વશ થઈને તેઓની કેબીનમાં આ રાજીનામું લખી આપેલ. આ સદર્ભમાં તેઓએ એમ પણ જણાવેલ છે કે શ્રી આનંદ શર્માએ તેઓને કહેલ કે જો તેઓ રાજીનામું નહી આપે તો ચોરીનો ખોટો કેસ તેમની સામે કરવામાં આવશે, તેઓની જુબાનીમાં તેઓ કહે છે કે રાજી નામું આપ્યાં અંગેની વાત તેઓએ કોઇને કહેલ નથી. વિદ્વાન ન્યાયધીશ શ્રી એ આ હકીકત ઉપર પણ પોતાનું લક્ષ કેન્દ્રીત કરેલ અને શ્રી વિનુભાઈ છોટાલાલ પટેલની આંક--૧૩ની જુબાંનીમાં (જેઓ વિવાદીના શાહીદ છે) તેમણે કથન કરેલ કે વિવાદીએ તેમને વાત કરેલ તે વિરોધાભાસ ઉપર પણ આધાર રાખેલ છે. આખું રાજીનામું વાંચતા સ્પષ્ટપણે એમ કહી શકાય કે આ રાજીનામું ધાકધમકીથી શ્રી આનંદ શર્માએ લખાવેલ તેવું માનવુ ગેરવ્યાજબી છે. કારણે કે તે રાજીનામાંમાં આનંદ શર્માનો જે રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે કમસે કમ આનંદ શર્મા તો લખાવેજ નહી. આ ઉપરાંત પણ અગાઉ આજ કામદારે રાજીનામું આપેલ અને તે રાજીનામું પછી પાછું લીધેલ.

વિવાદીએ પોતાની જુબાનીમાં એમ પણ કબુલ કરેલ છે કે નિ. ૧૦/૩નું રાજીનામું તેઓએ ૧૦ થી ૧૫ મીનીટમા લખી આપેલ આ ઉપરાંત તેઓએ એમ પણ જણાવેલ છે કે આ અગાઉ પણ તેઓની પાસેથી બે ત્રણવાર રાજીનામું લખાવી લીધેલ તે રાજીનામું ની. ૧૦/૬ અને ૧૦/૭ થી રજુ થયેલ છે તે જોતા સ્પષ્ટપણે કહી શકાય કે તે રાજીનામું પોતાની સ્વેચ્છાએ આપેલ જણાય છે. નિ. ૧૦/૬નું રાજીનામું તા. ૭-૮-૮૫ અને ૧૦/૭ નું રાજીનામું તા. ૨૪-૪-૮૫ ના રોજ લખાવેલ છે તે સ્વીકારાય તે પહેલા તે પાછા ખેચી લીધેલા એમ જણાય છે. નિ. ૧૦/૪ જે વિવાદીએ તા. ૨૫-૫-૮૬ ના રોજ લખેલ તેનો પણ ઉલ્લેખ કરી તેમાં બીજા લખાણ ઉપરાંત વિવાદીએ પોતાનો

INDEX

સમય સવારે ૯-૦૦થી ૧૨-૩૦ અને બપોરના ૨-૩૦ થી ૬-૦૦નો કરવાની પણ માંગણી કરેલ છે તે બતાવે છે કે વિવાદી પ્રતિવિવાદીએ મુકરર કરેલા સમયે પોતાના કામ ઉપર પહોંચી શકતા ન હતા.

એકંદરે સંજોગો જોતાં આ મજુર અદાલતના ન્યાયાધીશે રાજીનામુ દલીલ પૂર્વક લખાવી લેવામાં આવેલ નથી તેવું જે તારણ કાઢેલ છે તે વ્યાજબી છે. અલબત્ત આ કીસ્સામાં પ્રતિવિવાદી તરફથી કોઇપણ સંજોગો વસાત પુરાવા રજુ થયેલ નથી. પરંતુ રાજીનામું દબાણપૂર્વક અને ઈચ્છા વિરૂધ્ધમાં લખાવી લીધેલ છે તે સાબીત કરવાનો બોજો વિવાદી ઉપર હતો અને તેણે પુરો કરેલ નથી. રાજીનામાનું લખાણ જોતાં એમ કહી શકાય નહી કે તે દબાણપૂર્વક લખવામાં આવેલ છે. એકંદરે સંજોગો જોતાં વિવાદીને કોઈ અન્યાય થયેલ જણાતો નથી કે જેથી ઉપલી અદાલતે વચ્ચે પડી તેઓનો ઠરાવ રદ કરવો પડે. ટુંકમાં કહીએ તો આ અપીલ ના મંજુર કરવી યોગ્ય છે. ખર્ચ અંગે કામદાર તરફે રહેમ નજર રાખી તેના ઉપર ખર્ચ નાંખવામાં આવતો નથી.

- હુકમ -

અપીલ નં. ૨૩/૮૮ ના મંજુર કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આપનો વિશ્વાસુ
સહી
કમલેશ આર શાહ
ટી. કે. ઓફીસ

સહી
(સી. એ. સોજાણી)
સભ્ય
ઔદ્યોગિક અદાલત ગુજરાત
વડોદરા

વડોદરા
તા. ૨૦-૮-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ

તા. ૭-૯-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસૂચના સહાયક સંઘ નિયંધક દ્વારા

ક્રમાંક/ખ/શ્રમક ૨૦૭૯૨૩ આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને સરસપુર મીલ્સ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૬ઠ્ઠા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી બી. એમ. ભટ્ટ. સભ્ય રુબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૫૧/૮૭.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

વિરુદ્ધ

સરસપુર મીલ્સ લીમીટેડ, અમદાવાદ. બીજા પક્ષકાર.

ઈજનેર મીકેનીકલ ખાતામાં કામ કરતા શ્રી છત્રસિંહ ચીરંજીલાલ અને શ્રી નારણભાઈના બદલે બંને કાયમી કડીયાઓનું કામ કરે છે. તેથી તેઓને વર્ષના બે જોડ બુટ આટાના આપવા અંગે.

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ જોષી.

બીજા પક્ષકાર તરીકે વકીલ કુ. મીનાબેન શાહ

ચુકાદો

૧. ટેક્ષટાઈલ લેબર એસોસીએશન કે જેને હવે પછી 'યુનિયન' તરીકે સંબોધવામાં આવશે તેણે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩-અ મુજબ એવા પ્રકારની માંગણી કરેલ છે કે મીલ કંપનીના ઈજનેર મીકેનીક ખાતામાં કામ કરતા કડીયાઓને તેમની કામગીરી જોતાં બુટ મળવા

જોઈએ અને તેથી તેમણે એવી માગણી મૂકેલી છે કે, મીલમાં ઈજનેર મીકેનીક ખાતામાં પહેલી પાળીમાં કામ કરતા કડીયા સર્વશ્રી છત્રસિંહ ચીરંજીલાલ અને નારણભાઈ તેમજ અન્ય કડીયાઓને દર વરસે બાટાના બે જોડી બુટ આપવા.

૨. યુનિયને આંક-૪થી માંગણીનું નિવેદન રજુ કરેલ છે અને તે નિવેદનમાં જણાવ્યા પ્રમાણે કંપનીમાં ઈજનેર મીકેનીક ખાતામાં કડીયાઓને ચામડાના બુટ આપવામાં આવતા નથી. સદર કડીયાઓને સીમેન્ટ, રેતી, ચુનો તથા કપચી રોડાઓની વચ્ચે કામ કરવાનું હોય છે અને તેથી તેમના પગને, પગના તળીયાઓને તથા પંજાને વારંવાર ઈજાઓ થાય છે. વળી સીમેન્ટ અને ચુનાનું કામ કરતી વખતે તેમના પગને અસર થાય છે. ફોલ્લાઓ પડે છે જેથી તેઓના પગના રક્ષણ માટે દર વર્ષે બે જોડી બાટાના બુટ આપવાની જરૂર છે અને તે પ્રમાણે તેમણે માંગણી કરેલી છે.

૩ દ્વિતીય પક્ષકાર કંપની કે જેને હવે પછી 'કંપની' તરીકે સંબોધવામાં આવશે તેણે તેમનો લેખિત જવાબ આંક-૬થી રજુ કરેલ છે અને તે જવાબ પ્રમાણે મીકેનીક ખાતામાં કામ કરતા કડીયાઓને ચામડાના બુટ આપવામાં આવતા નથી તે હકીકત સાચી છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, મીલમાં કામ કરતા કડીયાઓની કામગીરી અને ફરજો જોતાં તેઓના પગને ઈજા થવાનો કે ફોલ્લા પડવાનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી અને તે સંજોગોમાં માંગણી કોઈપણ રીતે વ્યાજબી અને ન્યાયી નથી અને તે રદ થવાને પાત્ર છે

૩. આ રેફરન્સના કામમાં યુનિયન તરફથી શ્રી જોષી તથા કંપની તરફથી કુ. મીનાબેન શાહને સાંભળવામાં આવ્યા

૪. યુનિયન તરફે આંક-૧૪થી એક દસ્તાવેજ રજુ કરવામાં આવેલો છે. જે તા ૧૪-૨-૯૦ નો છે. તે અરજીમાં કામદાર છત્રસિંહ તથા નારણભાઈ એ જણાવેલ છે કે, તેઓ મીકેનીક ખાતામાં કડીયા તરીકે કામ કરતા ભાઈઓ લખી જણાવે છે કે તેઓ બોઈલર ઉપર તથા પ્રોસેસીંગ ખાતામાં કોસ્ટીક એસીડ સાથે તથા ગરમ પથ્થરોની ગટર લાઈનમાં કામ કરતા હોવાથી તથા સૌ મજૂરો કામ કરતા હોવાથી પેન્ટ તથા બુટ આપવા મહેરબાની કરશોજી.

૫. યુનિયન તરફે કામદારશ્રી છત્રસિંહ ચીરંજીલાલને આંક-૧૫થી તપાસેલ છે અને કંપની તરફથી શ્રી દીપક કાંતિલાલ શાહને આંક-૧૮થી તપાસવામાં

INDEX

આવેલ છે. કામદારશ્રી છત્રસિંહ એન્જી મીકેનીક ખાતામાં કડીયા તરીકે ૨૦ વર્ષથી કામ કરે છે. તેઓના કહેવા પ્રમાણે મીલમાં જુદા જુદા ખાતામાં તેમજ બોઈલરને અંદર જઈને કામ કરવાનું હોય છે અને કડીયા તરીકે બ્લીચીંગ ફીનીસીંગ ડાઈંગ તેમજ બોઈલરે વિભાગમાં કામ કરવા જવું પડે છે અને ખાતામાં કામ કરવા જાય ત્યારે પાણી, કોસ્ટીક સોડા અને બીજા કેમીકલ્સ વગેરે ઢોળાયેલા હોય છે અને તેમના પગના રક્ષણ માટે મીલ તરફથી કોઈ વસ્તુ પહેરવા માટે આપવામાં આવતી નથી. એટલે પગ દાઝી જવાના પ્રસંગ બનતા હોય છે. તેમના જણાવ્યા પ્રમાણે ચુનો વાપરીએ તે વખતે તેની અંદર પાણી રેડીએ છીએ. ચુનામાં પાણી નાખવાથી હાથમાં ચાંદીઓ પડે છે. પગ દાઝવાનો સવાલ નથી. તેમણે એમ પણ જણાવેલ છે કે, એ કામદારો દિવસ પાળીમાં કામ કરે છે અને બોઈલરમાં કામ કરવા જાય ત્યારે બોઈલરની દીવાલો ગરમ હોય પરંતુ કામ કરવાની જગ્યા ઠંડી હોય છે અને તેમના પગના રક્ષણ માટે બે જોડ બુટ આપવા માટે હુકમ કરવા માંગણી કરેલ છે. ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, જે ખાતામાં રસાયણોનો ઉપયોગ થતો હોય ત્યાં ચામડાના બુટ રાખી મુકવામાં આવે છે. તેમણે એ હકીકતનો ઈન્કાર પણ કરેલ છે, તેમણે રસાયણો સાથે કામ કરવાનું હોતું નથી.

૬. કંપની તરફે દિપક કાંતિલાલ શાહ જુબાનીમાં જણાવે છે કે, એન્જીનીયરીંગ ખાતામાં કડીયા રાખવામાં આવે છે. તે લોકોને મીલમાં જુદા જુદા ખાતામાં અને બોઈલર ખાતામાં કામ કરવાનું હોય છે. રજાના દિવસે જ્યારે બોઈલર બંધ હોય ત્યારે તેમાં કડીયા કામ કરવા માટે જવાનું હોય છે. તેઓને કોસ્ટીક સોડા અને બીજા કેમીકલ સાથે કામ કરવાનું હોતું નથી. તેમના પગ દાઝી જતા હોય છે તે હકીકતનો તેમણે ઈન્કાર કરેલ છે. ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે, કડીયા કામદારોને બોઈલરમાં કામ કરવા જવું પડતું હોય છે પરંતુ કલર કેમીકલ્સ જ્યાં રાખવામાં હોય ત્યાં કામ કરવાનું હોતું નથી અને મોટા ભાગે રજાના દિવસે બોઈલરનું કામ કરે છે. બાકીનું કામ ચાલુ દિવસે કરતા હોય છે. મીલમાં પાંચ બોઈલર છે. એક જ લાઈનમાં આવેલા છે અને દિવાલો કોમન છે. બોઈલર જ્યારે ચાલુ હોય ત્યારે આજુબાજુની દિવાલો તપેલી હોય છે.

યુનિયનનું માંગણીનું નિવેદન તેમજ કંપનીનો આંક-૬નો જવાબ યુનિયન તરફે શ્રી છત્રસિંહ અને કંપની તરફે શ્રી દિપક શાહની જુબાની જોતાં એ

હકીકત સ્પષ્ટ બને છે કે છત્રસિંહ ૨૦ વરસથી આ કંપનીમાં કામ કરે છે અને તેમણે આ માંગણી આંક-૧૪ મુજબ તા. ૧૧-૨-૯૦ના મેજ મુકેલી છે. તેમના કહેવા પ્રમાણે પગમાં પહેરવાન બુટની વ્યવસ્થા કરેલ ન હોઈ પગે દાઝી જવાય છે અને ફોલ્લાં પડે છે પરંતુ સરતપાસમાં તેઓ પોતે જ કબુલ કરે છે કે ચુનો વાપરીએ તેની અંદર પાણી રેડીએ અને તેમાં હાથ નાખીએ તો હાથ દાઝી જાય. પગને દાઝવાનો કોઈ સવાલ નથી. તેમણે એ હકીકત પણ સ્પષ્ટ જણાવેલ છે કે, બોઈલરમાં કડીયા કામ કરવા જઈએ ત્યારે દિવાલ ગરમ હોય પણ કામ કરવાની જગ્યા ઠંડી હોય એટલે તેમણે જે જગ્યાએ રહીને કામ કરવાનું હોય તે જગ્યા ઠંડી હોય. તેમણે કોસ્ટીક સોડા અને બીજા કેમીકલ્સ અને રસાયણો ઢોળાયેલા હોય તે જગ્યાએ જઈને કામ કરવું પડે છે તે બતાવવા તેની પૂષ્ટિમાં બીજો કોઈ પુરાવો તેમના મોઢાના કથ્નો સિવાય રજૂ કરેલ નથી બોઈલરમાં રજાના દિવસે બોઈલર બંધ હોય ત્યારે કામ કરવાનું હોય છે. કંપની તરફે શ્રી દિપક શાહે એ હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે કે, રજાના આગલા દિવસે બોઈલર ચાલુ હોય તો બીજા દિવસે પણ બોઈલર ગરમ હોય. છત્રસિંહે પોતે પણ સ્પષ્ટ જણાવેલ છે કે. બોઈલરમાં કામ કરવા જઈએ ત્યારે કામ કરવાની જગ્યા ઠંડી હોય. પગે દાઝો જવાનો કે તળીયા દાઝી જવાનો એવો કોઈપણ પુરાવો અગર તો પૂષ્ટિમાં બીજા કોઈ કામદારનો પુરાવો રજુ થયેલ નથી. તે સંજોગોમા માંગણી વજુદ વગરની છે અને તેથી રેફરન્સ રદ થવા પાત્ર ઠરે છે તેથી હું મારો એવોર્ડનો હુકમ નીચે મુજબ કરું છું.

હુકમ

૯. રેફરન્સ નામંજુર કરવામાં આવે છે ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નીન પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૯-૭-૯૧

(બી. એમ. ભટ્ટ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત ગુજરાત

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

તા. ૬-૯-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક /બ/શમક/૨૭૯૩૪/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન. અમદાવાદ અને હીમાદ્રી ટેક્ષટાઈલ મીલ્સ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય અમદાવાદ.

શ્રી. બી. એમ. ભટ્ટ સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી)નં. ૩૨૦/૧૯૮૪

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન ... પ્રથમ પક્ષકાર
ભદ્ર, અમદાવાદ.

વિરૂદ્ધ

હીમાદ્રી ટેક્ષટાઈલ મીલ્સ ... બીજા પક્ષકાર
અમદાવાદ.

યુનિયનની માંગણી બોયલર વિભાગમાં કામ કરતાં ત્રણેય પાળીના ફોરમેન બારી, લાકડાવાળાને ચામડાના બુટ આપવા અંગે

શ્રી એસ. એમ. જોષી, યુનિયન તરફે
શ્રી કુ. મીનાબેન શાહ. મીલ કંપની તરફે

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ

ચુકાદો

હાલનો રેફરન્સ ટેક્ષટાઈલ લેબર એસોસીએશન જેને હવે પછી યુનિયન તરીકે સંબોધવામાં આવશે તેણે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ને જે

INDEX

હવે પછી એકટ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩-એ હેઠળ હીમાદ્રી ટેક્ષટાઈલ મીલ્સ કે બીજા પક્ષકાર છે જેને હવે પછી મીલ તરીકે સંબોધવામાં આવશે તેમના વિરૂદ્ધ મીલમાં ત્રણેય સીફ્ટમાં કામ કરતા ફાયરમેન લારીવાળા અને લાકડાવાળાને પગમાં પહેરવાના માટે બુટ આપવા માટેની માંગણી અંગેનો છે. અને સદર માંગણી અંગે ફોર્મ એલમાં ફેરફારની નોટીસ આંક ૩થી આપેલ છે. અને સમાધાનકાર રૂબરૂ સમાધાન નિષ્ફળ જતાં હાલનો રેફરન્સ કરવામાં આવેલ છે.

૨. માંગણાનુ નિવેદન આંક ૨થી રજુ કરેલ છે. અને તેમાં જણાવ્યા પ્રમાણે મીલ કંપનીમાં ઈજનેર અને મીકેનીક ખાતામાં-ફાયરમેન, લારીવાળા અને લાકડાવાળા બોયલર નજીકમાં કામગીરી બજાવે છે અને બોયલર ખુબજ ઉષ્ણતામાનથી કામ કરતુ હોય છે અને તેથી સખત ગરમી હોય છે અને તેથી આ કામદારોએ પગે દાઝતા હોય છે અને તેથી તેમને માંગણી પ્રમાણે મીલ કંપનીએ તેના ઈજનેર મીકેનીક ખાતામાં ફાયરમેન, લાકડાવાળા અને લારીવાળાને દર વરસે ત્રણેય શીફ્ટનાને બુટ આપે તેવો હુકમ કરવા વિનંતી કરી છે.

૩. મીલ કંપની તરફથી લેખીત જવાબ રજુ કરી અને જણાવેલ છે કે લારીવાળા અને લાકડાવાળા બોયલરની નજીકમાં કામગીરી બજાવે છે એ હકીકત કબુલ રાખેલ નથી અને તેમના જણાવ્યા મુજબ ફાયરમેનને બુટ આપવામાં આવે છે. લારીવાળા કોલસાના ઢગલામાંથી કોલસા લાવી ઢગલો કરે છે. અને બોયલર પાસે ફાયરમેને બોયલરમાંથી ખેંચેલ રાખોડી વાડામાં લઈ જાય છે જ્યારે લાકડાવાળાની ફરજ કોલસા ભાંગવાની અને જરૂરત મુજબ કોલસીના ટુકડા કરવાની અને બોયલરથી થોડે દુર ઢગલા કરવાની ફરજ છે અને આ કામમાં તેમના પગે દાઝવાનો કે એવો કોઈ બનાવ બનતો નથી અને તેથી માંગણી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર હોઈ રેફરન્સરદ કરવા માટે વિનંતી કરી છે.

૪. યુનિયન તરફે શ્રી મનુભાઈ કાનજીભાઈને આંક ૧૦થી તપાસેલ છે અને બીજા સાહેદ શ્રી સુખરાજ આશારામને આંક ૧૫ થી તપાસેલા છે. મીલ કંપની તરફથી કોઈ મૌખિક પુરાવો લેવામાં આવેલ નથી. શ્રી મનુભાઈના જણાવ્યા પ્રમાણે તેઓ લાકડાવાળા તરીકે ફરજ બજાવે છે. દરેક પાળીમાં બે ફાયરમેન બે લાકડાવાળા અને ત્રણ લારીવાળા હોય છે અને બોયલર ખાતામાં ત્રણ પાળી ચાલે છે. તેમની ફરજો કોલસો ભાંગવાની અને તેના નાના ટુકડા જરૂરત મુજબ કરવાની છે અને તે કોલસાનો ઢગલો બોયલર પાસે કરવાનો છે. બોયલર કોલસાના

ઢગલા કરવામાં આવે ત્યાંથી પાંચ ફુટ દૂર હોય છે. તેમના જણાવ્યા પ્રમાણે આગવાળાની ફરજ સળગેલ કોલસાની રાખ બહાર કાઢવાની હોય છે અને આ રાખોડી લોખંડની પાવડીથી ખેંચવામાં આવે અને તેના ઉપર પાણી છાંટવામાં આવે છે અને ઠંડી કરવામાં આવે છે અને આ ઠંડી કરવાની કામગીરી લારીવાળા કરે છે અને અર્ધો કલાક બાદ આ રાખોડી ટોપલામાં ભરી રાખોડીના વાડામાં લઈ જવામાં આવે છે. ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે. કારીગરનો કોઈ અકસ્માત થાય તો તેની નોંધ કરવામાં આવે છે અને તેઓ છેલ્લા ૧૭ વરસથી આ મીલમાં નોકરી કરે છે અને તે દરમ્યાન તેમને દાઝવાનો સવાલ ઉપસ્થિત થયેલ નથી. બોયલર આગળ ફ્લોરીંગમાં પત્થર હોય છે અને રાખોડી પડવાને લીધે પત્થર ગરમ થઈ જાય છે. તે જ પ્રમાણે કામદાર સુખરાજ, લારીવાળા તરીકે મીલમાં છેલ્લા ૧૦ વરસથી ફરજ બજાવે છે. તેના જણાવ્યા પ્રમાણે બોયલર અને કોલસાના વાડા વચ્ચેનું અંતર આશરે ૫૦૦ થી ૬૦૦ ફુટ છે. શ્રી મનુભાઈના કહેવા મુજબ આ અંતર ૨૦૦ ફુટ છે. બોયલરમાંથી ફાયરમેન રાખોડી કાઢે તે ગરમ હોય અને તેને ફ્લોર ઉપર રાખવામાં આવે એટલે તે જગ્યા પણ ગરમ હોય છે. અને તેના લીધે દાઝી જવાય. કોલસા વાડામાંથી બોયલર પાસે લાવવામાં આવે છે. ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે, કારીગરોને આ જાતના બુટ અમદાવાદની જ્યુપીટર મીલમાં આપવામાં આવે છે.

૫. યુનિયન તરફે વિદ્વાન વકીલ શ્રી એસ. એમ. જોશીએ દલીલો કરતા જણાવેલ છે કે, ફાયરમેન, લારીવાળા અને લાકડાવાળાને ત્રણેય પાળીમાં બુટ આપવા માટેની માંગણી કરેલ છે. લારીવાળા અને લાકડાવાળાને બુટ આપવામાં આવતા નથી, તેમનું આ કામ રૂટીનવર્ક છે એટલે કે રોજે રોજનું કામ છે આમાં બહુ અકસ્માત થાય તેવું દાઝવાનું હોતું નથી જેથી તેની નોંધ થાય. બોયલર પર કામ કરતાં માણસોને બુટ આપવામાં આવે છે પરંતુ લાકડાવાળાને અને લારીવાળાને બુટ આપવામાં આવતા નથી અને તેથી તે આપવા માટે વિનંતી કરી છે. મીલ કંપની તરફથી કુ. મીનાબેન શાહે દલીલો કરતાં જણાવેલ છે કે. ફાયરમેનને બુટ આપવામાં આવે છે. જ્યારે લાકડાવાળા અને લારીવાળાને તેમની ફરજ જોતાં તેઓ બુટ મેળવવા માટે હક્કદાર નથી. દાઝવાના કોઈ બનાવનો દાખલો નથી તે અંગેનો કોઈ પુરાવો પણ નથી. જ્યુપીટર મીલના કોઈ સાહેદ તપાસેલા નથી અને તે સંજોગોમાં માંગણી ગેરવ્યાજબી હોવાથી રેફરન્સ રદ કરવા માટે વિનંતી છે.

INDEX

૬. યુનિયન તરફે માંગણાનુ નિવેદન આંક ૪ થી રજુ થયુ છે. અને મીલ કંપની તરફથી જવાબ આંક ૩ થી રજુ થયો છે અને સાહેદ સુખરાજ અને સાહેદ મનુભાઈને અનુક્રમે આંક ૧૫ અને આંક ૧૦ થી તપાસેલા છે. આ બધી હકીકતો અને જુબાનીની ચકાસણી કરતાં એ હકીકત બહુ સ્પષ્ટ બને છે કે મનુભાઈની ફરજો ફક્ત કોલસા ભાંગવાની અને તેના નાના નાનાં ટુકડાઓ જરૂરત મુજબ કરવાની છે અને આ કોલસાનો ઢગલો બોયલર પાસે કરવાનો હોય છે જે ઢગલા બોયલરથી પાંચ ફુટ દૂર હોય છે. મનુભાઈપોતે જ જણાવેલ છે કે ફાયરમેનની ફરજ સળગેલ કોલસાની રાખ બહાર કાઢવાની છે અને જે લોખંડની પાવડીથી બહાર ખેંચવામાં આવે છે અને ત્યારબાદ તેના ઉપર પાણી વાળા પાણી નાખીને ઠંડી કરે છે અને અર્ધો કલાક પછી આ રાખોડીના ટોપલામાં ભરીને રાખોડીના વાડામાં લઈ જવામાં આવે છે. તે જ પ્રમાણે સુખરાજ લારીવાળાનુ કામ કરે છે. અને તેઓને કોલસાના વાડામાંથી કોલસા લોખંડના રેલવાળી લારીમાં નાખીને ધક્કા મારીને બોયલર પાસે લાવવામાં આવે છે અને અગાઉ જણાવ્યા પ્રમાણે આ કોલસાના ઢગલા બોયલર થી પાંચ ફુટ દૂર છે. આ સંજોગોમાં બોયલરથી પાંચ ફુટ દુર જયાં કોલસાના ઢગલા કરવામાં આવે છે તે જગ્યાએ પત્થરનુ ફલોરીંગ હોય તો પણ ગરમ થઈ જવાનો કોઈ સંભવ રહેતો નથી. સુખરાજની જુબાની પ્રમાણે આ જાતના બુટ જયુપીટર મીલમાં આપવામાં આવે છે પરંતુ જયુપીટર મીલમાંથી આવા કોઈ કારીગરને યુનિયને સાહેદ તરીકે તપાસેલા નથી. અને તેવો કોઇ સાક્ષી પુરાવો યુનિયન રજૂ કરી શકેલ નથી. ફાયરમેનનો તો બુટ આપવામાં આવે છે એ હકીકત બન્ને કામદારોને મનુભાઈ અને સુખરાજે કબુલ કરી છે. જયારે લાકડાવાળા અને લારીવાને તેમની ફરજો જોતાં તેમની માંગણી વજુદ વગરની અને ગેરવ્યાજબી જણાય છે. વિદ્વાન વકીલ શ્રી જોશીએ એવી દલીલ કરી છે કે કોલસા વાંકાચુકા હોય છે અને ૨૦૦-૫૦૦ ફૂટના અંતરથી લાવવાના હોવાથી તે કોલસા વાગીને ઇજા થાય અને તેથી પણ બુટ આપવા જોઇએ, માંગણાનુ નિવેદન જોતા તેમાં આ રીતની કોઈ માંગણી કરવામાં આવી નથી અને બન્ને કામદારોની જુબાનીમાં પણ તેઓને કોલસા વાગે એટલે ઈજા થાય અને તેથી બુટ આપવા જોઈએ તેવી કોઇ હકીકત જણાવી નથી તેમની માંગણી ફક્ત તેઓ દાઝી ન જાય અને તેથી બુટ આપવા જોઈએ. તેવી છે જે ઉપરના પુરાવાની ચકાસણી કરતા ઉપર જણાવ્યું તેમ યોગ્ય અને વ્યાજબી નથી તે સંજોગોમાં રેફરન્સ રદ થવાને પાત્ર છે. તેથી છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

INDEX

હુકમ

૭. રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(બી. એમ ભટ્ટ.)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા. ૩૧-૮-૯૧

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,
અમદાવાદ

અમદાવાદ
તા. ૬-૯-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શમક/૨૭૯૨૪/આર. મુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી અમદાવાદ મેન્યુ. એન્ડ કેલીકો પ્રિન્ટીંગ કું. લી. ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૬ઠા, દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ

શ્રી વિ. ટી. પરીખ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૬/૮૪

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ ... પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી અમદાવાદ મેન્યુ એન્ડ કેલીકો પ્રીન્ટીંગ
કંપની લીમીટેડ, અમદાવાદ. ... બીજા પક્ષકાર

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૬૬ મુજબ સબમીશન-એક મીલમાંથી બીજી મીલમાં ટ્રાન્સફર કરવા બાબત

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ

ચુકાદો

૧. અમદાવાદ મેન્યુ એન્ડ કેલીકો પ્રીન્ટીંગ કંપની લીમીટેડ અમદાવાદ અને હવે પછીથી 'યુનિયન' તરીકે વર્ણવવામા આવશે તેના તરફે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૬૬ મુજબ ફેરફાર માટે મજૂર કમિશ્નર સમક્ષ અરજી કરેલી. તે ફરિયાદ અંગે મીલ અને યુનિયન વચ્ચે કોઈ સમાધાન થઈ શકયું નહિ અને બંને પક્ષકારોએ સદરહુ બાબત અંગે ઔદ્યોગિક અદાલતને રેફરન્સ કરવા માટે કબુલ થતા આ સબમીશન ઔદ્યોગિક અદાલતમાં કરવામાં આવેલ છે.

૨. સબમીશનમાં જે બે મુખ્ય મુદ્દાઓ છે તે નીચે મુજબ છે –

(૧) સબમીશન પરિશિષ્ટ 'અ'માં જણાવેલ કર્મચારીઓની કેલીકો મીલમાંથી જ્યુબીલી મીલમાં બદલી કરવાનું વ્યાજબી છે?

(૨) સબમીશન પરિશિષ્ટ 'બ'માં જણાવેલ કર્મચારીઓને કેલીકો મીલમાંથી કલોલ મીલમાં બદલી કરવાનું કાયદેસર અને વ્યાજબી છે?

૩. ઉપર પ્રમાણેનું સબમીશન આ અદાલતમાં આવતાં તે અંગે પક્ષકારો ઉપર નોટિસ બજાવવામાં આવેલી અને તેના જવાબમાં મીલ તરફે આઈ–૨થી

માંગણીઓ રજુ કરવામાં આવી છે. મીલ તરફે એવી રજુઆત કરવામાં આવી છે કે, કર્મચારીઓને નોકરીમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે એવી શરત મૂકવામાં આવી હતી કે, તેઓને કંપની સાથે સંકળાયેલી બીજી સંસ્થામાં બદલી કરી શકાશે. વળી જે કર્મચારીઓની બદલી માટે વિચારવામાં આવ્યું છે અને જેના ફેરફારની માટે પરવાનગી માંગી છે તેઓ અમુક ખાસ વિષયમાં જાણકાર છે અને મીલ સાથે સંકળાયેલા બીજા સંસ્થાના આવા પ્રકારના કામ માટે તેઓની જરૂર હોવાથી બદલી માટે વિચારવામાં આવ્યું છે અને તે પ્રમાણે ચાર કર્મચારીઓને બદલવાના હુકમ પણ આપવામાં આવ્યા છે. વધુમાં એમ જણાવવામાં આવ્યું છે કે, જે ૩૨ કર્મચારીઓની બદલી માટે વિચારવામાં આવ્યું છે તેઓએ મીલ સાથે સંકળાયેલી બીજી સંસ્થામાં વધારાનો કોઈ પગાર આપ્યા સિવાય બદલી કરી શકાશે અને તે રીતે તેઓની સાથે નિમણૂંક પત્રોમાં બદલી માટેની શરત મૂકવામાં આવેલી છે. તે ઉપરાંત બીજા કર્મચારીઓને બદલવા એ મીલ સંસ્થાનો હક્ક છે અને તેથી માંગણી પ્રમાણે એ કર્મચારીઓની બદલી માટે પરવાનગી આપવી જોઈએ વધુમા એમ જણાવવામાં આવ્યું છે કે, ઉપરોક્ત ૭૫ કર્મચારીઓ પૈકી કેટલાકે અમદાવાદની શહેર દિવાની અદાલતમાં દાવા કર્યા છે જેમાં હંગામી મનાઈ હુકમની માંગણી કરતાં તે મનાઈ હુકમ રદ કરી એવી શરત મૂકવામાં આવી છે કે જેઓને અમદાવાદની બહાર મુકવામાં આવશે એટલે કે કલોલ મુકામે બદલી કરવામાં આવશે તેઓને માસિક રૂ. ૭૫/—વધારે પગાર આપવો જોઈએ. આ બધી હકીકત ધ્યાનમાં લેતાં અને સંસ્થાના હિત માટે બદલવાની જરૂરત હોવાથી માંગ્યા મુજબ બદલીની પરવાનગી આપવી જોઈએ.

૪. યુનિયન તરફે આ માંગણીઓની વિરૂદ્ધમાં બચાવનામુ આંક ૪થી રજુ કરીને વિરોધ કરવામાં આવ્યો છે. તેમાં જણાવવામા આવ્યું છે કે સંસ્થાના વ્યવસાયની પુનરચના કરવા માટે બદલી એ આવશ્યક નથી અને એવી કોઈ વિગત મીલ તરફે રજુ કરવામાં આવી નથી અને જ્યારે નિમણુંક આપવામાં આવી ત્યારે બીજી સહાયક અને તાબાની સંસ્થામાં બદલી કરવામાં આવશે એવી કોઈ શરત મૂકવામાં આવી નથી અને મૂકવામાં આવી હોય તો તેવો નિમણૂંક પત્ર કે કરાર રજુ કરવામાં આવ્યો નથી અને તેથી જે પરવાનગી માંગવામાં આવી છે તે અયોગ્ય છે. વધુમાં એમ જણાવવામાં આવ્યું છે કે, જે કર્મચારીઓને બદલવા માટે માંગણી કરવામાં આવી છે તેઓને આર્થિક રીતે નુકશાન થાય તેમ છે અને બદલીના સ્થળમાં ફેરફાર થતાં

INDEX

આવવા જવામાં તકલીફ પડે તેમ છે અને તેને કારણે પણ ખર્ચનો બોજો વધે તેમ છે અને હકીકતમાં બદલી કરવાનું મુખ્ય કારણ અમુક અણગમતા કર્મચારીઓને જુદા જુદા સ્થળે મૂકીને હેરાનગતિ કરવાનો છે. વધુમાં એમ જણાવવામાં આવ્યું છે કે, નિમણૂક વખતે તેઓને કેલીકો મીલમાં જ નિમણૂક આપવામાં આવી હતી અને તેથી તે મીલ સિવાય મીલની બીજી સહાયક કે તાબાની સંસ્થામાં મૂકી શકાય નહિ કે જે બીજી સ્વતંત્ર સંસ્થાઓ છે. કાયદા પ્રમાણે પણ તે પ્રમાણે બદલીનો ફેરફાર કરી શકાય નહિ. વધુમાં એમ જણાવવામાં આવ્યું છે કે અમદાવાદ શહેરની દીવાની અદાલતને આ બાબત અંગે કોઈ હકુમત નથી અને તેથી તે અદાલતને જે કંઈ હુકમ કર્યો હોય તેનો સાથે આ અદાલતને નિસ્બત નથી, આ સમગ્ર હકીકતમાં યુનિયન તરફે એવી માગણી કરવામાં આવી છે કે, મીલ તરફની માંગણી રદ કરવી જોઈએ.

૫. આ અરજી પુરાવા પર મુકવામાં આવ્યા બાદ આંક-૪થી પ્રથમ પક્ષકારો વચ્ચેનું સમાધાન રજુ કરવામાં આવ્યું. તેની સાથે પરિશિષ્ટ 'એ' અને 'બી' જોડવામાં આવેલા છે. તે સમાધાન મુજબ આંક ૫થી એવોર્ડ પાર્ટ-૧ કરવામાં આવ્યો છે. આ સમાધાન પ્રમાણે મીલ તરફે કારકુનોનું સીનીયોરીટી લીસ્ટ દર્શાવવામાં આવ્યું છે, અને આસીસ્ટન્ટ અને સુપરવાઈઝરોનું સીનીયોરીટી લીસ્ટ જુદું દર્શાવવામાં આવ્યું છે. ઉપરાંત સમજુતીના ફકરા-૨માં જણાવવામાં આવ્યું છે કે, કેલીકો મીલમાં લગભગ ૧૮ જગ્યાઓ કારકુનોની ખાલી પડેલી છે તેના પર સીનીયોરીટી લીસ્ટ એ અને બીમાં જણાવ્યા મુજબ કેલીકો મીલમાંથી બદલી કરવામાં આવેલ કર્મચારીઓને પ્રથમ સીનીયોરીટી મુજબ કરવામાં આવશે અને ત્યાર બાદ કેલીકો મીલની જે ઓફિસમાં જે જગ્યાઓ હશે તેના ઉપર નિમણુકની દરખાસ્ત કરવામાં આવશે અને જો કોઈને એ ઓફિસની જગ્યા ઉપર જવાની ઈચ્છા ન હોય તો તેમના પછીના કર્મચારીને આ જગ્યા મેળવવાનો હકક મળશે અને ઓફર નહિ સ્વીકારનાર કર્મચારીને ભવિષ્યમાં ફાઈનાન્સ ખાતામાં જગ્યા ખાલી પડશે ત્યારે તે જગ્યાએ સીનીયોરીટી પ્રમાણે મુકવામાં આવશે તે પ્રમાણે એવોર્ડ પાર્ટ-૧ પક્ષકારો વચ્ચે સમજુતીથી કરવામાં આવેલો. ત્યાર બાદ ફરીથી પક્ષકારો વચ્ચે વધુ સમજુતીથી આંક-૯ મુજબ સમજુતીની દર-ખાસ્ત રજુ કરવામાં આવી છે જેની સાથે સમજુતીની વિગતો જોડેલી છે. અને આ સમજુતી મુજબ આંક ૧૦થી એવોર્ડ પાર્ટ-૨ કરવામાં આવેલો છે. એવોર્ડ પાર્ટ-૨ની સાથે જોડેલ જોડાણ મુજબ મોટા ભાગના કર્મચારીઓને કેલીકો મીલમાં ટ્રાન્સફર કરી દેવામાં આવેલા છે અને જે બાકી છે તેઓના નામ કેલીકો મીલના

હાજરી પત્રકમા તા. ૧–૫–૮૯થી સળંગ નોકરી ગણીને લેવામાં આવશે અને જેમ જેમ જગ્યા ખાલી પડતી જશે તેમ તેમ કેલીકો મીલમાં નિમણુંક આપવામાં આવશે.

૬. ઉપર પ્રમાણે એવોર્ડ પાર્ટ–૧ અને પાર્ટ–૨ કરવામાં આવ્યા બાદ આ અરજી ચાલુ રાખવામાં આવેલી અને પુરાવા માટે મુકવામાં આવેલી. પુરાવા વખતે ઝીણવટથી તપાસતા એમ જણાયું છે કે, પાર્ટ–૨ એવોર્ડની જે સમજુતી કરવામાં આવી છે તેમાં યુનિયન તરફે જે વાંધો રજુ કરવામા આવ્યો હતો તે બધાની સમજુતી થઈ ગઈ છે અને આ અરજી અંગે હવે કંઈ કરવાનું રહેતું નથી. આ હકીકત પક્ષકારોના ધ્યાન ઉપર લાવવામાં આવતાં આંક–૧૨થી મીલ તરફે જાહેરાત કરવામાં આવી છે કે એવોર્ડ પાર્ટ–૧ અને ૨થી અરજી અંગેની બધી બાબતોનું નિરાકરણ થઈ ગયું છે. અને આ અરજી અંગે આગળ કાંઈક કરવાનું રહેતું નથી અને તેથી અરજી ડીસ્પોઝ થયેલી ગણવી જોઈએ. આ પ્રમાણે જાહેરાત આંક–૧૨થી કરવામાં આવતા યુનિયનના એડવોકેટશ્રીએ પણ તેની નોંધ લીધી છે. એવોર્ડ પાર્ટ–૧ અને ૨ તપાસતાં એમ જણાય છે કે મીલ તરફે ફેરફાર અંગે જે માંગણી કરવામાં આવી હતી તે અંગે માંગણીઓ અંગે સમજૂતીઓ થઈ ગઈ છે અને ક્રમે ક્રમે યુનિયને લીધેલ વાંધા મુજબ જે કર્મચારીઓને કેલીકો મીલમાંથી બીજા સહાયક અને તાબાની સંસ્થામાં બદલી કરીને મુકવામાં આવ્યા હતા તેઓને પાછા કેલીકો મીલમાં લઈ લેવામાં આવ્યા છે અને જે કેટલાક થોડા ઘણા બાકી રહી ગયા છે તેઓને કેલીકો મીલના હાજરી પત્રક ઉપર બતાવવાનું નક્કી કરવામાં આવ્યું છે અને જેમ જેમ જગ્યા ખાલી પડતી જાય તેમ તેમ કેલીકો મીલમાં નીમણુંક આપવા માટે મીલ તરફે કબુલાત આપવામાં આવી છે. આ બધી હકીકત ધ્યાનમાં લેતાં હવે આ અરજી અંગે આગળ કંઈ પણ કરવાનું રહેતું નથી અને તેથી આ અરજી કેંસલ થયેલી ગણવી જોઈએ જેથી આ અરજી અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે,

હુકમ

૭. આ અરજી અંગે આગળ હવે કાંઈ કરવાનું રહેતું નથી તેને આથી કેન્સલ થયેલો ગણવામાં આવે છે.

INDEX

સહી

વી. ટી. પરીખ

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત

અમદાવાદ

સહી

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર

અમદાવાદ, તા. ૩૦-૭-૯૧

સહી

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,

અમદાવાદ.

અમદાવાદ

તા. ૬-૯-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/શમક/૨૭૯૫૫/આર ૫.—સને ૧૯૪૬-ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૨ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૭ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ધી અરવિંદ મીલ્સ લી. અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૬ માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં ૩૨૯/૮૪

INDEX

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી અરવિંદ મીલ્સ કંપની લિ. અમદાવાદ. બીજા પક્ષકાર

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ

મીલના ક્રેમ ખાતામાં પાળીવાર એક એક તેલવાળો તથા એક એક મુકાદમ વધારી આપવા વગેરે અંગે.

ચુ કા દો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દાખલ કરેલ છે. સંઘે મીલ કંપનીને તા. ૧૮-૮-૮૪ના રોજ કલમ ૪૨ (૨) મુજબ ફેરફારની સુચના મીલના ક્રેમ ખાતામાં પાળીવાર એક એક તેલવાળો તથા મુકાદમ વધારી આપવા અંગે આપેલી, જે અંગે સમાધાનકાર સમજુતિ કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને સંઘે રેફરન્સ કરેલો છે,

૨. આ રેફરન્સમાં ત્યાર બાદ બને પક્ષકારોએ આંક-૨૨ની પુરસીસથી સમાધાન રજુ કરેલ છે અને જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે તે મુજબ સમાધાન થઈ ગયેલ હોઈ આ રેફરન્સમાં તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી છે. સદરહુ સમાધાનની શરતો ખાસ સંજોગોમાં ન્યાયી અને વાજબી જણાય છે. આથી તે મુજબ એવોર્ડ આપવાનો રહે છે. પરિણામે આ કામમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

હુ કમ

૩. આ રેફરન્સમાં પક્ષકારોએ આંક-૨૨ ની સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે અને તેની એક નકલ આ હુકમ સાથે રાખવાની રહેશે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

ઔદ્યોગીક અદાલત, અમદાવાદ

રેફરન્સ નં. ૩૨૯/૮૪

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ...પ્રથમ પક્ષકાર
અમદાવાદ

વિ રૂ દ્ધ

ધી અરવિંદ મિલ્સ લિમિટેડ, ...બીજા પક્ષકાર
અમદાવાદ.

પક્ષકારો વચ્ચે ઉપરોક્ત નંબરના રેફરન્સમાં સમાધાન થયેલ છે. સમાધાનની શરતો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧, બીજા પક્ષકાર ધી અરવિંદ મિલ્સ લિમિટેડના સ્પીનીંગ જુની મીલના ક્રેમ વિભાગમાં કામ કરતા મુકદમ અને ઓઈલરોએ પહેલી, બીજી અને ત્રીજી પાલીમાં એક એક મુકદમ અને એક એક ઓઈલર વધારવાની દાદ માંગેલી છે, એટલે કે તેમણે ત્રણ મુકદમની અને ત્રણ ઓઈલરની જગ્યા વધારવાની માંગણી કરીને કુલ્લે ૬ જગ્યા વધારવાની માંગણી કરી છે, મીલ્સ કંપનીમાં હાલમાં નીચે જણાવ્યા પ્રમાણે પાળી પ્રમાણે ઓઈલર અને મુકદમો કામ કરે છે.

પાળી	ઓઈલર	મુકદમ
પહેલી	શ્રી પ્રતાપજી રણછોડજી	શ્રી ચંદુજી શંકરજી
બીજી	શ્રી જીવાભાઈ ફેજુભાઈ	શ્રી નારાયણ તુકારામ
ત્રીજી	શ્રી —	શ્રી સ્ટેન્લી જહોન

૨. કલમ નં. ૧ માં જણાવેલ પાંચ ઓઈલર અને મુકદમ, તેમની પ્રત્યેક પાળીમાં એક ઓઈલર અને એક મુકદમ વધારી આપવાની માંગણી તેમજ વધારાનો શ્રમબોજ વહન કરવા માટે જે વળતરની માંગણી કરી છે તે જતી કરે છે અને તેના બદલામાં દરેક ઓઈલર અને મુકદમને બીજા પક્ષકાર રૂ. ૪૦૦-૦૦ ઉચ્ચક આપશે અને તે ઉચ્ચક રૂ ૪૦૦-૦૦ કલમ નં. ૧ માં જણાવેલ ઓઈલર અને મુકદમ સ્વીકારે છે. આ રકમનું તા. ૧૬-૭-૯૧ ના રોજ પેમેન્ટ કરવામાં આવેલ છે અને તે સ્વીકારેલ છે.

INDEX

૩, કલમ નં. ૨ માં જણાવેલ ઉચ્ચક રકમ રૂ. ૪૦૦/- ઉપર મોંઘવારી, પ્રોવીડંડ ફંડ, ગ્રેજ્યુટી, બોનસ વિગેરેનો લાભ આપવામાં આવશે નહિ.

૪. આ સમાધાન થવાની તારીખ બાદ કાયમ થનાર કે બદલીમાં દાખલ થનાર તમામ ઓઈલર અને મુકદમને આ સમાધાન અન્વયે મળતા ઉચ્ચક રૂ. ૪૦૦/- નો લાભ મળશે નહિ તેમ અરજદાર યુનીયન સ્વીકારે છે.

૫. આ સમાધાનથી અરજદાર યુનિયન અરજીમાં માગવામાં આવેલી તમામ દાદો જતી કરે છે.

૬. ઉપરોક્ત સમાધાન મંજુર રાખી એવોર્ડ કરવા માટે પક્ષકારોની નામદાર અદાલતને અરજ છે.

સહી
મંત્રવતી
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
ભદ્ર, અમદાવાદ

સહી
ફેક્ટરી મેનેજર
ધી અરવિંદ મિલ્સ લિમિટેડ
અમદાવાદ તા. ૧૯-૮-૯૧

સહી
વી. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ, તા. ૨૨-૮-૧૯૯૧

સહી
એમ એ ઓઢારૂ
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૬-૯-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શ્રમક/૨૭૯૨૫/આર. યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું મજૂર મહાજન સંઘ, અમદાવાદ અને અરૂણ મીલ્સ કંપની લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૬ઠા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી બી. એમ. ભટ્ટ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૯૩/૮૭

મજૂર મહાજન સંઘ, અમદાવાદ. ... પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અરૂણ મીલ્સ કંપની લીમીટેડ, અમદાવાદ ... દ્વિતીય પક્ષકાર

ફ્રેન્મેન્ડીંગ ખાતામાં કામ કરતા શ્રી રામભાઈ માવસીંગભાઈને વધારાના કામનું એલાઉન્સ આપવા અંગે

ઉદ્યોગ - કોટન ટેક્ષટાઈલ

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી જોષી

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ કુ મીનાબેન શાહ

- ચુકાદો -

૧. મજૂર મહાજન સંઘ અમદાવાદ કે જેને હવે પછી 'યુનિયન' તરીકે સંબોધવામાં આવશે તેણે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩-અ મુજબ એવા પ્રકારની માંગણી કરેલ છે કે, કામદાર શ્રી રામભાઈ માવસીંગભાઈ પાસેથી મેન્ડીંગની કામગીરી ઉપરાંત જોબરને લગતી કામગીરી જેવી કે કારીગર ગોઠવવા કારીગરોને માલ આપવો, કારીગરની હાજરી ભરાવવી.

INDEX

પ્રોડક્શન રિપોર્ટ લખવો અને ખાતા અધિકારીને જાતવાર કામનો રિપોર્ટ આપવાનું કામ લેવામાં આવે છે અને તે વધારાની કામગીરીનું યોગ્ય મહેનતાણું આપવામાં આવતું નથી અને તેથી યુનિયને આંક-૪નું માંગણીનું નિવેદન ઉપર મુજબ આપેલ છે.

૨. દ્વિતીય પક્ષકાર કંપની જેને હવે પછી કંપની તરીકે સંબોધવામાં આવશે તેણે આંક-૭નો તેઓનો લેખિત જવાબ રજુ કરેલ છે અને તેમાં જણાવ્યા પ્રમાણે સંબંધીત કામદાર પાસેથી માત્ર પ્રોડકશન રિપોર્ટ લખવાની જ કામગીરી લેવામાં આવે છે. તે સિવાય બીજી કામગીરી તેમની પાસેથી લેવામાં આવતી નથી. એટલે કે પાળી દરમ્યાન પ્રોડકશન રિપોર્ટ કે જે પાળીના સમય દરમિયાન મેન્ડર્સ કરેલ હોય તેઓનો શોર્ટવાઈઝ પ્રોડકશન રિપોર્ટ લેવાનું કામ જ લેવામાં આવે છે અને તેઓની પાસેથી મેન્ડર તરીકેની કોઈ કામગીરી લેવામાં આવતી નથી. સદર કામગીરી માટે શ્રી હરિભાઈ [illegible]ને જોબર તરીકે રાખેલા છે તે સંજોગોમાં કામદાર જોબરની કેટેગરીનો પગાર, હોદ્દો કે અન્ય કોઈ પણ પ્રકારનું મહેનતાણું મીલ પાસેથી વસુલ મેળવવા હકકદાર નથી તેથી રેફરન્સ રદ કરવા માટે વિનંતી કરેલી છે.

૩. આ કામમાં પ્રથમ પક્ષકાર તરીકે પ્રતિનિધિ શ્રી જોષી તથા દ્વિતીય પક્ષકાર તરીકે વકીલ કુ. મીનાબેન શાહને સાંભળવામાં આવ્યા.

૪. મીલ કંપનીએ આંક-૮/૧થી લવાદ શ્રી આઈ. જી. ઠાકોર સાહેબે આપેલ ચુકાદો રજુ કરેલ છે યુનિયન તરફે આંક-૧૨થી કામદારશ્રી રામાભાઈ માનસીંગભાઈને તપાસવામાં આવેલા છે અને મીલ તરફે શ્રી હરિભાઈ [illegible]ને આંક-૧૪થી તપાસવામાં આવેલા છે. અને શ્રી ઈન્દ્રવદનભાઈને આંક ૧૬થી તપાસવામાં આવેલા છે. શ્રી રામભાઈના જણાવ્યા મુજબ અરૂણ મીલમાં મેન્ડીંગ ખાતામાં ૧૫ વર્ષથી કામ કરે છે અને તેમાં ૭૧ મેન્ડરો છે. મેન્ડીંગ ખાતામાં કોઈ પણ કારીગરોને જોબરનો હોદ્દો આપવામાં આવેલ નથી, તેમના જણાવ્યા પ્રમાણે તેઓ મેન્ડીંગ ખાતામાં મેન્ડીંગનું કામ કરતા નથી પરંતુ તેમના કહેવા પ્રમાણે તેમની કામગીરીમાં કારીગરોને કામ આપવાની કારીગરોને ગોઠવવાની, તેમની હાજરી ભરવાની, કારીગરોમાં કામ વહેંચવાની અને પ્રોડકશન રિપોર્ટ લખવાની અને સુપરવીઝન કરવાની છે અને તે વધારાની કામગીરી બદલ વધારાનું મહેનતાણું આપવામાં આવતું નથી તેમજ તેમને જોબરનો હોદ્દો આપવામાં આવેલ નથી. ઉલટ તપાસમાં તેમણે જણાવ્યું છે કે, તેમને મેન્ડીંગ

INDEX

ખાતામાં કાયમી પાસ આપેલ છે અને લવાદ આઈ. જી. ઠાકોર સાહેબે તા. ૫ ૨-૯૬ના રોજ આંક-૯/૧થી જે એવોર્ડ આપેલ છે તેના આધારે તેમને કાયમી પાસ આપવામાં આવેલ છે. આ રીતે તે એવોર્ડ પ્રમાણે ૨૬ મેન્ડરોને કાયમી પાસ આપેલા છે. મેન્ડરોની કામગીરી કાપડ લઈ જવાની. તેમાંથી તાર તોડવાની કાપડમાં ડાઘા સાફ કરવાની સ્લમ કાઢી નાંખવાની હોય છે. શ્રી હરિભાઈ અમીભટ્ટ મેન્ડીંગ ખાતામાં જોબર તરીકે કામ કરે છે. ઉલટ તપાસમાં તેમણે કબુલ કરેલ છે કે, ૨૬ જણાને મેન્ડરના પાસ આપવામાં આવેલા છે પરંતુ તેઓ મેન્ડરોનું કામ કરતા નથી અને જુદુ જુદુ કામ કરે છે. તેમણે વધારાનું મેન્ડરનું કામ કરવાનું હોતુ નથી ખાતામાં પ્રોડકશન થાય તેનો રિપોર્ટ તેમણે ભરવાનો હોય છે. તેમણે એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, કારીગરોને માલ આપવો, તેમને જોડવા, અને સુપરવાઈઝરની કામગીરી હરિભાઈ અમીભટ્ટ કરે છે. તેમણે કબુલ કરેલ છે કે કાપડ ખાતામાં એક જ જોબર છે અને તે હરિભાઈ છે. શ્રી હરિભાઈના કહેવા પ્રમાણે રામભાઈ ફક્ત પ્રોડકશન લખવાનું જ કામ કરે છે. તે સિવાય બીજુ કંઈ કામ કરતા નથી જોબર તરીકેની કોઈ પણ ફરજ રામભાઈ બજાવતા નથી. અને તેમણે બજાવવાની હોતી નથી. તેમને મીલ કંપનીએ જોબર તરીકે ગ્રે ફોલ્ડીંગ ખાતામાં તા. ૧-૯-૮૩થી મુકેલા છે. તેમણે એ હકીકત કબુલ કરી છે કે, મોહનભાઈ તેમના કરતા ગ્રે ફોલ્ડીંગ ખાતામાં સીનીયર હતા ગ્રે ફોલ્ડીંગ ખાતામાં કોને મુકવા તે બાબત ઝગડો થયેલો અને તે અંગે યુનિયન તરફથી કેસ મૂકવામાંમા આવેલો અને તેમાં મોહનભાઈને જોબર તરીકે મુકવા માટે કેસ કરવામાં આવેલો તેમાં સીનીઓરીટી પ્રમાણે આ મીલ કંપનીએ હરિભાઈને મુકેલા તે કેસ હજી પડતર છે. જોબર તરીકેની સીનીઓરીટી બાબતનો જે કેસ હરિભાઈ અને મોહનભાઈ વચ્ચે મેન્ડીંગ છે તેને આ રામભાઈના કેસ સાથે નિસ્બત નથી અને તેથી તેમાં વધુ ઉંડા ઉતરીને ચર્ચા કરવાનું અને યોગ્ય જણાતું નથી

૫. શ્રી ઈન્દ્રવદનભાઈની જુબાની મુજબ તેઓ પોતે મીલમાં ગ્રે ફોલ્ડીંગ અને ફોલ્ડીંગ ખાતામાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. અને ૨૬ કારીગરો છે તા. ૧-૭-૮૨થી મેન્ડરનો હોદ્દો આપેલ અને તેમની પાસેથી જુદી જુદી કેટેગરીમાં કામ લેવામાં આવે છે. અને આ કામદારોમાં શ્રી રામભાઈનો સમાવેશ થઈ જાય છે અને રામભાઈની ફરજ મેન્ડરોએ જે પ્રોડકશન કર્યું તે મેન્ડર પ્રમાણે લખી આપવાનું કામ કરતા હોય છે. મેન્ડરોએ ફેન્સી કાપડની જાતોમાં ડાઘા સાફ કરવાનું સ્લમને કાઢવાનું તથા જાળા મેળવવાનું કામ સોંપેલ હોય છે અને આ કામની

INDEX

સોંપણી જોબર કરતા હોય છે. જોબર તરીકે હરિવદન બાબુભાઈ ફરજ બજાવે છે અને આ કારીગરોને કામ સોંપવું, હાજરી પુરવી, રજા લખવી તથા કારીગરોએ જે કામ કર્યું હોય તેના અમુક તાકા એક કરવાનું કામ કરે છે રામભાઈ આ પૈકી કોઈ પણ જોબર તરીકેની કામગીરી કરતા નથી. ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે ૨૬ મેન્ડરોમાંથી કોઈને જોબરનો હોદ્દો આપવામાં આવેલ નથી મીલમાં એક ફોલ્ડીંગ ૧૯૮૨ પહેલાથી ચાલે છે. તેઓના જણાવ્યા પ્રમાણે ૧-૮-૮૨ પહેલાં જે કારીગરો મેન્ડર તરીકે ફરજ બજાવતા હતા તેમાંથી કોઈ પણ જોબરની ફરજ બજાવતા ન હતા

૬. યુનિયને જે માંગણી મુકેલ છે તે માંગણી મુજબ કામદાર રામભાઈ મેન્ડીંગ ખાતામાં કામ કરે છે અને તદઉપરાંત તેમની પાસેથી જોબરની કામગીરી લેવામાં આવે છે. અને તેઓને તેનું મહેનતાણું આપવામાં આવતું નથી પુરાવો તપાસીએ તો ખુદ રામભાઈ પોતે તેમની જુબાનીમાં કબુલ કરે છે કે મેન્ડીંગ ખાતામાં તેઓ મેન્ડીંગનું કંઈ કામ કરતા નથી અને તેમણે એવો કોઈ પુરાવો રજુ કર્યો નથી કે તેઓ મેન્ડીંગ ખાતામાં કારીગરોને કામ સોંપવાનું કારીગરોને ગોઠવવાનું તેમજ તેમની હાજરી ભરવાનું અને કારીગરોને માલ વહેંચવાનું અને પ્રોડકશન લખવાનું કામ કરે છે. તેમણે તો સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, કાપડ ખાતામાં ફકત એક જ જોબર છે અને તે હરિભાઈ છે ૨૬ જણાને મેન્ડરોના પાસ આપવામાં આવેલા પણ બધા મેન્ડરનું કામ કરતા નથી પણ જુદી જુદી કેટેગરીમાં કામ કરે છે. હરિવદનએ જુબાનીમાં બહુ સ્પષ્ટ જણાવેલ છે કે રામભાઈએ માત્ર પ્રોડકશન લખવાનું કામ કરવાનું હોય છે તે સિવાય બીજુ કંઈ પણ કામ તેમણે કરવાનું હોતું નથી. મેન્ડર તરીકે તેમની પાસેથી કોઈ કામગીરી લેવામાં આવતી નથી. મેન્ડીંગ ખાતામાં ૨૬ કાયમી પાસ મેન્ડરોને આપવામાં આવેલા છે અને તેમની પાસેથી મેન્ડીંગ કાપડ ફોલ્ડ કરાવવાનું કાપડ પ્રીન્ટ કરેલું લારીમાં લઈ જવાનું અને પ્રોડકશન રિપોર્ટ લખવાનું કામ કરે છે. તેઓએ એવો કોઈ પુરાવો રજુ કર્યો નથી કે તેમણે કામદારોને કામની વહેંચણી કરી હોય, હાજરી પૂરી હોય કામગરોને ગોઠવવા હોય અગર તો કારીગરોને માલ વહેંચવાનું કામ કર્યું હોય આવા કોઈ કારીગરને તેમણે તપાસેલ નથી અને આવો કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજૂ થતો નથી તે સંજોગોમાં માંગણીમાં કંઈ તથ્ય જણાતું નથી અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે આથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

INDEX

– હુકમ –

૭. રેફરન્સ નામંજુર કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
બી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૯–૭–૬૧

સહી
(બંસીલાલ મોતીલાલ ભટ્ટ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૬–૯–૬૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેન
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/ખમહ/૨૭૯૩૨ આર.યુ - સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું મહેસાણા જીલ્લા સહકારી બેંક કર્મચારી સંઘ મહેસાણા અને હારીજ નાગરીક સહકારી. બેંક લી, હારીજ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૬૧ ના સપ્ટેમ્બર માસના ૬ઠ્ઠા દિને આથી નોંધ કરું છું.

INDEX

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી બી. એમ. ભટ્ટ, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૭૫/૮૯.

મહેસાણા જીલ્લા સહકારી બેન્ક કર્મચારી સંઘ. ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

હારીજ નાગરિક સહકારી બેન્ક લિ. હારીજ ...બીજા પક્ષકાર

બેન્કના કર્મચારીઓને પગાર, મોંઘવારી ભથ્થું તથા અન્ય લાભો આપવા અંગે.

ચુ કા દો

૧. હાલનો રેફરન્સ બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે કરેલ છે સંઘે બીજા પક્ષકાર બેન્કને કલમ ૪૨ (૨) મુજબ સૂચના આપીને કર્મચારીઓને પગાર, મોંઘવારી અને અન્ય લાભો આપવાની માગણી કરેલ, જે અંગે પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને સંઘે રેફરન્સ કરેલો છે.

૨. આ રેફરન્સમાં ચાલુ કામે પક્ષકારોએ આંક-૨૫ની પુરસીસ આપી જણાવેલ છે કે. પક્ષકારો વચ્ચે રેફરન્સની માંગણીઓ અંગે આંક-૨૬ના ખતપત્ર મુજબ સમાધાન થયેલ છે તો તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી છે. સદર સમાધાનની શરતો યોગ્ય અને વાજબી જણાય છે. આથી તે મુજબ આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુ કમ

બંને પક્ષકારોએ આંક-૨૬નાં સમાધાન મુજબ વર્તવાનું રહેશે. આંક-૨૬ ના સમાધાનને આ હુકમનો એક ભાગ ગણવો. તેમજ તેની નકલ આ ચુકાદા સાથે રાખવી. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

ઔદ્યોગિક અદાલત અમદાવાદ

રેફ. આઈ. સી ૭૫/૮૯

પ ક્ષ કા રો નાં ના મ

INDEX

(૧) મહેસાણા જીલ્લા સહકારી બેન્ક કર્મચારી સંઘ મહેસાણા — પ્રથમ પક્ષકાર

(૨) ધી હારીજ નાગરિક સહકારી બેન્ક લિ, મુ. હારીજ જીલ્લો-મહેસાણા. — બીજા પક્ષકાર

અમો બંન્ને પક્ષકારો કર્મચારીઓ પૈકીના (૧) સીનીયર કલાર્ક (૨) કલાર્ક/કેશીયર (૩) પટાવાળા એ ત્રણ વર્ગના કર્મચારીઓ બાબતમાં નીચે પ્રમાણે સમાધાન રજુ કરીએ છીએ. કર્મચારીઓ પૈકીના મેનેજર એકાઉન્ટન્ટ, તથા સબ એકાઉન્ટન્ટ બાબતમાં નિર્ણય (એ. ડી. પટેલ, મ. કા. ઠક્કર) બોર્ડ લેશે.

માંગણીનં-૧ સ્ટાફના પગાર-ગ્રેડમાં સુધારો કરવા બાબત...

સમાધાન:- સ્ટાફનું પગાર ગ્રેડેશન નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

(૧) ગ્રેજ્યુએટ સીની. કલાર્ક-૨૫૦-૧૦-૨૭૦-૧૫-૩૦૦-૨૦-૪૪૦-૨૫-૫૪૦-ઈ-બી-૩૦-૬૦૦

(૨) ગ્રેજ્યુએટ કલાર્ક/કેશીયર-૨૨૦ ૧૦-૨૭૦-૧૫-૩૪૫-૨૦-૪૪૫-ઈ. બી. ૨૫-૫૪૫

(૩) પટાવાળા :- ૧૪૫-૩-૧૬૦-૫-૧૮૫-૭-૨૨૦-૧૦-૨૫૦

ઉપર પ્રમાણે સ્ટાફને નવિન ગ્રેડેશન આપવાનું ઠરાવવામાં આવે છે. આ નવિન ગ્રેડેશનનો અમલ ૧/૧/૮૮થી કરવાનું ઠરાવવામાં આવે છે કર્મચારીઓના તા. ૧/૧/૮૮ ના નવા સ્ટ્રેજમાં પગાર નક્કી કરવા માટે સીનીયર કલાર્ક, કલાર્ક કેશીયરના જુના પગારમાં રૂ. ૪૦ ઉમેરવા તથા પટાવાળા ના જુના પગારમાં રૂ. ૨૫/- ઉમેરવા અને તા. ૧/૧/૮૮ બાદ જે જે કર્મચારીને જ્યારે જ્યારે ઇન્ક્રીમેન્ટ મળ્યું હોય તે મુજબ નવા ગ્રેડેશન ઈન્ક્રીમેન્ટ તે સમયથી આપવું

કલર્ક/કેશીયરને કાયમી થયેથી ૧૨ વર્ષ પુરા થયે સીનીયર કલાર્કની ગ્રેડ આપવી.

નવા ગ્રેડેશનમાં ફીટમેન્ટ માટે જરૂરી હોય તો તફાવતની રકમ ઉમેરી ગ્રેડેશન આપવી. પરંતુ વધારાનું કોઈ ઈન્ક્રીમેન્ટ આપવામાં આવશે. નહિ.

INDEX

યુનને કાયમી થયેથી ૧૧ વર્ષ પુરાં થયે એક વધારાનું ઈન્ક્રીમેન્ટ આપવું.

૫ વર્ષે એક ઈન્ક્રીમેન્ટ અને ૧૦ વર્ષે બે ઈન્ક્રીમેન્ટની માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

ક્લાર્ક/કેશીયર અને પટાવાળાને દશ વર્ષે ઉપલી ગ્રેપ આપવાની માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

બઢતી વખતે બે ઈન્ક્રીમેન્ટ માટેની કરેલી માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં-૨:- મોંઘવારી ભથ્થું આપવા બાબત.

સમાધાન :- બેન્ક હાલમાં તેમના કર્મચારીઓને ઓલ ઈન્ડીયા એવરેજ કન્ઝુમર્સ પ્રાઈસ ઇન્ડેક્ષ બેઝ ૧૯૬૦-૧૦૦ ના આધારે મોંઘવારી ભથ્થું આપે છે. તે ચાલુ રાખવાનું ઠરાવવામાં આવે છે

માગણી નં-૩ મકાનભાડું આપવા બાબત.

સમાધાન -: બેન્કે કર્મચારીને તેને મળતા કુલ પગાર (બેઝીક વતા મોંઘવારી ભથ્થુ) ના ૭ ટકા પ્રમાણે ઘર ભાડાની રકમ નીચે પ્રમાણે મહત્તમ મર્યાદાને આધિન દર માસે આપવી તેવુ ઠરાવવામાં આવે છે. આ સમાધાનનો અમલ તા. ૧/૧/૮૮ થી કરવાનુ ઠરાવવામાં આવે છે.

મહત્તમ મર્યાદા : (૧) સીનીયર ક્લાર્ક તથા ક્લાર્ક/કેશીયર રૂા ૨૨૫-૦૦ તથા (૨) પટાવાળો રૂા. ૧૪૦/-

માગણી નં-૪ ખાસ એલાઉન્સ આપવા બાબત.

સમાધાન :- બેન્ક તેના તમામ કાયમી કર્મચારીઓને માહે જુન અને માહે ડીસેમ્બર માં (અથવા સંસોધિત Halt year) વખતે ખાસ એલાઉન્સ તરીકે એક એક પગાર (બેઝીક + મોંઘવારી ભથ્થુ એટલે કે વાર્ષિક કુલ બે પગાર આપશે. તા. ૧/૧/૮૮ થી ગ્રેડેશન માં થયેલા ફેરફાર અન્વયે તફાવતની રકમ દરેક કર્મચારીને બેન્ક એરીયર્સ તરીકે ચૂકવશે. હંગામી કર્મચારીને સંબંધિત (Halt year) ની સર્વિસના સમયના પ્રમાણ અનુસાર (Proreta) ખાસ એલાઉન્સ ની રકમ ચુકવવામાં આવશે.

INDEX

માગણી નં-૫ :- સ્ટાફ હાઉસીંગ લોન આપવા બાબત :-

સમાધાન :- બેન્કના હાલના સ્ટાફ હાઉસીંગ લોનના વિવિધ વર્ગો માટે ની લોનની રકમની સીલીંગ સિવાયનાં તમામ નિયમોનો અમલ ચાલુ રહે છે. જ્યારે દરેક વર્ગ માટેની લોનની રકમની મહતમ મર્યાદા નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

(૧) ઓફિસર રૂા ૧૦૦૦૦૦/- (૨) સીનીયર કલાર્ક રૂા. ૮૫૦૦૦/- (૩) પટાવાળા રૂા. ૫૦૦૦૦૦/- કોઈપણ કર્મચારી નોકરી દરમ્યાન માં, એક વખત જ લોન મેળવી શકશે. મકાન રીપેરીંગ લોન જેની પાસે હાઉસીંગ લોનનું લેણું બાકી નહી હોય તેવા કર્મચારીને વધુમા વધુ રૂા ૨૫૦૦૦/-સુધી મેનેજીંગ કમીટીને યોગ્ય લાગે તેટલા સમય માટે આપવામાં આવશે તેમજ મકાન રીપેરીંગ લોનનાં બાકીદાર કર્મચારીને હાઉસીંગ લોન આપવામાં આવશે નહીં.

માંગણી નં-૬ હોસ્પીટલાઈઝેશન આપવા બાબત.

સમાધાન :- આ માગણી પાછી ખેંચવામાં આવેલ છે.

માંગણી નં-૭ પ્રોવિડન્ટ ફંડની કપાત કરવા બાબત...

સમાધાન :- દરેક કાયમી કર્મચારીનાં પગાર (બેઝીક મોંઘવારી ભથ્થું) માંથી પ્રોવીડન્ટ ફંડની ૧૦% પ્રમાણે કપાત કરવાનું અને તેટલી જ રકમ બેન્કે ફાળવવાનુ ઠરાવવામાં આવે છે. ખાસ એલાઉન્સમાંથી હાલની પ્રથા મુજબ ૧૦% કપાત કરવાનો તથા તેટલી જ રકમ બેન્કે ફાળવવાનું ચાલુ રાખવાનું ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત ધોરણનો અમલ તા. ૧/૧૧/૯૦ થી કરેલ છે. જ્યારે હક્ક રજાના પગારમાંથી પ્રોવિડન્ટ ફંડની કપાત બેન્ક ફાળવણી ની માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં-૮ એલાઉન્સ આપવા બાબત

સમાધાન :- (એ) કેશ વિભાગની હાલની કામગીરીની પ્રથા યથાવત ચાલુ રાખવાની છે. દરેક કેશીયર ને માસિક એલાઉન્સ રૂા. ૮૦/- પ્રમાણે આપવાનું ઠરાવવામાં આવેલ છે. બીજી બેન્કમાંથી નાણાની લેવડ દેવડ કરવા જનાર કર્મચારીને એલાઉન્સ આપવાની માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

INDEX

(બી) ગોડાઉન કીપર એલાઉન્સ માસિક રૂા. ૮૦ પ્રમાણે આપવાનું ઠરાવવામાં આવે છે વાહન વ્યવસ્થાની માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

(સી) ક્લીઅરીંગ એલાઉનસની માંગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

(ડી) મેડીકલ માં એલાઉન્સ માસિક રૂા. ૬૦/– પ્રમાણે દરેક કર્મચારીને આપવાનું ઠરાવવામાં આવે છે. આ ધોરણ નો અમલ તા. ૧/૧/૮૮ થી કરવાનો છે.

(ઈ) હાર્ઈપોથી કેશન સ્ટેટમેન્ટ કલેકશન એલાઉન્સ ની માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

(એફ) સાયકલ એલાઉન્સ માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

(જી) સ્ટીચીંગ એલાઉન્સ માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

(એચ) વોલ્ટનું કામકાજ કરનાર કર્મચારીને માસિક રૂા. ૮૦ પ્રમાણે એલાઉન્સ આપવામાં આવે છે.

(આઈ) જનરેટર, વોટરકુલર, મશીન ઓપરેટીંગ એલાઉન્સ માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

(જે) પટાવાળાને કેશ લેવા તથા આપવા સાથે જવાનું એલાઉન્સ માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

(કે) હેડ પ્યુનને અન્ય પ્યુન કરતાં માસિક રૂા. ૧૫/ વધુ એલાઉન્સ આપવાનું ઠરાવવામાં આવે છે.

(એલ) પ્યુનને દફતર એલાઉન્સ આપવાની માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

(એમ) પોસ્ટ લેવા આપવા જતા પ્યુનને એલાઉન્સ આપવાની માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

(એન) વાઉચર ફાઈલીંગ એલાઉન્સ ની માગણી પરત ખેંચી લેવામાં આવે છે.

પટાવાળાઓ બાબતમાં વિવિધ પ્રકારના એલાઉન્સીસની કરેલી માગણીઓને સ્થાને દરેક પટાવાળાઓને વોશીંગ એલાઉન્સ સહિત કુલ માસિક રૂા. ૪૦/- એલાઉન્સ આપવાનું ઠરાવવામાં આવે છે મેડીકલ એલાઉન્સ બાબત માં અમલ તા. ૧/૧/૮૮ થી કરવાનું ઠરાવવામાં આવે છે. જ્યારે અન્ય તમામ એલાઉન્સીસ બાબતનો અમલ તા. ૧/૭/૯૧ થી કરવાનું ઠરાવવામાં આવે છે. પટાવાળા સિવાયના કોઈપણ કર્મચારીને એક કરતાં વધુ પ્રકારનું એલાઉન્સ આપવામાં આવશે નહિ.

માગણી નં-૯ દૈનિક ભથ્થુ આપવા બાબત.

સમાધાન :- બેન્ક કર્મચારીને જ્યારે બેન્કના કામ અંગે બહારગામ જવાનું થાય ત્યારે નીચે મુજબનું દૈનિક ભથ્થુ આપવામાં આવે છે.

(૧) મેનેજર રૂા ૫૦/-(૨) એકાઉન્ટ તથા સબએકાઉન્ટન્ટ રૂા. ૪૦/- (૩) સીનીયર કલાર્ક/તથા કલાર્ક/કેશીયર રૂા. ૩૦/-તથા (૪) પટાવાળાને રૂા. ૨૫/-તથા જવા આવવાનું પુરેપુર ભાડું તથા અન્ય વાહન ખર્ચ ચુકવવામાં આવશે. જિલ્લા બહાર જવાનું ત્યારે દોઢ ગણું અને રાજ્ય બહાર જવાનું થાય ત્યારે બે ગણી રકમ ભથ્થા પેટે ચુકવવામાં આવશે, ૬. (૭) કલાક સુધીના સમય માટે અર્ધી રકમ ભથ્થા પેટે ચુકવવામાં આવશે. બેન્કના સમય બાદની અથવા રજાના દિવસ ની કામગીરી માટેના ભથ્થાની માગણી પરત ખેંચી લેવામાં આવે છે. તા ૧/૭/૯૧ થી અમલ કરવામાં આવે છે.

માગણી નં-૧૦ વાહન લોન આપવા બાબત..

સમાધાન :- ત્રણ વર્ષથી કાયમી થયેલ કર્મચારોને બેન્ક નવું વાહન ખરીદવા માટે વાહનની કિંમતનાં ૯૦% સુધી પરંતુ વધુમાં વધુમાં રૂા. ૧૦૦૦૦/ સુધીની લોન ૭ ૧/૨ ટકા વ્યાજથી દર છ માસે વ્યાજ પ્રથમ ભરવાની શરતે પાંચ વર્ષ સુધીની મુદત માટે આપશે. એક વખત લોન મેળવ્યા બાદ ફરીથી સાત વર્ષ પછી જ બીજી વખત લોન મળી શકશે.

માગણી નં-૧૧ એજ્યુકેશન મદદ આપવા બાબત.

સમાધાન :- માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં-૧૨ રીસીવર એલાઉન્સ આપવા બાબત.

INDEX

સમાધાન :- કેલેન્ડર મન્થ માં સતત આઠ દિવસ કે વધુ દિવસોના (રજાના દિવસો બાદ કરીને) રીલીવર તરીકેની કામગીરી કરનાર કર્મચારીને નીચેના પ્રકારની ફરજો માટે નીચે પ્રમાણે રીલીવર એલાઉન્સ આપવાનું ઠરાવવામાં આવે છે.

ફરજનો પ્રકાર	રૂ. (રીલીવર એલાઉન્સ
મેનેજર	રૂ. ૧૨૦/-
ઓફીસર	રૂ ૧૦૦/-
કેશીયર	રૂ. ૮૦/-
વોલ્ટની કામગીરી	રૂ. ૮૦/-
ગોડાઉન કીપર	રૂ. ૮૦/-

કોઈ પણ કર્મચારીને માત્ર એક જ પ્રકારનું જે (Highest) હોય તે જ એલાઉન્સ મળવા પાત્ર થશે. અમલ તા. ૧/૭/૯૧ થી કરવામાં આવે છે.

માગણી નં. ૧૩ :- પ્યુનને યુનિફોર્મ આપવા બાબત..

સમાધાન :- દરેક પ્યુનને યુનિફોર્મ (સિલાઈ સહિત) માટે વાર્ષિક રૂ. ૪૦૦/-ચુકવવામાં આવશે. દર ત્રણ વર્ષે ટેરીવુલ/વુલના પેન્ટ-કોટ માટે સિલાઈ સહિત રૂ. ૫૫૦/-ચુકવવામાં આવશે

યુનિફોર્મ પહેર્યા સિવાય ફરજ પર આવનાર પટાવાળાની તે દિવસની ગેરહાજરી પુરવામાં આવશે.

વોશીંગ એલાઉન્સ બાબતનો સમાવેશ માગણી નં. ૮ માં કરી લેવામાં આવે છે.

માગણી નં-૧૪ ગ્રેજ્યુઈટી આપવા બાબત.

સમાધાન-જ્યારે કર્મચારી નિવૃત્ત થાય અથવા મૃત્યુ પામે કે શારીરિક અને માનસિક રીતે કામ કરવા યોગ્ય ન હોય તો તેની નોકરીના વર્ષોને બે વડે ભાગતાં જે આંકડો આવે તેટલા માસિક કુલ પગાર (બેઝીક વત્તા મોંઘવારી ભથ્થુ) પરંતુ વધુમાં વધુ ૧૮ પગાર ગ્રેજ્યુઈટી તરીકે ચુકવવાનું ઠરાવવામાં આવે

INDEX

છે ગ્રેજ્યુઈટીની ચુકવણી વખતે કર્મચારી છેલ્લો જે પગાર મેળવતો હોય તે પ્રમાણે ચુકવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

માગણી નં.-૧૫ વીમા યોજના અંગે.

સમાધાન :- માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં. ૧૬ :- પુનના પ્રમોશન અંગે.

સમાધાન :- માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં. ૧૭ :- કર્મચારી મૃત્યુ પામે ત્યારે તેના વારસદારને નોકરી આપવા બાબત.

સમાધાન :- માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં, ૧૮ :- સ્ટાફ વેલ્ફર સગવડતા આપવા બાબત.

સમાધાન :- માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં. ૧૯ :- ટ્રેનીંગ અંગેની માંગણી.

સમાધાન :- કર્મચારીઓ તરફથી માગણી આવેથી બેન્ક કર્મચારીઓ પૈકી અનુકુળતા મુજબ વર્ષે એક એક કર્મચારીને એચ. ડી. સી. ની તાલીમ માટે મોકલશે. કર્મચારી એચ. ડી. સી ની. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેથી તેમને એક ઈન્ક્રીમેન્ટ આપવામાં આવશે તેવુ ઠરાવવામાં આવે છે.

માગણી નં. ૨૦ :- ગ્રેજ્યુએટ કર્મચારીને ઈન્ક્રીમેન્ટ આપવા બાબત.

સમાધાન :- બેન્કે તા. ૨/૧૧/૮૮થી કલાર્ક તથા ઉપલી ગ્રેડ માટેના Direc: ભરતીના કર્મચારીઓની લાયકાતનુ ધોરણ તે ગ્રેજ્યુએટ હોવો જોઈએ તેવુ ઠરાવેલ છે. જેથી તા, ૨-૧૧-૮૮ અગાઉ બેંકની સર્વિસમાં જોડાયેલ કલાર્ક/ઉપલી ગ્રેડના કર્મચારીને જો તે ગ્રેજ્યુએટ હોય કે હવે પછી થાય તો એક ઈન્ક્રીમેન્ટ આપવાનુ ઠરાવવામાં આવે છે. તા. ૨-૧૧-૮૮ બાદ બેંકની સર્વિસમાં જોડાયેલા કર્મચારીને આવુ ઈન્ક્રીમેન્ટ આપવામાં આવશે નહીં તેવુ ઠરાવવામાં આવે છે. અમલ તા. ૧-૧-૮૮થી કરવામાં આવશે.

INDEX

માગણી નં. ૨૧ :- સર્વિસ રૂલ્સ તથા સીનીયોરીટી લીસ્ટ બનાવવા બાબત.

માગણી :- પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં. ૨૨ :- પ્રમોશન આપવા બાબત.

સમાધાન :- માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં. ૨૩ :- એકાઉન્ટીંગ પદ્ધતિ સુધારવા બાબત.

સમાધાન :- દરમ્યાનમાં જરૂરી પદ્ધતિ દાખલ કરેલ છે.

માગણી નં. ૨૪ :- રાચ રચીલું વસાવવા લોન આપવા બાબત.

સમાધાન :- દરેક કર્મચારીને ઘરમાં ઉપયોગી ટી. વી. ફ્રીજ, ઘરઘંટી વોશીંગ મશીન વસાવવા કુલ પગારની ૭ ગણી રકમ સુધી લોન સાધનોના ૮૫% સુધી ૭ ૧/૨ ટકા વ્યાજના દરથી ૪૮ માસ સુધી નીચેની શરતોએ આપવામાં આવશે.

શરત નં. ૧. ટી. વી. માટે નવી લોન પાંચ વર્ષ પછીથી ફ્રીજ, ઘરઘંટી તથા વોશીંગ મશીન માટે નવી લોન ૧૦ (દશ) વર્ષ પછીથી આપવામાં આવશે.

શરત નં. ૨ :- હાઉસીંગ લોન/વ્હીકલ લોન, અગાઉની લોનના રીપેમેન્ટ હપ્તાઓની માસિક રકમ વત્તા અંદાજિત માસિક વ્યાજ કર્મચારીના કુલ માસિક પગાર ના ૩૦ (ત્રીસ) ટકાથી વધતી ન હોય તે મર્યાદામાં રહીને જ લોન આપવામાં આવશે.

શરત નં. ૩ :- દર ૭ માસે વ્યાજ અચુક ભરપાઈ કરી આપવુ પડશે. જે બેંક પ્રો. એલા. ની રકમમાંથી સીધેસીધુ કપાત કરી લેશે તેથી વધુ વ્યાજ થતુ હશે. તો પગારમાંથી કપાત કરી લેવામાં આવશે.

શરત નં. ૪ :- લોનનો દુરૂપયોગ કરવામાં આવે તેવા સંજોગોમાં જે તે કર્મચારીની તમામ લોનો ઉપર પાંચ વર્ષ માટે સભાસદો માટેના લોન ના વ્યાજના દરોથી વ્યાજ વસુલ લેવામાં આવશે.

INDEX

માગણી નં. ૨૫ :– આકસ્મિક લોન આપવા બાબત.

સમાધાન :– માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં. ૬ :– ફેસ્ટીવલ તથા ફુડ લોન આપવા બાબત.

સમાધાન :– માગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી નં. ૨૬ :– શૈક્ષણિક લાયકાત અંગેનું ઈન્ક્રીમેન્ટ આપવા બાબત

સમાધાન :– સી. આઈ. આઈ. બી પાર્ટ–૨ પાસ કરનારને એક ઈન્ક્રીમેન્ટ આપવાનું ઠરાવવામાં આવે છે.

માગણી નં ૨૮. મુસાફરી ખર્ચ, એલ ટી સી. આપવા બાબત.

સમાધાન :– બેંક તેના કર્મચારીઓને ત્રણ વર્ષે એક વખત કર્મચારી તથા તેના ઉપર આધારિત કુટુંબના સભ્યો યાત્રા અગર પ્રવાસે જાય તો મુસાફરી ખર્ચ તરીકે કુલ ૩૦૦૦ (ત્રણ હજાર) કી. મી. સુધીનું તેનું રેલ્વેનું ભાડું તથા તેના ઉપર આધારિત તેના કુટુંબના ૪ (ચાર) સભ્યો સુધીનું રેલ્વે ભાડું આપવું.

ઓફીસર્સને–ફર્સ્ટ ક્લાસ ફેર.

સીની. ક્લાર્ક/ક્લાર્ક/પ્યુનને સેકન્ડ ક્લાસ ફેર.

બેંકની કામગીરીને ધ્યાનમાં લઈ કમિટી વધુમાં વધુ એક સાથે બે કર્મચાચારીને આવી પરવાનગી આપશે એકાઉન્ટ ક્લોઝીંગ વખતે આવી પરવાનગી આપવામાં આવશે નહીં. આ યોજનાનો અમલ તા. ૧/૭/૯૧થી કરવાનો છે.

માંગણી નં. ૯ :– રુપે. લીવ આપવા બાબત.

સમાધાન :– માંગણી પાછી ખેંચી લેવામાં આવે છે.

માંગણી નં. ૩૦ :– બોનસ આપવા બાબત.

સમાધાન :– હાલ કર્મચારીઓને જે ધોરણે બોનસ આપવામાં આવે છે તે ધોરણ ચાલુ રાખવાનું ઠરાવવામાં આવે છે.

INDEX

ધી હારીજ નાગરિક બેંક લી.

સહી

પ્રમુખ

"મેન. ડીરેક્ટર

મેનેજર

ધી મહેસાણા જીલ્લા સહ. બેંક કર્મચારી સંઘ મહેસાણા

સહી

પ્રમુખ

જનરલ સેક્રેટરી

જોઈન્ટ સેક્રેટરી

સહી

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર

અમદાવાદ

તા. ૨૨-૭-૭૧

સહી

(બી. એમ. ભટ્ટ)

સભ્ય

ઔદ્યોગિક અદાલત ગુજરાત,

અમદાવાદ.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૬-૯-૭૧

અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શમક/૨૮૦૨૨/આર. યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી રાયપુર મેન્યુ. કું. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના ઓકટોબર માસના ૧લા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી. એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈ સી.) નં. ૮૮/૮૨

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ ... પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી રાયપુર મેન્યુ. કંપની લિ. અમદાવાદ. ... બીજા પક્ષકાર

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઇલ

મીલના મીક્ષીંગ ખાતાના કામદારો પાસેથી વધારાના પાટલાનું જે કામ લેવામાં આવે છે તે બંધ કરવા વગેરે અંગે

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દાખલ કરેલ છે. સંઘે બીજા પક્ષકાર મીલ કંપનીને તા. ૧૩-૧૦-૮૧ ના રોજ કલમ ૪૨(૨) મુજબ ફેરફારની સુચના આપી હતી જે અંગે સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે કંઈ સમજુતિ કરાવી શકેલા નહીં જેથી પ્રથમ પક્ષકાર સંઘને નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપતાં સંઘે હાલનો રેફરન્સ ન્યાય નિર્ણય માટે દાખલ કરેલ છે.

૨. સંઘે મીલ કંપનીને ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલ હતી કે મીલના મીક્ષીંગ ખાતાના કામદારો પાસેથી વધારાનાં પાટલાનું જે કામ લેવામાં આવે છે તે બંધ કરવું જોઈએ અને અત્યાર સુધી લીધેલ કામનું યોગ્ય મહેનતાણું ચુકવી આપવું જોઈએ અગર તો એક મક્ષીંગવાળો વધારી આપવો જોઈએ.

INDEX

રેફરન્સમાં સંઘે આંક ૪થી તેમનું માગણાનું નિવેદન રજુ કરેલ છે. જ્યારે બીજા કંપનીએ તેમનો લેખીત જવાબ આંક-૬થી તા. ૨૯-૧૧-૮૩ના રોજ રજુ કરેલ છે. ત્યાર બાદ રેફરન્સ સંઘના પુરાવા માટે રાખવામાં આવેલ હતો. પરંતુ સંઘ તરફે આંક-૭થી આંક-૨૧ સુધી અવારનવાર મુદત માટેની અરજીઓ આપેલ છે જે મુજબ તેમને પુરાવો રજુ કરવા માટે ન્યાયના હીતમાં ઘણી તકો આપવામાં આવેલ છે તેમ છતાં સંઘે તેમની માગણીના સમર્થનમાં કોઇ પુરાવો રજુ કરેલ નથી. છેવટે આ રેફરન્સ તા. ૨૮-૮-૯૧ના રોજ રાખેલ હતો ત્યારે પણ સંઘ તરીકે આંક-૨૨ની અરજી આપી મુદતની માંગણી કરેલ હતી. જે અરજી ગ્રાહ્ય રાખેલ નથી, કારણ કે સંઘને પુરાવો રજુ કરવા માટે ઘણી મુદતો આપવામાં આવેલ છે અને મુદત માટે વાજબી કારણ નથી. માટે કામદારોને માંગણી અંગે કોઈ રસ ન હોઈ હવે વધુ મુદત આપવી વાજબી જણાતું નથી. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

- હુકમ -

૪. પ્રથમ પક્ષકાર સંઘને માગણીના સમર્થમાં પુરાવો રજુ કરવા માટે ઘણી તકો આપેલ હોવા છતાં કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ માંગણી ગ્રાહ્ય રાખવામાં આવતો નથી અને તે રીતે રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
બી. ન. પટેલ
રજીસ્ટ્રાર,
અમદાવાદ તા. ૭-૯-૧૯૯૧

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

તા. ૧-૧૦-૯૧
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિયંધક દ્વારા.

ક્રમાંક બ/શમક/૨૭૯૩૬ આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું ગુજરાત બેંક વર્કસ યુનિયન, અમદાવાદ અને ખેડા પીપલ્સ કો. ઓ. બેંક લી, ખેડા ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૭ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ
શ્રી આર. એસ. શુકલ, સભ્ય હજૂર.
રેફરન્સ (આઈસી) નં. ૧૩૦/૯૦

ગુજરાત બેન્ક વર્કસ યુનીયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ખેડા પીપલ્સ બેંક કો. ઓ. બેન્ક લી. ખેડા. બીજા પક્ષકાર

ઉદ્યોગ : બેન્કીંગ

બેન્કના કર્મચારીઓને પગાર, મોંઘવારી, ઘરભાડુ, રજાઓ, બઢતી વગેરે લાભો આપવાની માંગણીઓ અંગે.

ચુકાદો

૧. સદરહુ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર બેન્કને તા. ૧૯-૪-૯૦ના રોજ બી. આઈ. આર. એકટની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના આપતાં, તે અંગે સમાધાનકાર પક્ષકારો વચ્ચે કોઈ સમજુતિ કરાવી શકયા નથી જેથી સંઘે ઉપસ્થિત કરેલો છે.

૨. આ રેફરન્સમાં ચાલુ કામે પક્ષકારોને આંક ૮ની પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે રેફરન્સની માંગણીઓ અંગે સમાધાન થઇ ગયેલ

INDEX

હોય તે મુજબ એવોર્ડ આપવા વિનંતી છે. સદર સમાધાનની શરતો યોગ્ય અને વાજબી જણાય છે આથી તે મુજબ એવોર્ડ કરી આપવો જોઈએ; આથી આ રેફરન્સમાં હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. બંને પક્ષકારોએ આંક-૮ના સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે. સદરહુ સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવી. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આંક-૮

ધી ખેડા પીપલ્સ કો. ઓ. બેંક લિ. ખેડા અને ગુજરાત બેંક વર્કર્સ યુનીયન વચ્ચે થયેલ સમાધાનની શરતો :-

સમાધાનની શરતો :-

ધી ખેડા પીપલ્સ કો. ઓ. બેંક લિ. ખેડા (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ 'બેંક' તરીકે કરવામાં આવશે. અને ગુજરાત બેંક વર્કર્સ યુનીયન (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ 'યુનીયન' તરીકે કરવામાં આવશે.) એમ બંને પક્ષો વચ્ચે થયેલી સમજુતી પ્રમાણે નીચે મુજબ સમાધાન કરવામાં આવે છે.

(૧) (અ) બેંકના કર્મચારીઓના પગાર ધોરણો નીચે પ્રમાણે રહેશે.

કક્ષા નં. ૧ (અ) મેનેજર, જનરલ મેનેજર (બોર્ડ નક્કી કરે તે (મુજબ)

(બ) આસી. મેનેજર, એડ. ઓફિસર.

૫૫૦-૪૦-૭૫૦-૬૦-૧૦૫૦-૮૦-૧૪૫૦-૧૦૦-૧૯૫૦

કક્ષા નં. ૨. સીનીયર ઓફિસર :-

૪૫૦-૨૫-૫૭૫-૪૦-૭૭૫-૫૫-૧૦૫૦-૭૦-૧૪૦૦-૭૫-૧૫૫૦.

કક્ષા નં. ૩. જુનીયર ઓફિસર :-

૩૨૫-૨૦-૪૨૫-૩૦-૫૭૫-૪૦-૭૭૫-૫૦-૧૦૨૫-૫૫-૧૩૦૦.

INDEX

કક્ષા નં. ૪ નોન સબોર્ડીનેટ સ્ટાફ :–

૨૪૦–૧૦–૨૯૦–૧૫–૩૬૫–૨૦–૪૬૫–૩૦–૬૬૫–૩૫–૭૯૦.

કક્ષા નં. ૫. સબોર્ડીનેટ સ્ટાફ :–

૧૨૦–૮–૧૬૦–૧૦–૨૧૦–૧૨–૨૭૦–૧૫–૩૪૫–૨૦–૪૪૫.

(બ) ઉપર જણાવેલ કક્ષાઓમાં નીચે પ્રમાણેના હોદ્દાઓનો સમાવેશ થશે.

કક્ષા નં. ૧. (અ) જનરલ મેનેજર, મેનેજર.

(બ) આસી: મેનેજર, હેડ ઓફિસર.

કક્ષા નં. ૨. એકાઉન્ટન્ટ, લોન સુપ્રિન્ટેન્ડેન્ટ, શાખા મેનેજર.

કક્ષા નં. ૩. આસી. એકાઉન્ટન્ટ, ઓફિસર.

કક્ષા નં. ૪. ક્લાર્ક, કેશીયર, ગોડાઉન કીપર, ટાઈપીસ્ટ, કસ્ટોડીયન, ક્લીયરીંગ ક્લાર્ક.

કક્ષા નં. ૫. પટાવાળા, વોચમેન, ડ્રાયવર.

(૨) નવીન માળખામાં ગોઠવણી :–

(અ) નવીન માળખામાં ગોઠવણીમાં સ્ટેજ ટુ સ્ટેજ કરવામાં આવશે. અને બે કે આપેલ બક્ષીસના ઈજાફા અલગ ગણવામાં આવશે.

(બ) વાર્ષિક ઈન્ક્રીમેન્ટ : દરેક કર્મચારીને વાર્ષિક ઈન્ક્રીમેન્ટ એપ્રિલ માસથી આપવામાં આવશે.

(ક) શૈક્ષણિક લાયકાત માટે સ્ટેજ ટુ સ્ટેજ ફીટમેન્ટ ઉપરાંત નીચે પ્રમાણે પુરસ્કાર આપવામાં આવશે.

(૧) એલ ડી. સી. અથવા સી. એ આઇ આઈ. બી. પાર્ટ–૧ પાસ – ૧ પુરસ્કાર

(૨) સ્નાતક–અનુસ્નાતક, સી. એ. આઈ. બી. પાર્ટ–૨ પાસ ૨ પુરસ્કાર.

INDEX

(૩) જી. ડી સી. એન્ડ એ. એચ. ડી. સી. પૈકી ગમે તે એક અથવા વધુ લાયકાત માટે ૨ પુરસ્કાર.

(૩) ખાસ ભથ્થા :– નીચેના હોદ્દાઓનું કામ કરનાર કર્મચારીઓને જે તે હોદ્દાની કામગીરી માટે તેની સામે જણાવ્યા મુજબ માસિક ભથ્થા આપવામાં આવશે,

(૧) કેશીયર ... રૂા. ૩૦–૦૦

(૨) ટાઈપીસ્ટ ... રૂા. ૧૫–૦૦

(૩) કસ્ટોડીયન ... રૂા. ૧૫–૦૦

ઉપરોક્ત સ્પેશીયલ એલાઉન્સવાળી જગ્યાઓ સીનીયોરીટી મુજબ આપવામાં આવશે.

ઉપરના ખાસ ભથ્થાઓ બેઝીક પગારનો ભાગ ગણવામાં આવશે. જે ખાસ ભથ્થું મેળવતા કર્મચારી રજા ઉપર હોય તેની જગ્યાએ કામ કરનાર ને કામના દિવસો ના પ્રમાણમાં ભથ્થુ આપવામાં આવશે. કોઇપણ એક કરતાં વધુ માસિક ખાસ ભથ્થા મેળવવા પાત્ર થતો હોય તો જે ખાસ ભથ્થું વધારે હોય તે એક જ ખાસ ભથ્થુ મેળવી શકશે.

(૪) મોંઘવારી ભથ્થું :–

(અ) દરેક કર્મચારીને નીચેના ધોરણે મોંઘવારી ભથ્થું આપવામાં આવશે. જે અખિલ ભારતીય શ્રમજીવી ગ્રાહક ભાવાંક ૧૯૬૦ (૧૯૬૦–૧૦૦) ના આંક સાથે જોડવામાં આવે છે

(બ) કક્ષા નં. ૨ થી ૪ સુધીના કર્મચારીઓ માટે સરેરાશ દર ત્રણ માસે ૧૯૬૦–૧૦૦ ના ભાવાંક ઉપરાંત પ્રત્યેક ચાર આંક દીઠ ત્રણ ટકા પ્રમાણે અને કક્ષા નં. ૫ ના કર્મચારીઓ માટે ચાર ટકા પ્રમાણે મુળ પગાર તેમજ ખાસ ભથ્થાઓ ઉપર મોંઘવારી આપવાની રહેશે. આ માટે ભારત સરકાર તરફથી પ્રસિદ્ધ થતાં 'ઈન્ડીયન લેબર જનરલ' અથવા ગેઝેટ ઓફ ઈન્ડીયામાં ભાવાંક પ્રગટ થાય છે. અને આ બેંક માટેની ગુરુત્તમ મર્યાદા બેઝીક પગાર કેટેગરી ૨–૩ માટે રૂા. ૬૦૦/–૪ માટે રૂા. ૫૦૦/–અને કેટેગરી–૫ માટે રૂા ૨૭૫/–સુધીની નક્કી કરવામાં આવે છે. તેને ગણતરીમાં લેવામાં આવશે.

INDEX

(૫) ઓફિસીએટીંગ ભથ્થું : –

કોઇપણ કર્મચારી ઉપલી કક્ષાના કર્મચારીની કામગીરી કરવાના પ્રસંગે જે કર્મચારીની જગ્યાએ ઓછામાં ઓછા ૧૫ દિવસ કામગીરી કરી હોય તેના કુલ પગારના અથવા પોતાના કુલ પગારના એમાંથી જે વધુ હોય તેના ૧૦ ટકા લેખે ઓફિસીએટીંગ ભથ્થુ મોંઘવારી સહ આપવામાં આવશે.

(૬) ઘરભાડું : – કક્ષા નં. ૨–૩ ... માસિક રૂા. ૧૫૦–૦૦

કક્ષા નં. ૪ ... માસિક રૂા. ૧૦૦–૦૦

કક્ષા નં. ૫ ... માસિક રૂા. ૭૫–૦૦

(૭) નીભાવણી ભથ્થુ : – જો કોઇપણ કર્મચારીને બેંક તરફથી સસ્પેન્ડ કરવામાં આવે તેવા પ્રસંગે નીચેના ધોરણે હંગામી ભથ્થું આપવાનું રહેશે

(અ) પહેલાં પંદર દિવસ માટે મુળ પગારના ૫૦ ટકા રકમ તથા મોંઘવારી ૫૦ ટકા અને પુરેપુરુ ઘરભાડું આપવામાં આવશે.

(બ) ૧૫ દિવસ પછીના સમય માટે ૭૫ ટકા મુળ પગાર મોંઘવારી અને ઘરભાડું (૧૦૦) ટકા પુરૂ ચુકવવામાં આવશે.

(૮) ડેઈલી હોલ્ટીંગ એલાઉન્સ :

કેટેગરી (૧) માટે ... મેનેજમેન્ટ નક્કી કરે તે.

,, (૨) ,, ... દૈનિક રૂા. ૩૦–૦૦

,, (૩) ,, ... દૈનિક રૂા. ૨૫–૦૦

,, (૪) ,, ... દૈનિક રૂા. ૨૦–૦૦

,, (૫) ,, ... દૈનિક રૂા. ૧૫–૦૦

(૯) બીમારી ભથ્થું : –

દરેક કર્મચારીને માસિક રૂા. ૫૦/– નું મેડીકલ એલાઉન્સ દર વર્ષે માર્ચ માસના પગાર સાથે આપવામાં આવશે.

INDEX

(૧૦) ડ્રેસ તથા ધોલાઈ :-

સબોર્ડીનેટ સ્ટાફને દર બે વર્ષે ટેરીકોટન ડ્રેસ આપવામાં આવશે. તેમને માસિક રૂ. ૧૫-૦૦ લેખે ધોલાઈ ખર્ચ આપવામાં આવશે. તથા દર પાંચ વર્ષે એક વખત ગરમ કાપડનો ડ્રેસ તથા દર ત્રણ વર્ષે એક રેઈનકોટ/છત્રી આપવ'માં આવશે.

(૧૧) ઓવર ટાઈમ અને કામના કલાકો :-

(અ) દરેક કર્મચારીએ સોમથી શુક્ર સુધી ૬।। કલાક અને શનીવાર માટે ૪।। કલાકની કામગીરી કરવાની રહેશે. રીસેશ સિવાય. રીસેશ સોમથી શુક્ર ૦।। (અડધો) કલાકની રહેશે. અને રીસેશ પત્રકમાં દરેક કર્મચારીએ સહી કરવાની રહેશે.

(બ) દરેક કર્મચારીએ આખા વર્ષ પેટે ઓવરટાઈમમા કરવામાં આવેલી કામગીરી તથા બંને કલોઝીંગની કામગીરી પેટે તેના ર (બે) પગાર મુળ પગાર બેઝીક) વત્તા મોંઘવારી તેમજ ખાસ ભથ્થાં સહીત રકમ ઓવર ટાઈમ કામ પેટે જે તે કલોઝીંગના આશમાં આપવામાં આવશે.

(ક) દરેક સબોર્ડીનેટ સ્ટાફે પંદર મીનીટ વહેલાં ફરજ ઉપર હાજર થવાનું રહેશે. અને ફરજનો સમય પુરો થયા બાદ બેંકનો રેકર્ડ યોગ્ય જગ્યાએ વ્યવસ્થીત રીતે મુકીને જ જવાનું રહેશે બાકીના કર્મચારીઓએ પોતાની ફરજ ઉપર ૧૦ મીનીટ વહેલાં હાજર થવાનું રહેશે.

(ડ) દરેક કર્મચારીઓને દરેક ટેબલનો અનુભવ થાય તેને અનુલક્ષીને વખતો વખત બેંકની વહીવટી અનુકુળતાને ધ્યાનમાં લઈ જોબ ચાર્ટ બેંક બદલી શકશે. અને તે મુજબ કર્મચારીઓએ તેનો સ્વીકાર કરવાનો રહેશે.

(ઈ) દરેક કર્મચારીઓએ હાજરી પત્રકમાં ફરજ ઉપર હાજર થયાનો અને ફરજ પુરી થયેથી અને રીસેશમાં આવવા જવાનો સમયની નોંધ કરવાની રહેશે.

INDEX

(૧૨) તાલીમ :- કોઈપણ પ્રકારની ઐકીંગત કે સહકારી તાલીમ માટે એક સૌથી સીનીયર માણસને પસંદગી આપશે. તાલીમાર્થી કર્મચારીને તાલીમના સમય દરમ્યાન પુરો પગાર મોંઘવારી તેમજ ઘરભાડુ મળશે. તાલીમાર્થી કર્મચારીને તાલીમના અનુસંધાનમાં પ્રેકટીકલ તાલીમ માટે બહાર જવું પડે તે બદલ તેને દૈનિક ભથ્થુ અપાશે જે કોઈ કર્મચારી બઢતી સ્વીકારવાની ના પાડે અથવા વજુદવાળા કારણો સિવાય તાલીમમાં જવાની ના પાડે તેને તાલીમ માટે પસંદ કરવામાં આવશે નહીં.

(૧૩) રજાઓ અને તે અંગેના નિયમો :-

(૧) હકકરજા :- દરેક કર્મચારીને તેના નોકરીના દર એક વર્ષે ૩૦ દિવસ લેખે હકક રજા મળશે. એવી ૯૦ દિવસથી વધુ રજા એકત્ર કરી શકશે નહીં. હકક રજા ૯૦ દિવસ સુધી એકત્ર થઈ હોય ત્યારે કર્મચારી તેમાંથી વધારાની રજાઓ જેટલો હિસ્સો રોકડમાં ફેરવી શકશે. હકક રજા માનનાર કર્મચારીને રજા શરુ થવાની હોય તે પંદર દિવસ પહેલાં લેખિત માંગણી કરવાની રહેશે. તાકીદની જરુરીયાત વખતે આ મુદતનો બાધ રહેશે નહીં. રજા લેખીત મંજુર કરાવેલ ના હોય તે મંજુર ગણી શકાશે નહીં. શેઠ જો કોઈપણ સંજોગોમાં રજા ના-મંજુર કરે તો ના મંજુરના કારણ તે કાયમી કર્મચારીને લેખીત આપવાનું રહેશે. અને નાં મંજુર રજાઓ ૯૦ દિવસની મર્યાદા ઉપરાંત એકત્ર કરી શકશે જે કર્મચારી રીટાયર્ડ થાય ત્યારે તે ભોગવી શકશે. ૯૦ દિવસ ઉપરાંતની હકક રજાઓ રોકડમાં દર જુન માસના અંતે ફેરવી શકશે.

(૨) (અ) માંદગીની રજા :- દરેક કર્મચારીને દર વર્ષે ૧૫ દિવસની માંદગીની રજા પુરા પગારે મળશે. જે ૧૮૦ દિવસ સુધી એકત્રિત કરી શકાશે. જે કોઈ કર્મચારી પાસે એકત્રિત રજા ન હોય તેને અસાધારણ સંજોગોમાં રજા જોઈતી હોય તો ૬ માસ સુધીના અડધા પગારે રજા આપવાની રહેશે. ચઢેલ રજાઓ રીટાયર્ડ થતી વખતે ભોગવી શકાશે. અથવા રોકડમાં ફેરવી શકાશે. માંદગીમાં એમ. બી. બી. એસ. ડૉકટરનું સર્ટીફીકેટ માન્ય ગણાશે. અને ૧૫ દિવસની ઉપરાંતની રજાઓ માટે ખેડા સીવીલ હોસ્પીટલનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

INDEX

(૩) આકસ્મીક રજા : દરેક કર્મચારીને વર્ષની ૧૫ દિવસની પુરાપગારે આકસ્મીક રજા મળી શકશે. વર્ષના અંતે નહીં વપરાયેલી આકસ્મીક રજાઓનું માંદગીની રજામાં રુપાંતર કરવામાં આવશે. જે માંદગીની રજામાં રુપાંતર કરવામાં આવશે. જે માંદગીની ૧૮૦ દિવસની મર્યાદા ઉપરાંતની ગણાશે. આકસ્મીક રજાઓ એક સાથે પાંચ દિવસથી વધુ મળી શકશે નહીં. અનિવાર્ય સંજોગો સિવાય એક દિવસ અગાઉ રીપોર્ટ મુકવાનો રહેશે. રજા મંજુર કરાવ્યા પછી જ રજા ઉપર જવાનું રહેશે. આકસ્મીક રજાઓ માટે જુન/ડીસે માસમાં અનિવાર્ય સંજોગો સિવાય એક દિવસથી વધારે રજા મંજુર કરવામાં આવશે નહીં.

(૪) બિન પગારી રજા : – કર્મચારી પાસે કોઈપણ પ્રકારની રજાઓ ન હોય ત્યારે બિનપગારી રજા મેળવી શકાશે. એવી રજા નોકરી દરમ્યાન છ માસ સુધી બેંકની મંજુરીથી લઈ શકાશે."

(૫) દર વર્ષે જુન માસના અંતે દરેક પગારની રજાઓ કર્મચારીઓના રજાના ખાતામાં જમા કરવામાં આવશે.

(૬) કર્મચારી નિવૃત્ત વયે રીટાયર્ડ થાય, રાજીનામું આપે અથવા બેંક છુટા કરે તેવા પ્રસંગે તેના ખાતે જમા રહેલી તમામ પ્રકારની માંદગી સિવાયની રજાઓનો પગાર એન્કેશ કરી શકશે અથવ છુટા થતાં પહેલાં રજા ભોગવી શકશે. કોઈપણ પ્રકારની રજાઓ જોઈન્ટ રીતે લઈ શકાશે નહીં. અનિવાર્ય સંજોગો સિવાય આ માટે એક દિવસ અગાઉ જાણ કરવી.

(૧૩) અગ્રતાક્રમ (સીનીયોરીટી લીસ્ટ) : –

બેંક તરફથી દરેક કક્ષા માટે કક્ષાવાર અગ્રતાક્રમ યાદી દર વર્ષે માર્ચ માસમાં તૈયાર કરવામાં આવશે. અગ્રતાક્રમ દાખલ થયા તારીખથી ગણાશે. અગ્રતાક્રમ માટે નીચે જણાવ્યા પ્રમાણે ગુણાંક પદ્ધતિનો અમલ કરવાનો રહેશે

(૧) પહેલાં દશ વર્ષની નોકરી માટે દર વર્ષ માટે ૧ ગુણ.

(૨) દશ વર્ષની ઉપરાંતની નોકરી માટે દર એક વર્ષ માટે ૨ ગુણ.

(૩) એચ ડી. સી. સી. એ. આઈ. આઈ. બી. ભાગ–૧ માટે ૧ ગુણ.

INDEX

(૪) સ્નાતક એચ. ડી. સી. જી. ડી. સી. એ. સી. એ. આઈ. આઈ. બી. ભાગ-૨ વિશ્વવિદ્યાલયનો સહકાર ડીપ્લોમાં-૨ ગુણ.

(૫) ડબલ્યુ ગ્રેજ્યુએટ અનું સ્નાતક સાથે જી. ડી. સી. એ. અથવા એચ. ડી. સી. અથવા સી. એ. આઈ. આઈ. બી. ભાગ-૨. ૩. ગુણ.

નોંધ :- બઢતી પામેલ કર્મચારી નવીન કક્ષામાં જ્યારથી બઢતી મેળવે ત્યારથી તે કક્ષામાં તેની અગ્રતા શરૂ થશે.

(૧૪) બઢતી અંગે નીતિ :-

(૧) ઉપલી કોઈપણ કક્ષામાં જગ્યા ખાલી પડે અથવા નવી જગ્યા ઉભી કરવામાં આવે ત્યારે તેની કક્ષાથી તાત્કાલિક ઉતરતી કક્ષામાંથી જે કર્મચારી અગ્રતાક્રમમાં અગ્ર હશે તેને બઢતી આપવામાં આવશે. પરંતુ એક સરખી દાખલ તારીખ ધરાવતી એક કરતાં વધુ વ્યક્તિઓ બઢતી મેળવવા પાત્ર હોય તેવા સંજોગોમાં લેખિત કસોટી દ્વારા કોને બઢતી આપવી તે બેંક નક્કી કરશે. જે દિવસથી જગ્યા ખાલી પડે તે દિવસથી બઢતી મેળવનાર વ્યક્તિ બઢતી થયેલ ગણાશે.

(૨) બઢતી આપતી વખતે કર્મચારીનો ઉપલી કક્ષામાં પગાર નક્કી કરવા માટે તેના મુળ પગાર, ખાસ ભથ્થું મળતું હોય તો તે મેળવી જે રકમ આવે તે ઉપલી કક્ષામાં જે તબક્કે બંધ બેસતી હોય ત્યાં ગોઠવવી. જો રકમ બરાબર બંધ બેસતી ન હોય તો તે પછીના તબક્કામાં ગોઠવવી અને ત્યારબાદ બઢતીના બે ઈજાફા તેમાં ઉમેરવામાં આવશે. અને આ રીતે નક્કી થતો પગાર બઢતી બાદનો પગાર ગણાશે.

(૩) બઢતીની તારીખથી ત્રણ માસ સુધી બઢતી પામેલ કર્મચારી બઢતીની જગ્યાએ અજમાયશી તરીકે રહેશે. આ સમય પુરો થાય તે પહેલાં કર્મચારી પોતાની મુળ જગ્યાએ જવા લેખીત ઇચ્છા વ્યક્ત કરે તો તેને તેના મુળ સ્થાને મુકી શકાશે. તેમજ આ સમય દરમ્યાન બઢતી આપેલ કર્મચારીનું કામ બેંકને સંતોષકારક ન લાગે તો બેંક પણ આવા કર્મચારીને સમય મર્યાદા પુરી થતા મુળ સ્થાને લાવી શકશે.

(૪) જો કોઈ કર્મચારી નક્કર કારણ સિવાય બઢતી સ્વીકારે નહીં તો તેવા કર્મચારી બઢતી માટેનો પોતાનો અધિકાર ભવિષ્ય માટે ગુમાવશે.

INDEX

(૧૫) પ્રોવીડંન્ડ ફંડ :-

પ્રો. ફંડમાં કર્મચારીઓનો ફાળો તેના કુલ પગારમાં તથા મુળ રૂપે, એલાઉન્સ સાથે ૧૦% પ્રમાણે રહેશે. અને બેંક પણ એટલો જ ફાળો ઉમેરશે. પ્રો. ફંડ અંગેની યોજના હાલની પ્રથા મુજબ ચાલુ રહેશે.

(૧૬) ગ્રેજ્યુઇટી યોજના :-

નીચે પ્રમાણે ગ્રેજ્યુઇટી યોજના દરેક કર્મચારીને લાગુ પડશે. અને તે તેના લાભ માટે નીચેની યોગ્યતા ગણાશે.

(૧) નોકરી દરમ્યાન મૃત્યુ અથવા શારીરીક કે માનસીક અકસ્માત માટે જો ચાર વર્ષની નોકરી થઈ હોય તો.

(૨) પાંચ વર્ષની પુરી થયેલ નોકરી બાદ નિવૃત્તિને કારણે સ્વૈચ્છિક રાજીનામુ આપવાના કારણે અથવા બરતરફીના સંજોગોમાં.

(૩) ગ્રેજ્યુઇટી દર વર્ષની પુરી નોકરી માટે છેલ્લા એક માસનો મેળવેલ પુરો પગાર (પગાર, મોંઘવારી) વધુમાં વધુ ૨૦ પગાર જેટલી આપવાની રહેશે.

નોંધ :- જો કોઈ કર્મચારીને હિસાબમાં ગોટાળો યા ઉચાપત માટે બરતરફ કરવામાં આવે તો તે કર્મચારીના આવા કૃત્યથી જે નુકશાન થયું હોય તે રકમ બાદ કરીને ગ્રેજ્યુઈટી ચુકવવામાં આવશે.

(૧૭) મધ્યમ મુદત લોન :-

દરેક કાયમી કર્મચારીને રૂા. ૧૦,૦૦૦/-(દશ હજાર) સુધી મળી શકશે. જે ચાર વર્ષ (૪૮ હપ્તામાં) ચુકવવાની રહેશે. જેમાં વ્યાજનો દર ૧૦ ટકા ગણાશે.

(૧૮) ઘર વપરાશી ચીજ વસ્તુઓ :-

વાહન ખરીદવા માટે દરેક કાયમી કર્મચારીને વસ્તુની કિંમતના ૭૦ ટકા જેટલી રકમની લોન મળશે. જેનો વ્યાજનો દર ૯% રહેશે. જે ચાર વર્ષમાં ચુકવવાની રહેશે. આવી લોન જે તે વસ્તુ માટે એક જ વખત મળશે. એમાંથી ફક્ત કોઈપણ એક વસ્તુ માટે જ.

INDEX

(૧૯) ફેસ્ટીવલ લોન :-

એક પગારની વર્ષમાં એક વખત વગર વ્યાજની મળશે.

જે ૧૦ હપ્તામાં ચુકવવાની રહેશે. જે દર માસે જે તે કર્મચારીના પગારમાંથી કાપવામાં આવશે.

(૨૦) હાઉસીંગ લોન :-

બેંકના દરેક કાયમી કર્મચારી કે જેણે પાંચ વર્ષની નોકરી પુરી કરી હોય તેને રૂા. ૭૫,૦૦૦/- અથવા મકાન બાંધકામ/ખરીદીના/બજાર કિંમતના ૭૦% એમાંથી જે ઓછું હોય ત્યાં સુધી મકાન માટે લોન મળશે. સદર લોન ફક્ત પોતાના રહેવા માટે જ મળશે, જેનો સાદા વ્યાજનો દર ૧૦ (દશ) ટકા રહેશે. સદર લોનમાં પ્રથમ હપ્તાથી મુડીની વસુલાત થશે. મુડીની વસુલાત બાદ વ્યાજની વસુલાત થશે. સદર લોનમાં બેંકે વ્યાજનું વ્યાજ ગણવાનું નથી. સદર ખાતામાં વ્યાજની ગણત્રીનું ખાતું અલગ રાખવામાં આવશે. જે ખાતામાં દર છ માસે બાકી રહેલ લોન ઉપર વ્યાજ ગણી ઉધારવામાં આવશે. સદર પ્રથા જે સ્ટાફે આ પ્રકારની લોન-જયારથી લીધી હોય ત્યારથી વ્યાજ ગણત્રી કરી અમલ કરવાનો છે. આનો અમલ, તા. ૧૫-૮-૯૧થી ગણવામાં આવશે.

(૨૧) ગ્રુપ ઈન્સ્યોરન્સ :

બેંકના દરેક કર્મચારીનો ગ્રુપ ઈન્સ્યોરન્સ બેંક લેશે જેનું પ્રિમીયમ બેંક ભરશે.

(૨૨) નિવૃત્તિ વય મર્યાદા :-

નિવૃત્તિ વય મર્યાદા ૫૮ વર્ષની રહેશે. ૫૮ વર્ષની વય થયે નોકરીમાં ચાલુ રહી શકશે નહીં, ૨૦ વર્ષની નોકરી કર્યા બાદ કર્મચારી સ્વેચ્છાએ નિવૃત્ત થઈ શકશે. બેંકને જયારે જરૂર જણાશે ત્યારે બેંક કોઈપણ કર્મચારી પાસેથી ફીટનેસ સર્ટીફીકેટ મંગાવી શકાશે.

(૨૩) બોનસ :-

કર્મચારીઓને બોનસ એકસગ્રેશીયા સહીત ચાલુ પ્રથા મુજબ આપવામાં આવશે.

INDEX

(૨૪) બી. આઈ. આર. ના મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સ બેંકના કર્મચારીઓને લાગુ પડશે.

(૨૫) આ સમાધાન અંગે કોઈપણ વિવાદ ઉભો થાય ત્યારે બેંક અને યુનિયન ચર્ચા કરી તેનો નિવેડો લાવશે. વાટાઘાટોથી નિવેડો ન આવે તો ઉભયપક્ષે થયેલ સમજુતિ અનુસાર ઉકેલ લાવવાના પગલાં લેવાશે.

(૨૬) આ સમાધાન દ્વારા કોઈપણ કર્મચારીને કોઈપણ બાબતમાં અવળી અસર થતી હોય અથવા નુકશાન થતું હોય તેવા સંજોગોમાં અગાઉ મળતી વધુ સારી સવલત મેળવવી ચાલુ રહેશે.

(૨૭) આ સમાધાન તા. ૧-૭-૯૦ થી અમલમાં આવશે અને તા. ૩૦-૬-૯૪ સુધી અમલમાં રહેશે.

(૨૮) સમાધાનના અમલ દરમ્યાન બેંકને વધારાનો બોજો પડે તેવી માંગણી યુનિયન તથા કર્મચારીઓ દ્વારા રજુ કરવામાં આવશે નહીં. આ સમાધાનમાં બેંક શબ્દ વપરાયેલ છે ત્યાં બેંક એટલે બેંકનું સંચાલક મંડળ એમ સમજવું.

તા. ૧૫-૮-૯૧ સ્થળ :- ખેડા.

ચેરમેન/મેનેજીંગ ડારેકટર. સાક્ષી :-
ધી ખેડા પીપલ્સ કો.ઓ. બેંક લિ.
ખેડા.

જોઈન્ટ સેક્રેટરી. સાક્ષી :-
ગુજરાત બેંક વર્કર્સ યુનીયન.
ખેડા યુનિટ, નડીયાદ.

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
તા. ૩૦-૮-૯૧

આર. એસ. શુકલ
મુખ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિયંત્રક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૭-૯-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમન અન્વયેના
અધિસુચનના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૮૦૨૬ આર.યુ સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂઈએ હું મજૂર મહાજન સંઘ સિદ્ધપુર અને દેવતી ફેબ્રીકસ લી. સિદ્ધપુર ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડાની સને ૧૯૯૧ના ઓક્ટોબર માસના ૧લા દિને આથી નોંધ કરું છું

In the Industrial, Court, Gujarat

Before Shri H. D. Pandye. President

Misc. Application (IC) No. 12 of 1991

In

Reference (IC) No. 421 of 1974

Between

Majoor Mahajan Sangh, Sidhpur. Applicant

And

Devti Fabrics Ltd., Sidhpur. Opponent

In the matter of modification of an award in Reference (IC) No. 421 of 1974 regarding allotting folding work to Folders in Crey Folding Department.

Industy : Cotton Textile.

SUPPLEMENTARY AWARD

This is a joint application under Section 116A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the award made in Reference (IC) No. 421 of 1974, requesting me to make an award in terms of the settlement mutually arrived at between the parties as embodied in Annexure "A" The application has

INDEX

been signed by the competans persons and I find the terms of settlement to be fair and reasonable. I, therefore, take the terms of settlement on record and make this Supplemantary award in terms of settlement Annexure 'A'. which is annexed hereto. No order as to costs.

નામદાર ઔદ્યોગિક અદાલત, ગુજરાત સમક્ષ

મીસે. મોડીફીકેશન અરજી (આઈસી) નં. ૧૩/૧૯૯૧

ઈન

રેફ. (આઈસી) નં. ૪૨૧/૧૯૭૪

મજુર મહાજન સંઘ, સિદ્ધપુર
મજુર સેવાસદન, સિદ્ધપુર,
જી. મહેસાણા ... પ્રથમ પક્ષકાર

અને

દેવતી ફેબ્રીકસ લી. સિદ્ધપુર
જી. મહેસાણા ... દ્વિતીય પક્ષકાર

ઉપરોક્ત રેફરન્સમાં પક્ષકારો વચ્ચે તા. ૨૪-૩-૧૯૭૫ના રોજ થયેલા સમાધાન મુજબ નામદાર ઔદ્યોગિક અદાલતે તા. ૫-૪-૧૯૭૫ના રોજ એવોર્ડ આપેલો છે. સદર એવોર્ડ મુજબ દેવતી ફેબ્રીકસ લી સિદ્ધપુરના ગ્રે ફોલ્ડીંગ ખાતામાં ફોલ્ડર દીઠ ૧૦૦ સાંચાનું કાપડ વાળવાનું કામ મીલ્સ કંપનીએ સોપેલું છે. મીલમાં સુતરાઉ કાપડને બદલે પોલીએસ્ટર કાપડ વણવામાં આવે છે આથી ગ્રે ફોલ્ડર દીઠ ૧૦૦ સાંચાને બદલે ૧૩૦ સાંચાનું કાપડ વાળવાનું કામ સોપવા અને ગ્રે ફોલ્ડર્સની કાયમી જગાઓમાથી ફાજલ પડતી જગાઓ ઓછી કરવા, મીલ્સ કંપનીએ ઉપરોક્ત એવોર્ડમાં સુધારો કરવા માંગણી કરતો પત્ર તા. ૯-૪-૧૯૯૧ના રોજ મજુર મહાજન સંઘ સિદ્ધપુરને લખ્યો છે. આ ફેરફારની માંગણી અંગે મીલ્સ કંપની અને આ મીલના કામદારોનું બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ મુજબ પ્રતિનિધિત્વ ધરાવતા અને માન્યતા ધરાવતા મજુર મહાજન સંઘ, સિદ્ધપુર વચ્ચે વાટાઘાટો કરવામાં આવતા ઉપરોક્ત એવોર્ડ મોડીફાઈ કરવા માટે નીચે મુજબ સમાધાન કરવામાં આવે છે.

INDEX

સમાધાનની શરતો

૧. મીલ્સ કંપની શાળ ખાતામાં પહેલી પાળીમાં ૪૪૦, બીજીપાળીમાં ૪૪૦ અને ત્રીજીપાળીમાં લગભગ ૩૦૦ જેટલા સાદા શાળ સાંચા ચલાવવામાં આવે છે. આ સાદા શાળ સાંચાનું પાળીવાર ૧૦૦ સાંચા પ્રમાણેનું કાપડ વાળવાનું કામ દરેક ગ્રે ફોલ્ડર દીઠ સોંપવામાં આવેલું છે અને આ માટે ગ્રે ફોલ્ડરોની વાર કાયમી જગાઓ આ ખાતામાં છે અને તે બાર જગાઓએ ગ્રે ફોલ્ડરો કાયમી કામ કરે છે. તેમનાં નામ આ સાથેના પરિશિષ્ટ 'અ'માં જણાવવામાં આવેલા છે.

૨. મીલ્સ કંપની ગ્રે ફોલ્ડર દીઠ ૧૦૦ સાંચાને બદલે ૧૩૦ સાંચાનું કાપડ વાળવાનું કામ સોંપવા માગે છે અને તે પ્રમાણે ગ્રે ફોલ્ડર્સની જગાઓ ઘટાડવા ઇચ્છે છે. આથી ફરજિયાત રીતે કોઈપણ કાયમી ગ્રે ફોલ્ડરને બેકાર બનાવ્યા સિવાય આ સમાધાનની શરતો મુજબ સ્વેચ્છાએ રાજીનામું આપી છુટા તથા કામદારને કાયદેસર છટણી વળતર, ગ્રેજ્યુઈટી, હકક, રજાઓનો પગાર, વિગેરે હક્કો ચુકવી આપીને વિહોણું રેશનલાઈઝેશન કરી, ગ્રે ફોલ્ડર દીઠ ૧૩૦ શાળ સાંચાનું કાપડ વાળવાનું કામ મીલ્સ કંપની સોંપી શકશે

૩. હાલ મીલ્સ કંપનીની ત્રણેય પાળીમાં શાળ ખાતામાં ઉપર પ્રમાણે જે સાદા શાળ સાંચા ચલાવવામાં આવે છે તે જોતાં, હાલ તાત્કાલિક ત્રણ ગ્રે ફોલ્ડર્સની જગાઓ ઓછી થઈ શકે તેમ છે આ ત્રણ જગાઓ ઓછી કરવા માટે મજુર મહાજન સંઘ સિદ્ધપુર મારફતે અગર મીલ્સ કંપનીને કામદાર સીધેસીધું રાજીનામું આપી શકશે. આ રીતે રાજીનામું આપનાર ગ્રે ફોલ્ડરને મીલ્સ કંપની કાયદેસર છટણી વળતર, ગ્રેજ્યુઈટી, હક્ક રજાઓનો પગાર વિગેરે ચુકવી આપીને મીલ્સ કંપની આ ત્રણ જગાઓ ઓછી કરી શકશે.

૪. આ સમાધાનની જોગવાઈઓ મુજબ સ્વૈચ્છિક રીતે આવેલા રાજીનામાં આપનાર કામદારોને આઈ. ડી. એક્ટ, ૧૯૪૭ મુજબનું બેકારી વળતર, ગ્રેજ્યુઈટી તથા હક્ક રજા વિગેરે મળવા પાત્ર રકમ મીલ્સ કંપની જેમ જેમ કારીગરોને ચુકવશે તેમ તેમ કારીગરો છુટા થશે અને તે કારીગરોની જગાઓ કમી કરવામાં આવશે. છુટા થનાર કામદારને સમુહ છટણી (માસ રીટ્રેન્ચમેન્ટ) ગણી પ્રો. ફંડની રકમ તાત્કાલિક ચુકવી આપવા મીલ્સ કંપની પ્રો. ફંડ ખાતાને લખશે અને આ અંગે મીલ્સ કંપની તરફથી તમામ કાર્યવાહી ત્વરિત કરશે.

INDEX

૫. મીલ્સ કંપની અને મજૂર મહાજન સંઘ, સિદ્ધપુર વચ્ચે શાળ ખાતામાં શાળ સાંચાની સંખ્યા ઘટાડવા અંગે નામદાર ઔદ્યોગિક અદાલતમાં તા. ૨૭-૧૧-૬૦ના રોજ સમાધાન થયેલું છે અને તે મુજબ નામદાર ઔદ્યોગિક અદાલતે રેફ (આઇસી) નં. ૬૫/૧૯૬૮નો એવોર્ડ મોડીફાઈ કરવા એવોર્ડ આપેલો છે. આ એવોર્ડ મુજબ શાળ ખાતાના સાંચાની સંખ્યામાં જ્યારે ઘટાડો થશે ત્યારે મીલ્સ કંપનીને વધુ ગ્રે ફોલ્ડર્સ ઓછી કરવાની આવશ્યકતા ઉભી થશે તો મીલ્સ કંપની આ સમાધાનની શરતો મુજબ સ્વેચ્છાએ રાજીનામું આપી છુટા થવા ઈચ્છતા ગ્રે ફોલ્ડરને કલમ-૪ મુજબના તમામ હક્કો ચુકવી આપીને જરૂરી સંખ્યાની ગ્રે ફોલ્ડર્સની જગ્યાઓ ઓછી કરી શકશે.

૬. જો આ સમાધાન મુજબ ઓછી કરવાની જગાઓ માટે ગ્રે ફોલ્ડર્સના પુરતાં રાજીનામાં મીલ્સ કંપનીને નહિ મળી શકે તો કાપડ ખાતાના અન્ય કામદારો પૈકી કોઈ કામદારો સ્વેચ્છાએ રાજીનામુ આપી છુટા થવા ઈચ્છતા હશે અગર તો અન્ય ખાતાના કામદાર પણ સ્વેચ્છાએ રાજીનામુ આપી છુટા થવા ઈચ્છતા હશે તો મીલ્સ કંપની અને મજુર મહાજન સંઘ, સિદ્ધપુર વચ્ચે નક્કી કરીને તેવા કામદારને આ સમાધાનની જોગવાઈઓ મુજબ છટણી વળતર ગ્રેજ્યુઈટી, વિગેરે હક્કો ચુકવી આપીને કાયમી ગ્રે ફોલ્ડરોપાસેથી જુનીયર મોસ્ટ ગ્રે ફોલ્ડરને અન્ય જગાએ ટ્રાન્સફર કરીને ગ્રે ફોલ્ડર્સની વધુ બેથી ત્રણ જગાઓ ઓછી કરી શકાશે.

૭. આ સમાધાનથી ગ્રે ફોલ્ડર્સને ૧૦૦ સાંચાને બદલે ૧૩૦ સાંચાનું કાપડ વાળવાનું સોંપવામાં આવે છે તેનો ખ્યાલ કરતાં તમામ ગ્રે ફોલ્ડર્સને તેમના ચાલુ પગાર ઉપરાંત રોજના રૂા. ૧-૦૦ પ્રમાણે વધારાના બોજ માટે પગાર વધારો મીલ્સ કંપની તા. ૫-૫-૧૯૯૧થી આપશે. આ પગાર વધારા ઉપર વેરીએબલ ડી. એ. તેમજ એવોર્ડ મુજબના તમામ લાભો આપવામાં આવશે.

૮. આ સમાધાનની શરતોના અર્થઘટનને પરિણામે કોઈ ઔદ્યોગિક વિવાદ ઉભો થાય કે કોઈ મતભેદ ઉભો થાય તો તેના નિરાકરણ માટે મજુર મહાજન સંઘ સિદ્ધપુરના પ્રમુખ શ્રી. નવીનચંદ્રભાઈ મો. બારોટ અને મીલ્સ કંપનીના ડાયરેક્ટર શ્રી. સુશીલભાઈ કોઠારી વાટાઘાટો કરી, ઉપસ્થિત થતા પ્રશ્નો સાંભળી તાત્કાલિક નિર્ણય કરશે અને તે સંબંધકર્તા સૌને બંધનકર્તા રહેશે. ઉપરોક્ત વિવાદમાં જો નિર્ણય નહી થઈ શકે તો આ ઔદ્યોગિક વિવાદ નામદાર મજુર અદાલત અગર નામદાર ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સોંપવામાં આવશે.

INDEX

આ સમાધાન મુજબ ઉપરોક્ત એવોર્ડ મોડીફાઈ કરવા પક્ષકારો નામદાર અદાલતને વિનંતી કરે છે.

પરિશિષ્ટ-'અ'

દેવતી ફેબ્રીક્સ લી. સિદ્ધપુરના ગ્રે ફોલ્ડીંગ ખાતામાં કાયમી કામ કરતા ગ્રે ફોલ્ડર કામદારોની યાદી.

ક્રમ	નામ
૧.	શ્રી. ધનજીભાઈ અંબારામ
૨.	શ્રી. અંબારામ શીવરામ
૩.	શ્રી. નાથાલાલ ઈશ્વરલાલ
૪.	શ્રી. બાબાઈદાસ ડોસાભાઈ
૫.	શ્રી. મધુસુદન ગીરીશંકર
૬.	શ્રી. પરશુરામભાઈ મોહનલાલ
૭.	શ્રી. નરોત્તમ અંબારામ
૮.	શ્રી. ચતુરભાઈ હરગોવન
૯.	શ્રી. કૃષ્ણલાલ વિઠ્ઠલદાસ
૧૦.	શ્રી. ઈશ્વરભાઈ સરતાનભાઈ
૧૧.	શ્રી. શંકરલાલ આત્મારામ
૧૨.	શ્રી. માધુજી કુલાજી

તા. ૫-૧-૧૯૯૧ સિદ્ધપુર,

(સોમાભાઈ પટેલ)
પ્રધાનમંત્રી,
મજુર મહાજન સંઘ, સિદ્ધપુર

ફોર દેવતી ફેબ્રીક્સ લી. સિદ્ધપુર
(આર. વી. રાણા)
ફેક્ટરી મેનેજર

Sd/-
N. N. Patel
Registarar
Ahmedabad, 29th September 91.

Sd/-
H. D. Pandya
President

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૧-૧૦-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/સમક ૨૭૯૫૬ આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અરવીંદ મીલ્સ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી એ. બી. પટેલ, સભ્ય રુબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૧૧૫/૧૯૯૧

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ — પ્રથમ પક્ષકાર.

અરવીંદ મીલ્સ, અમદાવાદ. — બીજા પક્ષકાર.

યુનિયનની માગણી શાળ ખાતામાં ૬૪ વોટર જેટ લુમ્સ ઉપર કારીગરોના પગાર ધોરણ તથા કેટેગરી વાઈઝ કામદારોની સંખ્યા નક્કી કરવા અંગે.

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયન, બીજા પક્ષકાર મીલ કંપનીમાં શાળ ખાતામાં ૬૪ વોટર જેટ લુમ્સ ઉપર કારીગરોના પગાર ધોરણ તથા કેટેગરી વાઈઝ કામદારોની સંખ્યા નકકી કરવા અંગે મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. આશુ રેફરન્સે યુનિયન તરફે આંક ૪નુ પુરસીસ આપી જણાવેલ છે કે, અમો પક્ષકારો વચ્ચે માંગણી બાબતમાં સમાધાન થઈ ગયેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે કે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી નીચે મુજબ હુકમ કરું છું.

INDEX

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
નો. ન. પટેલ
રજીસ્ટ્રાર,
અમદાવાદ
તા. ૨૧—૬-૧૯૯૧

સહી
(એ. બી. પટેલ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૧૬-૯-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શમક/૨૭૯૬૧ આર. યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને અમર સ્ક્રીન પ્રિન્ટર્સ અમદાવાની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૬મા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી. વી. એચ. ઠાકોર, સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈસી) નં. ૧૭/૯૧

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

અને

અમર સ્ક્રીન પ્રીન્ટર્સ અમદાવાદ. બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી સંસ્થાના કામદારોને સને ૧૯૮૯, ૮૯-૯૦ના વરસનું બોનસ ચુકવી આપવા બાબત.

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર સંસ્થામાં કામદારોને સને ૧૯૮૯, ૮૯ ૯૦ ના વરસ માટે બોનસ આપવા બાબતમાં યુનિયને સંસ્થાને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને ઓંક ૯નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ કામમાં પક્ષકારો વચ્ચે નામદાર અદાલત બહાર સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓ આ કામ આગળ ચલાવવા માંગતા નથી અને તે પાછું ખેંચી લેવાની પરવાનગી માગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

બી. ન. પટેલ

રજીસ્ટ્રાર.

અમદાવાદ

તા. ૨૩-૮-૯૧

સહી

(વી. એચ. ઠાકોર)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત,

અમદાવાદ

INDEX

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

અમદાવાદ

તા. ૧૬-૯-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ક/ખ/શ્રમક/ ૨૮૦૪૨/આર. યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સંને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું જનરલ વર્કર્સ યુનિયન અમદાવાદ અને હરીવાણુ પ્રોસેસીંગ પ્રા. લી. અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના ઓક્ટોબર માસના ૧૪મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય અમદાવાદ

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૨૯/૯૧

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ ...પ્રથમ પક્ષકાર

અને

હરીવાણુ પ્રોસેસીંગ પ્રા. લી. ... બીજા પક્ષકાર
નારોલ, અમદાવાદ

યુનિયનની માંગણી સંસ્થાના કામદારોને સને ૧૯૮૯ ૮૯-૯૦ના વરસ માટે બોનસ ચુકવી આપવા અંગે.

ઉદ્યોગ — પ્રોસેસીંગ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર સંસ્થામાં કામ કરતા કામદારોને સને ૧૯૮૯ ૮૯-૯૦ ના વરસ માટે બોનસ ચુકવી આપવા બાબતમાં યુનિયને સંસ્થાને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે

૨. ચાલુ રેફરન્સે યુનિયન તરફે આંક ૬નું પુરસીસ આપી જણાવેલ છે કે આ બાબતમાં પક્ષકારો વચ્ચે અદાલત બહાર સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી આથી હું નીચે મુજબ હુકમ કરૂ છું.

— હુકમ —

૩ યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર

અમદાવાદ તા ૧૮-૯-૯૧

સહી

(વી. એચ. ઠાકોર)

સભ્ય

ઔદ્યોગિક અદાલત ગુજરાત

અમદાવાદ.

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬

અમદાવાદ

તા. ૧૪-૧૦-૯૧

અમદાવાદ

સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શ્રમક/૨૭૬૬૬૭ આર. યુ. સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમની કલમ ૭૪ (૨) સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્કસ સ્ટાફ યુનિયન અમદાવાદ અને ધી ગુજરાત સ્ટેટ કો. બેન્ક લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સન ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૨૯મા દિને, આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી. બી. એમ. ભટ્ટ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૧૭૨/૮૭

ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્કસ સ્ટાફ યુનિયન
અમદાવાદ ... પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી ગુજરાત ટેટ કો. બેન્ક લી
સંહેર ભવન, રીલીફ રોડ, અમદાવાદ. ... બીજા પક્ષકાર

ઉદ્યોગ – બેન્કીંગ

– ચુકાદો –

૧ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર બેન્કમાં કામ કરતા કર્મચારીઓને સને ૧૯૮૪–૮૫ અને ૧૯૮૫–૮૬ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ આપવા બાબતમાં ફેરફારની નોટિસ આપીને આ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. પ્રથમ પક્ષકાર યુનિયને ચાલુ રેફરન્સના કામે આંક-૩૦ની પુરસીસ આપી જણાવેલ છે કે આ રેફરન્સમાં તેઓને બીજા પક્ષકાર બેન્ક સાથે કોર્ટની બહાર સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત ન હોવાથી હું મારો છેવટનો હુકમ નીચે

INDEX

– હુકમ –

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી

સહી

ટી. ન. પટેલ

રજીસ્ટ્રાર

અમદાવાદ

તા. ૩૦-૮-૯૧

સહી

(બી. એમ. ભટ્ટ)

સભ્ય

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬

અમદાવાદ

અમદાવાદ

તા. ૧૯-૯-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૭૯૬૫ આર થી સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪/૨ અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને સોંપવામાં આવેલી સત્તાની રુએ, હું જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ અને ઓસવાલ પ્રોસેસર્સ પ્રા. લી અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૧૬મા દિને આથી

INDEX

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજ્ય, અમદાવાદ.

શ્રી. વી. એચ. ઠાકોર, સભ્ય ટ્રુબ્યુ.

રેફરન્સ (આઈટી) નં. ૨૯/૯૦

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

અને

ઓસવાલ પ્રોસેસર્સ પ્રા. લી. અમદાવાદ. બીજા પક્ષકાર.

સંસ્થાના કામદારોને સને ૧૯૮૮, ૮૮-૮૯ના વરસનું ૨૦ ટકા લેખે બોનસ આપવા બાબત.

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ, પ્રથમ પક્ષકાર યુનિયને, બીજાપક્ષકાર સંસ્થામાં કામ કરતા કામદારોને સને ૧૯૮૮, ૮૮-૮૯ના વરસ માટે બોનસ ચુકવી આપવા બાબત યુનિયને સંસ્થાને નોટીસ ઓફ ચેન્જ આપતાં પક્ષકાર વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૧૫ નું પુરશીસ આપી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે નામદાર અદાલતે બહાર સમાધાન થઈ ગયેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતું નથી અને તેથી તે પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે કે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

– હુકમ –

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
ની. ન. પટેલ
રજીસ્ટ્રાર.
તા. ૨૩-૮-૯૧
અમદાવાદ.

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.

INDEX

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ.

તા. ૧૬-૯-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : અ/શમક/૨૭૯૫૯ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ, હું મજુર મહાજન સંઘ અમદાવાદ અને મોનોગ્રામ માલ્સ અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૧૬માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ
શ્રી બી. એમ ભટ્ટ, સભ્ય કુમાર
રેફરન્સ (આઈસી) નં. ૧૩/૯૦

મજુર મહાજન સંઘ અમદાવાદ ... પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મોનોગ્રામ મીલ્સ. લીમીટેડ, અમદાવાદ.
(યુનીટ ઓફ જીએસટીસી લી.) ... બીજા પક્ષકાર

મીલના કંપની ફીનીસીંગ ખાતામાં ત્રણે પાળીમાંથી કુલ ૧૩ જગ્યાઓ કમી કરવા માંગે છે તે બાબતમાં.

– ચુકાદો –

૧. પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર મીલ્સ કંપની ફીનીશીંગ ખાતામાં ત્રણે પાળીમાંથી કુલ ૧૬ જગ્યાઓ કમી કરવા માગે છે. તે બાબતમાં ફેરફારની નોટિસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કરેલો છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૧૧ની પુરસીસ આપી જણાવેલ છે કે, મીલ્સ કંપનીએ તેને આપેલી નોટિસ ઓફ ચેઈન્જ વીથડ્રા કરેલ હોઈ તેઓ આ રેફરન્સ હવે આગળ ચલાવવા માગતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે તે મુજબ પરવાનગી આપવામાં કંઈ વાંધાજનક હકીકત ન હોઈ હું મારો ફેંસલો હુકમ નીચે મુજબ કરું છું.

– હુકમ –

પ્રથમ પક્ષકાર યુનિયનને આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામા આવે છે. ખર્ચ સંબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ની ત પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧૪-૮-૯૧

(બી. એમ. ભટ્ટ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત ગુજરાત

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૬-૮-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક બ/શ/મક ૨૭૯૨૬ આરયુ સને ૧૯૬૪ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ. હું મજુર મહાજન સંઘ, કલોલ અને મહેન્દ્ર મીલ્સ લી. યુનીટ નં. ૧, કલોલની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૬ઠ્ઠા દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

બી. એસ ભટ્ટ, મુખ્ય ન્યાયાધીશ

રેફરન્સ (આઈસી) નં. ૧/૯૧.

મજુર મહાજન સંઘ, કલોલ — પ્રથમ પક્ષકાર,

વિરૂદ્ધ

મહેન્દ્ર મીલ્સ લી. યુનિટ નં. કલોલ — બીજા પક્ષકાર.

મીલ્સ કંપનીના તમામ ખાતામાં કામ કરતા કામદારોને દર વરસે તા. ૧૪મી એપ્રિલ 'આંબેડકર જયંતિ'ની રજા પૂરા પગાર સાથે આપવા અંગે.

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને દ્વિતીય પક્ષકાર મીલ્સ કંપનીના તમામ ખાતામાં કામ કરતા કામદારોને દર વરસે તા. ૧૪મી એપ્રિલ 'આંબેડકર જયંતિ'ની રજા પૂરા પગાર સાથે આપવા બાબતમાં ફેરફારની નોટિસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કરેલો છે.

૨. બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક–૬ના સમાધાનની શરતો રજુ કરેલ છે જે યોગ્ય અને વ્યાજબી જણાય છે આથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

હુકમ

૩. બંને પક્ષકારોએ આ બાબતમાં આ હિ—ના સમાધાનની શરતો મુજબ વર્તવું. સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવી. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજ્ય, અમદાવાદ.

રેફરન્સ (આઈસી) નં ૧ સને ૧૯૯૧

મજુર મહાજન સંઘ, કલોલ. (ઉ. ગુ.) પ્રથમ પક્ષકાર.

અને

ધી મહેન્દ્ર મીલ્સ લી.
સ્પીનીંગ યુનીટ નં. ૧, કલોલ. (ઉ. ગુ.) બીજા પક્ષકાર.

અમો પક્ષકારોની નામદાર અદાલતને નમ્રતાપૂર્વક અરજ છે કે:-

અમો પક્ષકારોએ ઉપરોક્ત રેફરન્સમાં જણાવ્યા મુજબ સુખદ સમાધાન કરેલ છે.

સમાધાનની શરતો.

(૧) મજુર મહાજન સંઘ, કલોલે તા. ૧૪ એપ્રિલ ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતિ નિમિતે ની રાષ્ટ્રીય જાહેર રજા પાડવા તથા તે દિવસને. પગાર, મોંઘવારી ભથ્થુ તથા અન્ય લાભો આપવા માંગણી કરેલી છે તેવી જ માંગણી મજુર મહાજન સંઘ અમદાવાદે કરેલ છે

સામાન્ય રીતે મજુર મહાજન સંઘ, અમદાવાદ અને અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન, અમદાવાદ વચ્ચે જે કંઈ લાભો આપવા અંગે કરાર, સમાધાન, સમજુતી કે એવોર્ડ કરવામાં આવે છે તે પ્રમાણે મીલ્સ કંપનીના યુનીટ નં. ૧, ૨ અને ૩ના કામદારોને લાભ આપવામાં આવે છે. આ રીતે ભવિષ્યમાં મજુર મહાજન સંઘ, અમદાવાદ અને અમદાવાદની વચ્ચે ઉપરોક્ત

સમજુતી કે એવોર્ડ આવશે અને અથવા તો કોર્ટનો જે કંઈ આખરી ચુકાદો આવશે તે પ્રમાણે વર્તવાની મીલ્સ કંપનીએ ખાત્રી આપેલ છે.

ઉપરોક્ત સમાધાનની શરતો અનુસાર ઉપરોક્ત રેફરન્સમાં એવોર્ડ આપવા પક્ષકારોની નામદાર અદાલતને વિનંતિ છે.

અમદાવાદ.
તા. ૨-૫-૯૧

જેઠાભાઈ. સી. પટેલ,
મંત્રી,
મજુર મહાજન સંઘ, કલોલ (ઉ. ગુ.)

ફેકટરી મેનેજર
ધી મહેન્દ્ર મીલ્સ લી.
કલોલ, (ઉ. ગુ.)

સહી
ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૫-૭-૯૧

સહી
(બી. એમ. ભટ્ટ)
સભ્ય
ઔધોગિક અદાલત ગુજરાત

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

તા. ૬-૯-૯૧
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/મ/શમક/૨૮૦૨૪/આર યુ.–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, નડીયાદ અને ધી વીરપુર અર્બન કો. ઓ. બેંક લી. વીરપુરની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ ના ઓકટોબર માસના ૧૪ માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ કિ. પા નડીયાદ
રેફરન્સ (આઈસી) નં. ૧૨૮/૯૦
શ્રી એ. બી પટેલ, સભ્ય રૂબરૂ

ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન — પ્રથમ પક્ષકાર
નડીયાદ

અને

ધી વીરપુર અર્બન કો. ઓ. બેન્ક લી. — બીજા પક્ષકાર

યુનિયનની માંગણી બેન્કમાં કામ કરતાં કર્મચારીઓના પગાર વધારા મોંઘવારી ભથ્થા તથા અન્ય ભથ્થાઓ બાબત.

ઉદ્યોગ—બેન્કીંગ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર બેન્કમાં કામ કરતાં કર્મચારીઓના ગ્રેડ મુજબ પગાર ધોરણ સુધારવા, મોંઘવારી ભથ્થુ આપવા તથા અન્ય ભથ્થાઓ આપવા બાબતમાં યુનિયને બેન્કને ફેરફારની નોટીસ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર નિરાકરણ ન થવાથી ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૫ નુ સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જેમાંની સમાધાનની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે. અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરૂ છું.

INDEX

-હુકમ-

ઉક્ત પક્ષકારોએ આંક ૫ ના સમાધાન પુરસીસની શરતો મુજબ વર્તવું, આંક ૫ ના સમાધાન પુરસીસની એક નકલ આ હુકમ સાથે રાખવી. અર્થ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ધી વિરપુર અર્બન કો. ઓપરેટીવ બેંક લિ. વિરપુર અને ગુજરાત
બેંક વર્કર્સ યુનિયન વચ્ચે થયેલ સમાધાનની શરતો

સમાધાનની શરતો

ધી વિરપુર અર્બન કો. ઓ. બેંક લિ. વિરપુર (આ દરખાસ્ત માં હવે પછી જેનો ઉલ્લેખ 'બેંક' તરીકે કરવામાં આવશે) અને ગુજરાત બેંક વર્કર્સ યુનિયન (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ 'યુનિયન' તરીકે કરવામાં આવશે) એમ બંને પક્ષો વચ્ચે થયેલી સમજુતી પ્રમાણે નીચે મુજબના સમાધાન કરવામાં આવે છે.

(૧) (અ) બેંકના કર્મચારીઓના પગાર ધોરણો નીચે પ્રમાણે રહેશે.

કક્ષા નં. ૧ : (અ) મેનેજર, જનરલ મેનેજર.

(બ) આસિ. મેનેજર, એડ. ઓફિસર બોર્ડ નક્કી કરે તે મુજબ.

કક્ષા નં. ૨ : સિનિયર ઓફિસર, સિનિયર ઓફિસર ગ્રેડ-૧

૩૦૦-૨૫-૪૨૫-૩૦-૫૭૫-૩૫-૭૫૦-૪૦-૯૫૦

કક્ષા નં. ૩ : જુનિયર ઓફિસર

૨૨૫-૨૦-૩૨૫-૨૫-૪૫૦-૩૦-૬૦૦-૩૫-૭૭૫

કક્ષા નં. ૪ : નોન સબોર્ડીનેટ સ્ટાફ

૧૭૦-૧૦-૨૨૦-૧૫-૨૯૫-૨૦-૩૯૫-૨૫-૫૨૦

કક્ષા નં. ૫ : સબોર્ડીનેટ

૧૦૦-૫-૧૨૫-૮-૧૬૫-૧૨-૨૨૫-૧૬-૩૦૫

ઉપરોક્ત કક્ષામાં નીચે મુજબના હોદ્દાઓનો સમાવેશ થશે.

કક્ષા નં. ૨ : (અ) ડેપ્યુટી મેનેજર, આન્ય મેનેજર

(બ) એકાઉન્ટન્ટ લોન ઓફિસર

કક્ષા નં. ૩ : આસિ. એકાઉન્ટન્ટ, ચીફ કેશીયર, આન્ય એકાઉન્ટન્ટ. વસુલાત અધિકારી, બેંકીંગ ઓફિસર, કસ્ટોડીયન, સિનિ. ક્લાર્ક આ ઉપરાંત બેંક યુનિયન સાથે સમજુતીથી જે નવી પોસ્ટ ઉભી કરે તે.

કક્ષા નં. ૪ : ક્લાર્ક, ટાઈપીસ્ટ, કેશીયર.

કક્ષા નં. ૫ : જમાદાર, વોચમેન, પટાવાળા

(૨) નવીન માળખામાં ગોઠવણી –

(અ) નવીન માળખા ગોઠવણીમાં પોઈન્ટ ટુ પોઈન્ટ કરવામાં આવશે અને એ કે આપેલ બક્ષીસના ઈજાફા અલગ ગણવામાં આવશે,

(બ) વાર્ષિક ઈન્ક્રીમેન્ટ : દરેક કર્મચારીને વાર્ષિક ઈન્ક્રીમેન્ટ ૧ જુલાઈએ આપવામાં આવશે

(ક) શૈક્ષણિક લાયકાત માટે પોઈન્ટ ટુ પોઈન્ટ ઈક્રીમેન્ટ ઉપરાંત નીચે પ્રમાણેના પુરસ્કાર આપવામાં આવશે

(૧) એલ. ડી. સી અથવા સી. એ. આઈ. આઈ. બી. પાર્ટ-૧ પાસ ......૧ પુરસ્કાર

(૨) સ્નાતક, અનુસ્નાતક, સી એ. આઈ. આઈ. બી. પાર્ટ-૨ પાસ... ૨ પુરસ્કાર

(૩) જી. ડી. સી. એન્ડ એ. એચ. ડી. સી. પૈકી ગમે તે એક અથવા વધુ લાયકાત માટે પુરસ્કાર તમામ મળી શૈક્ષણિક લાયકાત માટે વધુમાં વધુ બે પુરસ્કાર "ઈજાફા" આપવામાં આવશે.

INDEX

(૩) ખાસ ભથ્થા –

નીચેના હોદ્દાઓનું કામ કરનાર કર્મચારીઓને જે તે હોદ્દાની કામગીરી માટે તેની સામે જણાવ્યા મુજબ માસિક ખાસ ભથ્થા આપવામાં આવશે.

(૧) કેશીયર	રૂા. ૧૫.
(૨) હકૂતરી	રૂા. ૧૦.
(૩) કેશ ચ્યુન	રૂા. ૦૫.

ઉપરનાં ખાસ ભથ્થાઓ એજીક પગારનો ભાગ ગણવામાં આવશે. જે ખાસ ભથ્થું મેળવતો કર્મચારી જેટલા દિવસ સુધી રજા ઉપર હોય ત્યાં સુધી ભથ્થુ મેળવતા રહેશે. તેની જગ્યાએ તેટલા દિવસ કામ કરનારને કામનાં દિવસોના પ્રમાણસમાં ભથ્થું આપવામાં આવશે, પરંતુ ભથ્થાવાળી જગ્યાએ કમાચલાઉ કામગીરી કરનાર રજા ઉપર જશે તો તેને રજાના સમયનું ભથ્થું મળશે નહી.

કોઈપણ એક કરતાં વધુ માસિક ખાસ ભથ્થાં મેળવવા પાત્ર થતો હોય તો જે ખાસ ભથ્થું વધારે હોય તે એકજ ખાસ ભથ્થું મેળવી શકશે

(૪) મોંઘવારી ભથ્થુ –

(અ) દરેક કર્મચારીને નીચેના ધોરણે મોંઘવારી ભથ્થુ આપવામાં આવશે જે અખિલ ભારતીય શ્રમજીવી ગ્રાહક ભાવાંક ૧૯૬૦ (૧૯૬૦–૧૦૦) ના આંક સાથે જોડવામાં આવે છે.

(બ) કક્ષા અ. નં. ૨ થી ૪ સુધીના કર્મચારીઓ માટે સરેરાશ દર ત્રણ માસે ૧૯૬૦–૧૦૦ ના ભાવાંક ઉપરાંત પ્રત્યેક ચાર આંક દીઠ ત્રણ ટકા પ્રમાણે અને કક્ષા નં. ૫ ના કર્મચારીઓ માટે ચાર ટકા પ્રમાણે મુળ પગાર ઉપર મોંઘવારી આપવાની રહેશે. આ માટે ભારત સરકાર તરફથી પ્રસિદ્ધ થતા 'ઇન્ડીયન લેબર જનરલ' અથવા' 'ગેઝેટ ઓફ ઈન્ડીયા' માં ભાવાંક પ્રગટ થાય છે અને આ એક માટેની ગુરૂત્તમ મર્યાદા એજીક પગાર –

કક્ષા–૧ માટે	રૂા ૪૦૦.
કક્ષા–૨ અને ૩ માટે	રૂા. ૩૫૦.

INDEX

કક્ષા-૪ માટે રૂ. ૩૦૦.

કક્ષા-૫ માટે રૂ. ૨૦૦, સુધીની નક્કી કરવામાં આવે આવે છે. તેને ગણત્રીમાં લેવામાં આવશે.

(૫) ઓફિસીયેટીંગ ભથ્થુ -

કોઈ પણ કર્મચારીને ઉપલી કક્ષાના કર્મચારીની કામગીરી ૧૫ દિવસ કે તેથી વધુ સમય માટે કરવાના પ્રસંગે જે કર્મચારીની જગ્યાની કામગીરી હોય તેના મુળ પગારના અથવા પોતાના મુળ પગારના અથવા પોતાના મુળ પગારના બેમાંથી જે વધુ હોય તેના ૧૦ ટકા લેખે ઓફિસીયેટીંગ ભથ્થુ મેળવારી સહ આપવામાં આવશે.

(૬) દૈનિક ભથ્થુ -

(અ) હેડક્વાટર - (એટલે કે બેંકના કાર્યક્ષેત્ર બહાર) બેંકની કામગીરી માટે જવાના પ્રસંગે નીચે જણાવ્યા પ્રમાણે જે તે કક્ષા માટે દૈનિક ભથ્થુ આપવાનું રહેશે.

	૨૦ કિ. મી અંતર	૨૦ કિ. મી. બહાર
કક્ષા-૧	બોર્ડ નક્કી કરે તે મુજબ	દોઢુ ભથ્થુ આપવાનું રહેશે.
કક્ષા-૨ અને ૩	રૂ. ૨૦.	,,
કક્ષા-૪	રૂ. ૧૫	દોઢુ ભથ્થુ આપવાનું રહેશે.
કક્ષા-૫	રૂ. ૧૦.	,,

નોંધ - રાત્રી રોકાણ માટે ઉપર મુજબનું અલગ ભથ્થુ આપવામાં આવશે.

(૭) ઘરભાડુ -

કક્ષા-૧ માટે બોર્ડ નક્કી કરે તે મુજબ તે સિવાયના દરેક કર્મચારીને માસિક ઘરભાડુ બેઝીક પગારના - ૧૫ ટકા અને ઓછામાં ઓછું રૂ. ૪૦ તથા વધુમાં વધુ રૂ. ૧૦૦. આપવામાં આવશે

INDEX

(૮) ઓવર ટાઈમ અને કામના કલાકો –

(અ) કક્ષા નં. ૧ થી ૪ સુધીની કર્મચારીઓ સોમથી શુક્ર સુધી ૬I કલાક અને શનિવાર માટે ૪I કલાકની કામગીરી કરવાની રહેશે. કક્ષા નં. ૫ ના કર્મચારીઓ સોમથી શુક્ર સુધી ૭I કલાક અને શનિવાર માટે – ૫ કલાકની કામગીરી કરવાની રહેશે (રીસેસ સિવાય) પરંતુ રોજબરોજનું કામકાજ જે તે કર્મચારીઓ પુરૂ કરવાનું રહેશે.

(બ) દરેક કર્મચારીને આખા વર્ષમાં ઓવર ટાઈમમાં કરવામાં આવેલી કામગીરી તથા બંને કલોઝીંગની કામગીરી પેટે તેના ૨ (બે) પગાર (મુળ પગાર) (બેઝીક) મોંઘવારી સહીત જેટલી રકમ ઓવરટાઈમ પેટે દર વર્ષે ડીસેમ્બર તથા બીજા જુન માસમાં ચુકવવાની રહેશે.

(૯) નિભામણી ભથ્થુ –

જો કોઈપણ કર્મચારીને બેંક તરફથી સસ્પેન્ડ કરવામાં આવે તેવા પ્રસંગે નીચેના ધોરણે હંગામી ભથ્થું આપવાનું રહેશે.

(અ) પહેલા ૧૫ દિવસ માટે મુળ પગારના ૫૦ ટકા રકમ તથા મોંઘવારી ૫૦ ટકા અને પુરેપુરૂ ઘરભાડુ આપવામાં આવશે

(બ) ૧૫ દિવસના પછીના સમય માટે ૭૫ ટકા મુળપગાર, મોંઘવારી અને ઘરભાડુ (૧૦૦ ટકા) પુરૂ ચુકવવાનું રહેશે

(૧૦) ડ્રેસ ધોલાઈ –

જે કર્મચારીને બેંક તરફથી ગણવેશ આપવામાં આવતો હોય તેમને માસિક રૂા. ૧૦. લેખે ધોલાઈ ખર્ચ આપવામાં આવશે

(૧૧) બિમારી ભથ્થુ –

દરેક કર્મચારીને વાર્ષિક રૂા. ૨૫૦ નુ મેડીકલ એલાઉન્સ દર વર્ષે જુન માસના પગાર સાથે આપવાનું રહેશે.

INDEX

(૧૨) અજમાયશી તથા કાયમી –

અજમાયશી (પ્રોબેશન) પર લેવાયેલ કર્મચારીની ૬ માસ સુધીનો અજમાયશી તરીકેનો સમય પુરો થાય તે પહેલાં નોકરીમાંથી રદ ન કરવામાં આવેલ હોય તો તે કર્મચારી આપો આપ નોકરીમાં કાયમ થઇ ગયેલો ગણાશે.

(૧૩) તાલીમ –

કોઈપણ પ્રકારની બેન્કીંગની કે સહકારી તાલીમ માટે બેંક સૌથી સિનિયર માણસને પસંદગી આપશે. તાલીમાર્થી કર્મચારીને તાલીમના સમય દરમ્યાન પુરો પગાર મોંઘવારી તેમજ ચરભાડુ મળશે. તાલીમાર્થી–કર્મચારીને તાલીમના અનુસંધાનમાં પ્રેકટીકલ તાલીમ માટે બહાર જવુ પડે તે બદલ તેને દૈનિક ભથ્થુ અપાશે. જો કોઈ કર્મચારી બઢતી સ્વીકારવાની ના પાડે અથવા વ્યાજબીવાળા કારણો સિવાય તાલીમમાં જવાની ના પાડે તેને બઢતી કે તાલીમ માટે પસંદ કરવામાં આવશે નહી.

(૧૪) રજાઓ –

(૧) હક્ક રજા –

દરેક કર્મચારીને તેના નોકરીના દર ૧ (એક) વર્ષે ૩૦ દિવસ લેખે હક્ક રજા મળશે એવી ૧૮૦ – દિવસથી વધુ રજા એકત્ર કરી શકશે નહી. હક્ક રજા ૧૮૦ દિવસ સુધી એકત્ર થઈ હોય ત્યારે કર્મચારી તેમાંથી વધારાની રજાઓ જેટલો હીસ્સો રોકડમાં ફેરવી શકશે.

હક્ક રજા માંગતા કર્મચારીએ રજા લેવાની હોય તે ૧૫ દિવસ પહેલાં લેખીત માંગણી કરવાની રહેશે, તાકીદની જરૂરીયાત વખતે આ મુદતનો બાધ રહેશે નહી. જો રજા લેખીત મંજુર કરાવેલ ન હોય તો તે મંજુર ગણી શકાશે નહી.

(૨) માંદગીની રજા –

દરેક કર્મચારીને દર વર્ષે ૧૫ દિવસની માંદગીની રજા પુરા પગારે મળશે. જે ૧૮૦ દિવસ સુધી એકત્રીત કરી શકશે.

INDEX

જે કોઈ કર્મચારી પાસે એકત્રીત રજા ન હોય તેને અસાધારણ સંજોગોમાં રજા જોઈતી હોય તો છ માસ સુધીના અડધા પગારે રજા બેંકને યોગ્ય લાગે તો આપી શકશે

જે રજાઓ એકત્રીત થયેલી ભોગવી ન હોય તેને નિવૃત્તિ સમયે ભોગવી શકશે અગર તો રોકડમાં-ફેરવી શકશે.

(૩) આકસ્મિક રજા –

દરેક કર્મચારીને વર્ષમાં ૧૫ દિવસની પુરા પગારે આકસ્મિક રજા મળી શકશે. આકસ્મિક રજાઓ એક સાથે ચાર (૪) દિવસ વધુ મળી શકશે નહી. સામાન્ય સંજોગોમાં રજા મંજુર કરાવ્યા પછીથી જ રજા ઉપર જવાનું રહેશે.

(૪) બીન પગારની રજા –

કર્મચારી પાસે કોઈ પ્રકારની રજા જમા ન હોય ત્યારે બીન પગારની રજા ખાસ સંજોગોમાં મેળવી શકશે એવી રજા નોકરી દરમ્યાન એક વર્ષથી વધુ લઈ શકશે નહી પરંતુ એક સાથે ત્રણ માસથી વધુ રજા ભોગવી શકશે નહી.

આ લાભ જે કર્મચારીએ ૫ વર્ષ પુરા નોકરી કરી હશે તેના કર્મચારીને યોગ્ય કારણસર મળી શકશે

(૫) દરેક વર્ષે જુન માસના અંતે દરેક પ્રકારની રજાઓ કર્મચારીના રજાના ખાતામાં જમા કરવામાં આવશે

(૬) કર્મચારી નિવૃત્તિ પહેલાં રીટાયર્ડ થાય, રાજીનામુ આપે અથવા બેંક છુટા કરે તેવા પ્રસંગે તેના ખાતે જમા રહેલી તમામ પ્રકારની રજાઓનો પગાર રોકડમાં ફેરવી શકશે અગર છુટા થતાં પહેલાં ભોગવી શકશે કોઈ-પણ પ્રકારની રજાઓ જોઈન્ટ રીતે લઈ શકાશે નહી. અનિવાર્ય સંજોગો સિવાય આ માટે એક દિવસ અગાઉ જાણ કરવી.

(૧૫) અગ્રતાક્રમ (સીનીયોરીટી લીસ્ટ)

બેંક તરફથી દરેક કક્ષાવાર અગ્રતાક્રમ યાદી દર વર્ષે જુન માસમાં તૈયાર કરવામાં આવશે. અગ્રતાક્રમ દાખલ થયા તારીખથી ગણાશે. અગ્રતાક્રમ માટે નીચે જણાવ્યા પ્રમાણે ગુણાંક પદ્ધતિનો અમલ કરવાનો રહેશે

INDEX

(૧) પહેલા ૧૦ વર્ષની નોકરી માટે દર એક વર્ષ માટે ગુણ-૧

(૨) દર વર્ષ ઉપરાંતની નોકરી માટે દર એક વર્ષ માટે ગુણ-૨

(૩) એસ. ડી. સી, સી. એ આઇ, આઈ. બી. ભાગ-૧ માટે ગુણ-૧

(૪) સ્નાતક, એચ. ડી. સી. જી. ડી. સી, એન્ડ એ. સી. એ. આઈ. આઈ. બી ભાગ-૨ માટે ગુણ-૨

(૫) ડબલ ગ્રેજ્યુએટ અનુસ્નાતક અગર સ્નાતક સાથે જી. ડી. સી. એન્ડ એ. અથવા એચ. ડી. સી અથવા સી. એ. આઇ. આઈ. બી ભાગ-૨ ગુણ-૩

નોંધ – બઢતી પામેલ કર્મચારી નવી જ કક્ષામાં જ્યારથી બઢતી મેળવે ત્યારથી કક્ષામાં તેની અગ્રતા શરૂ થશે

(૧૬) પ્રોવીડન્ટ ફંડ –

પ્રોવીડન્ટ ફંડમાં. કર્મચારીનો ફાળો તેના મુળ પગાર અને મોંઘવારીની કુલ રકમ ઉપર ૧૦ ટકા રહેશે. અને બેંક પણ તેટલી જ રકમનો ફાળો ઉમેરશે. પ્રોવીડન્ટ ફંડ માટેની ખાનગી યોજના માટેના-નિયમો બેંક યુનિયન સાથે સંમતિ સાધીને તૈયાર કરશે.

(૧૭) ગ્રેજ્યુઈટી યોજના –

નીચે પ્રમાણે ગ્રેજ્યુઈટી યોજના દરેક કર્મચારીને લાગુ પડશે અને તે તેના લાભ માટે નીચેની યોગ્યતા ગણાશે.

(૧) નોકરી દરમ્યાન મૃત્યુ અથવા શારિરીક કે માનસિક અશક્તતા માટે જો એક વર્ષની નોકરી થઈ હોય તો.

(૨) પાંચ વર્ષની પુરી થયેલ નોકરી બાદ નિવૃત્તિને કારણે સ્વેચ્છીક રાજીનામુ આપવાના કારણે અથવા બરતરફીના સંજોગોમાં

(૩) ગ્રેજ્યુઈટી દર વર્ષની પુરી નોકરી માટે છેલ્લા એક માસનો મેળવેલ પુરો પગાર (પગાર, મોંઘવારી સહ) વધુમાં વધુ ૨૦ પગાર જેટલો આપવાની રહેશે.

INDEX

નોંધ – જો કોઈ કર્મચારી ને હીસાબમાં ગોટાળો યા ઉચાપત માટે બરતરફ કરવામાં આવે તો તે કર્મચારીના આવા કૃત્યથી જે નુકશાન થયુ હોય તે રકમ બાદ કરીને ગ્રેજ્યુઈટી ચુકવવામાં આવશે.

(૧૮) નિવૃત્તિ વય મર્યાદા –

નિવૃત્તિ વય મર્યાદા ૫૮ વર્ષની રહેશે. બેંકની બોર્ડ તબીબી અભિપ્રાય લઈ બે વર્ષ સુધી કર્મચારીને નોકરીમાં રાખી શકશે. ૬૦ વર્ષની વય થયે નોકરીમાં ચાલુ રહી શકાય નહીં. ૨૫ વર્ષની નોકરી કર્યા બાદ કર્મચારી સ્વૈચ્છિક નિવૃતિ લઈ શકશે.

નોંધ – નિવૃત્તિ વય મર્યાદા કક્ષા નં. ૧ ને લાગુ પડશે નહીં.

(૧૯) બઢતી અંગે નીતિ –

(૧) ઉપલી કક્ષા નં. ૧ માટે વ્યવસ્થાપક કમીટી નિર્ણય લેશે. કક્ષા નં. ૨, ૩ અને ૪ માટે અથવા નવી જગ્યા ઉભી કરવામાં આવશે ત્યારે તેવી કક્ષામાંથી તાત્કાલીક ઉતરતી કક્ષામાંથી જે કર્મચારી અગ્રતા–ક્રમમાં અગ્ર હશે તેમજ કાર્યદક્ષ હશે અને લેખીત કસોટીમાં યોગ્યતા મેળવશે તેને બઢતી આપવામાં આવશે. એક સરખી દાખલ તારીખ ધરાવતી એક કરતાં વધુ વ્યક્તિઓ બઢતી મેળવવા પાત્ર હોય તેવા સંજોગોમાં લેખીત કસોટી દ્વારા કોને બઢતી આપવી તે બેંક નક્કી કરશે. લેખીત કસોટીમાં યોગ્યતા પ્રાપ્ત કરવામાં બંને કર્મચારી નિષ્ફળ જશે તો યોગ્ય લાયકાત ધરાવનાર વ્યક્તિની નિમણુંક કરી શકાશે

(૨) બઢતી આપતી વખતે કર્મચારીઓ ઉપલી કક્ષામાં પગાર નક્કી કરવા માટે તેનો મુળ પગારની રકમ ઉપલી કક્ષાના જે તબક્કે બંધ બેસતી હોય ત્યાં ગોઠવવી, જો રકમ બરાબર બંધ બેસતી જ ન હોય તો તે પછીના તબક્કામાં ગોઠવવી.. અને બઢતીના નવી જગ્યાના બે ઈજાફા તેમાં ઉમેરવામાં આવશે આ રીતે નક્કી થતો પગાર બઢતી બાદનો પગાર ગણાશે. પરંતુ જે કર્મચારીને બે ઈન્ક્રીમેન્ટ આપતા ઉપલી કક્ષાના ગ્રેડમાં ન આવે તો ઉપલી કક્ષાના ગ્રેડથી જ ગણવામાં આવશે.

INDEX

(૩) બઢતીની તારીખથી ત્રણ માસ સુધી બઢતી પામેલ કર્મચારી બઢતીની જગાએ અજમાયશી તરીકે રહેશે; આ સમય પુરો થાય તે પહેલા કર્મચારી પોતાની મુળ જગ્યાએ જવા લેખીત ઈચ્છા વ્યક્ત કરે તો તેને તેના મુળસ્થાને મુકી આપશે. તેમજ આ સમય દરમ્યાન બઢતી આપેલ કર્મચારીનું કામ બેંકને સંતોષકારક ન લાગે તો બેંક પણ આવા કર્મચારીને સમય મર્યાદા પુરી થતાં પહેલા મુળસ્થાને લાવી શકાશે.

(૪) જો કોઇ કર્મચારી નક્કર કારણ સિવાય બઢતી સ્વીકારે નહી તો તેવી કર્મચારી બઢતી માટેનો પોતાનો અધિકાર ભવિષ્ય માટે ગુમાવશે

(૨૦) ફ્રેશ -

બેંકની પ્રથા ચાલુ રહેશે.

(૨૧) આ સમાધાન અંગે કોઈપણ વિવાદ ઉભો થાય ત્યારે બેંક અને યુનિયન ચર્ચા કરી તેનો નીવેડો લાવશે. વાટાઘાટોથી નીવેડો ન આવે તો તકરાર નીમી ઉકેલ લાવવાના પગલાં લેવાશે.

(૨૨) આ સમાધાન દ્વારા કોઈપણ કર્મચારીને આર્થિક નુકશાન થવા દેવામાં આવશે નહી

(૨૩) આ સમાધાન તારીખ ૧-૪-૯૧થી અમલમાં આવશે અને તારીખ ૩૧-૩-૯૫ સુધી અમલમાં રહેશે.

(૨૪) સમાધાનનો અમલ દરમ્યાન બેંકને વધારાનો બોજો પડે તેવી માંગણી યુનિયન તથા કર્મચારીઓ દ્વારા રજુ કરવામાં આવશે નહી. આ સમાધાનમાં બેંક શબ્દ વપરાયેલ છે. તથા બેંક એટલે બેંકનું સંચાલક મંડળ તેમ સમજવું.

(૨૫) તમામ કર્મચારીઓએ બેંકનો સ્ટેન્ડીંગ ઓર્ડર્સનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

(૨૬) એલ. ટી. સી બેંક દરેક કર્મચારીને દર વર્ષે રૂા. ૨૫૦ ચુકવશે.

INDEX

સ્થળ – નડીઆદ.

તારીખ ૧૦–૮–૯૧

ચેરમેન/મેનેજીંગ ડીરેક્ટર

શ્રી વિરપુર અર્બન કો. ઓ. બેંક લિ.

વિરપુર

ભરત જે. પંડ્યા

જોઈન્ટ સેક્રેટરી

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન

સાક્ષી

શ્રી વીરપુર અર્બન સહકારી બેંક લિ.

એલ. બી. બારોટ

ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન

સહી

બી. જ. પટેલ

રજીસ્ટ્રાર

અમદાવાદ. તા. ૧૧–૯–૯૧

સહી

એ. બી. પટેલ

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત

અમદાવાદ

અમદાવાદ

તા. ૧૪–૧–૯૧

સહી

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શમક/૨૭૯૬૯૮/આર. યુ.—સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ધી અમદાવાદ સીલ્ક એમ્પ્લોઈઝ યુનીયન, અમદાવાદ અને નાનીકરામ શોભરાજ મીલ્સ લી., અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૧૯મા દિને આથી નોંધ કરું છું.

IN THE INDUSTRIAL COURT, GUJARAT.

(Before Shri H. D. Pandya, President)

Misc. Application (IC) No. 17 of 1991.

IN

Misc. Application (IC) No. 18 of 1991.

IN

Reference (IC) No. 157 of 1990.

BETWEEN

The Ahmedabad Silk Employees' Union, Ahmedabad.

AND

The Nanikram Shobhraj Mills Ltd., Ahmedabad.

In the matter of modification of the Award dated 30th January, 1991 in Misc. Application (IC) No. 18 of 1991.
Industry : Silk Textile.

SUPPLEMENTARY AWARD

This is joint application undor Section 116-A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the Award made in Referance (IC) No. 157 of 1980 as amended from time to time, requesting me to make an Award in terms of settlement

INDEX

mutually arrived at between the parties as embodied in Annexure "A" The application has been signod by the competent persons and I find the terms of settlement to be fair and reasonable. I therefore, take the terms of settlement on record and made this supplementary award in terms of settlement Annexure "A" which is annexed hereto. No ordar as to coets,

એનેક્ષચર – 'અ'

પરિશિષ્ટ

(૧)...રેફ (આઇ.સી.) ૧૫૭/૬૧ માં નામદાર અદાલતે તારીખ ૬/૮/૬૧નાં રોજ કરેલ એવોર્ડની કલમ ૨ માં જણાવેલા સાંચાઓની ફાળવણી રદ કરી નવેસરથી ગોઠવણ કરવામાં આવેલ અને સદર એવોર્ડમાં સુધારો કરવા નામદાર અદાલત સમક્ષ પક્ષકારોએ પરચુરણ અરજી (આઈ.સી) ૧૮/૬૦ દાખલ કરેલ જેનાં પરિશિષ્ઠ 'એ' મુજબ નામદાર અદાલતે તારીખ ૨૧/૨/૬૨ નાં રોજ એવોર્ડ કરી સુધારો માન્ય કરેલ જે સુધારા એવોર્ડની કલમ (૧) (અ) રદ કરવામાં આવે છે અને મીલ્સ કંપનીનાં સાદા શાળ ખાતાનાં જોબરોને ૨૧૨ સાંચાની ફાળવણી નીચે મુજબ નવેસરથી કરવામાં આવે છે.

(અ) સાદા શાળ ખાતાના જોબરોને તારીખ ૨૩-૮-૧૯૬૧ નાં રોજથી નીચે મુજબ સાંચા સોંપવામાં આવે છે.

ખાતા નંબર ૧ : સાંચા નં. ૨૫ થી ૬૪
સાંચા નં. ૨૪૩ થી ૨૪૮
કુલ ૪૬ સાંચા

ખાતા નંબર ૨ : સાંચા નંબર ૬૫ થી ૧૦૪
સાંચા નંબર ૨૩૭ થી ૨૪૨
કુલ ૪૬ સાંચા

ખાતા નંબર ૩ : સાંચા નંબર ૧૦૫ થી ૧૨૪
" નંબર ૧૨૭ થી ૧૪૦
" નંબર ૨૩૩ થી ૨૩૬

INDEX

ખાતા નંબર ૩ :　　સાંચા નંબર ૧૨૫ થી ૧૨૬
　　　　　　　" નંબર ૧૪૧ થી ૧૪૪
　　　　　　　કુલ ૪૪ સાંચા.

ખાતા નંબર ૪ :　　સાંચા નંબર ૨૫૭ થી ૨૮૦
(સીમકો)　　　　　કુલ ૨૪ સાંચા

ખાતા નંબર ૫ :　　સાંચા નંબર ૨૪૯ થી ૨૫૬
(થર્ટીંગ)　　　　　નંબર ૨૮૧ થી ૩૦૦
　　　　　　　કુલ ૨૮ સાંચા

ખાતા નંબર ૬ :　　સાંચા નંબર ૧ થી ૨૪
　　　　　　　કુલ ૨૪ સાંચા.

(બ) સાદા શાળ ખાતામાં ૨૧૨ સાંચાના જોબરના ૭ ખાતા હતા. હવે સાદા શાળ ખાતમાં ૨૨ સાંચા રહેતાં તેમજ પાળી વાઈઝ એક-એક જગ્યા ઓછી કરવાની છે. જોબરનાં ૬ ખાતા રહે છે. હાલ પહેલી પાળીમાંથી એક જોબર શ્રી કિશન તુકારામના રાજીનામાથી જગ્યા ખાલી થયેલી છે અને બીજી અને ત્રીજી પાળીમાં એક-એક જોબર એકસ્ટ્રા છે. આ ફેરફારથી બીજી પાળીનાં શ્રી સદાસીવ શાંતિ તથા ત્રીજી પાળીના શ્રી મ મુસ્તુફ કુદરતુલ્લા એકસ્ટ્રા છે તેઓને જ્યાં સુધી કોઈ જોબરનાં રાજીનામાની કરાર મુજબ જગ્યા ખાલી નહીં પડે ત્યાં સુધી તેઓને અન્ય ઠેકાણે જરૂરીયાત મુજબ રાખવામાં આવશે અને કોઈ ખાતાનાં જોબરના રાજીનામાની વધારાની રકમ આપી અગાઉનાં કરાર મુજબ જગ્યા ખાલી પડશે તે વખતે આ જોબરોનો સમાવેશ તે ખાતું કાળવી કરવામાં આવશે.

(ક) તારીખ ૨૩/૮/૧૯૬૧ ના રોજથી પાળી વાઈઝ નીચે મુજબ જોબરો ખાતા સંભાળશે.

ખાતા નં. ૧ :　　પ્રથમ પાળી – વિરેન્દ્ર હરીનાથ
　　　　　　　બીજી પાળી – કનૈયા મકનજી
　　　　　　　ત્રીજી પાળી – અબ્બાસઅલી કરીમતઅલી

ખાતા નં. ૨ :　　પ્રથમ પાળી – શ્રીનીવાસ ગૌરખનાથ
　　　　　　　બીજી પાળી – હિંદયશંકર જડશીસીંગ
　　　　　　　ત્રીજી પાળી – જગદીશ સુમેરસીંગ

ખાતા નં. ૩ : પ્રથમ પાળી – શ્રી નાથ જમીનાથ
બીજી પાળી – કમલદેવ છતરીસીંગ
ત્રીજી પાળી – દુર્યોધન ખુરભુર

ખાતા નં. ૪ : પ્રથમ પાળી – રામભવન મલાહ
બીજી પાળી – ઈશ્વરનારાયણ આર. પાંડે
ત્રીજી પાળી – બાબુરાવ ગુબાજી

ખાતા નં. ૫ : પ્રથમ પાળી – વિષ્ણુનારાયણ આર. પાંડે
બીજી પાળી – કમલાકાંત ઈન્દ્રમણી
ત્રીજી પાળી – શીવનાથસિંગ બૈજનાથસિંગ

ખાતા નં. ૬ : પ્રથમ પાળી – રામ સેવક કેકું
બીજી પાળી – જીવણ પુંજા
ત્રીજી પાળી – રામાધાર માતા પ્રસાદ

(૩) આ બાબતે કોઈ મતભેદ પડશે તો યુનિયનના મહામંત્રી શ્રી અમથાભાઈ દેસાઈ અને મીલ્સ કંપની તરફથી શ્રી જવાહરભાઈ પી. ગોપલાની સાથે મળી તેનો યોગ્ય નિકાલ લાવશે અને તે આખરી ગણાશે આવા મતભેદનો ઉકેલ મતભેદ પડવા તારીખથી દિન-૩માં લેવાનો રહેશે.

જનરલ સેક્રેટરી
અમદાવાદ સીલ્ક એમ્પ્લોઈઝ યુનિયન
અમદાવાદ

અમદાવાદ
તારીખ – ૨૧-૮-૯૧

ફેકટરી મેનેજર
શ્રી નાનીકરામ શોભરાજ મીલ્સ લી.
અમદાવાદ

N. N. Patel
Registar,
Ahmedabad, 28th August, 1991

H. D. Pandya
President

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૧૯-૯-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક બ/શમક/૨૮૦૨૮/આર.યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું ડાયમંડ ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ અને (૧) સહાયક સંઘ નિબંધક શ્રી આર. કે. પરમાર, અમદાવાદ (૨) મંત્રી શ્રી, જનરલ વર્કસ યુનિયન અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના ઓકટોબર માસના ૧૯મા દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય અમદાવાદ.

શ્રી. વિ. ટી. પરીખ, સભ્ય કમરૂ.

અપીલ (આઈસી) નં. ૬૫/૯૧

ડાયમંડ ટેક્ષટાઈલ મીલ્સ લી. અમદાવાદ. વિવાદી

વિરૂદ્ધ

(૧) સહાયક સંઘ નિબંધક શ્રી આર. કે. પરમાર. અમદાવાદ.

(૨) મંત્રીશ્રી, જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ પ્રતિવિવાદી

અપીલ (આઈસી) નં. ૬૬/૯૧

મીલ મજુર સભા, અમદાવાદ. વિવાદી

વિરૂદ્ધ

(૧) મંત્રી શ્રી, જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ.

(૨) સહાયક સંઘ નિબંધક શ્રી. આર. કે. પરમાર

(૩) ડાયમંડ ટેક્ષટાઈલ મીલ, અમદાવાદ. પ્રતિવિવાદી

સહાયક સંઘ નિબંધક બી. આઈ. આર. એકટના તારીખ: ૩૦–૫–૯૧ના હુકમ વિરૂદ્ધ અપીલ.

INDEX

મીલ તરફે એડવોકેટ શ્રી આર. પી. પટેલ

જનરલ વર્કર્સ યુનિયન તરફે એડવોકેટ શ્રી એચ. કે. રાઠોડ

મીલ મજદુર સભા, અમદાવાદ તરફે શ્રી રામસિંહ ઠાકુર

ચુકાદો

૧. આ બંને અપીલો સહાયક સંઘ નિબંધક, અમદાવાદે તા. ૩૦-૫-૯૧ના રોજ ડાયમંડ ટેક્ષટાઇલ મીલ કે જે અગાઉ રેશમ કાપડ ઉદ્યોગ તરીકે નોંધાયેલી સંસ્થા હતી તેને બદલે તે ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગ તરીકે માન્ય કરીને નોંધણી કરવામાં આવી છે અને તે અંગેની અધિસૂચના બહાર પાડવામાં આવી છે તે સાથે કરવામાં આવી છે અપીલ (આઈસી) નં. ૬૫/૯૧ ડાયમંડ ટેક્ષટાઈલ મીલે કરી છે જ્યારે અપીલ (આઈસી) નં. ૬૬/૯૧ મીલ મજદુર સભા કે જે રેશમ કાપડ ઉદ્યોગ તરીકે નોંધાયેલ સંસ્થા હતી તેના કામદારો માટે પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન હતું અને છે. તેના તરફે કરવામાં આવી છે.

૨. ડાયમંડ ટેક્ષટાઈલ મીલ લી. કે જે હવે પછી 'સંસ્થા' તરીકે વર્ણવવામાં આવશે તે સંસ્થાને રેશમ કાપડ ઉદ્યોગ તરીકે ઘણા વરસોથી સહાયક સંઘ નિબંધક તરફે માન્યતા આપવામાં આવેલી છે અને તે પ્રમાણે તે ઉદ્યોગની નોંધણી કરવામાં આવેલી છે. મીલ્સ મજદુર સભાએ રેશમ કાપડ ઉદ્યોગ માટે પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતું યુનિયન છે એ તેને હવે પછી 'યુનિયન' તરીકે વર્ણવવામાં આવશે. મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની જોગવાઈઓ મુજબ આ યુનિયનની સહાયક સંઘ નિબંધક તરફે નોંધણી પણ કરવામાં આવેલી છે અને તે અંગેનું પ્રમાણપત્ર અપીલ (આઈસી) નં. ૬૬/૯૧ના અપીલ મેમો સાથે જોડેલ પરિશિષ્ટ 'અ'થી રજુ કરેલ છે તે પ્રમાણે નોંધણી અને માન્યતા ૧૯૬૨થી આપવામાં આવેલી છે અને તે યુનિયન સંસ્થા સાથે વારંવાર કામદારો અંગે રજુઆત કરે છે અને કરારો પણ કરે છે. અપીલ (આઈસી) નં. ૬૫/૯૧ના પ્રતિવિવાદી નં. ૨ તરીકે જોડેલ જનરલ વર્કસ યુનિયન જેને હવે પછી 'મજુર મહાજન' તરીકે વર્ણવવામાં આવશે તે યુનિયને સહાયક સંઘ નિબંધકને તા ૧૮-૩-૯૧ના રોજ એક અરજી કરેલી છે જે સહાયક સંઘ નિબંધક તરફે તેમની સમક્ષની કાર્યવાહીના કાગળોમાં સી/૧થી રજુ કરેલ છે. તે અરજીમાં એમ જણાવવામાં આવ્યું હતું કે સંસ્થા સીલ્ક ઉદ્યોગ માટે નોંધાયેલી છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી ખરેખર સંસ્થા સીલ્ક ઉદ્યોગનો નથી અને ટેક્ષટાઈલ

INDEX

પ્રોસેસીંગ ઉદ્યોગની સંસ્થા છે જે અંગે વિગતવાર તે અરજીમાં જણાવ્યા છે તે ધ્યાનમાં લેતાં તેમજ રેશમ ઉદ્યોગને લગતી કોઈ મશીનરી તે સંસ્થામાં છે નહિ અને ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગને લગતી કામગીરી થાય છે તેથી તેની નોંધણીના પ્રકારમાં ફેરફાર કરવાની જરૂર છે અને તે અરજીમાં જણાવેલ કારણો ધ્યાનમાં લઈને તે અંગે કોઈ ખાસ અધિકારી મોકલાવી તપાસ કરાવવા અથવા કામદારો અને તેમના પ્રતિનિધિઓને રૂબરૂ મળીને સંસ્થાની કામગીરી બાબતમાં વિસ્તૃત અને ઉંડી તપાસ કરાવી કામદારોના અભિપ્રાયો અને વિગતો મેળવીને સદરહુ સંસ્થાને સીલ્ક ઉદ્યોગમાંથી કમી કરી ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગ તરીકે નોંધવા માટે જરૂરી અધિસુચના બહાર પાડવાની જરૂર છે. સહાયક સંઘ નિબંધકની કચેરી તરફથી આ અરજી મળતાં મદદનીશ મજૂર કમિશ્નરશ્રી મારફત સંસ્થામાં તપાસ કરી અહેવાલ રજુ કરવા માટે લખાણ કરવામાં આવેલ. આ જાતનો અહેવાલ મદદનીશ મજુર કમિશ્નરશ્રીની કચેરી તરફથી સહાયક સંઘ નિબંધકની કચેરીને તા. ૨૦-૫-૯૧ના રોજ મળેલો. તેમાં જણાવેલી વિગત ધ્યાનમાં લઈ સહાયક સંઘ નિબંધક તા. ૩૦-૫-૯૧ની અધિસૂચનથી ઉપર જણાવેલ સંસ્થાની નોંધણી રેશમ ઉદ્યોગમાંથી રદ કરી ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગના ઉપક્રમ તરીકે માન્ય કરી છે અને તે બાબતોની નોંધણી કરવામાં આવી છે.

૩. મજૂર મહાજન તરફથી એક કેવીયેટ અરજી ઔદ્યોગિક અદાલતમાં તા. ૧-૭-૯૧ના રોજ રજુ કરવામાં આવેલી અને તેમાં એમ જણાવવામાં આવ્યું છે કે, સંસ્થા અથવા યુનિયન તરફે ઔદ્યોગિક અદાલતમાં કોઈ પ્રકરણ જેવું કે, અપીલ, રીવીઝન અથવા અરજી દાખલ કરવામાં આવે અને જેમાં સંસ્થાને ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગ તરીકે માન્યતા આપવામાં આવી છે અને નોંધણી કરવામાં આવી છે તેને પડકારવામાં આવે તો મજુર મહાજન સંઘને સાંભળ્યા સિવાય કોઈ વચગાળાનો હુકમ કરવો જોઈએ નહિ. આ કેવીયેટ અરજીની એક એક નકલ સંસ્થાને તથા યુનિયનને મોકલવામાં આવી છે તેના ઉપરથી સંસ્થા તથા યુનિયનને માલુમ પડયું કે, સંસ્થાને રેશમ કાપડ ઉદ્યોગના ઉપક્રમ તરીકે નોંધણી કરવામાં આવી હતી તેમાંથી રદ કરવામાં આવેલ છે અને ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગ તરીકે માન્યતા આપીને તે પ્રમાણે નોંધણી કરવામાં આવી છે તેથી સંસ્થા તેમજ યુનિયન તરફે ઉપર જણાવ્યા મુજબ અપીલ દાખલ કરવામાં આવી છે.

INDEX

૪ સંસ્થા તરફે જે અપીલ દાખલ કરવામાં આવી છે તેમાં એવું કારણ જણાવવામાં આવેલ છે કે, તે સંસ્થાને સહાયક સંઘ નિબંધક યુનિયનને સંસ્થાના કામદારોના પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન તરીકે ૧૯૬૨માં માન્યતા આપેલી છે અને તે માન્યતા અનુસાર સંસ્થાએ વારંવાર તે યુનિયન સાથે વાટાઘાટો કરી પગારધોરણ, મોઘવારી વિ. બાબતો અંગે સંખ્યાઓ અને નોકરીની શરતો નક્કી કરતા કરારો કર્યા છે. અને તે અંગે એવોર્ડ પણ થયેલા છે અને આ કરારો તથા એવોર્ડ પ્રમાણેની જોગવાઈઓ હાલમાં અમલમાં છે, તેમ છતાં સંસ્થાને કોઈપણ જાતની જાણ કર્યા સિવાય સહાયક સંઘ નિબંધક જેને હવે પછી નિબંધક તરીકે વર્ણવવામાં આવશે તેમણે તા ૩૦-૫-૯૧ના રોજ સંસ્થાને રેશમ કાપડ ઉદ્યોગમાંથી રદ કરવાનો હુકમ કર્યો અને ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગના ઉપક્રમ તરીકે માન્યતા આપી છે. વધુમાં એમ જણાવવામાં આવ્યું છે કે, આ રીતનો હુકમ કરવાથી સંસ્થાને અવળી અસર થાય છે અને તેથી સંસ્થાને અને યુનિયનનાં પ્રતિનિધિઓએ સાંભળવા જોઈએ અથવા સાંભળવાની તક આપવી જોઈએ અને તે પ્રમાણે કાર્યવાહી કરી નહિ હોવાથી જે હુકમ કરવામાં આવ્યો છે તે રદ થવાને પાત્ર છે. વધુમાં એમ જણાવવામાં આવ્યું છે કે નિબંધકે આ પ્રમાણે માન્યતા આપવા માટે અને જુની માન્યતા રદ કરવા માટે જે કાર્યવાહી કરી છે તેમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતનું પાલન કરેલ નથી અને ફેરફાર અંગેની કોઈ નોટિસ અથવા તે અંગે રજુઆત કરવા માટે કોઈ તક સંસ્થાને આપવામાં આવેલ નથી અને તે સંજોગોમાં નિબંધકનો તા. ૨૦-૫-૯૧નો હુકમ રદ કરવો જોઈએ. વધુમાં એમ જણાવવામાં આવ્યું છે કે, આ હુકમની જાણ સંસ્થાને તા. ૩-૭-૯૧ના રોજ મજુર મહાજન સંઘ તરફથી કેવીએટ અરજી સાથે હુકમની નકલ મળી ત્યારે થઈ છે અને તેથી સંસ્થા તરફે તા. ૩૧-૭-૯૧ના રોજ દાખલ કરવામાં આવેલી અપીલ મુદતમાં છે. સંસ્થા તરફે એવી માંગણી કરવામાં આવી છે કે, ઉપરોક્ત તા. ૩૧-૫-૯૧ના રોજનો હુકમ જણાવેલ કારણોસર રદ કરવો જોઈએ.

૫. યુનિયન તરફે તેઓની અપીલમાં એવા કારણો ઉપસ્થિત કરવામાં આવ્યાં છે કે, તે યુનિયન સંસ્થામાં કામ કરતા કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન તરીકે ઘણા વરસોથી માન્ય થયેલું છે તેથી સંસ્થા અને યુનિયન વચ્ચે વારંવાર ફેરફારો થયેલા છે અને તે યુનિયનનું સંસ્થાની માન્યતા એક ઉપક્રમમાંથી બીજા ઉપક્રમમાં બદલવાનો હુકમ કરવાથી પ્રતિનિધીત્વ જતું રહે છે અને ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન

INDEX

સંસ્થા માટે માન્ય યુનિયન અને તેથી યુનિયનને અવળી અસર થાય છે અને તે સંજોગોમાં નિબંધકનો હુકમ રદ કરવો જોઈએ

૬. ઉપરની બંને અપીલો નિબંધકના એક જ હુકમ પરથી ઉપસ્થિત થતી હોવાથી બંને અપીલોની સુનાવણી સાથે કરવામાં આવી છે અને આ એક જ ચુકાદાથી તેનો નિર્ણય કરવામાં આવ્યો છે બંને અપીલો અંગે યુનિયન તરફે તેમના પ્રતિનિધિશ્રી રામસિંહ ઠાકુર, મજૂર મહાજન સંઘ તરફે એડવોકેટશ્રી એ. કે. રાઠોડ તથા સંસ્થા તરફે એડવોકેટ શ્રી આર. પી. પટેલને સાંભળવામાં આવ્યા. નિબંધક જાતે હાજર રહ્યા છે પરંતુ તેમના તરફે કોઈ દલીલ કરવામાં આવી નથી. શ્રી રામસિંહ ઠાકુર વિદ્વાન તથા એડવોકેટશ્રીઓએ ઉપર જણાવેલ કારણોને આનુસંગિક દલીલો કરી છે જેનું વિવરણ હવે પછીના ફકરામાં કરવામાં આવે છે.

૭. મજૂર મહાજન સંઘે આ પ્રથમ એવો મુદ્દો ઉઠાવ્યો છે કે, મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૨૦ મુજબ નિબંધકના હુકમ સામેની અપીલ જે હુકમ સામે અપીલ કરવાની હોય તે હુકમની તારીખથી ૩૦ દિવસમાં કરવી જોઈએ આ કિસ્સામાં નિબંધકનો હુકમ તા. ૩૦-૫-૯૧ના રોજ કરવામાં આવેલ છે. આ હુકમની નકલ સંસ્થાને તથા યુનિયનને મોકલવામાં આવી છે તેવી નોંધ હુકમ નીચે કરવામાં આવી છે. સંસ્થા તથા યુનિયન તરફે એવી હકીકત જણાવવામાં આવી છે કે, આવા કોઈ હુકમની નકલ તેઓને મળી નથી પરંતુ સૌ પ્રથમ મજૂર મહાજન સંઘ તરફે તા. ૧-૭-૯૧ની કેવીયેટ અરજીની નકલ તેઓને મોકલી અને તેની સાથે તે હુકમની નકલ મોકલી ત્યારે ખબર પડી છે. તેઓના જણાવ્યા પ્રમાણે આ કેવીયેટ અરજીની નકલ તા. ૨-૯-૯૧ના રોજ મળી છે. આ બધી હકીકત અપીલ (આઈસી) નં. ૬૫/૯૧માં વિવાદ અરજીના ફકરા-૪માં જણાવવામાં આવી છે. સંસ્થાના જણાવ્યા પ્રમાણે કેવીયેટ અરજીની નકલ તથા નિબંધકના હુકમની નકલ તા. ૩-૭-૯૧ના રોજ મળી છે. સંસ્થા તરફે આંક-૩થી અપીલ (આઈસી) નં. ૬૫/૯૧ માં રજૂ થયેલ સોગંદનામામાં એમ જણાવવામાં આવ્યું છે કે, અપીલ મેમો તથા મનાઈ અરજીમાં જે હકીકત જણાવી છે તે સાચી છે એટલે ફકરા-૪માં તા. ૩-૭-૯૧ના રોજ મળી છે તેમ જે હકીકત જણાવી છે તે સાચી છે એમ ગણાય. તેની સામે આ નકલ સંસ્થાને કઈ તારીખે મોકલવામાં આવી છે તે બાબતે નિબંધક તરફે કોઈ પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી. નિબંધકની કચેરીમાં આઉટ વર્ડ રજીસ્ટરમાં

INDEX

તેની નોંધ જરૂર થઈ હોય તેમ છતા તે બાબત નિબંધકે કોઈ પુરાવો રજૂ કર્યો નથી કે મજૂર મહાજન સંઘ તરફે કોઈ પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી. મજૂર મહાજન સંઘ તરફે આ અપીલમાં આંક-૩થી જવાબ રજૂ કરવામાં આવ્યો છે તેમાં ફકરા-૩માં એમ જણાવવામાં આવ્યું છે કે, તા, ૩૧-૫-૯૧ના હુકમની જાણ સંસ્થાને કરવામાં આવી છે કારણ કે તે બાબત હુકમની અંદર નકલ રવાનામાં સંસ્થાના નામનો ઉલ્લેખ છે એટલે મજુર મહાજન સંઘ તરફે ફક્ત નકલ રવાના કરવામાં સંસ્થાનું નામ છે તેના ઉપર આધાર રાખવામાં આવ્યો છે. જ્યારે તેની વિરુદ્ધમાં સંસ્થા તરફે આ હુકમની નકલ તા. ૩-૭-૯૧ના રોજ મળી છે તે સોગંદ ઉપર જાહેર કરવામાં આવેલ છે. તે જ પ્રમાણે અપીલ (આઈસી) નં. ૬૬/૯૧માં યુનિયન તરફે આવી જ હકીકત જણાવવામાં આવી છે એ તે સોંગદનામાંથી સ્પષ્ટ કરવામાં આવી છે જ્યારે મજૂર મહાજન સંઘ તરફે આ બાબતમાં કોઇ પુરાવો રજુ કરવામાં આવ્યો નથી કે સોગંદનામું કરવામાં કે કરાવવામાં આવેલ નથી કલમ ૨૦માં હુકમની તારીખથી એમ જણાવ્યું છે તે બાબતમાં સર્વોચ્ચ અદાલતના કેટલાય ચુકાદા છે કે જો હુકમની જાણ સંબંધકર્તા પક્ષકારોને ન થઈ હોય તો જ્યારે થાય ત્યારથી સમયની ગણતરી શરૂ થાય એટલે તા. ૩-૭-૯૧ના રોજ આ બાબતની જાણ સંસ્થા અને યુનિયનને થઈ હોવાથી તા. ૩૧-૭-૯૧ના રોજ રજુ કરવામાં આવેલા આ બંને અપીલો મુદતમાં છે અને આ બાબતમાં મજૂર મહાજન સંઘ તરફે રજુ કરવામાં આવેલ વાંધો સ્વીકાર્ય નથી તેમ ઠરાવવામાં આવે છે.

૭. નિબંધકને મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૧૧ મુજબ કોઈપણ સંસ્થાને ઉદ્યોગના અમુક પ્રકારના ઉપક્રમ તરીકે નોંધણી કરવાની સત્તા આપેલી છે અને તે માટે નિબંધક તેમને યોગ્ય લાગે તે કાર્યવાહી તપાસ માટેની કરી શકે છે તપાસ કર્યા બાદ તે અંગેની અધિસૂચના બહાર પાડી શકે બંને વિવાદી તરફે એવો મુદ્દો ઉભો કરવામાં આવ્યો છે કે, આવી તપાસ કરવામાં જે વ્યક્તિ અથવા સંસ્થાને અસર થાય અથવા ખાસ કરીને અવળી અસર થાય તેમને પોતાની હકીકત રજૂ કરવા માટેની તક આપવી જોઈએ અને તેવી કોઈ તક આપવામાં આવી નથી. આ અંગે મજુર મહાજન સંઘ તરફે જે અરજી રજુ કરવામાં આવી છે અને જે તા. ૧૮-૩-૯૧ ના રોજની છે તેમાં એમ જણાવ્યું છે કે, સંસ્થા સીલ્ક ઉદ્યોગનો સંઘ છે અને સંસ્થા સીલ્ક ઉદ્યોગના ઉપક્રમ તરીકે નોંધાયેલી છે પરંતુ તે સંસ્થા સીલ્ક ઉદ્યોગની

INDEX

નથી અને ટેક્ષટાઇલ પ્રોસેસીંગ ઉદ્યોગની સંસ્થા છે કારણ કે સંસ્થામાં ૧૭૫થી ૨૦૦ જેટલા કામદાર કામ કરે છે તેમ છતાં સંસ્થાનું એક જ ઇલેકટ્રીક જોડાણ છે અને તેમાં સીલ્ક ઉદ્યોગને લગતી કોઇ કામગીરી યા કામકાજ થતું નથી. વીવીંગના કોઈ સાંચા કે ખાતા આવેલા નથી અને કાપડ વણવાની કોઈ પ્રક્રિયા થતી નથી. સદરહુ સંસ્થાને જ્યારે સીલ્કઉદ્યોગ ઉપક્રમમાં નોંધવામાં આવી અને ચાલુ હતી ત્યારે વાર્પીંગ ખાતું, કોકડી ખાતું સાઇઝીંગ ખાતું અને અન્ય સીલ્ક ઉદ્યોગને લગતી કાર્યવાહી થતી હતી અને સાંચાઓ અને વિભાગો હતા જે છેલ્લા બે ત્રણ વરસથી બિલકુલ છે નહિ વધુમાં એમ જણાવવામાં આવ્યું છે કે, સદરહુ સંસ્થામાં રેશમ આર્ટીફીશ્યલ રેશમ કે રેયોનનો બિલકુલ ઉપયોગ થતો નથી અને ત્રણેક વરસથી તેમાં પ્રોસેસીંગ અને પ્રીન્ટીંગનું કામ કરી ફોલ્ડ કરીને પેકીંગનું કામકાજ થાય છે અને તે માટેના મશીનો સંસ્થામાં છેલ્લા બે ત્રણ વરસથી ગોઠવેલા છે. વધુમાં એમ જણાવવામાં આવ્યુ છે કે તે સંસ્થામાં બહારની પાર્ટીઓનો જોબ વર્ક એટલે કે કોરું કાપડ પ્રોસેસ કરીને પ્રીન્ટ કરીને ફોલ્ડ કરીને પેકીંગનું કામકાજ થાય છે એ તે સંજોગોમાં આ બધી હકીકત ધ્યાનમાં લેતાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની જોગવાઈઓ ધ્યાનમાં લેતાં તે અંગેની જે અધિસુચના બહાર પાડવામાં આવી છે તેમાં ફેરફાર કરી ટેક્ષટાઇલ પ્રોસેસીંગ ઉદ્યોગ તરીકે માન્યતા આપી તે પ્રમાણે નોંધણી કરવી જોઇએ. આ અરજીમાં છેલ્લા ફકરામાં નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું છે.

"આ અંગે ખાસ અધિકારી મોકલીને તપાસ કરાવી, કામદારો અને તેઓના પ્રતિનિધિઓને રૂબરૂ મળીને સંસ્થાની કામગીરી બાબતમાં વિસ્તૃત અને ઊંડી તપાસ કરાવી, કામદારોના અભિપ્રાયો અને વિગતો મેળવીને, સદર સંસ્થાને સીલ્ક ઉદ્યોગમાંથી કમી કરી ટેક્ષટાઇલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં દાખલ કરવા અંગેના જરૂરી નોટીફીકેશન બહાર પાડીને અમોને તેની લેખિતમાં જવાબરૂપે જાણ કરવા વિનંતી છે.

મજૂર મહાજન સંઘ તરફે આ અરજીમાં એમ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે. કામદારો અને તેના પ્રતિનિધિઓને રૂબરૂ મળીને અને તેઓના અભિપ્રાય મેળવીને તે અંગેની વિસ્તૃત અને ઊંડી તપાસ ચલાવીને માંગ્યા મુજબનો ફેરફાર કરવો જોઈએ. નિબંધકની કચેરી તરફે આ અરજીની નકલ મજૂર કમિશ્નરશ્રીની કચેરીને મોકલી આપવામાં આવેલ હતી અને તેમની મારફત અહેવાલ મેળવવામાં

INDEX

આવ્યો છે જે અહેવાલ મદદનીશ મજુર કમિશ્નરશ્રીએ મોકલ્યો છે તે નિબંધકની કચેરીમાં સી/૧૧ થી રજુ થયો છે તેમાં જણાવ્યા પ્રમાણે સંસ્થામાં સહાયક મજુર કમિશ્નરશ્રી મારફત તપાસ કરાવવામાં આવી હતી. સહાયક મજુર કમિશ્નરશ્રીએ તપાસ અંગે શું અહેવાલ રજૂ કર્યો છે તે કાગળોમાં નથી પરંતુ તે અહેવાલ ઉપરથી મદદનીશ મજૂર કમિશ્નરશ્રીએ જે અહેવાલ તૈયાર કર્યો છે તે ઉપર જણાવ્યા પ્રમાણે સી/૨૬થી રજુ થયો છે. નિબંધકે જ્યારે મજદુર સભા પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન છે તેમ છતાં યુનિયના સભ્ય કામદારોને અસર થાય તેવી કાર્યવાહી કરવા માટે યુનિયનને કોઈ જાણ કરી નથી તે ઉપરાંત સંસ્થા કે જે અત્યાર સુધી રેશમ ઉદ્યોગના ઉપક્રમ તરીકે નોંધાયેલ હતી તેને કોઈ પણ જાતની ખબર આપ્યા સિવાય તે ઉપક્રમમાંથી રદ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. કલમ ૧૧ મુજબ નિબંધકને પોતાને યોગ્ય લાગે તે તપાસ કરવા માટેની સત્તા આપવામાં આવેલી છે. પરંતુ જ્યારે એક યુનિયનની કરતી અથવા પ્રતિનિધિત્વ સંસ્થામાંથી તદ્દન નીકળી જાય અને બીજું યુનિયન તેની જગ્યાએ આવે તેવી અસર થાય ત્યારે તે યુનિયનના પ્રતિનિધિઓને જાણ કરવી જોઈએ અને તે બાબતમાં તેમને જે કંઈ કહવું હોય તે માટે તક આપવી જોઈએ. એમ જરૂરી જણાય છે. તેનું કારણ એ છે કે નિબંધકે જે હુકમ કર્યો છે તેનાથી સંસ્થાને તથા યુનિયનને અવળી અસર થાય છે. જો કે નિબંધકને કોઈ પણ જગ્યાએ અર્ધન્યાયીક સત્તાધિકારી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ નથી પરંતુ કલમ ૧૧ મુજબ તપાસની કાર્યવાહી કરવા માટેની સત્તા મળેલી છે. વધુમાં કલમ ૨૦ મુજબ નિબંધકના કોઈ પણ પ્રકરણ સામે ૩૦ દિવસમાં ઔદ્યોગિક અદાલતમાં વિવાદ અરજી કરી શકાય એવી જોગવાઈ છે. તપાસની કાર્યવાહી કરવા માટેની સત્તા તથા તેમના નિર્ણય સામેની વિવાદ અરજી કરવા માટેની જોગવાઈ બંને ધ્યાનમાં લેતા એમ કહી શકાય જે કાર્યવાહી કલમ ૧૧ મુજબ કરવા માટે નિંબધકને સત્તા આપવામાં આવી છે તે અર્ધન્યાયીક પ્રકારની છે. આ બાબતમાં વિઠ્ઠલભાઈ બી. પટેલના "ટર્મીનેશન એન્ડ ડીસ્મીસલ" પુસ્તકના ૧૯૮૨ની આવૃત્તિમાં પાન ૫૦ ઉપર કેટલાક સંબંધકર્તા ઉલ્લેખ થયેલા છે. પાન ૫૦ ઉપર એવો ઉલ્લેખ છે કે, જે શિસ્ત અધિકારીને અર્ધન્યાયીક કામગીરી બજાવવાની સત્તા આપવામાં આવેલી છે તેઓને પુરાવાના ટેકનીકલ નિયમો લાગુ પડતા નથી તેઓએ કુદરતી ન્યાયના સિદ્ધાંતોને ધ્યાનમાં લેવાના હોય છે. પાન ૫૨ ઉપર એવો ઉલ્લેખ છે કે કુદરતી ન્યાયના સિદ્ધાંતનો નિયમ કાયદાના ટ્રીબ્યુનલને લાગુ પડે છે એવું નથી પરંતુ દરેક ન્યાયપંચ અથવા જે વ્યક્તિઓના સમુહને.

INDEX

દિવાની પ્રકારના પરિણામો નીપજે એવી બાબતો અંગે નિર્ણય કરવાની સત્તા આપેલી હોય તેઓને પણ લાગુ પડે છે. આ કિસ્સામાં દિવાની પ્રકારનાં પરિણામો નીપજે તેવો નિર્ણય કરવાની સત્તા નિબંધક આપવામાં આવેલી છે અને તેથી કુદરતી ન્યાયના સિદ્ધાંતો પ્રમાણે નિબંધક કલમ ૧૧ મુજબની કાર્યવાહી કરવી જોઈએ. કુદરતી ન્યાયના સિદ્ધાંતો પ્રમાણે જ અસરકર્તા વ્યક્તિઓ અથવા પક્ષકારો હોય તેને જણાવવું જોઈએ કે મજુર મહાજન સંઘ તરફે સંસ્થાને રેશમ કાપડ ઉદ્યોગમાંથી તેની માન્યતા રદ કરીને ટેક્ષટાઈલ પ્રસેસીંગ ઉદ્યોગ તરીકે માન્યતા આપવા માટેની અરજી કરવામાં આવે છે અને તે બાબતમાં સંસ્થાને અથવા યુનિયનને જે કંઈ કહેવું હોય તે કહેવા માટે હાજર રહેવું જોઈએ. એવી કોઈ કાર્યવાહી નિબંધક તરફે કરવામાં આવી નથી એટલે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન નિબંધક તરફે કરવામાં આવેલ નથી. કુદરતી ન્યાયના સિદ્ધાંતો પ્રમાણે દરેક તબક્કે ખબર આપીને બચાવ કરવાની કે નિવેદન કરવાની તક આપવી એવું જરૂરી નથી. પરંતુ જે અરજી થઈ છે તેની વિગત જણાવીને તે બાબતમાં સંસ્થાને અને યુનિયનને કે જેમને અસર થાય છે તેને શું કહેવું છે. એવી નોટિસ આપવાની જરૂર છે અને તે પ્રમાણે વર્તન કરવામાં આવ્યું નથી.

વિદ્વાન વકીલ શ્રી એચ. કે. રાઠોડે એ નિર્ણીત ચુકાદા રજૂ કરી એવી દલીલ કરી છે કે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૧૧માં એવી કોઈ જોગવાઈ નથી કે અસરકર્તા અથવા કોઈ પણ સંસ્થા અથવા યુનિયનને બચાવ કરવાની અથવા તે બાબતમાં તેમની હકીકત રજૂ કરવાની તક આપવી જોઈએ અને જ્યારે કાયદામાં એવી જોગવાઈ નથી ત્યારે એવી જોગવાઈ ન હોવાથી તક આપવાની જરૂર રહે નહિ આના આધારમાં તેઓએ ૧૯૮૪ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં. ૪૮૮નો નિર્ણીત ચુકાદો રજુ કર્યો છે. આ ચુકાદામાં ખાતાકીય તપાસ અંગે કુદરતી ન્યાયના સિદ્ધાંતો કેટલે અંશે લાગુ પડે છે તેવી બાબત અંગે સિદ્ધાંત પ્રતિપાદીત કરવામાં આવ્યો છે તે કિસ્સાની હકીકતમાં સ્થાયી હુકમોમાં ફક્ત એટલી જ જોગવાઈ હતી કે જ્યારે કામદારને નોકરીમાંથી કમી કરવાનો હુકમ કરવામાં આવે ત્યારે તે પ્રમાણેનો હુકમ તેને તેનો પોતાનો ખુલાસો રજુ કરવાની તક આપ્યા પછી કરવો જોઈએ. તે હકીકતમાં એમ ઠરાવવામાં આવ્યું છે કે કામદારને તપાસ પુરી થયા પછી સજાનો હુકમ કરતા પહેલાં તેની સામે ખુલાસો કરવા માટે બીજી નોટીસ આપવાની જરૂર નથી. તેનો પ્રશ્ન એવો છે કે; જ્યારે કોઈ સત્તાધિકારીને તપાસ કરવાની સત્તા આપવામાં

INDEX

આવી હોય અને અસરકર્તા પક્ષકારોને કોઈપણ જાતની ખબર આપ્યા સિવાય હુકમ કરવામાં આવે તો કુદરતી ન્યાયના સિદ્ધાંતો પ્રમાણે ખુલાસો કરવાની તક આપવાની જરૂર છે કે નહિ તે છે. જ્યારે જે નિર્ણય ચુકાદો છે તે બીજા સિદ્ધાંતો ઉપર છે કે જ્યારે ખુલાસો કરવાની એક વખત પ્રાથમિક તપાસમાં તક આપી પછી સજા કરતી વખતે બીજી તક આપવાની જરૂર નથી. તેઓએ બીજો એક નિર્ણીત ચુકાદો કે જે એ આઈ આર ૧૯૭૧ સુપ્રિમ કોર્ટ પાન ૧૦૯૩ ઉપર પ્રસિદ્ધ થયો છે તે ટાંક્યો છે. સદરહુ કિસ્સામાં એક હાઈકોર્ટ જજની જન્મ તારીખ બાબત પ્રશ્ન ઉભો થયેલો તે અંગે બંધારણના આર્ટીકલ ૨૧૭(૩)માં ૧૫મા સુધારા બાદ એવી જોગવાઈ હતી કે જ્યારે આવો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે રાષ્ટ્રપતિએ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની સાથે પરામર્શ કર્યા બાદ નિર્ણય કરવો અને તે પ્રમાણે કરેલ નિર્ણય છેવટનો ગણાશે, તે હકીકતમાં રાષ્ટ્રપતિને આર્ટીકલ ૨૧૭(૩)ની જોગવાઈઓ ધ્યાનમાં લઈને આવો નિર્ણય કરનાર સત્તાધિકારી ન્યાયીક સત્તાધિકારી છે એમ ઠરાવવામાં આવ્યું છે અને તે જોતાં અને કલમ ૧૦ની જોગવાઈ તથા કલમ ૨૦ની જોગવાઈ સાથે ધ્યાનમાં લેતાં નિબંધકને અર્ધન્યાયીક સત્તાધિકારી છે એમ ઠરાવવું યોગ્ય જણાય. ઉપરોક્ત હકીકતમાં અસરકર્તા ન્યાયાધીશને રીપ્રેઝન્ટેશન કરવાની ઘણી તકો આપવામાં આવેલી પરંતુ ન્યાયાધીશશ્રીએ રાષ્ટ્રપતિ સમક્ષ તેઓને મૌખિક રજૂઆત કરવાની તક આપવી જોઈએ અને તે તક આપવામાં આવેલ નથી તે કારણે રાષ્ટ્રપતિનો નિર્ણય કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધનો છે એવી માંગણી કરવામાં આવેલ. સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવ્યું છે કે મૌખિક રજૂઆત કરવાની તક આપવી કે નહિ તે અંગે બંધારણમાં કોઈ જોગવાઈ નથી અને એવી તક આપવી કે નહીં તે રાષ્ટ્રપતિની મુનસફી ઉપર આધાર રાખે છે પરંતુ અસરકર્તા ન્યાયમૂર્તિને તેમની હકીકત રજુકરવા માટે ઘણી તક આપવામાં આવેલ હોવાથી કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થયેલ છે એમ કહી શકાય નહી સંજોગોમાં તે કિસ્સામાં રાષ્ટ્રપતિનો હુકમ કાયદેસરનો ઠરાવવામાં આવેલ આ કિસ્સામાં કોઈ પણ જાતની રજુઆત કરવા માટેની તક આપવામાં આવી નથી એટલે મૌખિક રજુઆત કરવા માટે તક એકલી જ આપવામાં આવી છે એવું નથી એટલે આ કિસ્સામાં તે ચુકાદો પણ હાલના કિસ્સાને લાગુ પડતો નથી.

ઉપર જણાવેલ વિવરણ મુજબ નિબંધકે એ ; અર્ધન્યાયીક સત્તાધિકારી નથી એમ ગણવામાં આવે તો પણ જ્યારે તેઓનો નિર્ણય કેટલીક વ્યકિતઓ અથવા પક્ષકારોને અસરકર્તા છે તે ધ્યાનમાં લઈને ખુલાસો કરવાની તક આપવી જોઈતી હતી

INDEX

ઉપર પૃ. ૯ ઉપર જણાવેલ પુસ્તકના પાન ૫૧ ઉપર એડમીનીસ્ટ્રેટીવ અધિકારીએ આ અંગે કંઈ જાતની કાર્યવાહી કરવી જોઈએ તે બાબતનો ઉલ્લેખ છે તેમાં એમ જણાવવામાં આવ્યું છે કે, ન્યાયના નિર્ણીત ચુકાદાઓથી એવું પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે કે, જે સત્તાધિકારીએ નિર્ણય લેવાનો છે તેણે કેવી રીતે કાર્યવાહી કરવી તે બાબતમાં કોઈ જોગવાઈ ન હોય તો પણ કાયદાની દૃષ્ટિએ તેમાં પરોક્ષરીતે એમ ફરમાવ્યું ગણી શકાય કે ન્યાયની જરૂરીયાત લગભગ ઘણા અંશે પુરી કરવી જોઈએ અને તેનું ઉલ્લંઘન કરવું નહિ જોઈએ અને તે અંગે જે પરિણામ આવે તે ન્યાય પુરસ્સર હોવું જોઈએ. વધુમાં એમ જણાવવામાં આવ્યું છે કે, વહીવટી કાર્યમાં પણ કુદરતી ન્યાયના સિદ્ધાંતો પ્રમાણે નિર્ણય લેવો જોઈએ. સત્તાધિકારીએ અસર કરનાર વ્યક્તિઓને કોઈ કાયદેસરનો હક્ક ન હોય તેમ છતાં ન્યાયી રીતે વર્તવું જોઈએ આ તમામ હકીકતો ધ્યાનમાં લેતાં આ કિસ્સામાં કોઈ પણ જાતની તક આપ્યા સિવાય જે નિર્ણય લેવામાં આવ્યો છે તે રદ થવાને પાત્ર છે અને તેથી આ બંને અપીલો અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧૦. અપીલ (આઈસી) નં. ૬૫/૯૧ અને અપીલ (આઈસી) નં. ૬૬/૯૧ બંને આથી મંજૂર કરવામાં આવે છે. સહાયક સંઘ નિબંધકે તા. ૩૦-૫-૯૧ ના રોજ જે હુકમ ફરમાવ્યો છે તે આથી રદ કરવામાં આવે છે અને એમ ફરમાવવામાં આવે છે કે ડાયમન્ડ ટેક્ષટાઈલ મીલ્સ પ્રા લી. અમદાવાદ તથા મીલ મજદુર સભાના પ્રતિનિધીઓને ખુલાસો કરવાની તક આપ્યા બાદ જનરલ વર્કર્સ યુનિયન તરફે રજુ કરવામાં આવેલી તા. ૧૮-૭-૯૧ ના રોજની અરજીનો નિકાલ કરવો.

ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
બી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧૬-૯-૯૧

સહી
(વી. ટી. પરીખ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત

INDEX

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧-૧૦-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક બ/શમક/૨૮૦૪૧ આરયુ-સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ- ૭૭થી મને આપવામાં આવેલ સત્તાની રુએ. હું જનરલ વર્કસ યુનિયન; અમદાવાદ અને દુર્ગા પ્રિન્ટર્સ; અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સન ૧૯૯૧ના ઓક્ટોબર માસના ૧૪માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત, રાજય, અમદાવાદ.

શ્રી વી. એસ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૬/૯૧

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ ... પ્રથમ પક્ષકાર

અને

દુર્ગા પ્રિન્ટર્સ, નારોલ, અમદાવાદ. ... બીજા પક્ષકાર

સંસ્થામાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯, ૮૯-૯૦ના વરસ માટે બોનસ આપવા અંગે...

INDEX

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર સંસ્થામાં કામ કરતા કામદારોને અને ૧૯૮૯ ૮૯–૯૦ ના વરસ માટે બોનસ ચુકવી આપવા સંબંધીમાં યુનિયને સંસ્થાને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઇ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે

૨. ચાલુ રેફરન્સે યુનિયન તરફે અંક ૬નું પુરસીસ આપી જણાવેલ છે કે સદરહુ કામમાં પક્ષકારો વચ્ચે અદાલત બહાર સમાધાન થઈ ગયેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂ છુ.

– હુકમ –

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી
નો. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧૮–૯–૯૧

સહી
(વી. એચ. ઠાકોર)
મુખ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૪–૧૦–૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/પ/શ.મક/૨૭૯૬૪/આર.યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને ઓસવાલ પ્રોસેસર્સ પ્રા. લી. અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૧૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એસ. ઠાકોર, સભ્ય હજુર

રેફરન્સ (આઈસી) નં. ૩૪/૯૧

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ. ... પ્રથમ પક્ષકાર

અને

ઓસવાલ પ્રોસેસર્સ પ્રા. લી...અમદાવાદ ... બીજા પક્ષકાર

યુનિયનની માંગણી કામદારોને સને ૧૯૮૯, ૮૯-૯૦ના વરસ માટે બોનસ આપવા અંગે

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયન; બીજા પક્ષકાર સંસ્થામાં કામ કરતા કામદારોને સને ૧૯૮૯ ૮૯-૯૦ના વરસ માટે બોનસ આપવા અંગે મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૯નું પુરસીસ આપી જણાવેલ છે કે આ કામમાં પક્ષકારો વચ્ચે નામદાર અદાલત બહાર અંદરો અંદર સમાધાન થયેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતું નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂં છું.

INDEX

– હુકમ –

કે યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(વિ. એસ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા. ૨૩-૮-૯૧

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૬-૯-૯૧
અમદાવાદ

સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શ્રમક/૨૭૯૪૭ આર. યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૯૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને શ્રી અમૃતા મીલ્સ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના સપ્ટેમ્બર માસના ૧૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત. ગુજરાત રાજ્ય અમદાવાદ

શ્રી વી. એસ. ઠાકોર સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈ.સી) નં. ૧૦૦/૮૭.

INDEX

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન પ્રથમ પક્ષકાર
ભદ્ર, અમદાવાદ

અને

શ્રી અમૃતા મીલ્સ, અમદાવાદ બીજા પક્ષકાર

મીલ્સ કું. આધુનિક સીમકો (પી. એલ. સી) ઓટો લુમ્સ ૪૮", ૬૦" તથા ૭૨" સાઈઝમાં કુલ ૯૬ ઓટો લુમ્સ નાખવા માગે છે તે અંગે......

ઉદ્યોગ - કોટન ટેક્ષટાઈલ

૧. હાલનો આ રેફરન્સ, બીજા પક્ષકાર મીલ કંપની હાલમાં તેની પાસે સાકોમોટોના ૯૬ ઓટો લુમ્સ છે તેના બદલે આધુનીક સીમ્કો (પી એલ, સી) ઓટો લુમ્સ, ૪૮', ૬૦' તથા ૭૨' ની સાઈઝની કુલ ૯૬ ઓટો લુમ્સ નાખવા માગે છે તે અંગે મીલ કંપની એ યુનિયનને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે કોઈ નિરાકરણ ન થવાથી આ રેફરન્સ ઉપસ્થિત થેલ છે.

૨. ચાલુ રેફરન્શે મીલ કંપનીએ આક ૩૬નું પુરસીસ આપી જાહેર કરેલ છે. મીલ કંપની હાલ આ નોટીસ ઓફ ચેન્જ ભવિષ્યમાં જરૂર ઉપસ્થિત થયેથી ફરીથી આપી શકશે તેવા તેના હક્ક સાથે પાછી ખેંચી લે છે. આ પુરસીસ ઉપર યુનિયને જણાવેલ છે કે, મીલ કંપની નોટીસ ઓફ ચેન્જ પાછી ખેંચી લેતી હોવાથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી આથી હું નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામા આવતો નથી.

બી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૩૧-૭-૯૧

વી એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગિક, અદાલત, ગુજરાત અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૭-૯-૧૯૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શસક/૨૭૯૬૮/આર ૫.—સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું મજુર મહાજન સંઘ, વિરમગામ અને વિરમગામ ટેક્ષટાઇલ મીલ્સ, વિરમગામની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિર્ણયની સને ૧૯૯૧ ના સપ્ટેમ્બર માસના ૭ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત, અમદાવાદ,

શ્રી. આર. એસ. શુક્લ સભ્ય અમદાવાદ

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૫૪/૮૮

મજુર મહાજન સંઘ વિરમગામ ... પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

વિરમગામ ટેક્ષટાઈલ મીલ્સ, વિરમગામ ... બીજા પક્ષકાર

મીલના જુદા જુદા ખાતાઓમાં કાયમી જગ્યા ઉપર કામ કરવા કારીગરોની ગેરહાજરીમાં બદલી કારીગરોની રાખવાની જે પ્રથા અમલમાં છે તે પ્રથા નાબુદ કરવા અંગે...

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર મીલ્સ કંપનીને મીલના જુદા જુદા ખાતાઓમાં કાયમી જગ્યા ઉપર કામ કરવા કારીગરોની ગેરહાજરીમાં બદલી કારીગરોની રાખવાની પ્રથા જે અમલમાં છે/તે પ્રથા નાબુદ કરવા બાબ માં ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણીના દિવસે પ્રથમ પક્ષકારને પોકાર કરતાં પ્રથમ પક્ષકાર યુનિયન કે તેમના પ્રતિનિધિ ગેરહાજર હતા આમ પ્રથમ પક્ષકારની ગેરહાજરીને કારણે સદરહુ રેફરન્સ રદ કરવો જોઇએ. આથી અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનની ગેરહાજરીને કારણે સદરહુ રેફરન્સ રદ કરવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ની. ન. પટેલ (આર. એલ. શુકલ)

રજિસ્ટ્રાર સભ્ય

અમદાવાદ - તા. ૫-૮-૬૧ ઔદ્યોગિક અદાલત અમદાવાદ.

સહી

અમદાવાદ (આર. કે. પરમાર)

તા. ૭-૯-૬૧ સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,

અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબાઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/ખ/શમક/૨૭૯૪૪/આર. યુ.—સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી મોનોગ્રામ મીલ્સ લી., અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૬૧ના સપ્ટેમ્બર માસના ૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી બી. એમ. ભટ્ટ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈ સી) નં. ૧૦૩/૮૯

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. ... પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી મેનેગ્રામ મીલ્સ લી. અમદાવાદ. ... દ્વિતીય પક્ષકાર

કાયમી કુલ જગ્યાઓમાંથી જે તે જગ્યા નિવૃત્તિ થયે કે રાજીનામું આપી છુટા થયેલા કાયમી કામદારથી જગ્યા નાબુદ કરવા માંગે છે તે બાબતે.

ઉદ્યોગ - કોટન ટેક્ષટાઈલ

ચુ કા દો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને દ્વિતીય પક્ષકાર મીલ્સ કંપનીને મીલ્સ કંપની કુલ કાયમી જગ્યાઓમાંથી જે તે જગ્યા નિવૃત્તિવયે કે રાજીનામુ આપી છુટા થયેલા કાયમી કામદારથી જગ્યા નાબુદ કરવા માંગે છે તે બાબતમાં ફેરફારની નોટિસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

